# સંશોધન સારસંગ્રહ

૧૯૮૦–૧૯૮૧


સંકલન

ડૉ. ઠાકોરભાઈ નાયક

મુસ્તાઅલી મસવી



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪

૧૯૮૧


73

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | મૂળ લેખક | સારદોહન | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૧. | છારા (સામાજિક પછાતપણાનું એક માનવશાસ્ત્રીય અધ્યયન) | શ્રી ચંદ્રકાન્ત ઉપાધ્યાય | શ્રી ચંદ્રકાન્ત ઉપાધ્યાય | ૧ |
| ૨. | વાઘેર (સામાજિક પછાતપણાનું એક માનવશાસ્ત્રીય અધ્યયન) | શ્રી મુસ્તાઅલી મસવી | શ્રી ભીખાભાઈ પટેલ | ૧૨ |
| ૩. | ખારવા (સામાજિક પછાતપણાનું એક માનવશાસ્ત્રીય અધ્યયન) | શ્રી મુસ્તાઅલી મસવી, ~~શ્રી ભીખાભાઈ પટેલ~~ | શ્રી ભીખાભાઈ પટેલ | ૨૨ |
| ૪. | મિયાણા (સામાજિક પછાતપણાનું એક માનવશાસ્ત્રીય અધ્યયન) | શ્રી મુસ્તાઅલી મસવી, શ્રી ભીખાભાઈ પટેલ | શ્રી ભીખાભાઈ પટેલ | ૩૫ |
| ૫. | ગુજરાતના સીદી (એક અનુસૂચિત જનજાતિનો વિકાસલક્ષી સામાજિક-આર્થિક અભ્યાસ) | ડૉ. ઠા. ભા. નાયક શ્રી ગૌરીશ પંડ્યા | શ્રી શંકરભાઈ પટેલ | ૪૭ |
| ૬. | કચ્છના આદિવાસીઓ | ડૉ. સિધ્ધરાજ સોલંકી | શ્રી દિલીપ દવે | ૫૫ |
| ૭. | કૂબા કાયા અને મઠ મોભાદાર (નળકાંઠા-ગુજરાતની પઢાર અનુસૂચિત જનજાતિનો વિકાસલક્ષી માનવશાસ્ત્રીય અભ્યાસ) | શ્રી છોટુભાઈ પટેલ | શ્રી છોટુભાઈ પટેલ | ૬૪ |
| ૮. | વાસો જાતિનાં બે વિશ્વ | શ્રીમતી કોકિલાબહેન શાહ | શ્રીમતી કોકિલાબહેન શાહ | ૭૮ |
| ૯. | ઘટક કક્ષાએ પૂર્ણ રોજગારી આયોજન (સાગબારા તાલુકો જિ. ભરૂચ) | શ્રી રાસ બિહારી લાલ, શ્રીમતી ભારતી બહેન દેસાઈ | શ્રીમતી ભારતીબહેન દેસાઈ | ૮૩ |
| ૧૦. | ડાંગ : એક ક્ષેત્ર અભ્યાસ | ડૉ. સિધ્ધરાજ સોલંકી | શ્રી ચંપક ચૌધરી શ્રી ચંદ્રકાન્ત પટેલ | ૯૨ |
| ૧૧. | આદિવાસી વિસ્તારમાં લઘુ સિંચાઈ એક મૂલ્યાંકન (પંચમહાલ જિલ્લાનાં તળાવો) | શ્રી મુસ્તાઅલી મસવી | શ્રી મુસ્તાઅલી મસવી | ૧૦૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨. | ગુજરાતની આશ્રમશાળાઓ નું મૂલ્યાંકન | શ્રીમતી ભારતીબહેન દેસાઇ<br>શ્રી અનિલ પટેલ | શ્રીમતી ભારતીબહેન દેસાઇ | ૧૧૯ |
| ૧૩. | આદિવાસી વિસ્તારમાં સહકારી પ્રવૃત્તિ (મોટા કદની ખેડૂતો ની સહકારી મંડળી (લેમ્પ)નો કિસ્સા અભ્યાસ | શ્રી મુસ્તાઅલી મસવી<br>શ્રીમતી કોકિલાબહેન શાહ | શ્રી મુસ્તાઅલી મસવી | ૧૨૨ |
| ૧૪. | Role of Minor Forest in Tribal Life and Culture. | રાસ બિહારી લાલ | રાસ બિહારી લાલ | ૧૩૧ |
| ૧૫. | ઔદ્યોગિકરણની આદિવાસી પર અસર | શ્રી રાસ બિહારી લાલ | શ્રી રાસ બિહારી લાલ<br>શ્રી જશવંત રાઠોડ | ૧૩૯ |
| ૧૬. | પરિવર્તન પામતાં ગુજરાતનાં આદિવાસી ગામો(કાકડવેલ જિ. વલસાડ | શ્રી ભીખાભાઇ પટેલ | શ્રી ભીખાભાઇ પટેલ | ૧૪૯ |
| ૧૭. | પરિવર્તન પામતાં ગુજરાતનાં આદિવાસી ગામો (લવકર, જિ. વલસાડ) | શ્રી મુસ્તાઅલી મસવી | શ્રી મુસ્તાઅલી મસવી | ૧૫૬ |


...

# ''છારા''

(સામાજિક પછાતપણાનું એક માનવશાસ્ત્રીય અધ્યયન )

પાના. : ૨૬

અહેવાલ લેખન. : શ્રી ચંદ્રકાન્ત ઉપાધ્યાય.

સારદોહન.: શ્રી ચંદ્રકાન્ત ઉપાધ્યાય.

ગુજરાતની એંસી-બ્યાસી જેટલી પછાત ગણાયેલી જાતિઓમાં એક 'છારા'જાતિ પણ છે. જેના અંગેનો સામાજિક,આર્થિક અને સંસ્કૃતિ અભ્યાસ કરી વિકાસલક્ષી આયોજન બનાવવા ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને મજૂર, સમાજ કલ્યાણ અને આદિવાસી કલ્યાણ ખાતા દ્વારા કહેવામાં આવેલ.આ સમગ્ર અભ્યાસ દ્વારા જે માહિતી ઉપલબ્ધ થઈ તેનો સારાંશ આ લેખમાં આપ્યો છે.

છારા કોમ ગુજરાત તેમજ ગુજરાત બહાર મહારાષ્ટ્ર,મૈસુર,રાજસ્થાન અને દિલ્હી માં પણ વસે છે. આ ઉપરાંત પાકીસ્તાનમાં પણ તેની ઘણી વસતિ છે. જયાં તેઓ 'કુચડા'તરીકે ઓળખાય છે. ગુજરાતમાં આ જાતિ અમદાવાદ,દાહોદ,મોડાસા, મહેમદાવાદ અને ભાવનગર વગેરે સ્થળે વસે છે. ઉપરોકત સ્થાને વસવાટ કરતા છારાઓ ના નામ પણ ભિન્ન-ભિન્ન પ્રકારના છે. જેમાં અમદાવાદમાં છારા,દાહોદમાં સાંસી અને ભાવનગરમાં આડોડીયા વળી ગુજરાત બહાર ભાતુ,કંજરભાટ વગેરે નામે ઓળખાય છે. આવા અલગ નામ હોવા છતાં આ સર્વ સમુહોની સંસ્કૃતિ,રિવાજ,ભાષા તેમજ આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિમાં ભિન્નતા નથી.અભ્યાસની સુગમતા,સઘનતા માટે ગુજરાતમાં જયાં આ જાતિની વસતિ વધુ છે. તેવા અમદાવાદ,દાહોદઅને ભાવનગરના છારાઓ પસંદ કરવામાં આવ્યા હતા. આ જાતિના ઊંડાણપૂર્વકના સમાજ માનવ શાસ્ત્રીય અધ્યયન માટે ક્ષેત્રકાર્ય, અવલોકન,વ્યકિત તપાસ અને મુલાકાત પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવેલ છે. ગ્રંથાલયમાંથી પણ કેટલીક પૂરક માહિતી મળી હતી.

છારા જાતિનું મૂળ નામ ભાતુ છે. ભાતુ જાતિનો ઉદ્ભવ આજથી લગભગ ૫૦૦ વર્ષ પહેલા જયારે ચિતોડગઢમાં મહારાણા પ્રતાપની હકુમત હતી ત્યારે થયો હતો. મારવાડમાં આશરે ૩૫૦-૪૦૦ વર્ષ પહેલા ભયંકર દુષ્કાળ પડયો ત્યારે આ જાતિ પોતાનો પ્રદેશ છોડી દેશના અન્ય ભાગોમાં સ્થળાંતરિત થઈ.

દેખાવ અને સ્વભાવ :

શરીરે મધ્યમ કદના મજબુત બાંધાના ખડતલ તેમજ કસાયેલા છે. રંગે ઘઉં વર્ણાં

અને સ્વભાવે ઝઘડાખોર પણ ખરા.

**ભૌતિક જીવન :**

છારા કોમના સભ્યો પહેલા દશ-પદરના જૂથમા રહેતા હતા.હાલ શહેરોમાં દરેક કુટુંબ પોતાનુ અલગ મકાન બાંધી સ્થાયી વસવાટ કરે છે. આ લોકોના મકાનો ત્રણ પ્રકારના જોવા મળે છે. પાકુ સ્લેપવાળુ મકાન,કાચુ ઉપર દેશી નળિયા કે મેંગ્લોરી નળિયાવાળુ અને તદ્દન કાચુ ઝુંપડું જેવી રીતે આર્થિક સ્થિતિ તે પ્રમાણે તેઓ મકાન બનાવે છે.

ઘરવખરીના સાધનોમા છારાઓ પાસે જીવન જરુરિયાતના સાધનો જેવા કે સ્ટીલ, પિત્તળના વાસણો,ગાદલા-ગોદડા,પલંગ,કબાટ,ખાટલા વગેરે હોય છે. તેમજ ઘણા કુટુંબો પાસે આધુનિક સાધનો રેડીયો,સ્કુટર પણ છે.

શહેરી વિસ્તારના સંસર્ગને કારણે આ લોકોના પોશાકમા ઘણુ પરિવર્તન આવી ગયુ છે. પહેલા તેઓ મારવાડી ઢબનો પોશાક પહેરતા હતા. હાલ પુરુષો લેંઘો,પાટલુન બુસકોટ,અથવા ખમીશ અને સ્ત્રીઓ ચણીયો,પોલકું અને સાડીનો ઉપયોગ કરે છે.

ખોરાકમા ઘઉં-બાજરીના રોટલા તેમજ લીલોતરી શાકભાજી,કઠોળ અને માંસ-મચ્છી લે છે. સામાન્ય રીતે સવારે રોટલા-શાક અથવા રોટલા-માંસ અને સાંજે શાક-ખીચડી કે રોટલા-ચટણીનો ખોરાક લે છે. પીણામા ચાની ટેવ ઘણી છે. બીડી પણ ઘણા પુરુષો પીએ છે. આ ઉપરાંત દારુનું વ્યસન પણ વ્યાપક રીતે પ્રસર્યુ છે. પુરુષો મા આ પ્રમાણ વધારે છે. કેટલાકી સ્ત્રીઓ પણ દારુ પીએ છે. કેટલાક ચરસ ના પણ શોખીન થતા જાય છે.

**આર્થિક પ્રવૃત્તિ :-**

આ જાતિનીકેટલીક વ્યક્તિઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ગુનાહિત પ્રવૃતિમા સામેલ છે.છતાં આધુનિક સમયમા ધંધામા વિવિધતા પણ જોવા મળે છે.

(૧) દારુ બનાવી વેચવો.

(૨) ચોરી કરવી.

(૩) મીલ-મજૂરી કરવી.

(૪) ગધેડા રાખી મજૂરી કરવી.

(૫) ખેતી કરવી.

(૬) કસાઇ કામ કરી માંસ વેચવુ

(૭) શિક્ષકીય કાર્ય કરવુ.

(૮) સુથારી કામ કરવુ.

(૯) સરકારી નોકરી કરવી.

(૧૦) દુકાન રાખવી.

(૧૧) રીક્ષા ચલાવવી.

(૧૨) લારી રાખી મજૂરી કરવી.

(૧૩) મોટર ડ્રાયવીંગ કરવુ.

કેટલીક વ્યક્તિઓ શારીરીક નિર્બળતાને કારણે ભિક્ષાવૃત્તિ કરે છે.

ત્રણે શહેરોના ક્ષેત્રકાર્ય દ્વારા એવુ જાણવા મળ્યુ કે હાલના સમયે ૬૩૩ કુટુંબોના વડા દારુ ગાળે છે, અને ૬૬ ચોરીનો ધંધો કરે છે. બાકીનામાં ૨૯ મોલ-મજૂર, ૩૩ ખેતી કરનાર, ૪ ગાડા રાખી માલવાહક મજૂર, ૬ માંસ વેચનાર, ૧ ચિત્રકામ શિક્ષક, ૧૧ સુથાર, ૧૧ સરકારી નોકરીયાત, ૨૮ દુકાન ચલાવનાર છે, ૧૪ રીક્ષા ચલાવનાર છે., ૬ લારી ચલાવનાર, ૩૪ ડ્રાયવર, ૬ ધંધાકિય વકીલ, ૨૫ એસ.ટી.માં ટર્નર, ૨૫ આડા અવડા ઉદ્યોગોમાં કાર્યકર અને ૧૧ ભીખ માગનાર છે. ત્રણે શહેરના બધા કુટુંબો માથી મોટાભાગના કુટુંબો દારુ ગાળે છે. થોડુક કુટુંબો ચોરી કરે છે. જ્યારે કેટલાક અન્ય વ્યવસાયમાં પડેલા છે. એ વસ્તુ પણ જોવા મળી કે ઘણા કુટુંબો દારુ અને ચોરી તેમજ દારુ અને અન્ય વ્યવસાય કરે છે. દિવસે-દિવસે પૈસાની લાલચે આ લોકો દારુની પ્રવૃત્તિ વધારે કરતા જણાય આવે છે. એક માહિતીદાતાએ રમુજમાં કહેલ કે અમારે ત્યાં દારુ એ મુખ્ય વ્યવસાય છે. જ્યારે અન્ય કોઇ પણ પ્રવૃત્તિ ગૌણ વ્યવસાય છે. એક શિક્ષિત ભાઇ પાસેથી એવી માહિતી મળી કે અમારામાં ૯૫ % પૈસાની લાલચથી દારુ ગાળે છે. જ્યારે ૫ % પોતાના કુટુંબનિર્વાહ માટે અન્ય વ્યવસાયના અભાવે દારુ જેવી ગુનાહિત પ્રવૃત્તિ કરે છે.

આ લોકોને પોતાના ધંધામાથી આવક સારી એવી મળે છે. દારુ જેવા વ્યવસાયમાં ૫૦ % નફો થાય છે. પરંતુ મોજશોખના સાધનો વાપરવા તરફ વધુ પડતો ઝોક, જુગાર, દારુ જેવી ટેવ પોતાના સામાજિક રીત-રિવાજો અને પોલીસના માણસોને આપવા પડતા હપ્તાને કારણે દરરોજની આવક એજ દિવસે ચાલી જાય છે. ઘણાને દેવુ પણ છે. જો કે

અમુક કુટુંબો આ દારુ જેવી પ્રવૃત્તિમાંથી ઘણી મિલકત પણ બનાવી છે.

## સામાજિક સંગઠન :-

આ જાતિમાં માલા અને લીઠુ એ બે મુખ્ય ગોત્ર છે. જેમાં તમાપથી, ગાગડ, ગારીયા, બજરંગી, માળા, કોડીયા, ઇન્દ્રા વગેરે શાખો છે. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે છારાઓમાં જુદી જુદી મળી કુલ ૩૦ શાખો છે. આ જાતિમાં સગોત્ર લગ્ન નિષેધ છે. આથી માલા વાળા લીઠુમાં અને લીઠુવાળા માલામાં લગ્ન સંબંધ બાંધે છે. આ ઉપરાંત લગ્ન માં મામા-ફોઇના છોકરાઓને પ્રથમ પસંદગી અપાય છે. આ જાતિમાં સંયુક્ત કુટુંબ કરતા કેન્દ્રીય કુટુંબનું પ્રમાણ વધારે છે.

## જાતિપંચ :-

હાલ આ સમાજમાં બે જાતના જાતિપંચ અસ્તિત્વ ધરાવે છે. ''ચોવીસ ગામ પંચ'' અને ''નવગામ પંચ'' પ્રથમ ચોવીસ ગામ પંચ હતું. જેમાં પરંપરાગત રીતે પેઢી દર પેઢી વ્યક્તિઓને હોદા મળતા હતા. જેમાં અશિક્ષિત માણસો હતા. વિના કારણે દંડ અને શિક્ષા કરતા હતા. તેવું અન્ય પાસેથી જાણવા મળ્યું આથી હાલ નવયુવાનો અને શિક્ષિત માણસોએ ''નવગામ પંચ''ની રચના કરી છે. આ બન્ને પંચ પોતાના સમાજ ઉપર સારું એવુ નિયંત્રણ ધરાવે છે. પંચમાં રાજા, બાદશાહ, વઝીર, ઉપરી, પોસ્ટમેન, વગેરે વિવિધ પ્રકારના હોદા છે. જેનો દરજ્જો અને કાર્ય ભિન્ન-ભિન્ન હોય છે. દરજ્જા પ્રમાણે સામાજિક મોભા પણ ચડતા-ઉતરતા, ક્રમમાં જોવા મળે છે. આ પંચ પોતાના સમાજની કંઇ પણ મુશ્કેલી જેવી કે અંદરો-અંદરનાં ઝઘડા, કૌટુંબિક કલેશ હલ કરીને ગુનેગારને સજા પણ કરે છે. ગુનેગાર ને અગ્નિ પરીક્ષા પણ અપાવવામાં આવે છે. પરિવર્તનની હવાને કારણે હાલ ઘણાને પરંપરાગત પંચવ્યવસ્થામાં વિશ્વાસ નથી રહયો.

## સામાજિક રીત-રિવાજ :-

રજસ્વલા સ્ત્રીને તેઓ 'ઘરબાર''લુગડેથી''છેટીસ''અટકાવસ'કે શિરસ હૈ' વગેરે નામે ઓળખાવે છે. રજસ્વલા સ્ત્રી રસોઇ બનાવવી, પાણી ભરવુ, મંદિરે જવુ વગેરે કાર્યો કરતી નથી, અન્ય વ્યક્તિને સ્પર્શ કરતી નથી. અને ઘર આગળે સફાઇ કરવી, કપડા ધોવા વગેરે કાર્યો કરી શકે છે. પોતાના પતિ સાથે આ દિવસોમાં એ જાતિય સંબંધ બાંધતી નથી. જાતિય સંબંધ બાંધવામાં પાપ માને છે. બાળકનો જન્મ સામાન્ય

રીતે પોતાના સમાજની દાયણ પાસે કરાવે છે. બાળકના જન્મ પછી છઠ્ઠે દિવસે નામકરણ વિધિ કરવામાં આવે છે.

છોકરાની ઉંમર ૧૫ થી ૧૬ વર્ષ અને છોકરીની ઉંમર ૧૩ થી ૧૪ વર્ષની થાય ત્યારે લગ્ન કરી શકાય છે. સામાન્ય રીતે છોકરીને પ્રથમ રજોદર્શન થાય એટલે લગ્ન કરાય છે. છોકરીના ચારિત્ર ઉપર ખૂબજ ભાર મૂકવામાં આવે છે. છોકરી સારા ચારિત્ર્યની છે તે સાબીતી આપવા માટે લગ્નની પ્રથમ રાત્રીનું લોહીના ડાઘા વાળુ કપડુ આડોશી-પાડોશી અને પંચને બતાવે છે. જો છોકરી ચારિત્ર્યહીન હોય તો ખૂબ જ મોટી શિક્ષા અને દંડ કરે છે. ઘણા સમય સુધી સમાજમાંથી બહિષ્કૃત પણ કરવામાં આવે છે.

લગ્ન એક સાથી હોય છે. એ બે રીતે થાય છે, એક તો વિધિસરનું લગ્ન કે જેમાં બ્રાહ્મણને બોલાવીને લગ્ન કરે છે. આ વિધિસરની લગ્નની ક્રિયા ચારથી પાંચ દિવસ ચાલે છે. બીજી રીતે લગ્ન થાય તે સાદું લગ્ન કે જેમાં પોતાના સમાજના પંચના આગેવાનો, વરકન્યા, પાસે દારુની ધાર આપે એટલે લગ્ન થઈ જાય. દહેજની પ્રથા ચાલુ છે. લગ્નમાં આશરે (દહેજ વગર) પાંચથી દશ હજારનો ખર્ચ થાય છે. સાદા લગ્નમાં બે થી ત્રણ હજાર ખર્ચ થાય છે. હાલ દહેજની પ્રથામાં વધારો થતો જાય છે. દા.ત. એક કુટુંબે ૩૫ હજાર દહેજ આપેલુ એવુ જાણવા મળ્યું છે.

જ્ઞાતિ બહાર લગ્ન થયા હોય તેવા દાખલાઓ બહુ જૂજ છે. વિધવા પુન :લગ્ન અને છૂટાછેડા સમાજ માન્ય છે. દિયરવટું અને સાળીવટું પ્રચલિત છે. જેઠવટું નથી.

મૃત્યુમાં પણ લગ્ન જેવુ વાતાવરણ છારા સમાજમાં જોવા મળે છે. વ્યક્તિ મૃત્યુ પામે એટલે તુરત જ ઢોલ-શરણાઈવાળાને બોલાવવામાં આવે છે. એક બાજુ ઢોલ વાગતો હોય, સ્મશાનયાત્રામાં ફટાકડા ફોડવા અને પૈસા ઉછાળવા, અગ્નિદાહ આપી પાછા ફરી ઘેર આવી મીઠાઈ ખાવી વગેરે બાબતો છારા સમાજમાં જોવા મળે છે. મૃત્યુ પછીના બાર દિવસ સુધી મૃત્યુ હોય તે ઘેર રસોઈ કે ચા-પાણી બનાવાતાં નથી, અન્ય સગા-સંબંધી આપી જાય છે. મૃત્યુબાદ બે ત્રણ દિવસ ભજનગાવામાં આવે છે. બારમાની વિધિ કરવામાં આવે છે. અને ત્યારબાદ છ માસ કે વર્ષે સોક ઉતારવાની વિધિ થાય છે. આ જાતિમાં મૃત્યુ બાદની સમગ્ર વિધિમાં આશરે ત્રણ થી ચાર હજારનો ખર્ચ થાય છે.

<u>ધાર્મિક જીવન :</u>

આ જાતિના સભ્યો હિન્દુ ધર્મને માને છે. ફકત આ છારા કોમની [illegible] લાખ લોગા

અને ધારંગા મુસ્લીમ ધર્મ પ્રમાણે રોજા પાળે છે, બાકી બધી વિધિઓ હિન્દુ ધર્મ પ્રમાણે કરે છે. હિન્દુ ધર્મમાં આવતા તહેવારો ઉત્સવો વગેરે અન્ય સમાજોની જેમ ઉજવે છે.

તેઓ અન્ય હિન્દુઓની દેવ-દેવીઓમાં માને છે. હોળી, રામનવમી, રક્ષાબંધન, સાતમઆઠમ, નવરાત્રી, દિવાળી વગેરે ઉત્સવો ઉજવે છે. પોતાની મનોકામનાની પૂર્તિ માટે ઘેટા-બકરાનો ભોગ દેવીઓને ચઢાવે છે. ભગત-ભૂવામાં ઘણી શ્રધ્ધા રાખે છે., ભૂત-પ્રેત અને ડાકણમાં પણ માને છે.

<u>ઉપસંહાર અને આયોજન :-</u>

હાલ આ જાતિમાં ઘણું પરિવર્તન આવ્યુ છે. સમાજના બદલાતા વહેણ સાથે તેઓ કદમ મિલાવતા જાય છે. ઘણા શિક્ષિત અને યુવાન સભ્યોને પોતાના સમાજની પ્રવૃત્તિ માટે સુગ સાથે ચિંતાયુકત છે. તેઓ પણ અન્ય સમાજોની જેમ માનભેર જીવવા માગે છે. પોતાના સમાજનો વિકાસ થાય તેવી ઝંખના રાખે છે. પરંતુ છારા સમાજનું સંગઠન-સમાજ-વ્યવસ્થા-અને આજુબાજુનું વાતાવરણ એવા પ્રકારનું છે કે જેથી તેમને ગુનાહિત પ્રવૃત્તિમાંથી બહાર કાઢવા અશક્ય નહિ તો મુશ્કેલ તો જરુર કહી શકાય, તેઓમાંના શિક્ષિત આગેવાનો પોતાના સમાજ આડે આવતા અવરોધક પરિબળોથી ચિંતીત છે. આ અવરોધક પરિબળો કંઇક આવા પ્રકારના જોવા મળ્યા.

(૧) ગુનાહિત કોમ છે તેવી છાપ :

છારા લોકો પરંપરાથી ગુનાહિત પ્રવૃત્તિ કરે છે. તે સ્વાભાવિક બાબત છે. પરંતુ હાલ તેમનામાંના ઘણાં અન્ય વ્યવસાય કરતા થયા છે. અમુક કુટુંબોએ તો ગુનાહિત પ્રવૃત્તિ તદ્દન છોડી દીધી છે. પરંતુ અન્ય સમુદાયમાં 'છારા'ની જે છાપ છે. તેમાં પરિવર્તન આવ્યુ નથી. પરંતુ એટલો સામાન્ય વિચાર કરવો જોઇએ કે ''ગુનેગાર જન્મતા નથી બનાવવામાં આવે છે'' જે સમાજશાસ્ત્રીય હકીકત છે. આથી ઉચ્ચ આગેવાનો અને સભ્ય સમાજના નાગરિકોએ છારા વિષેની જે છાપ પડી છે. તેમાંથી બહાર આવી વાસ્તવિકતા તપાસવી જોઇએ.

(૨) ત્રિકોણીયો જંગ-પરિસ્થિતિ :

છારાલોકોની ગુનાહિત પ્રવૃત્તિ પાછળ ત્રિકોણાકાર પરિસ્થિતિ જવાબદાર છે. જે છારા કોમની ગુનાહિત પ્રવૃત્તિને વધુ જટિલ અને ગુંચવણ ભરી બનાવે છે. આવી પરિસ્થિતિમાં એક બાજુ પરંપરાથી ચાલ્યુ આવતુ પંચ છે, કે જેનું વર્ચસ્વ અને દબાણ છારા

સમાજ ઉપર ઘણુ છે. બીજી બાજુ સરકાર દ્વારા ગુનાહિત પ્રવૃત્તિ અટકાવવા અને સમાજ-વ્યવસ્થાની સલામતી માટે પોલીસ છે. ત્રીજી બાજુ શિક્ષિત યુવાનો અને સમાજ સુધારવાની તમન્નાવાળા છારા યુવાનો છે.

પંચે પોતાની સમાજના આંતરિક મુશ્કેલીનું નિરાકરણ લાવી પોતાના સમાજની સુઘડ વ્યવસ્થા રાખવાની હોય છે. પોલીસને સમાજ વિરોધી કાર્ય-પ્રવૃત્તિ અટકાવી સમાજની વ્યવસ્થા જળવાય રહે તેવી પ્રવૃત્તિ કરવાની હોય છે. પરંતુ છારાનગરમાં ''ગંગા ઉલટી''વહે છે. છારાનગરમા પોલીસ હપ્તા લેવા સિવાય અન્ય કાઈ પ્રવૃત્તિ કરતી નથી.તેમ કહીએ તો પણ ખોટુ નથી. છારામિત્રો પાસેથી જાણવા મળ્યુ કે પોલીસ દારુ ગાળવાની છૂટ આપે તે માટે તેને રુા. ૩૦૦ થી ૫૦૦ ના માસિક હપ્તા આપવા પડે છે. ચોરી કરવામા અડચણ ન આવે તે માટે ચોરી કરી પાછા ફરે ત્યારે પોલીસને રુા.૫૦૦ થી રુા. ૧૦૦૦ સુધીના હપ્તા આપવા પડે છે. આ રીતે પોલીસ માટે છારા સમાજમાં ગુનાહિત પ્રવૃત્તિ વધે તેજ છારાનો વિકાસ છે. જ્યારે બીજી બાજુ જેનું સમાજ ઉપર નિયંત્રણ છે તે પંચનો પોલીસને ટેકો છે. પંચના ઘણા આગેવાનો પોલીસને દારુ ગાળવા માટે હપ્તા આપે છે. આવા સમયે જે છારા યુવાનો દારુની પ્રવૃત્તિ અટકાવવા પ્રયત્ન કરે તેને પંચ પોલીસનો સાથ લઈ દાબી દે છે. ઘણા શિક્ષિત યુવાનો ગુનાહિત પ્રવૃત્તિની નાબુદી કરવા કટીબધ્ધ થયા છે. પરંતુ તેને કોઈ સાંભળતુ નથી. એટલું જ નહિ ઉલ્ટે ઉલ્ટે જે દારુની પ્રવૃત્તિ બંધ કરવા આગળ આવે છે. તેની ઉપર પોલીસનો સાથ લઈ ખોટા કેસ કરવામા આવે છે. જ્યારે રાજકીય માણસો પોતાના સ્વાર્થ ખાતર આ પ્રવૃત્તિને પ્રોત્સાહન આપે છે. ચુટણી પ્રચારાર્થે આવેલી એક ગાડી છારાનગરમાં ફરતી-ફરતી પ્રચાર કરી રહી હતીકે ''તમારે દારુ ગાળવો હોય તો અમને મત આપજો'' આવા સ્વાર્થી પ્રચારથી આ વ્યવસાય ને પ્રોત્સાહન મળે છે. આવી છે છારાનાં વિકાસ આડે આવતી અડચણો.

છારાજાતિ અત્યારે સામાજિક-આર્થિક-શૈક્ષણિક રીતે પછાત છે. તેના ઉત્કર્ષ માટે કંઈક કરી શકાય તે હેતુથી આ અભ્યાસ થયેલો છે. આ માટે તેમના આર્થિક વિકાસ માટે અમુક પગલા ભરવા જોઈએ. પરંતુ તેમના શિક્ષિત આગેવાન. લોકો પાસેથી એવુ મંતવ્ય મળ્યુ કે આર્થિક વિકાસના પગલા ભરતા પહેલા અમારા સમાજમાંથી ચોરી જેવા દુષ્કૃત્યોને નાબુદ કરવા જોઈએ. જો દારુ અને ચોરી નાબુદ

પગલાં ભરાશે તો જ સૂચિત આર્થિક કાર્યક્રમ વાસ્તવિક અને ઉપયોગી બનશે. જૈનોના આગેવાનો પાસેથી દારુ-ચોરીના દુષણને દૂર કરવા માટે કંઇક આ પ્રકારના અભિપ્રાયો મળેલ.

(૧) દારુ ગાળનાર લોકોમાંથી ૯૫ % લાલચથી દારુ ગાળે છે. આવા કુટુંબોમાંથી બે-પાંચ કુટુંબની સમાજ ઉપર ઘણી પકડ છે.જેને પોલીસખાતું અને છારાના માણસો જાણે છે. આવી બે-પાંચ વ્યકિતને હદપાર કરવામાં આવે તો અન્ય લોકો દબાઇ જશે અને પ્રવૃતિ અટકશે.

(૨) પોલીસ ઇમાનદાર હોવી જોઇએ.જે અશકય છે. આજે છારાનગરમાં પોલીસ ઘણી છે. જે હપ્તા લેવા સિવાય કશું કરતી નથી.પોલીસ કડક બની ઇમાનદારીથી કેસ કરે તો દારુની પ્રવૃતિ અટકાવી શકાય.

(૩) આજે દારુના કેસ સ્ત્રીઓ ઉપર થાય છે. સ્ત્રીઓને માર પડતો નથી.અને છૂટી પણ જલ્દી જાય છે. પરંતુ પોલીસો કેસ પુરુષો ઉપર કરે અને જેલમાં મોકલી આપે તો થોડા સમયમાં આ પ્રવૃતિ અટકાવી શકાય.

(૪) પોલીસ કેસ કરે છે.ત્યારે અમુક જાણીતી વ્યકિતને પંચમાં લે છે. પંચ કોર્ટમાં હાજર રહેતું નથી.અને ગુનેગાર નિર્દોષ છૂટી જાય છે. આજે કોર્ટમાંથી કેસનો નિકાલ થતો નથી આવા [illegible] માટે કોઇ ખાસ કોર્ટ હોવી જોઇએ.

(૫) જે લાચારીથી પોતાના કુટુંબના નિર્વાહ માટે દારુ ગાળે છે તેની એક યાદી બનાવી તેને યોગ્ય વ્યવસાય આપવો જોઇએ.જેથી તેઓ દારુ ન ગાળે.

(૬) જે શિક્ષિત તેમજ યુવાન વર્ગ છારાનગરનો છે. તેમણે નૈતિક બળ કેળવવુ જોઇએ. સાચી વસ્તુને સાચી અને ખરાબ વસ્તુને ખરાબ કહેવાની હિંમત હોવી જોઇએ. આજે યુવાનો હિંમતથી દારુની પ્રવૃતિ બંધ કરવાનું કાર્ય ઉપાડે તો દારુ બંધ થઇ શકે.

(૭) જે લોકો ચોરી કરે છે. તેની વ્યવસ્થિત ટોળકી છે,જેમાં એક મુખ્ય નેતા હોય છે. થોડો સમય સભ્ય રહેલ વ્યકિત ટોળકીમાં ફર્યા બાદ નેતા થઇ જાય છે. આથી હાલમાં જે નેતાઓ છે તેનો ખ્યાલ મેળવી,તેમને જુદે જુદે સ્થળે કાઢી મૂકવા જોઇએ. જેથી અંહીયાથી નવા સભ્યો આવશે નહિ.

(૮) છારા કોમના તેમજ અન્ય કોમના સમાજના લાભાગાળાના ફાયદા માટે ગુનાહિત પ્રવૃતિ કરતા માણસોને કોઇ સામાજિક કાર્યકરની દેખરેખમાં કોઇ આશ્રમ પરિવાર જેવી સંસ્થામાં રાખવા-આશ્રમ પરિવાર એટલે કે જયાં મોટી ઉંમરના સભ્યોને એક

જગ્યાએ રાખી, સવાર-સાંજ પ્રાર્થના કરાવવી કે જેથી પોતાના સમાજથી અલગ રહેશે અને નવું વાતાવરણ સર્જાશે સવાર-સાંજ નિયમિત શિક્ષણ આપી દિવસે તેમને મીલમાં કે અન્ય જગ્યાએ નોકરી આપવી જોઇએ. આથી નવી પેઢી ચોરીમાં નહિ આવે અને આપોઆપ ધંધો બંધ થશે.

ઉપર્યુકત મુદ્દાઓને વાસ્તવિક બનાવવા માટે યોગ્ય, પ્રમાણિક, નિષ્ઠાવાન અને ભાવનાવાળી પોલીસ અધિકારી અને સમાજ સેવકની નિયુકિત જરુરી છે.

સૂચિત કાર્યક્રમો :

(૧) સરકાર તરફથી પહેલાં તેમને ખેતી માટે જમીન મળેલ, હાલ તેઓ પાસેથી લઇ લીધેલ છે. આથી હવે શકય હોય તો આજુબાજુના વિસ્તારમાંથી ખેતી માટે જમીન આપવી.

(૨) અગાઉ આ વિસ્તારમાં સિવણ વર્ગ ચાલતા હતા. ઘણી સ્ત્રીઓને આ કામ ફાવે છે. તો લોન ધ્વારા કે અન્ય રીતે તેમને સિવવા નાં સંચા અપાવી મદદ કરવી જોઇએ.

(૩) ઘણા છારા કુટુંબો પાસે રહ્યાં છે, તો વ્યવસ્થિત મરઘાં તાલીમ કેન્દ્ર ઉભા કરી તેમને રોજગારી અપાવવી જોઇએ.

(૪) સેટલમેન્ટનાં સમયે ઘણી છારા સ્ત્રીઓ મીલમાં તૈયાર થતા કપડા ધોતાં હતાં, જેને દર મહીને પગાર અપાતો, હાલ આ કામ તેને અપાવવા, રોજગારી અપાવવામાં મદદ રુપ થવું જોઇએ.

(૫) દિવસે- દિવસે પરિવર્તનની સાથે આ લોકોને અન્ય વ્યવસાય કરવાની વૃત્તિ જાગી છે. આથી જેમ સિંધી લોકોને દૂકાન આપવામાં આવે છે. તેવી રીતે આ કોમના જે સભ્યો ધંધો કરવા ઇચ્છે તેને આ રીતનું પ્રોત્સાહન આપી મદદ કરવી જોઇએ.

(૬) આ કોમનાં પુરુષ સભ્યોનો શારીરિક બાંધો ઘણો સારો છે. તેમાંથી ઘણા પહેરેગીર- સિપાઇ થવા ઇચ્છે છે આથી આ પ્રકારની નોકરીઓમાં તેમને વધુ તક મળે તેવા પ્રયત્નો કરવા જોઇએ.

(૭) પોલીસ વગેરેની નોકરીમાં તક આપવી જોઇએ.

(૮) છારાઓમાં વિકાસની જે દશાબ્દીઓ જાય પછી સી.આઇ.ડીમાં પણ એમને ગોઠવવા તાલીમ આપવી જોઇએ આ કામ કરવા જેવું છે.

(૯) સરકાર તરફથી જુદા જુદા કામો જેવા કે રસ્તા સમારકામ, ખોદકામ, તળાવના

(૧૦)

પાપડ વણવાવગેરે નોકરીછે. આમાંના કેટલાક કામ આ કોમના વ્યક્તિઓને આપવામાં આવે તો ઘણાને રોજી મળી શકે.

(૧૦) ઘણા પુરુષ સભ્યો અન્યની રીક્ષા ભાડે લઇ ચલાવે છે. જેમાં તેમને પોતાને બહુ આવક થતી નથી.આવી બેંક દ્વારા કે અન્ય રીતે મદદ કરી તેમને પોતાની રીક્ષા કરી આપવી જોઇએ.જેથી તેનું ગુજરાન સારી રીતે ચાલી શકે.

(૧૧) દીવાસળીની પેટી બનાવવાનું એક યુનીટ ખોલવામાં આવે તો ઘણા સ્ત્રી-પુરુષ સભ્યો કામ કરતા થાય અને આવક મેળવી શકે.

(૧૨) ''લિજ્જત''ના કેન્દ્રો તથા અન્ય સાહસિકોના ઉદ્યમે પાપડ ઉદ્યોગ વિકાસ પામતો જાય છે. આ કોમની બહેનો માટે પણ એવું એકાદ કેન્દ્ર કરવામાં મદદ કરી તેમાં રોકવામાં આવે તો ઘણી બહેનોને કામ મળી રહે.

(૧૩) આ કોમના ઘણા સભ્યો ભેંસો રાખી દૂધનો ધંધો કરવા તૈયાર છે. તો લોન આપી જે આમાં રસ ધરાવે છે. તેને બે-ત્રણ ભેંસ આપવામાં આવે તો દૂધની કમાણીમાંથી આવક મેળવી શકે.

(૧૪) આ લોકો શહેરી વિસ્તાર માં રહે છે. છતાં આજુબાજુના વિસ્તારમાં નથી ગુતરડી કે નથી સડક.જાહેર આરોગ્ય માટે આ અંગે તાત્કાલિક રાહત આપવી જોઇએ.

(૧૫) પાણી માટેનાં નળ છે,પરંતુ પાણીના નિકાલ ની કોઇ વ્યવસ્થા નથી.જેથી મચ્છરનો ત્રાસ વધે છે,મેલેરીયા જેવા રોગ ફેલાય છે. આથી આ અંગે પગલાં ભરવા જોઇએ.

(૧૬) ઘણા કુટુંબ પાસે મકાન છે,ઘણા પાસે આ અંગે કોઇ વ્યવસ્થા નથી. એક સાથે દશ-બાર સભ્યો એક જ ઓરડીનાં મકાનમાં રહેતા હોય તેવા પણ દાખલા છે. આથી એક સુનિયોજિત કાર્યક્રમ ઘડી તેમને મકાન બનાવવા મદદ કરવી જોઇએ.

(૧૭) લગ્ન-મરણ જેવા પ્રસંગોએ છારા લોકોમાં ઘણો ખર્ચ થાય છે. આથી આવા અયોગ્ય ખર્ચ ઘટાડવા માટે સમેલનો યોજી તેમને સમજાવવા જોઇએ.જેથી ખર્ચમાં ઘટાડો થાય અને આર્થિક રીતે થોડા ઉંચા આવે.

(૧૮) આ જાતિમાં કુટુંબનું કદ ઘણું મોટું છે,કુટુંબ નિયોજનની સમજ ઓછી છે. આથી છારા સમાજમાં યોગ્ય કાર્યકર્તાઓ રોકી કુટુંબ નિયોજનનો પ્રચાર થાય તો કુટુંબનું કદ ઘટે જેથી સામાજિક-આર્થિક પરિસ્થિતિ સુધરે.

(૧૯) જ્યાં જ્યાં આવી ગુનાહિત પ્રવૃત્તિ કરતા લોકો વસે છે,તેની આજુબાજુ ફકત તેમના

માટે બાલવાડી, પ્રાથમિક શાળા તેમજ માધ્યમિક શાળા ખોલવી જોઈએ. જેમાં શક્ય હોય તો છારાને શિક્ષક તરીકે નિમણુક આપવી જોઈએ. સાથોસાથ છાત્રાલયની વ્યવસ્થા કરવી. શક્ય હોય ત્યાં આશ્રમશાળા ખોલવી જોઈએ. પરિણામે શિક્ષણનો વધારો થશે. છોકરાઓમાં શિક્ષણનું સિંચન થશે. અને પોતાના કોમની ગુનાહિત પ્રવૃત્તિથી અલગ રહેવાથી ગુનાહિત માનસ થતું અટકશે.

જો યોગ્ય કાર્યકર્તાઓ કે સંસ્થા દ્વારા ઉપર્યુક્ત કાર્યક્રમ અમલમાં મુકાય તો ભાવિ પેઢીનો ઉત્કર્ષ- વિકાસ થશે. આ બધામાં છારા સમાજનો સક્રિય સહકાર જોઈએ; એ પણ સૂચવવા માગીએ છીએ કે આ સહયોગ સક્રિય અને સમજપૂર્વકનો હોવો જોઈએ.

-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-

# વાઘેર

( સામાજિક પછાતપણાનુ એક માનવ શાસ્ત્રીય અધ્યયન )

પાના. : ૩૪૧

અહેવાલ લેખન : શ્રી મુસ્તાઅલી મસવી.

સારદોહન : શ્રી લખાભાઇ પટેલ.

ગુજરાત રાજયે નીમેલ બક્ષી -કમિશને જુદા જુદા અભિગમોનો ઉપયોગ કરી અને તેમાથી તરીઆવતી હકીકતોની ચકાસણી કરી પછાત વર્ગોની યાદી તૈયાર કરી હતી. કમિશને આ અભિગમમા પછાત વર્ગના જીવન ધોરણના દરેક પાસાને, સામાજિક, આર્થિક સાંસ્કૃતિક, શૈક્ષણિક અને ધાર્મિક પાસાઓની મોજણી કરી, પ્રસ્તુત સામગ્રીને યોગ્ય રીતે ધ્યાનમા લીધાબાદ કેટલીક જ્ઞાતિઓ, વર્ગો અને જૂથોના પછાત પણા અંગે નિર્ણય કર્યો અને કમિશને વિચારણાના મુદાના કાર્યક્ષેત્ર મા રાજયમાથી કુલ ૮૨ કોમોને સામાજિક અને શૈક્ષણિક તેમજ આર્થિક રીતે પછાત જાહેર કરી.

આ કોમો વિષે વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ થયેલો ન હોવાથી સંપૂર્ણ અભ્યાસ માટે નવેમ્બર-૭૯ મા ગુજરાત પછાત વર્ગ બોર્ડની કચેરી, ગાંધીનગર તરફથી કેન્દ્રને આ જાતિઓના અભ્યાસ અંગે પૂછપરછ કરી. કેન્દ્રે આ કાર્ય કરવાની તૈયારી બતાવી. કેન્દ્રે એક દરખાસ્ત આ કોમોના સર્વેક્ષણ અંગે પછાત વર્ગ બોર્ડ સમક્ષ રજૂ કરી. પછાત વર્ગ બોર્ડે કેન્દ્રની દરખાસ્ત મંજૂર રાખી અને કેન્દ્રને છ જાતિઓના આર્થિક, સામાજિક સર્વેક્ષણના અભ્યાસનુ કામ સોંપાયુ જેમા 'વાઘેર'જાતિનો પણ સમાવેશ થતો હતો. કેન્દ્રએ વાઘેર જાતિનો સંપૂર્ણ અહેવાલ પછાતવર્ગ બોર્ડને સુપ્રત કર્યો છે. જેનો ટૂંકસાર અહી આલેખ્યો છે.

## તપાસનો હેતુ :-

આ જ્ઞાતિની તપાસ નો મુખ્ય હેતુ તેમની આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને તેમની સંસ્કૃતિક પરિસ્થિતિ જાણવાનો હતો. બીજુ કે આ જ્ઞાતિમા મોટાભાગના લોકો ગરીબી ની રેખા નીચે જીવે છે. જેથી વૈજ્ઞાનિક ઢબે તેનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરી, શોધના તારણોમા આધારે તેના સામાજિક, આર્થિક, શૈક્ષણિક પ્રશ્નોની છણાવટ તરીકે ઉકેલો સૂચવવાનો હતો.

## તપાસ પધ્ધતિ :

આ જાતિના અભ્યાસ માટે માનવીના જીવનના સઘળા પાસાને આવરી લેતી એક

અનુસૂચિ, પ્રશ્નાવલી તૈયાર કરી માહિતી મેળવવામાં આવી હતી. આ ઉપરાંત ઐતિહાસિક માહિતી મેળવવા 'ગ્રંથાલય'નો ઉપયોગ કર્યો હતો. તેમજ મુલાકાત અને કિસ્સા એકત્ર કરવાની પધ્ધતિ ધ્વારા તેમના જીવન અને સંસ્કૃતિના વિવિધ પાસાઓ પર માહિતી એકત્ર કરવામાં આવી હતી. તદ્ઉપરાંત ક્ષેત્ર કાર્યના વિસ્તારોમાં સહભાગી અવલોકન અને મુલાકાત ધ્વારા, જ્ઞાતિના આગેવાનો, તાલુકા અને જિલ્લા કક્ષાના અધિકારીઓ સાથે ચર્ચા વિચારણાઓ કરી માહિતી એકત્ર કરવામાં આવી હતી. તપાસમાં જુદા જુદા ચાર તાલુકાના દશ ગામોમાંથી ૩૦૦ કુટુંબોનું અધ્યયન કરવામાં આવ્યું હતું.

આ જ્ઞાતિના અભ્યાસથી ત્રણ મોજણીકારો સહિત અહેવાલ લેખનકર્તા અને, અહેવાલલેખન પૂર્ણ થયા બાદ એકત્રિત માહિતીની ચકાસણી અને ખૂટતી માહિતી મેળવવા કેન્દ્રના નિયામકશ્રીએ ક્ષેત્રકાર્યના વિસ્તારોની મુલાકાત લઇ વિગતે માહિતી મેળવવામાં આવી હતી.

તપાસનો વિસ્તાર :

વાઘેર જાતિ ઓખા પથકના બેટ ધ્વારકાથી કોડીનાર સુધીના દરિયાઇ પટ્ટા ઉપરના વિસ્તારમાં અને પોરબંદરથી જામનગર સુધીના પ્રદેશમાં નિવાસ કરે છે. ઓખામંડળમાં મુખ્યત્વે હિંદુ વાઘેરની વસતિ છે. જ્યારે મુસ્લીમ વાઘેરોની વસ્તી જામનગર જિલ્લાના બેડી, સિક્કા, સલાયા, જોડીયા, ખંભાલિયા વગેરે વિસ્તારોમાં છે.

વસતિ:-

હિંદુ તેમજ મુસ્લિમ વાઘેરોની વસતિ કેટલી છે. તેની ચોકકસ માહિતી મેળવી શકાતી નથી. કારણ કે વસતિ ગણતરીમાં લેવામાં આવતી નથી. વડોદરા રાજ્યની ૧૯૧૧ ના વસતિ ગણતરી પ્રમાણે અમરેલી પ્રાંતમાં વાઘેરોની વસતિ ૪૨૯૨ ની હતી. જે આજે વધીને લગભગ ૪૦ હજાર અંદાજે હશે તેમ કહી શકાય. હિંદુ વાઘેરો ઓખા મંડળમાં જ છે. જ્યારે મુસ્લિમ વાઘેરોની વસતિ મુસ્લિમ વાઘેર આગેવાનોએ આપેલ માહિતી મુજબ આખા ગુજરાતમાં અંદાજે એકલાખ જેટલી હશે.

દેખાવ :

વાઘેરોની ઉત્પતિ રજપૂતોના લોહીના મિશ્રણમાંથી થઇ છે. તેથી વાઘેરોની દેહરચનામાં પણ રજપૂતોના કેટલાંક લક્ષણો સ્પષ્ટપણે જોવા મળે છે. વાઘેરો દેખાવડા,

બળીયા અને શ્રમ સહન કરી શકનારા છે. સામાન્ય રીતે વાઘેરો ઉંચા, પડછંદ અને કદાવર બાંધાના છે. તેમનો ચહેરો લંબગોળ અને આંખો મોટી ભૂરા રંગની અણિયાળી હોય છે. રંગે ઘઉંવર્ણા છે. તેઓ દાઢી ને મૂછ લાંબી રાખે છે. આ કોમ ખમીરવંતી, શૂરી, ખડતલ, સ્વાભિમાની અને સહિષ્ણુ છે. મહેમાનોની આગતાસ્વાગતા કરવામાં કદી પાછી પાની કરતા નથી.

ભાષા :
===

વાઘેરોની વાઘેરી બોલી કચ્છી ભાષાને મળતી આવે છે. વાઘેરો સ્વભાવે કડક હોવાથી તેમની બોલી કડક, તોછડી, કર્ણકટુ અને કર્કશ મનાય છે. વાઘેરી બોલી સિંધી અને કચ્છી બોલીનું સંમિશ્રણ છે. પરંતુ તેઓ ગુજરાતી ભાષા સારી રીતે બોલી શકે છે. હિંદુ અને મુસ્લિમ વાઘેરો ઘરમાં અંદરોઅંદર પોતાની આવી આ આગવી બોલીમાં વાતચીત કરે છે.

પોષાક :
====

પુરુષ ચોયણું, કુડતો, ખમીશ માથે બાંધવાનું રુમાલ, કોઠોડીયા કાનમાં પહેરવાની કડી નો ઉપયોગ કરે છે. વાઘેર પુરુષો કરીવાળી લાંબી બાંયની આંગડી, અને કડીવાળો ચોરણો, માથે સફેદ પાઘડી અને ખભાપર ધાબળો રાખે છે. નવી પેઢીના જુવાનો પાટલુન, બુશશર્ટ, ખમીશ પહેરે છે. કેટલાક જુવાનો સુરવાળ, બટનવાળા કાપેલ કફના પહેરણ અને માથે રુમાલ બાંધી ફરે છે. પુરુષો અલંકાર પહેરવાના પણ શોખીન છે.

સ્ત્રીઓ સીવેલ ઘાઘરો, ઓઢણું અને કાપડુ પહેરે છે. માથે કાળા રંગનું ઓઢણું ઓઢે છે. વાઘેરાણી હાથમાં બલૈયા, કંકણ, ચૂડી પહેરતી નથી. વાઘેર- વાઘેરાણીઓ પગમાં જોડા પહેરે છે. તેમની આર્થિક સ્થિતિ નબળી હોવાથી દરેક પુરુષ સ્ત્રી પાસે પૂરતાં કપડાં હોતાં નથી. બે થી ત્રણ જોડથી ચલાવે છે. વાઘેરાણીઓ છૂંદણાં પણ ગોંદાવે છે.

ખોરાક-પીણાં :
========

વાઘેર માંસાહારી કોમ હોવાથી માછલાં, સુવર (ભૂંડ) નીલગાય, રોજડાનો શિકાર કરે છે. ખોરાકમાં બાજરીના રોટલા અને શાક તેમજ છાશ હોય છે.

પીણાઓમાં ચ્હા, દૂધ અને લીંબુ સોડા મુખ્ય છે. જ્યારે મુસ્લીમ વાઘેરો હિંદુવાઘેરોની જેમજ ઘઉંના કે બાજરીના રોટલા, બપોરના ભોજનમાં માછલીનું શાક અને બાજરી - જુવારનો રોટલો અને દાળ તેમજ બટાકુ નો ઉપયોગ કરે છે.

વાઘેરોનું લોકભરત :

વાઘેરજીવનની સાદગી અને કરકસરની વૃત્તિએ તેમની ધડકીને જન્મ આપ્યો છે. કપડાંના રંગબેરંગી ટૂકડાઓને - આકાર પ્રમાણે કાપી તેને યોગ્ય રીતે જડીને વિવિધ કલાત્મક ભરતો તેમણે ઉપસાવી છે. ધડકીઓમાં પશુ, ઘોડા, પોપટ, મોર જેવા પક્ષીઓ પણ ટાંકે છે.

વાઘેરોના ઘર :

હિંદુ અને મુસ્લિમ વાઘેરોના ઘર મોટે ભાગે ઉંચા ટેકરા ઉપર હોય છે. સામાન્ય રીતે દરેક ઘરમાં બે ઓરડાઓ હોય છે. બધાના ઘરમાં હવા ઉજાસની પૂરતી સગવડતા હોતી નથી. ઘરોના છાજપણ દેશીનળીયા અને વિલાયતી નળીયાઓથી ઢંકાયેલા હોય છે. ઘરની બધી વસ્તુઓ દિવાલ પર અભરાઇ બનાવીને મૂકે છે. ઘરોના રાચરચીલુ અને ઘરવખરી જોઇએ તો પિત્તળના વાસણો વધુ જોવા મળે છે. રાચરચીલામાં ખાસ હોતુ નથી.

ઘરનું માટીકામ અને લીંપણ પણ કલાત્મક રીતે કરેલુ હોય છે. વાઘેરો ખાદ્ય વસ્તુઓ રાખવા કોઠલાનો ઉપયોગ કરે છે.

આર્થિક સંરચના :

પ્રાચીન કાળમાં વાઘેરો માછીમારો તરીકે ચાંચીયાગીરીમાં, ખેતીના ધંધામાં તેમજ લૂટફાટના ધંધામાં રોકાયેલા હતા, તેવી સ્પષ્ટ માહિતી ઘણા ખરા ગ્રંથોમાં જોવા મળે છે. વાઘેરોના કામ ધંધા અંગે 'ધી બોમ્બે પ્રેસીડન્સી'ના ગેઝેટીયર-૨૯ અને ગુજરાત સર્વસંગ્રહમાં નોંધ જોવા મળે છે. તેઓએ હાલમાં ખેતી, પશુપાલન નો ધંધો અપનાવ્યો છે. આ ઉપરાંત નોકરીઓમાં લાગવા માંડયા છે. યંત્રના મજૂર તરીકે, યંત્રવિદ તરીકે, શિક્ષક તરીકે, દૂધ વેચનાર તરીકે તેમજ નાના છૂટક વેપારી તરીકે પણ વાઘેરો હવે કામ કરે છે.

વાઘેરોનું આર્થિક જીવન મોટેભાગે ખેતી ઉપર નભે છે. તેમની પાસે વધતા

(૫)

ઓછા પ્રમાણમાં જમીન પણ છે. જમીનમાંથી તેઓ થોડી ઘણી આવક મેળવે છે. નમૂનાના કુટુંબદીઠ સરેરાશ જમીન ૧૦.૧ એકર હતી.આ ઉપરાંત તેમની પાસે પશુધન પણ હતું જેમાં ગાય, વાછરડા, બળદ અને ઘેટા-બકરા વધુ પ્રમાણમાં હતા જયારે ભેંસોની સખ્યા ઘણી ઓછી હતી.

વાઘેરોના ખેતી સાધનો ઘણા અપૂરતા અને જૂના જોવા મલ્યા હતા. ખેતીમાં તેઓ હળ, કરબ, સમાર, અને વાવણીયાનો વધુ ઉપયોગ કરતા હતા.

આર્થિક પ્રવૃત્તિ :

નમૂનાના કુટુંબોનું આર્થિક પ્રવૃત્તિઓનું વિશ્લેષણ કરતાં જણાય છે કે કુલ વસતિનાં માત્ર ૧૪.૨ ટકા સ્ત્રી-પુરુષોને આખા વર્ષ દરમ્યાન કામ મળતું જયારે ૨૫.૨ ટકા સ્ત્રી-પુરુષોને વર્ષના બધા દિવસોએ કામ મળતું નહતું બાકીમાં ૬૦.૬ ટકા સ્ત્રી પુરુષો કોઇપણ પ્રકારની આર્થિક પ્રવૃત્તિ કરતા ન હતા.

હિંદુ વાઘેર ખેતી,ખેતમજૂરી,છૂટકમજૂરી કરી જીવન નિર્વાહ કરતા હતા. જયારે મુસ્લીમ વાઘેર માછીમાર, ટકમજુરી,નોકરી,વેપારધંધો અને ખલાસી તરીકે કામ કરી પોતાની જીવન નિર્વાહ પૂરતી આવક પ્રાપ્ત કરતા હતા. હિંદુવાઘેર અને મુસ્લિમ વાઘેર ની આવક ખર્ચ અને મૂડીરોકાણની માહિતી કોઠામાં આપવામાં આવી છે.

આવક :

હિંદુવાઘેર ની કુટુંબ દીઠ આવક ૩૫૯૦ રુા.હતી,માથાદીઠ વાર્ષિક આવક ૫૦૩ રુા.હતી.જયારે માથાદીઠ માસિક આવક રુા. ૪૨ ની હતી.મુસ્લીમ વાઘેરોની કુટુંબદીઠ વાર્ષિક આવક ૪૨૦૫.૩ હતી,માથાદીઠ વાર્ષિક આવક રુા. ૫૩૪.૬ હતી અને માથાદીઠ માસિક આવક રુા. ૪૪.૫ હતી.

વપરાશી ખર્ચ:-

હિંદુ અને મુસ્લીમ વાઘેરની જીવન-જરુરીયાતની જુદી જુદી વપરાશી ચીજ-વસ્તુઓ પાછળ કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ રુા. ૩૫૩૧.૮ હતું માથાદીઠ વાર્ષિક ખર્ચ ૪૯૯.૯ અને માથાદીઠ માસિક ખર્ચ રુા. ૪૧.૫ હતું જયારે મુસ્લીમ વાઘેરોનું વપરાશી ખર્ચ ૪૧૨૦.૩ રુા. હતું માથાદીઠ વાર્ષિક ખર્ચ રુા. ૫૨૩.૮ હતું જે

(૬)

માથાદીઠ માસિક ખર્ચ ૪૩.૭ રુપિયા થાય.

આમ આવક અને ખર્ચમાં ઝાઝો તફાવત રહેતો નથી.તેઓ ગરીબાઈની રેખાની નીચે જીવન વીતાવે છે. વાઘરીઓને અન્ય સામાજિક ખર્ચ,મકાન માટે તેમજ ધંધો ચલાવવા માટે અને નિર્વાહ ખર્ચ માટે દેવુ કરવુ પડે છે. તપાસેલ કુટુંબોમાંથી સરેરાશ ૭૦ % કુટુંબોને દેવુ હતુ જેમાં હિંદુ વાઘરી કરતા મુસ્લિમ વાઘરીને દેવાનું પ્રમાણ વધુ હતુ હિંદુ વાઘરીોનું દેવાદાર કુટુંબદીઠ દેવુ ૧૫૮૧.૭ રુા. છે. જ્યારે મુસ્લીમ વાઘરીોનું દેવાદાર કુટુંબદીઠ દેવુ ૩૫૦૬.૪ રુા. છે. જે કોઠા પરથી જોઇ શકાય છે.

વાઘરીોની સમગ્ર પરિસ્થિતિનુ ચિત્ર દર્શાવતો કોઠો.

| વિગત. | હિંદુવાઘરી. | મુસ્લિમવાઘરી. |
|---|---|---|
| પસંદ થયેલા કુટુંબો. | ૧૫૦ | ૧૫૦ |
| કુલ સભ્ય સંખ્યા. | ૫૩૬ | ૬૨૦ |
| પુરુષ. | ૫૨૮ | ૫૬૦ |
| સ્ત્રી કુલ. | ૧૦૬૪ | ૧૧૮૦ |
| કુટુંબનું કદ. | ૭.૫ | ૮ |
| કુલ કમાનાર. | ૪૧૯ | ૩૮૪ |
| જુદા જુદા ધંધાની કુટુંબદીઠઆવક(વાર્ષિક) | ૩૫૭૦ | ૪૨૦૫.૩ |
| માથાદીઠ વાર્ષિક આવક. | ૫૦૩ | ૫૩૪.૬ |
| માથાદીઠ માસિક આવક. | ૪૨ | ૪૪.૫ |
| વપરાશી ખર્ચ(કુટુંબદીઠ વાર્ષિક) | ૩૫૩૧.૮ | ૪૧૨૦.૩ |
| માથાદીઠ વાર્ષિક.(ખર્ચ) | ૪૯૭.૯ | ૫૨૩.૮ |
| માથાદીઠ માસિક.(ખર્ચ) | ૪૧.૫ | ૪૩.૭ |
| દેવાદાર કુટુંબો | ૯૭ | ૯૯ |
| દેવાદાર કુટુંબદીઠ દેવુ. | ૧૫૮૧.૭ | ૩૫૦૬.૪ |
| મિલકત(કુટુંબદીઠ) | ૬૧૮૦.૭ | ૮૩૫૩.૨ |
| મૂડીરોકાણ. (કુટુંબદીઠ) | ૯૫૩.૨ | ૨૯૮૨.૭ |

(૭)

સામાજિક સંગઠન :

હિંદુ વાઘેરોનો વસવાટ ઓખા મંડળના જુદા ૪૨ ગામોમાં છે. જ્યારે મુસ્લિમ વાઘેરો ઓખા મંડળ સિવાય જામનગર, ખંભાળીયા અને જોડિયા તાલુકામાં વસવાટ કરે છે. હિંદુ તથા મુસ્લિમ વાઘેરોમાં માણેક તથા સુમનિયા શાખ સરખી જોવા મળે છે. સ્વભાવ તથા પ્રવૃત્તિઓમાં પણ લગભગ સમાનતા જોવા મળે છે. આ વસ્તુ અહીં સમર્થન પુરુ પાડે છે કે મુસ્લિમ વાઘેરો હિંદુ વાઘેરોમાથી જ વટલાયેલા છે.

વાઘેરોમાં જે અનેક ગોત્રપણ જોવા મળે છે. તેમાં કોઈ સ્તરીકરણ જોવા મળતુ નથી. કે કોઈને ઉચ્ચ-નીચ ગણવામાં આવતા નથી. બંનેમાં એકજ કુળમાં બેટી વ્યવહાર પર નિષેધ છે. પોતાના ગોત્ર સિવાય અન્ય ગોત્રમાં લગ્ન થઈ શકે છે.

વાઘેરોમાં પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા વધુ જોવા મળે છે. કુટુંબમાં પુરુષ-તેમાય વૃધ્ધ પુરુષોનું પ્રભુત્વ વધારે જોવા મળે છે. ઘરના મોટાભાગના નિર્ણયો ઘરના વડીલ પુરુષ દ્વારા લેવાય છે.

હિંદુ વાઘેરોમાં પહેલા મજબૂત જાતિપંચ હતું પરંતુ હાલમાં હિંદુ વાઘેર કે મુસ્લિમ વાઘેરોમાં જાતિ પંચનું અસ્તિત્વ રહયુ નથી. હવે ગામમાં કોઈ ઝઘડા અથવા આપત્તિ હોઈ તો તેનું નિરાકરણ ગામના આગેવાન-જમાત લાવે છે.

વાઘેરોમાં પણ અન્યજાતિની જેમજ બે પ્રકારના સગાઈ સંબંધો જોવા મળે છે. લોહી પર આધારિત અને લગ્ન પર આધારિત.

શિક્ષણ :

તપાસેલ કુટુંબની વસતિમાં શિક્ષણનું પ્રમાણ જોઈએ તો હિંદુવાઘેરોમાં કુલ વસતિમાથી ૭.૪ ટકા વ્યક્તિઓએ થોડુ ઘણું શિક્ષણ લીધું હતું. ૩.૩ ટકા શિક્ષણ લઈ રહયા હતા. અને ૮૯.૩ ટકા પુરુષ-સ્ત્રીઓ અભણ હતા. મુસ્લિમ વાઘેરોમાં પણ પરિસ્થિતિ એવી જ જોવા મળી હતી. તેમનામાં પણ ૭.૯ ટકા પુરુષ-સ્ત્રીઓએ થોડુ ઘણું શિક્ષણ લીધું હતુ જ્યારે ૪.૦ ટકા શિક્ષણ લઈ રહયા હતા. અને ૮૮.૧ ટકા સ્ત્રી-પુરુષો અભણ હતા. આમ એકંદરે જોઈએ તો શિક્ષણની બાબતમાં હિંદુવાઘેર અને મુસ્લિમ વાઘેર ઘણાં જ પાછળ છે.

સામાજિક રીતરિવાજો :-

હિંદુવાઘેર રજસ્વલા સ્ત્રીને 'અડેલી'સ્ત્રી કહે છે. સ્ત્રીઓ આ સમય ''પાળતી'' નથી.જ્યારે મુસ્લીમ વાઘેરો આ સ્ત્રીને 'નાપાક'અથવા હેજમાં છે. તેમ કહે છે. આવી સ્ત્રી અહી ફક્તધર્મનું કામ કરી શકતી નથી આ સિવાય ખોળાની વિધિ પ્રથમ સુવાવડ, નામકરણવિધિ અને છઠ્ઠીની વિધિ હિંદુ-મુસ્લિમ બંને વાઘેરો કરાવે છે. સગાઇ વિધિ હિંદુ જાતિ પ્રમાણે અને મુસ્લીમ વાઘેરમાં મુસલમાન સમાજની જેમ કરવામાં આવે છે.

આમ હિંદુવાઘેર અને મુસ્લિમવાઘેર સામાજિક જીવન ની સાથે ધાર્મિક માન્યતાઓ પણ હિંદુ હિંદુની રીતે અને મુસ્લિમ-મુસ્લિમની રીત પ્રમાણે મનાવે છે. હિંદુ વાઘેરો લોકમેળા, હોળી,અખાત્રીજ, દિવાળી, વગેરે તહેવારો ધામધૂમથી ઉજવે છે. જ્યારે મુસ્લિમ વાઘેરો તેમનાં તહેવારો -મહોરમ,બારાવફાતઅને ઇદ-બકરીઇદ જેવા તહેવારો મનાવે છે.

પ્રશ્નો અને સૂચનો :-

વાઘેર જાતિનાં સમગ્ર અભ્યાસ પછી તેમની સામાજિક -આર્થિક અને શૈક્ષણિક પરિસ્થિતિને લગતા કેટલાક પ્રશ્નો જોવા મળ્યા હતા. વાઘેરો દયનીય આર્થિક સ્થિતિમાં જીવી રહયા છે. તેમનાં બે મુખ્ય પ્રશ્નો અહી તરી આવે છે. જેમાં ગરીબાઇ અને અજ્ઞાનતા મુખ્ય છે. ગરીબી અને અજ્ઞાનતાને લીધે હિંદુ-મુસ્લિમ વાઘેરોમાં ઘણા દૂષણો નો સામનો કરી રહયા છે. તેમની આર્થિક પરિસ્થિતિનો અભ્યાસ કરતાં જણાય છે કે આ જાતિને વર્ષનાં મોટાભાગનાં સમયમાં બેકાર રહેવુ પડે છે. જેથી આ સમાજનું જીવન ધોરણ ઘણું નીચુ જોવા મળ્યુ હતુ બેકાર શ્રમિકોની કેટલીક વિશિષ્ટતા ધ્યાન ખેંચે તેવી છે. તેમનો મોટો વર્ગ નિરક્ષર અને તાલીમ વગરનો હતો.એટલે કે તેઓ બિન કુશળ છે. બીજું કે સામાજિક મૂલ્યોની અસરને કારણે બેકાર લોકો અમુક ચોકકસ પ્રકારના વ્યવસાયોની અપેક્ષા ધરાવે છે. તદ્ઉપરાંત શ્રમિકોની સ્થળાંતરતા પણ અમુક વિસ્તાર પુરતી મર્યાદિત જોવા મળી છે. જેથી તેમનામાં પ્રવર્તતી બેકારી નિવારણ માટે અને આર્થિક સ્થિતિ સુધારવા તેમજ અન્ય સમાજની હરોળમાં જીવન જીવવા માટે અમુક પ્રકારનાં ઉદ્યોગો,વ્યાપાર રોજગાર ને ધ્યાનમાં રાખી,તેમજ સ્થાનિક પરિસ્થિતિને લક્ષ માં લઇ વિકસાવવા જોઇએ.

- ખેતીને લગતા વિકાસ કાર્યક્રમોને વેગ આપવો.ખેતીની સુધારણા માટે, સિંચાઈની સગવડતા આપવી, ચેકડેમ્સ અને તળાવો બાંધવા જોઈએ.કુવાઓ માટે લોનની વ્યવસ્થા કરવી જોઈએ.સુધારેલ બિયારણ,ખાતર અને જંતુનાશક દવાઓનો વધુ ને વધુ લોકો ઉપયોગ કરતા થાય તે માટે સગવડતા ઉભી કરવી જોઈએ. તદ્ઉપરાંત આધુનિક ઓજારો અને બળદગાડા તેમજ બળદ માટે સહાય આપવી જોઈએ.
- દેવા ની પરિસ્થિતિ એવી વણસેલી છે કે કોઈપણ નાણાંકીય સંસ્થા તમને ધીરાણ આપવા તૈયાર નથી જેથી અમુક રકમનું રીવોલ્વીંગ ફંડ ઉભું કરી, લોન ન ભરી શકનારને આ ફંડમાંથી બાંહેધરી આપી ધીરાણનો વ્યાપ વધારવો જોઈએ.
- નાળિયેરીના વાવેતરને વેગ આપવો જોઈએ.
- જમીન(પડતર) માં જુદા જુદા ઘાસનું વાવેતર કરી પશુપાલનની યોજના હાથધરવી જોઈએ.
- બંદર ખાતાની જમીન ને વ્યક્તિગતધોરણે વહેંચી આપવી જોઈએ.
- પશુ પાલન:જેમને પૂરક ધંધા માં રસ વધુ હોય તેવા કુટુંબોને તાલીમ આપી આ ધંધાને વિકસાવવો- દૂધાળા ઢોર આપવા, મરઘા ઉછેર કેન્દ્ર ખોલવા,વધુ ઘેટા-બકરા ઉછેર માટે દરેકને ઘેટા-બકરા આપવા જોઈએ.
- ઊંટ -અને ઉંટગાડી માટે વધુ સહાય આપવી.
- મત્સ્ય ઉદ્યોગનો વિકાસ કરવો જોઈએ.આ માટે ઓખામંડળમાં ઘણી શકયતાઓ રહેલી છે. જેનો ઉપયોગ કરી વાઘેર કુટુંબોને રોજીરોટી આપી શકાશે.
- ખનીજપેદાશ પર આધારિત, ચીરોડી, મજીઓ, મીઠુ પકવવાનો ઉદ્યોગ, સમુદ્ર ફીસ પર આધારિત ધંધો, કાળુ માછલી કે જે માંથી નાના મોતી મળી આવે છે. શંખ વગેરે પર ધ્યાન દોરવુ જોઈએ.
- વેપાર-ધંધા અને ગૃહઉદ્યોગોને પ્રોત્સાહીત કરવા જેમા કલાકારીગીરી,છૂટક વેપાર પરમીની ભૂંકી બનાવવાનો ધંધો,અંબર ચરખા, મજૂર મંડળીઓનો વિકાસ, વર્કશોપો ઉભા કરવા જોઈએ.
- રહેઠાણના ઘરોની સુધારણા કરવી જોઈએ.
- પીવાના પાણીની વ્યવસ્થા ઉભી કરવી જોઈએ.

- આરોગ્યના સગવડતાઓનો વ્યાપ વધારવો જોઈએ.
- માછીમારીના ધંધાને લગતી તાલીમ ની વ્યવસ્થા ઊભી કરવી જોઈએ, ધંધાના સાધનોની સહાય, કોલ્ડસ્ટોરેજની વ્યવસ્થા ઊભી કરવી. અને જમીનને નવસાધ્ય કરવા ફળદ્રુપતા વધારવા માટે ના પ્રયત્નો કરવા જોઈએ.
- શિક્ષણનું પ્રમાણ નહિંવત છે. શિક્ષણનો વ્યાપ વધારવા આશ્રમશાળાઓ ઊભી કરવી જોઈએ.

-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x

# ખારવા

(સામાજિક પછાતપણાનુ એક માનવશાસ્ત્રીય અધ્યયન.)

પાના. : ૨૪૧

અહેવાલ લેખન. : શ્રી મુસ્તાકઅલી મસવી.

સારદોહન. : શ્રી ભીખાભાઈ પટેલ.

અનુસૂચિત જાતિ અને જનજાતિઓ સિવાય ની પણ કેટલીક કોમો હતી.જે વર્ષોથી ગરીબાઈમાં સબડતી હતી.અને હજુ પણ ગરીબાઈમાં જીવે છે. આવા વર્ગોનો પછાતવર્ગો તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જે વર્ગો સામાજિક,શૈક્ષણિક અને અન્ય આર્થિક પરિસ્થિતિની દ્રષ્ટીએ અન્ય સમુદાયથી ઘણા પાછળ છે. જેનો અભ્યાસ જુદા જુદા સમયે જુદા જુદા રાજ્યોમાં કમિશનો નીમી કરવામાં આવ્યો.ગુજરાત સરકારે પણ ૧૯૮૨ માં નિવૃત્ત જજ અને કાયદા કમિશનના અધ્યક્ષ શ્રી એ.આર.બક્ષીના અધ્યક્ષ પદે કમિશનની નિમણુંક કરી હતી.કમિશને જુદી જુદી જ્ઞાતિઓની હકીકતોની ચકાસણી કરી પછાત વર્ગની એક યાદી તૈયાર કરી અને ૮૨ જાતિઓને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત ગણી હતી. ગુજરાત પછાતવર્ગ બોર્ડ,ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને બક્ષી પંચમાં આવરી લીધેલ ૭ જાતિઓ (છારા,વાઘેર,હિન્દુખારવા, મિંયાણા,ઠાકરડા અને વાઘરી) સામાજિક-આર્થિક સર્વેક્ષણનુ કામ સોંપ્યુ હતુ.ખારવા જાતિનો અહેવાલ કેન્દ્રે તૈયાર કરી ગુજરાત પછાત વર્ગ બોર્ડને સુપરત કરી દીધો છે. જેનો ટૂંક સાર અહીં આલેખ્યો છે.

## હેતુ :-

ખારવા જાતિના તપાસનો મુખ્ય હેતુ તેમની આર્થિક,સામાજિક અને શૈક્ષણિક પરિસ્થિતિ જાણવાનો હતો.તેમના આર્થિક-સામાજિક પ્રશ્નો અને શૈક્ષણિક બાબતોનો અભ્યાસ કરી પછાતપણા માટેના જવાબદાર કારણોની વૈજ્ઞાનિક રીતે ઊંડી તપાસ કરવાની હતી.આ શોધના આધારે તેમની આર્થિક-સામાજિક અને શૈક્ષણિક પ્રશ્નોની છણાવટ કરી તેમના ઉકેલ માટેના પગલા સૂચવવાનો હતો,તદ્ઉપરાંત તેમના ધાર્મિક,સામાજિક રીતરિવાજો,જ્ઞાતિસંગઠન વગેરેની માહિતી મેળવવાની હતી.

## તપાસ પધ્ધતિ :

આ તપાસ માટે જુદી જુદી સંશોધન પધ્ધતિનો પણ ઉપયોગ કરવામાં આવ્યો

હતો. તેમની આર્થિક,સામાજિક અને ધાર્મિક માહિતી મેળવવા એક અનુસૂચિ તૈયાર કરવામાં આવી હતી.આ અનુસૂચિથી પ્રત્યક્ષ મુલાકાત દ્વારા તેમના જીવનના દરેક પાસાંની માહિતી એકત્ર કરવામાં,આવી હતી.જેમાં રહેઠાણ,ધંધા,અસ્કયામતો,દેવા વિષયક પરિસ્થિતિ,તેમની રહેણીકરણી,પહેરવેશ,ખોરાક અને સામાજિક ધાર્મિક પાસાઓને સ્પર્શતી બધી માહિતી મેળવવામાં આવી હતી.તદ્ઉપરાંત સહભાગી નિરીક્ષણ પદ્ધતિ દ્વારા તેમના સમાજ અને સંસ્કૃતિ વિષે ગ્રંથાલયની મદદથી તેમની ઐતિહાસિક માહિતી મેળવવામાં આવી હતી.

તપાસનો વિસ્તાર :

ખારવા જાતિનો મુખ્ય વસવાટ ગુજરાતના દરિયા કિનારા પર આવેલા વિસ્તારોમાં છે. ખારવાઓનો વસતિ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વલસાડ,સુરત અને ભરુચ જિલ્લાના દરિયાકાંઠાના વિસ્તારોમાં છે. સૌરાષ્ટ્રમાં ખારવાઓ અને કોળી ખારવાઓની વસતિ આવેલી છે. ખારવાઓની વસતિ મુખ્યત્વે પોરબંદર,વેરાવળ,માંગરોળ,જામનગર, જામસલાયા,કચ્છમાંડવી,દ્વારકા ,માઢવાડ,કોટડા,વણાકબારા,ચોરવાડ,અને મુંબઈમાં પણ છે. જ્યારે કોળી ખારવાની વસતિ વેરાવળ,ભાઠીયા પ્લોટ,વણાકબારા અને માઢવાડમાં છે. સૌરાષ્ટ્રમાં તેમની વસતિ વધુ હોવાથી કુલ ૨૦૦ કુટુંબો જુદા જુદા વિસ્તારમાંથી અને ૧૦૦ કુટુંબો દક્ષિણ ગુજરાતના જુદા જુદા વિસ્તારમાંથી પસંદ કરી કુલ ૩૦૦ કુટુંબોની તપાસ કરવામાં આવી હતી.

ખારવાઓની ઉત્પત્તિ વિષે અનેક માન્યતાઓ પ્રવર્તમાન છે. ખારવાઓના ઉત્પત્તિ તેમના મત મુજબ ઢીમર માંથી થઇ છે. તેઓ માને છે. કે મહાપ્રલય ને લીધે દુનિયાનો વિનાશ થયો અને સાતસંતો બચી ગયા.આખી દુનિયા દરિયામાં ગરક થઇ ગઇ.તે સાત સંતોને ઇશ્વરે માછલાના સ્વરુપમાં બચાવ્યા.ને તે બધા મત્સ્ય અવતારના રુપમાં આવ્યા. માછલી ઇશ્વર પાસે પાછી ફરવા માંગતી હતી પરંતુ માછલી ઇશ્વર પાસે પાછી ફરી નહિ.માછલીના ગેરવર્તણુંકથી ઇશ્વર નારાજ થયા.અને તેમણે માછલીને અંકુશમાં રાખવા માટે માણસની ઉત્પત્તિ કરી.તે મનુષ્યએ ઢીમર,ખારવાઓ માને છે કે પોતે ઢીમરના વંશજો છે. બીજી દંતકથા એવી છે કે પોતે રજપૂતોના વંશજો છે. તેઓ મહમદ ગજનાની સામે પ્રભાસપાટણમાં લડયા હતા અને હાર થતાં દરિયા કિનારે ભાગ્યા અને વર્ષો સુધી માછીમારનો ધંધો સ્વીકાર્યો.

દક્ષિણગુજરાતના માછીમારોનો અભ્યાસ કરતાં તેમની ઉત્પત્તિ વિષે તેઓ પણ પોતાને રજપૂતવંશના ઓળખાવે છે.

વસતિ :

ખારવા સમાજમુખ્યત્વે સૌરાષ્ટ્રના બાર ગામના કાંઠા પર પથરાયેલો છે. જ્યારે દક્ષિણગુજરાત માં વસવાટ કરતાં ટંડેલ(માછી)લોકોની મુખ્ય વસતિ સુરત,ભરુચ અને વલસાડના દરિયાકાંઠાના વિસ્તારમાં છે.

ખારવાઓની વસતિ અંગે કોઇ ચોકકસ આંકડો પ્રાપ્ત નથી.પરંતું ખારવા સમાજ નાં મૂળપત્ર વહાણવટીના એપ્રિલ અને મે ૧૯૪૮ નાં અંકમાં દર્શાવ્યા મુજબ બાર ગામોમાં લગભગ ૨૩૦૦૦જેટલી વસતિ હતી. આ વર્ષને આધારવર્ષ ગણી વસતિગણત્રી કરીએ તો વસતિ ૫૫ હજાર જેટલી હશે.બાર ગામ સિવાય અન્ય જગ્યાએ વસતિ આવેલી છે. તેનો સમાવેશ થતો નથી.ખારવા આગેવાનોનાં કહેવા મુજબ હાલમાં તેમની વસતિ લગભગ ૬૦ થી ૮૦ હજારની છે.

દક્ષિણ ગુજરાતના માછી લોકોની વસતિ અંગે જાણવા મળે છે. ૧૯૧૧ માં મુંબઇ રાજ્યની વસતિ ગણતરી પ્રમાણે બૃહદ મુંબઇ રાજ્યના ગુજરાતના દરિયા કિનારે ૪૧૮૬૧-માછીમારોની વસતિ હતી.આજે તેમના મત મુજબ વસતિ બમણી હશે.આ બધા આંકડાઓ આધારભૂત ગણી શકાય નહીં.પરંતું તેનાથી તેમની વસતિનો થોડ ઘણે અંશે ખ્યાલ આવે છે.

ભાષા :

ખારવાઓની પોતાની કોઇ આગવી ભાષા કે બોલી નથી.તેઓ સામાન્ય રીતે ગુજરાતી ભાષામાં વાતચીત કરે છે. ઘરનાં-નાનાં-મોટા બધાં ગુજરાતી સમજે છે. બોલે છે. લખાણપણ ગુજરાતી ભાષામાં લખે છે. દક્ષિણ ગુજરાતમાં વસતા ટંડેલ લોકો પણ ગુજરાતી ભાષા બોલે છે. પરંતુ બાર-ગાઉએ બોલી બદલાય તેમ આ સમાજમાં થોડા શબ્દોની ભિન્નતા જોવા મળે છે. જેમાં મરાઠી- હિંદી-ગુજરાતી ભાષાનો અપભ્રંશ જોવા મળે છે.

દા.ત. 'આઇ કકા ચાલી'--મા કયાં ચાલી. કકા-કુડે મરાઠી પરથી અપભ્રંશ થયેલો લાગે છે. 'કા-ગેલા ઉના'--ગેલા-ગયેલા-મરાઠી શબ્દ છે. તે ઉપરાંત હિંદીની પણ

અસર જોવા મળે છે. 'મે જાતી ઠઠા'મે જાતી થી.એ હિંદીભાષાનું અપભ્રંશલાગે છે.

શિક્ષણ :

ખારવાઓમાં કેળવણીનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળે છે. એમાંય સ્ત્રીઓમાં તો ઘણું જ ઓછું છે. છેલ્લા દાયકાથી આ સમાજમાં પણ શિક્ષણની ભૂખ જાગી છે.અને બાળકો શિક્ષણ લેતા થયા છે. ખાસ કરીને પોરબંદર અને વેરાવળમાં શિક્ષણનું પ્રમાણ ઠીક ઠીક જોવા મળે છે. જ્યારે અન્ય વિસ્તારોમાં શિક્ષણનું પ્રમાણ ઘણું જ ઓછું છે. શિક્ષણના અભાવે તેમનું શોષણ થાય છે. અને શોષણ પોતે જુએ અનુભવે જેથી શિક્ષણ જરુરી બન્યુ એમ માને છે. દક્ષિણગુજરાતના માછીમારોમાં પણ શિક્ષણનું પ્રમાણ ઘણુ ઓછું જોવા મળ્યુ હતું.પરંતુ સૌરાષ્ટ્ર વિસ્તાર કરતાં વધુ હતું.સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાંથી તપાસના સમયે શિક્ષણની માહિતી મેળવવામાં આવી હતી.જેમાં સૌરાષ્ટ્રમાં માત્ર ૨૯ ટકા વ્યક્તિઓ ભણેલી હતી.જ્યારે દક્ષિણ ગુજરાતમાં તપાસેલ કુટુંબોની ૬૬.૪ ટકા વ્યક્તિઓ ભણેલી હતી.

ભૌતિક સંસ્કૃતિ :

ઘર :

ખારવા લોકોના રહેણાકના ઘરો દરિયાકાંઠા પર(બંદર પર) જોવા મળે છે. તે સામાન્ય રીતે ઢાચાણવાળી જમીનપર બાંધેલા હોય છે. અને પોતાના જાતિભાઇઓ સાથે રહેતા હોય છે. અને તેમની જાતિનો આખો અલગ વાડો હોય છે. તેમની વસતિમાં અન્ય જાતિનો વસવાટ હોતો નથી.ઘર એકબીજાની તદ્દન નજીક હોય છે. ઘર પણ સામાન્ય રીતે નાનાં અને પાકા ધાબાવાળાં બે ખંડના હોય છે. નવા રહેણાકો ઉભા કરે છે. ને છૂટાછવાયા અને આધુનિક ઢબના હવા-ઉજાસવાળા બનાવવામાં આવે છે. પહેલાં એક ગોત્રના કે એક લોહીના સબંધીઓ જુદા ફળીયામાં રહેવાનુ પસંદ કરતા અને તે રીતે ફળિયા પણ બનેલ.દા.ત.વેરાવળના ગોસીયા કુટુંબો ગોસીયાવાસમાં જ રહેતા. ત્યાં બીજા કુટુંબો ન હોય પરંતુ આજે બધા ગોત્રના એક સાથે રહે છે.

ઘર બનાવવા માટે પ્રથમ બ્રાહ્મણ પાસે મુહુર્ત જોવડાવે છે. ત્યારબાદ હિંદુધર્મ પ્રમાણે-ધર્મપ્રણાલી પ્રમાણે બધી વિધિ બ્રાહ્મણ પાસે કરાવી.ઘર સંપૂર્ણ તૈયાર થાય ત્યારે રહેવાની શરુઆત કરતાં પહેલાં વાસ્તુ પણ કરાવે છે.

જુદા જુદા વિસ્તારોમાં ઘરોની સ્થિતિ ભિન્ન ભિન્ન જોવા મળી હતી. પોરબંદર અને વેરાવળ-તેમજ દક્ષિણમાં વલસાડ-ડોલેસા અને પારડીના કોસ્ટ ગામમાં ઘરો ગીચોગીચ છે. તેમના મકાનો બેથી ત્રણ માળના જોવા મળે છે. જ્યારે સુત્રાપાડા, સુભાષનગર, માઢવાડ, કૃષ્ણપુર જેવા વિસ્તારોમાં નાના ઘરોમાં વસવાટ જોવા મળે છે. તેમના ઘરોમાં ગંદા પાણીના નિકાલની પણ પૂરતી વ્યવસ્થા જોવા મળતી નથી. ખારવાઓ મોટે ભાગે પોતાના મહોલ્લાની બહાર રહેવા જવાનું પસંદ કરતા નથી. એકંદરે તેમના ઘરોની સ્થિતિ સારી નથી.

ઘર બનાવવા વપરાતો માલસામાન બહારથી લાવવામાં આવે છે. સામાન્ય રીતે પત્થર, કોલ, સીમેન્ટ, વિલાયતી નળીયાં, લોખંડ, કાચ, લાકડું વગેરે બહારથી ખરીદે છે. પત્થર ખૂબ સસ્તા ભાવે મળે છે. અત્યારે જે નવા ઘર બનાવવામાં આવે છે. તે ત્રણ થી ચાર ખંડવાળા બનાવવામાં આવે છે. ત્રણ ખંડવાળા ઘરમાં ૧ રસોડું અને બે બીજા રુમ હોય છે. પ્રથમના બનાવેલ મકાનોમાં આજે ઘણા સુધારા-વધારા જોવા મળે છે. જૂના ઘરોમાં બારીબારણાની પૂરતી સગવડતા જોવા મળતી નથી. ઘરની ઉપરના છાજ મોટે ભાગે વિલાયતી નળીયાથી ઢંકાયેલ જોવા મળે છે. ઘરમાં વપરાશી ચીજ-વસ્તુ રાખવા માટેની છૂટછાટ ઘરની બાંધણી ઉપર રહે છે. ઘરવખરીમાં મોટે ભાગે એલ્યુમિનિયમ, પિત્તળ અને સ્ટીલનાં વાસણ તેમજ તાંબાના અને માટીના વાસણો વધુ જોવા મળ્યા હતા. આ ઉપરાંત મોજશોખના સાધનો જેવા કે ટેબલ, ખુરશી, સાયકલ, ઘડિયાળ, રેડિયો, સોફા પણ કેટલાક ઘરોમાં જોવા મળ્યા હતા.

<u>પોષાક</u> :

માથે મોટું ફાળિયું, શરીરે અંગરખો, સૂરવાળ અને ચોરણી તથા કમરે બેટ્ય એમનો જૂનો પોષાક હતો. જે રજપૂત વંશનો સૂચક હતો. સમાજમાં આવેલા પરિવર્તનની સાથે સાથે આ સમાજમાં પણ પરિવર્તન આવેલ જોવા મળે છે. અત્યારે લેંઘા, શર્ટ, પાટલૂન, કોટ વગેરે સૌએ અપનાવ્યા છે. દરિયાઈ સફર વખતે જૂના કપડાં પહેરે છે. કેટલાક હાફપેન્ટ (ચડ્ડી) પહેરે છે. માથે રુમાલ બાંધે છે. મોટી ઉંમરના લોકો માથે ટોપી પહેરે છે. યુવાનો ઉઘાડા માથા રાખે છે. સ્ત્રીઓના પોષાકમાં ભિન્નતા જોવા મળે છે. કોળી ખારવાની સ્ત્રીઓ છે. તેમનામાં ખારવાની સ્ત્રીઓના પોષાક કરતા ઘણો તફાવત જોવા મળે છે. ખારવા સ્ત્રીઓ ચોળી, સાડલા, ચણીયા અને ઉંઢણા પહેરે છે. જ્યારે કોળી

ખારવા સ્ત્રી કાળો કછોટો, ચોળી, ઘણા, સાડલ પહેરે છે.

બાળકો ના પોષાકમાં અન્ય જાતિના બાળકોના પોષાક કરતા કોઇ તફાવત જોવા મળતો નથી. તેઓ બુશર્ટ, ચડ્ડી, અને ટૈંડાનો ઉપયોગ કરે છે. જ્યારે છોકરીઓ પોલકુ, ફ્રોક, ચોરી વાપરે છે.

ઘરેણા :

સ્ત્રીઓ ગળામાં મંગળસૂત્ર, ચેઇન, દોરો, કાનમાં કાપ, કડીઓ, ટુટીઓ, હાથે કાચની બંગડીઓ, કડુપગમાં ઝાંઝર, કડલા અને આંગળીઓમાં વેઢ પહેરે છે. નાકમાં ચૂક, ચડી, નથની પહેરે છે. નાની વયની છોકરીઓ હાલમાં નકલી બનાવટોમાં ભિન્ન ભિન્ન ઘરેણા પહેરે છે..

ખોરાક-પોષા :

ખારવાઓ ખોરાકમાં માછલી, બાજરાનો રોટલા, અડદની દાળ અને લાપસી વધુ જોવા મળે છે. આ ઉપરાંત ચસઇ ભાત અને માછલી પણ ખાય છે. માછીમાર માછલી પકડવા જાય છે. ત્યારે 'બાફણા' (બાફેલા માછલાં) બનાવી સાથે લઇ જાય છે. તેમાં થોડો મસાલો નાંખીને ભાત કે રોટલા સાથે ખાય છે. દક્ષિણ ગુજરાતના માછીમારોનો પણ મુખ્ય ખોરાક જુવારના રોટલા અને માછલી છે.

ખારવાઓની આર્થિક સંરચના :

ખારવા અને માછીમારોનું આર્થિક જીવન જુદા જુદા ધંધાઓ પર આધારિત છે. આજે તેમનો મુખ્ય ધંધો મચ્છીમારી, ગૌણ ધંધાઓમાં મજૂરી, વેપાર અને ખલાસી તરીકે નોકરી તેમજ કેટલાક કુટુંબોમાં ખેતી અને કારખાનાઓમાં નોકરી વગેરે છે. આ ઉપરાંત નવરાશના સમયમાં જાળ બનાવવી, જાળનું રીપેરીંગ કામકાજ કરવુ તથા વહાણોનું સમારકામ કરવુ વગેરે તેમની મુખ્ય પ્રવૃત્તિ છે.

વહાણવટું :

પહેલા ખારવાઓનો મુખ્ય ધંધો વહાણવટાનો હતો. બધા દરિયાખેડૂ હતા. ખાસ કરીને તેઓ હિંદુસ્તાનના બંદરોની સફર કરતા હતા. કવચિત આફ્રિકાના બંદરોની પણ સફર કરતા હતા. દીવમાં રહેતા ખારવાઓ મોમબારડા, ઝીઝીબાર પણ જતા હતા.

ખારવાઓમાં કેટલાક વર્ગ વહાણો બનાવવામાં પણ નિપૂર્ણ હતો. તેની નોંધ ઈતિહાસકારો પણ લઈ ચૂકયા છે. ખાસ કરીને કચ્છમાંડવીના ખારવા વહાણ બાંધવામાં વહાણવટામાં ઘણા નિપૂણ હતા. ઈતિહાસકારો પણ મુકત કંઠે વખાણ કરે છે. કચ્છ-માંડવીનો ખારવો દેશ પરદેશમાં ''માલમ''તરીકે ઓળખાતો હતો. જયારે જગતનું વેપારવટું ગોલો ખાતું હતું તે વખતે પણ ખારવા સમાજના પૂર્વજો એ આફ્રિકા અને એવા કંઈક અપારા અને અગોચર પ્રદેશોને ખુંદી વળી આપણા દેશની શાન વધારી હતી.

ગુજરાતનો દરિયાકિનારો વિશાળ છે. ભારત પ્રાચીન ઈતિહાસમાં ગુજરાતના અનેક બંદરોના યશગાન ગાવામાં આવ્યા છે. ગુજરાતનો દરિયાકાંઠો મત્સ્યઉદ્યોગની પ્રવૃત્તિથી ધમધમી ઉઠયો છે. દક્ષિણના દરિયા કિનારાથી માંડીને સૌરાષ્ટ્રનાં દરિયાકિનારે વસતા ખારવાઓ માછીમારના ધંધામાંથી પોતાની આજીવિકા મેળવે છે. અને સમગ્ર જીવન વ્યવહાર ચલાવે છે. ખારવાઓના કેટલાક કુટુંબો હોટલો અને પાનના ગલ્લાના ધંધામાં પણ રોકાયેલા જોવા મળે છે. આ સિવાય કેટલાક દરજીકામ, મોટરડ્રાયવીંગ તેમજ છૂટક મજૂરીનાં કામમાં રોકાયેલા છે. પહેલાની જેમ તેમનો ધંધો માત્ર વહાણવટું રહયો નથી. અનેક ધંધા રોજગાર માંથી પોતાની રોજી-રોટી કમાય છે.

ખારવા જાતિ યુગયુગથી સાગરને દરિયાલાલના પ્યારા નામથી પૂજે છે. અને પૂજતા આવ્યા છે. દાયકાઓથી ખારવાઓ દરિયો ખેડે છે. ડૂબે છે, મરે છે, જીવે છે. છતાં દરિયાનું કે એનો વલોપાત કરતો અવાજ એનો નશો ખારવા કે તેમના વારસોને છોડતો નથી અને છોડવાનો પણ નથી.

ખારવાઓનો મુખ્ય ધંધો પહેલાં વહાણવટુંનો હતો, આજે જુજ સંખ્યામાં વહાણવટું નો ધંધો કરે છે. ૧૯૫૬ સુધી આ ધંધો ઘીકતો ચાલતો હતો. ૧૯૫૬ પછી વહાણવટું ઓછું થઈ ગયુ. આજે જેમની પાસે વહાણો છે. તે ૧૦૦ થી ૩૦૦ ટન સુધીની ક્ષમતા ધરાવે છે. વહાણવટાનો ધંધો કરનાર કાલીકટ, મુંબઈ, દુબઈ, બહેરીન, મસ્કત અને અન્ય ગલ્ફના દેશોમાં માલસામાન લઈને જાય છે. ખાસ કરીને માલનું ટન દીઠ ભાડુ નકકી કરવામાં આવે છે. અને અનુકૂળ બંદરે ઉતારવાનો ભાવ ઓછો હોય છે. વહાણવટુંનો ધંધો સપ્ટેમ્બરથી મે મહિના સુધી ચાલે છે. વહાણમાં સાત વ્યકિતઓ જાય છે. માલમ, ટંડેલ, સુકાનીખલાસી, ભંડારી, ઓઈલમેન, અને ડ્રાયવર આ બધાને ૯ માસનો પગાર ચૂકવવામાં આવે છે. આમાં ટંડેલ અને માલમનો પગાર સૌથી વધુ હોય છે. વહાણવટાનો

ધંધો ઘણા જ ઓછા માણસો કરે છે. નાણા ભીડને કારણ વહાણવટાનો ધંધો કરવાનું પાલવતુ નથી. વહાણવટાને કારણે પહેલા માછીમારી વેપારી ધોરણે કરતા ન હતા. પરંતુ અત્યારે ખારવો માછીમારીના ધંધા પર જ પોતાનુ જીવન ગુજારે છે.

માછીમારી :

ભારતના દરિયાકાંઠાના રાજ્યોના ગુજરાત-કચ્છ જિલ્લાના લખપતથી માંડીને વલસાડ જિલ્લાના ઉમરગાવ સુધીનો ૧૬૬૩ કિલોમીટરનો સૌથી લાંબો દરિયાકિનારો ધરાવે છે. આમ ગુજરાતનો દરિયાકાઠો માછીમારીના ઉદ્યોગ માટે વિસ્તાર પુરો પાડે છે. એમાય સૌરાષ્ટ્રનો દરિયાકાઠો માછીમારના ધંધા માટે સૌથી સમૃદ્ધ વિસ્તાર પૂરો પાડે છે. આપણા દરિયામાં પોમ્ફ્રેટ, લોબ્સ્ટર, ભારતીય સલ્મન, હિલ્સા, ગોલદરા, જેવી સૌથી અગત્યની માછલીઓ મળે છે. જેનુ વાણિજ્યની રીતે ઘણુ મહત્વ છે.

ખારવાઓ માછીમારનો મુખ્ય ધંધો કરતા હોઇ દરિયામાં છેડે સુધી આ ધંધાર્થે જાય છે. માછલી પકડવાની ઋતુ લગભગ ઓકટોબર થી એપ્રિલ માસ સુધી ચાલે છે. માછલી પકડવા માટે જુદા જુદા પ્રકારની હોડીઓ અને જાળનો ઉપયોગ કરે છે. પકડેલી માછલીઓને એજન્ટ ટ્રક દ્વારા મુંબઇ મોકલી આપે છે. અને સારી જાતની માછલીઓ ને સૂકવીને બજારમાં મોકલે છે. મોટા ભાગના માછીમારો પોતાના કુટુંબના પુરુષ સભ્યોને લઇ જતા હોય છે. હોડીના યાંત્રિકરણ પછી ખારવાઓની સ્થિતિ સુધરી છે. ૧૯૫૦ માં સૌરાષ્ટ્રની સરકારે હોડીમાં યાંત્રિકરણની શરુઆત કરી, હોડીના યાંત્રિકરણ પછી મત્સ્ય ઉદ્યોગના ધંધાને સારો એવો વેગ મળતો થયો છે.

એક યાંત્રિક પેપર બોટની આવક માસિક ૩૦,૦૦૦/- જેટલી થાય છે. જ્યારે ખર્ચ ૧૯,૧૦૦/- થાય છે. જેને ૧૦,૯૦૦/- નફો પ્રાપ્ત થાય છે. ગુજરાત રાજ્ય મા યાંત્રિકરણ પહેલાં મત્સ્ય ઉત્પાદન ૪૦,૦૦૦/- મેટ્રિક ટન હતું તે વધીને પાચ ગણુ થવા પામ્યુ છે. એટલે કે આજે ૨ લાખ ટન જેટલુ થઇ ગયુ છે. ઉત્પાદન વધવાથી નિકાસની આવક પણ વધી છે.

માછલા પકડવા માટે એકલકડી હોડી, લોઠીયા, મછવા, એકલકડી, એન્જિનવાળી હોડી, ટ્રોલરબોટ વગેરેનો ઉપયોગ કરે છે. જ્યારે જાળોમાં સપાટજાળ, ગીલજાળ, આ ઉપરાંત બીજી અનેક પ્રકારની જાળોનો ઉપયોગ કરે છે. જેમાં પાયલેટની જાળ, તળીની જાળ, મોનોફિલેમેન્ટની જાળ, ઝીલાકણવાળી જાળ, જાડીજાળ, સ્પેશ્યલ જોગાની જાળ વગેરે

નો ઉપયોગ કરે છે. અને માછલીઓ પકડી તેને જુદા જુદા બજારમાં વેચી આવક મેળવે છે.

શ્રમવિભાજન :

ખારવાઓની જીવન પદ્ધતિમાં કેટલાક કામો પુરુષો એકલા તો કેટલાંક કામો સ્ત્રીઓ એકલી કરે છે. જ્યારે કેટલાંક એવાં કામો હોય છે. જે બન્ને મળીને પતાવે છે. કેટલાંક કામોમાં કુટુંબના સભ્યોનો પણ સાથ લેવામાં આવે છે. પુરુષો માછીમારે, સ્ત્રીઓ ઘરકામ, અને માછલી વેચવાનું પણ કામ કરે છે. પુરુષો અને સ્ત્રીઓ જાળ ગૂંથવાના કામમાં પણ રોકાયેલી છે. કેટલાક સ્ત્રીઓ જાળ ગૂંથીને જીવનનિર્વાહ પણ કરે છે.

આવક :

સૌરાષ્ટ્રના નમૂનાના કુટુંબોની કુટુંબદીઠ વાર્ષિક આવક ૯૬૩૮/- રુ.થતી હતી. જ્યારે માથાદીઠ વાર્ષિક આવક રુ.૧૨૮૫ ની હતી. અને માથાદીઠ માસિક આવક સરેરાશ ૧૦૭ રુા.થતી હતી. જ્યારે દક્ષિણ ગુજરાતના માછીમારોની આ જુદા જુદા ધંધામાંથી કુલ કુટુંબદીઠ વાર્ષિક આવક ૮૮૩૪ રુા.ની હતી. જેમની માથાદીઠ વાર્ષિક આવક રુા. ૧૧૫૮.૦ હતી. ને માથાદીઠ માસિક આવક રુા. ૯૬.૦ હતી.

ખર્ચ :

નમૂનાના કુટુંબનો કુટુંબદીઠ કુલ વાર્ષિક વપરાશી ખર્ચ ૬૯૮૩ હતો અને માથાદીઠ વાર્ષિક ખર્ચ રુા. ૮૮૯.૦ હતું. જ્યારે માથાદીઠ માસિક ખર્ચ રુા. ૭૪/- હતું જ્યારે સૌરાષ્ટ્રમાં કુટુંબદીઠ કુલ વાર્ષિક ખર્ચ ૬૩૯૧/- રુા. હતું અને માથાદીઠ વાર્ષિક ખર્ચ રુા. ૮૫૨/-રુા. હતું. અને માથાદીઠ માસિક ખર્ચ રુા. ૭૧/-હતું છૂટક ધંધો અને માત્ર મજૂરી કરતા કેટલાક કુટુંબોની આવક અને ખર્ચ જોઈએ તો નમૂનાના કેટલાક કુટુંબો દરિદ્ર રેખાની નીચે જીવન વ્યતીત કરતા હતા.

મિલકત :

નમૂનાના કુટુંબોની ધંધાના સાધનો, મકાન, ઘરવખરી, રોકડ અસ્ક્યામત અને ઘરેણાંની કુલ કુટુંબદીઠ અસ્ક્યામતનું પ્રમાણ સરેરાશ ૧૯૩૦૮.૯ રુા. ની હતી. જ્યારે સૌરાષ્ટ્રના નમૂનાના કુટુંબોની કુટુંબદીઠ અસ્ક્યામત ૩૯૮૫૨.૧ રુા.ની હતી.

મૂડીરોકાણ :

નમૂનાના કુટુંબોએ છેલ્લા ૨૦ વર્ષમાં કયા ક્ષેત્રમાં મૂડી રોકાણ કર્યું હતુ તેની માહિતી મેળવવામાં આવી હતી. નમૂનાના કુટુંબોએ નવામકાનનુ બાંધકામ, મકાનસમારકામ, જાળ, હોડી, ટ્રોલર બનાવવા માટે કુલ કુટુંબદીઠ મૂડીરોકાણ ૧૯૬૯૬.૯ રૂ. નું કર્યુ હતું. જ્યારે દક્ષિણગુજરાતમાં આ પ્રમાણ તેની સરખામણીએ ઘણુ ઓછુ હતુ. જે બતાવે છે. કે સૌરાષ્ટ્રવિસ્તારમાં સરકારની યોજનાઓના જે કઇ લાભ ખારવા જાતીને મળ્યા છે. તે દક્ષિણના ટંડેલો (માછીમારો) ને મળ્યા નથી.

દેવુ :

નમૂનાના કુટુંબોએ ધંધારોજગાર, નિર્વાહખર્ચ, નવા મકાન બાંધકામ માટે, સામાજીક ખર્ચાઓ માટે શાહુકાર, વેપારી, સરકાર, બેન્ક અને સગાસંબંધી પાસેથી તપાસેલા કુલ ૨૦૦ કુટુંબોમાંથી ૧૯૦ કુટુંબોએ દેવુ કર્યું હતુ. જેઓનુ કુટુંબદીઠ દેવુ ૧૪૦૦૯.૫ રૂ. થતુ હતુ. જ્યારે દક્ષિણ ગુજરાતમાંથી તપાસેલા ૧૦૦ કુટુંબોમાંથી ૫૦ કુટુંબોએ ઉપરોક્ત હેતુઓ માટે કુટુંબદીઠ ૩૫૫૬.૦ રૂ. દેવુ કર્યું હતુ.

સામાજિક સંગઠન :-

ખારવા સમાજ મૂળે રજપૂત જાતિના હોય એમ જાણવા મળે છે. કારણ કે તેમની જુદી જુદી જાતો જેવીકે રાઠોડ, ચૌહાણ, પરમાર, જેઠવા, ચાવડા, ગોહિલ, ચુડાસમા, વાળા, જગલા, વાઘેલા, સોલંકી વગેરે મૂળ અટકો રજપૂતોને મળતી આવે છે. આમ ખારવાઓની વંશાવલી પરથી પણ જોઇ શકાય છે. કે ઘણા ખરા કુટુંબો અસંખ્ય શાખામાં વહેંચાયેલા જોવા મળે છે. શાખાઓ નાના-નાના ક્ષેત્રોમાં વહેંચાયેલી હોય છે.

કુટુંબવ્યવસ્થા :

આ જાતિમાં પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે. મોટેભાગે વિભક્ત કુટુંબ વ્યવસ્થા વધુ જોવા મળે છે. કુટુંબમાં પિતાનું પ્રભુત્વ વધારે હોય છે. પિતાના નિર્ણયો સૌને માન્ય રાખવા પડે છે. દક્ષિણગુજરાતના માછીમારોમાં પણ આ વધુ જોવા મળે છે. આ જાતિમાં જાતિપંચ ઘણું જ મજબૂત છે.

જાતિપંચ :

ખારવા જાતિમાં જાતિપંચ પહેલાથી જ દરેક વિસ્તારમાં જોવા મળે છે.

(૧૧)

ખારવાઓના બાર ગામોમાં જુદા જુદા જાતિ પંચ જોવા મળે છે. પંચમાં શ્રદ્ધાને લીધે બધા સંકળાયેલા હોય છે. મિલકત અને લગ્નની બાબતમાં પંચનો નિર્ણય આખરી રહે છે. પંચનાં પટેલને ખારવા લોકો માન અને ઈજ્જતની નજરથી જુએ છે. ખારવા સિવાયના પણ અન્ય જાતિના લોકો આ પંચ પાસે આવે છે. ટૂંકમાં ખારવા જાતિ પંચ એ ખૂબજ મજબૂત અને કોર્ટ કરતાં પણ ચઢિયાતું ગણાવી શકાય.ખારવાનો ઝઘડો સરકારી કોર્ટે જવલ્લે જ જાય છે.

સામાજિક રીતરિવાજ :

ખારવા સ્ત્રીઓ રજસ્વલા દરમ્યાન અન્ય હિંદુ વર્ગની સ્ત્રીઓની જેમ કેટલાક આચાર-વિચારનાં નિયમોનું પાલન કરે છે. ખારવા,જાતિમાં રજસ્વલા સ્ત્રીને 'બહાર બેઠી' અથવા 'અટકાવમાં' છે. ખારવા સમાજમાં પણ હિંદુઓની જેમ સીમંત, પ્રસવ,છઠ્ઠીની વિધિ,નામકરણ,વાળ ઉતરાવવા વગેરે વિધિઓ કરે છે.

ખારવાઓમાં એક ગોત્ર અને શાખમાં લગ્ન નિષેધ છે. ખારવાઓ અને માછીમારો (દક્ષિણ ગુજરાત)સાથે કોઈ પ્રકારનો બેટી વ્યવહાર નો સંબંધ નથી.આ લોકો પોતાના નક્કી કરેલા ગામોમાંજ લગ્ન નાં વર્તુળમાં સગાઈ કરે છે. સગાઈ પછી દરેક વિધિ હિંદુઓની સાથે મળતી આવે છે.

ધાર્મિકજીવન :

હિંદુ સંસ્કૃતિનો પાયો જ ધર્મ છે. અને સંસ્કૃતિ ધર્મનાં પાયા પર રચાયેલી છે. હિંદુ ખારવા અને માછીમારો પણ હિંદુ સનાતન ધર્મનું જ પાલન કરે છે.ખારવાઓનું સમગ્ર જીવન દરિયા ઉપર જ આધારિત હોવાથી ક્યારે તોફાન આવશે,જીવન ક્યારે જોખમાશે,જે નક્કી હોતું નથી.જેથી અનેક અનિશ્ચિતતાઓ સામે રક્ષણ મેળવવા આ લોકો માં ધાર્મિક શ્રદ્ધા ઘણી જોવા મળે છે. તેઓ 'સાગરપૂજન'ને મહત્વનો પ્રસંગ માને છે. શ્રાવણ સુદી પૂર્ણિમા તે જ નાળિયેરી પૂર્ણિમા નાં દિવસે શ્રીફળ સાગરદેવને ધરાવે છે. અને રક્ષાબંધન સાગરદેવ સાથે બાંધતા મૈત્રીભાવ જગાડે છે. ખારવાઓ સફર કરતાં પહેલાં દરિયાલાલનું પૂજન,અર્ચના કરી પવિત્ર આશીર્વાદ પામી માતાનો ખોળો ખુંદી દરિયાદેવનો ખોળો ખુંદવા અધીરા બની સાગર પટ પર નાવને હંકારતા નીકળે

સફરની શરૂઆત કરે છે.

ખારવાઓ જન્મથી જ તેઓ હિંદુધર્મને અનુસરે છે. લગ્નપ્રથા, સગાઇ, મરણ, વિગેરે હિંદુધાર્મિક ક્રિયા પ્રમાણે જ વિધિ કરાવે છે.

ભૂતપ્રેત :

આ અંગે ખારવા તેમજ માછીમાર સમાજમાં ખૂબજ અંધ શ્રદ્ધા જોવા મળી છે. કંઈપણ દુ:ખ થાય, શરીર દુ:ખે, માથુ દુ:ખે, નુકશાન થાય અથવા તો મુશ્કેલી આવે તો ભૂવાને બોલાવી ડાકલા બોલાવે છે. નૈવેદ્ય ધરાવે છે. ને ભૂવાને મોં માગ્યુ વળતર આપે છે. દક્ષિણ ગુજરાતના માછીમારોમાં ભગતભૂવાનુ મહત્વ જૂજ જોવા મળે છે. વર્તમાનમાં ભૂતપ્રેતમાં માનનાર ઓછા થતા જાય છે. છતાં આ સમાજમાં હજુપણ ભૂત-પ્રેત અંગે ભોગ-બલિદાન અપાય છે. ભગત-ભૂવા તેના ધંધા પર નભે છે. શુકન અપશુકન અને વ્રતોમાં વધુ માને છે. ને બાધા આખડી પણ રાખે છે.

ધાર્મિક ઉત્સવોમાં માછી ખારવા લોકો શ્રાવણ માસમાં રામાયણ, મહાભારત તથા ગીતાનુ વાંચન મહોલ્લામાં કરે છે. સત્યનારાયણ ભગવાનની કથામાં પણ ખૂબ માને છે.

ખારવાઓના' પ્રશ્નો અને સૂચનો :

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના માછીમારોની આર્થિક-સામાજિક પરિસ્થિતિ ભિન્ન- ભિન્ન જોવા મળે છે. તેમના પ્રશ્નો પણ કંઇક અંશે જુદા છે. તેમનાં મુખ્યત્વે બે પ્રશ્નો તરી આવે છે. બેરોજગારી અને અજ્ઞાનતા તેમનામાં મોટાભાગના લોકોને કામ મળતુ નથી. વર્ષ દરમ્યાન મોટાભાગનાં લોકો ને બેકાર રહેવુ પડે છે. એટલુ જ નહિ. પરંતુ નિરક્ષર અને અન્ય પ્રકારની આવડતને અભાવે નવા ધંધાઓમાં જોડાઇ શકતા નથી. આ કારણે તેમનાં સમાજનાં લોકો નુ જીવન-ધોરણ ઘણુ નીચુ જોવા મળે છે. તેમનામાં કેળવણીનો અભાવ, મકાનોની સ્થિતિપણ ઘણી જગ્યાએ ખરાબ છે. ધંધાનો અલ્પવિકાસ, તેમજ સામાજિક મૂલ્યવ્યવસ્થાની સંયુકત અસરોને કારણે તેમનામાં ગરીબી અને બેકારીપણ જોવા મળે છે. તેમની આર્થિક સ્થિતિ સુધારવા માટે તેમના ધંધાનો પૂરતો વિકાસ થાય તેમજ કેળવણી નુ પ્રમાણ વધે તે માટેના પગલા લેવા જોઇએ.

- મત્સ્ય ઉદ્યોગનો વિકાસ કરવો જોઇએ.
- માછીમારો સારો રીતે માછલા પકડી શકે તે માટે તેમને ટેકનીકલ તાલીમ આપવી જોઇએ.

- દક્ષિણગુજરાતમાં વહાણોના યાંત્રિકરણ માટે પ્રોત્સાહન આપવુ જોઈએ.
- ગુજરાતના બંદરોપર માછીમારોની સંખ્યા વધતી જાય છે. સાથોસાથ યાંત્રિકરણ વાળી હોડીયોની માંગને ધ્યાનમાં લઈ કેટલાક બંદરોનો બારાં તરીકે વિકાસ કરવો જોઈએ.
- માછલાં પકડયા પછી મોટા માછીમારો કરાર મુજબ વેપારીઓને વેચી દેતા હોય છે. જ્યારે નાના માછીમારો વેચી શકતા નથી.ઘણીવાર માછલાં બગડી જવાનો ભય રહે છે.દક્ષિણ ગુજરાતમાં આ પરિસ્થિતિ વધુ સર્જાય છે. જેથી આ પ્રકારની મુશ્કેલી દૂર કરવા તેમના વિસ્તારોના ઠારણ પ્લાન્ટો અને શીતાગાર ઊભા કરવા જોઈએ.
- માછીમારોની સહકારી સમિતિઓ ન હોય ત્યાં બનાવવી જોઈએ.હોય તેનો સક્ષમ બનાવવી જોઈએ.
- વિદેશી હુંડીયામણ કમાવવાની દ્રષ્ટિએ વિચારીએ તો માછલાની નિકાસ વધવા પામી છે.જેથી ઉત્પાદન વધારવાની સાથે માછીમારોને સહાયક ઉદ્યોગો વિકાસાવવા સહાય પૂરું પાડવું જોઈએ.
- માછલાંમાંથી આડ પેદાશ ઉત્પાદિત કરતા કારખાનાઓમાં સ્ત્રીઓને રોજગારી મળે તે આશયથી તેને લગતી તાલીમની વ્યવસ્થા ઊભી કરવી જોઈએ.
- યાંત્રિકરણ(હોડીમાં)નો વેગ વધતા કારીગરોની જરુર ઊભી થશે.જેથી યુવક-યુવતીઓને ટેકનિકલી તાલીમ આપવી જોઈએ.
- ખાસ નાના માછીમારો સાધનના અભાવે ધંધો સારી રીતે કરી શકતા નથી.કેટલાકની પાસે હોડીઓ પણ નથી.તો આ અંગે તેમને સહાય આપવી જોઈએ.
- દરિયાકિનારે વૃક્ષારોપણ કરાવવુ જોઈએ.જેથી જમીન પર થતી માઠી અસરને અટકાવી શકાય.
- ખાસ આ માછીમારોને ઊંડાણના દરિયામાં ફીશીંગ કરી શકે તે માટે પગલાંઓ લેવા જોઈએ.

આ ઉપરાંત પીવાના પાણીના પ્રશ્નો, રહેઠાણના પ્રશ્નો, શિક્ષણ,આરોગ્ય,નાના વેપાર ઉદ્યોગો વગેરેનો ઝડપી વિકાસ કરવો જરુરી છે.

-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-

## મિયાણા

( સામાજિક પછાતપણાનુ એક માનવશાસ્ત્રીય અધ્યયન.)

પાના. : ૧૩૬

અહેવાલ લેખન : શ્રી મુસ્તાઅલી મસવી.
શ્રી ભીખાભાઇ પટેલ.
સારદોહન : શ્રી ભીખાભાઇ પટેલ.

ગુજરાત સરકારે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત ગણેલ કોમો માથી છારા ખારવા, વાઘેર અને મિયાણા જાતિના સામાજિક પછાતપણાના અહેવાલ તૈયાર કરી ગુજરાત પછાત વર્ગ બોર્ડને સોંપવામા આવ્યા છે. 'મિયાણા જાતિ' વિષેના અહેવાલ નો ટૂંક સાર અહી આપવામા આવ્યો છે.

મિયાણા જાતિની તપાસનો હેતુ તેમની સામાજિક અને શૈક્ષણિક પરિસ્થિતિ જાણવાનો હતો. તેમજ તેમના આર્થિક, સામાજિક પ્રશ્નો કયા છે. તેઓનુ આર્થિક સામાજિક પછાત પણુ કયા કારણોસર છે. જેવા પ્રશ્નોની વૈજ્ઞાનિક રીતે ઉંડી તપાસ કરી આ શોધના આધારે ઉકેલ માટેના પગલા સૂચવવાનો પણ હતો. સંગઠન વગેરેની માહિતી મેળવવાનો પણ હતો.

### તપાસ પધ્ધતિ :

આ તપાસ માટે જુદી જુદી વૈજ્ઞાનિક પધ્ધતિનો ઉપયોગ કરવામા આવ્યો હતો આર્થિક અને સામાજિક માહિતી મેળવવા એક અનુસૂચિ તૈયાર કરવામા આવી હતી જેના ધ્વારા પણ જીવનને લગતા ઉપરોક્ત પાસાઓનો ઝીણવટથી અભ્યાસ થઇ શકયો હતો. આ ઉપરાંત અવલોકન, સહભાગી નિરીક્ષણ તથા પસંદ થયેલા જે તે વિસ્તારના આગેવાન પુરુષો-અને તાલુકા તથા જિલ્લા કક્ષાના અધિકારીઓ સાથે મુલાકાત દરમ્યાન ચર્ચા વિચારણા કરી માહિતી મેળવવામા આવી હતી.

### વસતિ :

મિયાણા એ મુસ્લીમ ધર્મો પ્રમાણે એની વસતિ ગુજરાતના સૌરાષ્ટ્ર વિભાગના માળિયા- મિયાણા તાલુકાના સાતથી આઠ ગામોમા તથા સુરેન્દ્રનગર, ધ્રાંગધ્રા, વિરમગામ, કુંડા તેમજ અમદાવાદ અને સુરત શહેરોમા પણ આવેલી છે. મિયાણા જાતિની વસતિ લગભગ ૧૦૦૦૦ ઉપરની છે. આ અહેવાલ માટે ગ્રામ અને શહેરી વિસ્તારમાથી કુલ

(૨)

૩૦૦ કુટુંબોની તપાસ કરી અભ્યાસ કરવામાં આવ્યો હતો. (૫૩.૩ ટકા કુટુંબો ગ્રામવિસ્તાર અને ૪૬.૯ ટકા કુટુંબો શહેરી વિસ્તારમાંથી પસંદ કરાયાં હતા. જેમની કુલ સભ્ય સંખ્યા ૧૯૩૯ ની હતી.)

લૌકિક સંસ્કૃતિ :

મિયાણા જાતિનાં રહેણાંકનાં ઘરો મોટા ભાગે કાચાં, માટીની દિવાલ અને દેશી નળીયાંની છાજ વાળાં હતાં. ઘરો વધારેમાં વધારે બે ઓરડાવાળા હતા.

ઘરવખરીમાં વધુ એલ્યુમિનિયમનાં અને પિત્તળનાં વાસણો જોવા મળ્યાં હતાં. માટીનાં અને અન્ય નાના વાસણો થોડા પ્રમાણમાં હતા. (સ્ટીલનાં વાસણો પણ કેટલાક ઘરોમાં જોવા મળ્યાં હતાં.) આ ઉપરાંત ઘરવખરીની અન્ય ચીજો જેવી કે સૂવા માટેનાં ખાટલા, ગોદડાં, ગોદડીઓ, ફાનસ, ચીમની અને પતરાની પેટીઓ નું પ્રમાણ ઠીક ઠીક જોવા મળ્યુ હતુ.

પહેરવેશ :

મિયાણાઓમાં મોટા પુરુષો ધોતી-ખમીશ અને બંડી પહેરે છે. સ્ત્રીઓ અજાર, આંબો, કાપડો, બંડી અને ઓઢણું ઓઢે છે. જ્યારે જુવાનીયો વર્ગ પેન્ટ, બુશર્ટ પહેરે છે. છોકરીઓ ઘાઘરી અને પોલકું પહેરે છે.

ખોરાક :

આ કોમ સવારે ચ્હા સાથે રોટલી, બપોરે માંસ અને રોટલા, છાશ, શાક ખાય છે. સાંજે કેટલાક ખીચડી અને માંસ તથા ચટણીનો ઉપયોગ કરે છે. વળી કેટલીક રોટલી-શાક અને ચટણી લે છે. ઉત્સવ અને વાર તહેવારે સ્વાદિષ્ટ ભોજન સાથે શાક ચોખા, મીઠીસેવ અને મીઠાઇનો ઉપયોગ કરે છે.

પોશાં :

આ જાતિમાં ચ્હાની ટેવ વધુ જોવા મળે છે. સામાન્ય રીતે કેટલાક કુટુંબોના બાળકો પાંચ વર્ષની ઉપરનું થાય ત્યારથી બીડી પીવા લાગે છે. અમુક બહેનો પણ બીડી પીતી જોવા મળી હતી. એમનામાં ધર્મ પ્રમાણે દારુનો નિષેધ હોવા છતાં હાલના સમયે ૩ થી ૪ ટકા જેટલા પુરુષો દારુ પીએ છે. એમ જણાવ્યુ હતુ કેટલાક આનો ધંધો પણ કરે છે.

(૭)

ભાષા :

મિયાણાઓની ભાષા કચ્છી ભાષાને મળતી આવે છે. તેના વિષે કોઇ ચોકકસ અભ્યાસ હજુ સુધી થયો નથી. મિયાણાઓ અંદરો અંદર કુટુંબમાં પોતાની આગવી ભાષામાં વાત કરે છે. બહારના સમાજના લોકો સાથે ગુજરાતી ભાષામાં વ્યવહાર કરે છે.

અર્થવ્યવસ્થા :

મિયાણા જાતિનું સમગ્ર આર્થિકજીવન મુખ્યત્વે મજૂરી, લોધકામ, નોકરી અને વેપાર તેમજ ખેતી સાથે સંકળાયેલું છે. ગ્રામ વિસ્તારમાં મિયાણા કોમ ખેતી, મીઠાના અગરોમાં મજૂરી, ખેતમજૂરી, રસ્તા બાંધવામાં મજૂરી, જલાઉ લાકડાની કે કોલસા વેચવા ની ફેરી અને શહેરી વિસ્તારમાં જુદા જુદા કારખાનાઓમાં મજૂરી, મિલોમાં નોકરી, ભંગાર ભરી આવતો ટ્રકો ઉપર મજૂરી, માલ સામાન ફેરબદલીની મજૂરી, અને વેપાર થી પોતાની રોજી-રોટી કમાય છે. આ ઉપરાંત કેટલાક કુટુંબો સેન્ટ્રીંગ-સળીયા કામ કરી રોજી-રોટી કમાય છે.

ગ્રામ વિસ્તારમાં વસવાટ કરતા મિયાણાઓ ખેતી કરતા લોધકામ (માછીમાર) ના ધંધામાં વધુ રોકાયેલા છે. તેઓ વર્ષમાં બેથી અઢી માસ ચોમાસામાં આ ધંધો કરી આખા વર્ષની કમાણી ઉભી કરી શકે છે. પરંતુ કમાણી નો દુર્વ્યય વધુ જોવા મળે છે. માછીમારના ધંધામાં તેઓ ઝીંગા છોડી, ધોલી, શેર અને કાફટ નામની માછલી ઓ પકડી વેચે છે. અને આ ધંધામાં બહારના વેપારીઓ ધ્વારા શોષણ પણ ખૂબ જ થાય છે.

ગ્રામ વિસ્તારમાં જમીન કાળી અને રેતાળ છે. ખેતીને લાયક જમીન પણ છે. અને ઉત્પાદન પણ સારુ મેળવી શકાય છે. પરંતુ મચ્છુ-૨ હોનારતમાં જમીનના ધોવાણ અને ફળદ્રુપતાનો નાશ થવાથી બીજા આઠ-દશ વર્ષો સુધી આ ધંધામાંથી પૂરતું ઉત્પાદન મેળવી શકાય નહિ. તેવી જમીન બની ગઇ છે. કેટલીક જમીનોમાં રેતીના થર પણ બાઝી ગયા છે. જ્યારે કેટલીક જગ્યાએ ખાડા-ટેકરા વધુ જોવા મળે છે. આ જમીનમાં માંડમાંડ બાજરી અને કપાસની ખેતી કરી શકે છે. જ્યારે વાઢ-વિસ્તારની જમીનમાં વસતા આઠદશ કુટુંબો પાસે સિંચાઇની સગવડ હોવાથી

તેઓ ઘઉં અને શાકભાજી પકવી શકે છે. અને પોતાનુ જીવન ગુજારે છે.

ખેતીના સાધનો જુના છે. સાધનો પણ વર્ષે વર્ષે નવા ઉભા કરવા પડે છે. . જે ગામ ખેતી કરવા માટેના સાધનો નો અભાવ ખૂબ જોવા મળે છે. ખેતી ના સાધનોમાં કરલ, દંતાણ, વાવણીઓ અને નાના સાધનોમાં દાતરડાં, કોદાળી, પાવડો વગેરે જોવા મળે છે.

ખેતી માટે બળદનો ઉપયોગ કરે છે. કેટલાક કુટુંબો પાસે એક બળદ નો કેટલાક કુટુંબો પાસે બે બળદો જોવા મળ્યા હતા. પૂર હોનારતમાં કેટલાકના બળદ તણાઈ જવાથી હજુ તેઓ બળદ ખરીદી શકયા નથી. આ લોકો પાસે બકરાં-ઘેટાં અને મરઘાં વિશેષ પ્રમાણમાં જોવા મળ્યા હતા. ગાય-ભેંસ અને બળદનુ પ્રમાણ નહિવત હતુ.

ગ્રામવિસ્તારમાં મીઠાના અગરોમાં કામ કરતાં પુરુષોને દૈનિક- ૧૦ થી ૧૨ રુા. અને સ્ત્રીઓને ૬ થી ૮ રુા. સુધીની મજૂરી મળે છે. ખેતી કામની મજૂરીમાથી પુરુષોને રુા. ૪ અને સ્ત્રીઓને રુા ૩ સુધીની મજૂરી મળે છે. જયારે રોડ, બાંધકામ અને કડીયા કામ માં ૫ રુા. સુધીની મજૂરી મળી રહે છે. જયારે શહેરી વિસ્તારમાં કામ-ધંધા કરનારને મજૂરી સારી મળે છે. કારખાનામાં કામ કરનારને માસિક ૧૫૦ થી ૨૦૦ રુા, સળિયાકામ સેન્ટ્રીંગ કામમાં દૈનિક ૧૫ રુા. સુધીની મજૂરી મેળવે છે. જયારે મિલોમાં નોકરી કરનાર-બદલીઓ ભરનારે દૈનિક ૨૨ થી ૨૫ રુા. મળે છે. અને છૂટક મજૂરી કરનાર વગેરે ૫ રુા. સુધીની મજૂરી મળે છે. ગ્રામ અને શહેરી વિસ્તારમાં વસતી મિયાણા કોમના ધંધા અને આવકમાં તફાવત જોવા મળે છે.

## આવક :

પસંદ થયેલ વિસ્તારના કુટુંબોની જુદા જુદા ધંધામાથી જેવા કે ખેતી, બાંધકામ, વેપાર નોકરી અને મજૂરીમાથી કુલ વાર્ષિક આવક જોઇએ તો ગ્રામ વિસ્તાર ના કુટુંબોની કુટુંબદીઠ વાર્ષિક આવક ૭૬૮૩.૩ રુા. છે. કુટુંબદીઠ માસિક આવક રુા. ૬૪૦.૩ છે. માથાદીઠ માસિક આવક ૧૧૦.૩ હતી. જયારે શહેરી વિસ્તારમા કામ ધંધો કરતા કુટુંબોનો કુટુંબદીઠ વાર્ષિક આવક ૬૬૮૯.૩ છે. કુટુંબદીઠ માસિક આવક ૫૫૭.૪ અને માથાદીઠ માસિક આવક રુા. ૯૯.૪ થાય છે. ગ્રામ વિસ્તાર માં બાંધકામના ધંધામાથી વધુ આવક મેળવી શકાતી હતી.

(૫)

ખર્ચ :

આવકના સંદર્ભમા જોઈએ તો ગ્રામ વિસ્તારમા વસવાટ કરતા કુટુંબોની આવક કરતા ખર્ચનુ પ્રમાણ ઓછુ જોવા મળે છે. પરંતુ આવકનો દુર્વ્યય થવાથી બચતો નુ પ્રમાણ જોવા મળતુ નથી. ગ્રામ વિસ્તારમા જીવન જરુરી ચીજ વસ્તુઓનુ વપરાશી ખર્ચ કુટુંબદીઠ વાર્ષિક ૫૪૯૮.૦ રુ. છે. માસિક ખર્ચ ૪૫૬.૫ રુ. અને માથાદીઠ માસિક ખર્ચ રુ. ૭૮.૬ છે. શહેરી વિસ્તારમા કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ ૫૯૪૫.૬ રુ.કુટુંબદીઠ માસિક ખર્ચ ૪૯૫.૫ રુ.અને માથાદીઠ માસિક ખર્ચ રુ.૬૮.૮ છે.

દેવુ :

આવક કરતા ખર્ચનુ પ્રમાણ ઓછુ હોવા છતા મિયાણા કુટુંબોને જુદા જુદા હેતુઓ માટે દેવુ કરવુ પડે છે. જેમા નિર્વાહ ખર્ચ,મકાનબાંધકામ અને ધંધારોજગાર ના સાધનો માટે તેમજ સામાજિક ખર્ચ કરવા માટે સહકારી મંડળી,શાહુકાર-વેપારી અને સગાસંબંધીઓ પાસેથી દેવુ કરવાની ફરજ પડે છે. પસંદ થયેલા કુટુંબોમા ગ્રામવિસ્તારમા કુલ ૧૬૦ કુટુંબોમાથી ૧૦૦ કુટુંબોઅને શહેરી વિસ્તારના ૧૪૦ કુટુંબોમાંથી ૬૯ કુટુંબો દેવાદાર છે. એમનુ દેવાદાર કુટુંબ દીઠ દેવુ (ગ્રામ વિસ્તારમા) રુ.૨૨૧૨.૫ થાય છે. શહેરી વિસ્તારમા દેવાદાર કુટુંબદીઠ દેવુ ૨૩૫૯.૯ રુ.નુ છે.

મૂડીરોકાણ :

તપાસેલ કુટુંબો પાસેથી તપાસના સમયે છેલ્લા ૨૦ વર્ષ દરમ્યાન કરેલા મૂડીરોકાણ ની માહિતી મેળવી હતી. જેમણે નવામકાન બાંધકામ,સમારકામ ધંધાના સાધનોની ખરીદી,પાછળ ગ્રામ વિસ્તારમા કુટુંબદીઠ ૧૯૯૩.૧ રુ. નુ અને શહેરી વિસ્તારમા રુ. ૧૧૬૫.૭ નુ મૂડીરોકાણ કર્યુ હતુ અને આ મૂડી રોકાણની રકમ સરકારી લોન,સહકારી મંડળી,વેપારી અને સગાઓ પાસેથી મેળવી હતી.

તપાસના સમય અગાઉ મચ્છુ-૨ તૂટતા હોનારત મા આ કુટુંબોને થયેલ નુકશાન અંગેની અને મળેલી સહાય અંગે પણ માહિતી મેળવી હતી.જેમા તપાસેલ કુલ ૩૦૦ કુટુંબમાંથી ૧૬૯ કુટુંબોને મકાન,પશુધન,ઘરવખરી,પાકનું ધોવાણ,ખેતીના

સાધનોનો નાશ, લોધના ધંધાના સાધનોનો નાશ, વગેરે મળી કુટુંબદીઠ કુલ ૧૪૦૮૧.૫ રૂ.નું નુકશાન થવા પામ્યુ હતુ જ્યારે તેની સામે સંસ્થા ધ્વારા મકાન,કેશડોલ,ઘરવખરી, રોકડરકમ,લોન અને સરકારે કુટુંબદીઠ માત્ર ૧૫૪૧.૩ ની સહાય આપી હતી.

## સામાજિક રીતરિવાજ :

મિયાણા કોમ રજસ્વલા સ્ત્રીને 'લુગડા આવ્યા છે' એમ કહે છે. આ સ્ત્રી ઘરની દરેક વસ્તુને અડકી શકે છે. પરંતુ દરગાહ કે મસ્જિદે જઇ શકતી નથી. રજસ્વલા સ્ત્રી છ દિવસે માથુ ધુએ છે. આ વખતે જાતિય સંબંધ બાંધતા નથી. કારણ કે તેને ધર્મ વિરુધ્ધ માને છે.

આ જાતિમાં ગર્ભવતી સ્ત્રીને પાંચમો માસ પછી ખોળો ભરવાની વિધિ કરે છે. પ્રસવવિધિ તેનાં પિયરમાં કરવામાં આવે છે. પ્રસવ વખતે પોતાના સમાજની સ્ત્રીઓ હાજર રહે છે. બાળકના જન્મ પછી નાળ કાપવાની વિધિ કરવામાં આવે છે. બાળક ની નાળ દોરાથી કાપે છે. અને પાણીનાં માટલા નીચે દાટવામાં આવે છે. નાળ બહાર રહી જાય અને કૂતરાં-બિલાડાં અડે તો ઓલાદ ખરાબ થાય એવુ માને છે. બાળકનાં જન્મ થાય ત્યારે જમણા કાનમાં 'અમન' અને ડાબા કાનમાં 'એકામત' બોલવી ધ્વારા પઢાવવામાં આવે છે.

આ જાતિમાં છઠ્ઠીની વિધિ કે નામકરણની વિધિ આજે કોઇ કરાવતુ નથી. આજથી ૫૦-૬૦ વર્ષે પહેલાં કરાવતા હતા. બાળકનું નામ ઘરનાં વડીલ વ્યક્તિ જ પાડે છે.

આ સમાજમાં લગ્ન પહેલાં ના જાતિય સંબંધ પર સંપૂર્ણ નિષેધ છે. લગ્નબાદ પણ અન્ય સભ્ય સાથેનાં જાતિય સંબંધો એકદમ નિષેધ છે.અને જો જાતિય સંબંધ બાંધવામાં આવે તો આ કોમમાં અંદરો અંદર ધીંગાણુ થાય.માથાં કપાઇ જાય.

આ સમાજમાં લગ્નની ઉંમર સામાન્ય રીતે વરમાટે ૧૮ થી ૨૧ અને કન્યા માટે ૧૬ થી ૧૮ વર્ષ છે.આ સમાજમાં બહુસાથી લગ્ન કરવાની છૂટ છે. આ કોમમાં મામા-ફોઇનાં છોકરાં પરસ્પર લગ્ન કરી શકે છે.

## સગાઇ :

છોકરાની ઉંમર પાંચથી સાત વર્ષની થાય ત્યારે સગાઇ નક્કી કરવામાં આવે છે. છોકરા પક્ષથી સગાઇ માટે પહેલ કરાય છે. છોકરી પક્ષ તરફથી જો સગાઇ

થાય તો પોતાનુ નીચાપણુ દેખાય તેવુ માને છે. સગાઇની વિધિ માટે સાત-આઠ સ્ત્રીઓ જાય છે. ત્યા જઇ કન્યાને કપડા, ઘરેણા પહેરાવે છે. કન્યાને પૂર્વ દિશામા બેસાડી ખોળામા શ્રીફળ, કંકુ, ચોખા મૂકવામા આવે છે. અને કન્યાને વધાવવામા આવે છે. અને ત્યારબાદ કન્યાપક્ષ તરફથી હાજર રહેલાને ચા-પાણી કરાવાય છે. અને આવેલ સ્ત્રીઓને જમાડે છે. સગાઇની વિધિબાદ કન્યાપક્ષવાળા વરપક્ષને ત્યા ગમે ત્યારે જઇ શકે છે. જેમા કોઇ જાતની લેવડ-દેવડ થતી નથી.

આ કોમમા બે દાયકા પહેલાં દહેજ પ્રથા જોવા મળતી હતી. જેમાં છોકરાપક્ષે રૂા. ૬૦ દહેજ પેટે છોકરીપક્ષને આપવાના રહેતા. આ દહેજ લગ્નની તારીખ નક્કી કરવા આવેલ છોકરાપક્ષનાં માણસો ના જમણવાર ના ખર્ચ પેટે લેવામાં આવતાં. હાલમાં આ પ્રથા બંધ કરવામાં આવી છે.

આ વિધિ પૂરો થયા બાદ લગ્ન લેવાના આઠ-દશ દિવસ બાકી હોય ત્યારે સગા-સંબંધીઓમાં કંકોત્રી લખી તેડાવવામાં આવે છે. લગ્નના પાંચ છ દિવસ અગાઉ વરરાજાને ફુલેકે ચઢાવવામાં આવે છે. જાનના આગલા દિવસે સવારે ''ગણેશ'' બેસાડવામાં આવે છે. જેમા ગોદરાપર શ્રીફળને ચાંદલો કરી મૂકવામાં આવે છે. અને તેના પર ધઉં મૂકી ગણેશ બેસાડવાની ક્રિયા કરે છે. આ વિધિ સ્ત્રીઓ કરે છે.

જાન છોકરાની જાય છે. 'મોલવી' નિકાહ પઢીને લગ્ન વિધિ કરાવે છે. નિકાહ પઢતા પહેલા છોકરા-છોકરી પક્ષતરફથી બે વકીલ રાખે છે. અને હાજર રહેલા બધા સબંધીઓને પણ બંધનમા લે છે. 'મોલવી' વરને પૂછે છે કે ફલાણાભાઇની ફલાણી છોકરી સાથે તુ લગ્ન કરવા તૈયાર છે? આમ ત્રણવાર પૂછી સંમતિ મળતા મોલવીજી નિકાહ પઢવાનુ શરુ કરે છે. આ વિધિ પૂર્ણ થતા વરની સાસુ વરને શાલ ઓઢાડી જાય છે. સ્ત્રીઓ વરરાજાને વધાવે છે. લગ્નવિધિ પૂરો થયા બાદ કન્યાપક્ષ બધાને જમાડે છે. જેમાં દાળભાત-શાક અને મીઠાઇ તેમજ મટન પણ હોય છે. લગ્નની વિધિ પૂરી થાય એટલે કન્યાને નવરાવી વરપક્ષ તરફથી લાવેલા કપડા અને ઘરેણા પણ પહેરાવે છે. અને રાત્રે જાન પાછી ફરે છે. જાન વરપક્ષને ત્યા પાછી જાય એટલે વરની માતા અથવા ભાભી વર-કન્યાને પોંખે છે. ત્યા એક પાણીનો લોટો ભરી તેનાં પર શ્રીફળ મૂકી અને ઉપર-ચૂંદડીનો છેડો ઢાંકી ચાર વખત ઉતારવામાં આવે છે. ત્યારબાદ ચાર ગોળની કણી અને ખારેક

લઈ વર-કન્યા સામે ઉતારી ચારે દિશામાં ફેંકવામાં આવે છે.

નવવધૂ વરને ત્યાં આવે ત્યારબાદ સાત આઠ દિવસે તેને પિયરથી લેવા માટે આવે છે. આ સમાજમાં છૂટાછેડા અમુક સંજોગોમાં જ આપવામાં આવે છે. પુન:લગ્ન પણ સમાજ માન્ય છે. પુન:લગ્ન માં કોઇ ખાસ વિધિ હોતી નથી. વિધવા સ્ત્રીનું સ્થાન આ સમાજમાં પરણિત સ્ત્રી જેટલું જ જોવા મળે છે. દિયરવટું પણ થઇ શકે છે. અને સાળીવટું પ્રથમ-પત્નીની નાની બહેન સાથે લગ્ન કરી શકાય છે.

મૃત્યુ :

મરણપથારીએ માણસ હોય ત્યારે સગા-સંબંધી અને કુટુંબી જનોને ખબર આપવા માં આવે છે. મૌલવી,કુંભાર અને ભંડારીને બોલાવવામાં આવે છે. મૌલવી મૃતદેહ પાસે 'બાંગ'પુકારે છે. મૃતદેહને દફનાવે છે. મૃતદેહમાટે ૩૦ થી ૩૨ વાર કાપડ ખાપણ માટે લેવામાં આવે છે. અને મૃતદેહ ઉપર અત્તર-કપુર છાંટવામાં આવે છે.

મૃત્યુ બાદ બીજા દિવસે 'જાત'વાળવાની અને ત્રીજા દિવસે''ખતમાની'' વિધિ કરવામાં આવે છે. ત્યારબાદ ૪૦ મા દિવસે'સોડ'ઉતારવાની વિધિ કરવામાં આવે છે. અને મહોરમના દિવસે જયાં મૃતદેહને દફનાવી હોય ત્યાં 'ફાતમો'પઠવા માં આવે છે.

સામાજિક સંગઠન :

આ કોમની વસતિ ગ્રામ અને શહેરી વિસ્તારમાં પથરાયેલી છે. તેમની જાતિમાં જુદા જુદા ૨૯ ગોત્ર જોવા મળે છે. મિયાણાઓમાં પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે. કુટુંબમાં વડીલ પુરુષનું બહુમાન કરાય છે. આ સમાજમાં સંયુકત કરતાં કેન્દ્રીય કુટુંબોનું પ્રમાણ વધારે જોવા મળે છે. કૌટુંબિક બાબતોમાં વડીલ પુરુષની સલાહ લેવામાં આવે છે. કુટુંબનાં ઝઘડા અને અન્ય પ્રશ્નોનું નિરાકરણ પોતાના કુટુંબીઓ અને પોતાની શાખના મુખીઓ કરે છે.

આ જાતિમાં જાતિપંચ જોવા મળતું નથી. પરંતુ એની'જમાત'જાતિપંચની ગરજ સારે છે.કોમના 'મુખી' અને જમાત જાતિનાં ઝઘડા-પતિ-પત્નીનાં ઝઘડા,કૌટુંબિક ઝઘડા,કલહો વગેરે પરિસ્થિતિનું સમાધાન કરે છે. સામાન્ય રીતે દરેક કુટુંબના સભ્યો મુખીની અને જમાતની આમાન્યા રાખે છે.

આ જાતિના અન્ય જાતિ સાથેના સંબંધો ઘણા સારા જોવા મળ્યા હતા. તેમાં શહેરી વિસ્તારમાં અન્ય સાથેની સહચારિતા અને સલાહ ભર્યા સંબંધો વધુ જોવા મળ્યા હતા.

આ જાતિમાં સગાઈ સંબંધો બે પ્રકારના જોવા મળે છે. લોહી પર આધારિત અને લગ્ન પર આધારિત. લોહી પર આધારિત સંબંધો માં પિતા-માતા, પુત્ર, ભાઈ, બહેન, કાકા વિગેરે અને લગ્ન પર આધારિત સંબંધોમાં મામા-મામી, સાળો-સાળી, નણંદ-ભોજાઈ, બનેવી વગેરે. સગાઓ જોવા મળે છે. આ જાતિમાં મર્યાદા અને મશ્કરાના સંબંધો પણ છે.

ધાર્મિક જીવન :

આ જાતિ મુસ્લીમ ધર્મ હોય પીર, ફકીરને માને છે. સાધુસંતોને પણ માને છે. ઈસ્લામ ધર્મમાં આવતી સાત વાતોને અગત્યની માને છે. (૧) કલમાએ તવલ્લા, (૨) કલમાએ શહાદત, (૩) તહારત, (૪) નમાઝ (૫) રોન્ડા (૬) હજ (૭) જેહાદ.

આ જાતિ મહોરમ, ઈદ, બકરીઈદ, આ ઉપરાંત સફર, રબીઉલઅવ્વલ, રબીઉલઆખર જમાદી લઉલા, જમાદીલ આખર, રજ્જબ, રમજાન અને જિલહજ જેવા તહેવારો પણ ઉજવે છે. ભૂત-પ્રેત અને ડાકણમાં માને છે.

શિક્ષણ :

મિયાણાઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળે છે. હાલમાં આર્થિક ઉપાર્જનના સાધનો વધવાથી અન્ય જાતિ સાથેના સંપર્કમાં આવવાથી વર્તમાનમાં શિક્ષણનું મહત્વ સમજતા થયા છે. કેટલાક પોતાની આર્થિક સધ્ધરતાને લીધે પોતાના બાળકોને સ્નાતક કક્ષા સુધી ભણાવી શક્યા છે. એવા શિક્ષીતો સરકારી ખાતામાં નોકરી કરે છે. પરિવર્તન પામતા સમાજની સાથે તેમના માં પણ જાગૃતિ આવતી જાય છે.

પસંદ થયેલ કુટુંબોની વિગતવાર માહિતી નીચે પ્રમાણે છે.

| વિગત | વિસ્તાર. | |
|---|---|---|
| | ગ્રામ વિસ્તાર | શહેરી વિસ્તાર. |
| પસંદ થયેલા કુટુંબો : | ૧૬૦ | ૧૪૦ |
| સભ્ય સંખ્યા : (કુલ.પુ.સ્ત્રી) | ૧૯૨૯ | ૧૦૦૮ |
| કુટુંબ કદ (સરેરાશ) | ૬.૦ | ૬.૩ |
| કુલ કામ કરનાર. | ૪૧૨ | ૩૯૦ |
| કુટુંબદીઠ આવક. (વાર્ષિક) | ૭૬૮૩.૩ | ૬૬૮૯.૭ |
| કુટુંબદીઠ માસિક આવક | ૬૪૦.૩ | ૫૫૭.૩ |
| માથાદીઠ માસિક આવક. | ૧૧૦.૩ | ૭૭.૪ |
| કુટુંબદીઠ અસ્કયામત : | ૧૫૭૫૧.૪ | ૧૦૯૦૮.૦ |
| કુટુંબદીઠ વપરાશી વાર્ષિક ખર્ચ. | ૫૪૭૮.૦ | ૫૯૪૫.૬ |
| માથાદીઠ માસિક ખર્ચ : | ૭૮.૬ | ૬૮.૮ |
| દેવાદાર કુટુંબ : | ૧૦૦ | ૬૭ |
| દેવાદાર કુટુંબદીઠ દેવું | ૨૨૧૨.૫ | ૨૩૫૯.૭ |
| વીસ વર્ષ દરમ્યાન કરેલ મૂડી રોકાણ (કુટુંબદીઠ) | ૧૯૯૩.૧ | ૧૧૬૫.૭ |
| મચ્છુહોનારતમાં થયેલ નુકશાન- | | |
| કુટુંબ સંખ્યા. | ૧૩૦ | ૩૯ |
| કુટુંબદીઠ નુકશાન. | ૪૮૧૪.૨ | ૯૬૬૭.૩ |
| મળેલી સહાય. | ૧૬૩૮.૭ | ૯૦૨.૬ |
| શિક્ષણ : ભણેલા | ૫૫ | ૧૫૯ |
| અભણ | ૮૭૪ | ૮૪૯ |

સૂચિત વિકાસ કાર્યક્રમ :-

(૧) રહેઠાણની સુવિધા : ગ્રામ વિકાસના કાર્યક્રમોનો લાભ મળે તે હેતુથી ગ્રામ્ય વિસ્તારમાં ઘરથાળની જમીનો આપવી અને શહેરી વિસ્તારમાં અલગ સોસાયટીની સ્થાપના કરવી જોઈએ.

(૨) ખેતીનો વિકાસ કરવો જોઈએ.

ખેતી વિકાસ માટે જમીન નવસાધ્ય કરવી, દરિયાકિનારાની જમીનને 'પાળા બંધી' કાર્યક્રમમાં આવરી લેવી, જંગલી બાવળનો છેદ કરી વધુને વધુ જમીનનો ઉપયોગ શક્ય બનાવવો, જમીનનો મહત્તમ ઉપયોગ થાય તે હેતુથી જમીનનુ સ્તર એક સરખુ કરવુ જોઈએ. જમીન વિહોણા ઓને જમીન આપવી અને પુર હોનારતમાં આ વિસ્તારમાં થયેલ જમીનના ધોવાણને લીધે ફળદ્રુપતાનો નાશ થયો હોવાથી તેની ફળદ્રુપતા વધારવા પ્રયત્ન કરવો જોઈએ.

(૩) ખેતીમાં સિંચાઈની વ્યવસ્થા ઊભી કરી ખેત ઉત્પાદન વધારવુ જોઈએ. સૂકી ખેતીની પધ્ધતિ અપનાવવી જોઈએ. તળાવો બાંધી નાની નહેરો દ્વારા સિંચાઈનો ઉપયોગ વધારવો જોઈએ. તેમજ ગ્રીડ યોજના હાથધરી સિંચાઈ ની સુવિધા વધારવી.

(૪) ખેતસાધનોની વધુને વધુ સહાય આપવી જોઈએ.

(૫) બળદ માટે તગાવીની વ્યવસ્થા નો લાભ આપવો જોઈએ.

(૬) પૂરક ધંધા-રોજગાર માટે ભેંસો અપાવવી જોઈએ.

(૭) પીવાના પાણીની વ્યવસ્થા સત્વરે થાય તે અંગે ઘટતુ કરવુ જોઈએ.

(૮) મત્સ્ય ઉદ્યોગના વિકાસ માટે ગ્રામ વિસ્તારમાં વસતા મિયાણા કુટુંબોને ધંધાના સાધનોની વધુને વધુ ફાળવણી કરવી જોઈએ. અને આ વિસ્તારમાં સાંપડેલી વિકાસની તકોને ઝડપી લેવી જોઈએ. એમને માટે મત્સ્યવેચાણ સહકારી મંડળી કરવી જોઈએ.

(૯) રસ્તાઓનું બાંધકામ હાથધરી લોકોને રોજી આપવી જોઈએ. સારા સારા રસ્તાના બાંધકામથી મત્સ્યઉદ્યોગના ધંધામાં પ્રાપ્તથતી માછલીની હેરફેર માટે સરળતા પ્રાપ્ત થશે.

(૧૦) આ વિસ્તારમાં ચાલતા મીઠાના ઉદ્યોગને વેગ આપવો જોઈએ. અને આ કોમને પ્રોત્સાહન આપવુ જોઈએ. આ ધંધામાં થતુ શોષણ પણ અટકાવવુ જોઈએ.

(૧૧) મીઠા આધારિત ઉદ્યોગો જેવા કે બ્રોમીન, જીપ્સમ વગેરે માટે નવા પ્લાન્ટો ઉભા કરી આ ઉદ્યોગને ખાનગી સાહસો દ્વારા વિકસાવવા જેથી રોજગારીની તકો વધુ સાંપડશે.

(૧૨) મરઘાં ઉછેરના વ્યવસાય પણ આપવા જોઇએ.

(૧૩) ગૃહ અને નાના ઉદ્યોગો જેવા કે સીવણકામ, ગૂંથણકામ અને ચરખા કેન્દ્રો દ્વારા પ્રેરક રોજગારી કાયમ માટે મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરવી જોઇએ.

(૧૪) વ્યકિતગત નાના વ્યવસાયો અને તાલીમ માટેની વ્યવસ્થા ઉભી કરવી જોઇએ. જેવા કે ઉંટગાડી, લારી, અને નાની નાની દુકાનો માટે આર્થિક સહાય આપવી, ઈંટો પાડવા ના ઉદ્યોગો ને વેગ આપવો, લુહારી, સુથારી કામની તાલીમ આપો વ્યકિતગત ધંધાને વિકસાવવો જોઇએ. ઉપરાંત અનાજ દળવાની ઘંટી માટે આર્થિક સહાય આપવી જોઇએ.

શિક્ષણની સુવિધાઓ વધારવી અને આશ્રમ શાળાની વ્યવસ્થા કરવી જોઇએ.

-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x

ગુજરાત ના સીદી

( એક અનુસૂચિત જનજાતિનો વિકાસલક્ષી સામાજિક-આર્થિક અભ્યાસ )

પાના : ૨૧૮.

અહેવાલ લેખન : ડો. ઠાકોરભાઇ નાયક.

શ્રી ગૌરીશંકર પડયા.

સારદોહન : શ્રી શંકરભાઇ પટેલ.

ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને મજૂર, સમાજ કલ્યાણ અને આદિવાસી કલ્યાણ ખાતા ધ્વારા સીદી જાતિનો આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અભ્યાસ કરી તેમના વિકાસ માટેના કાર્યક્રમો સૂચવવા અંગે કહેવામા આવ્યુ હતુ અભ્યાસ દરમ્યાન પ્રાપ્ત થયેલી માહિતી નો ટૂંકમા ઉલ્લેખ અહી કરવામા આવ્યો છે.

સીદીઓ ભારતના જુદા જુદા ઘણા રાજ્યોમા રહે છે. પરંતુ ગુજરાત રાજયમા સૌરાષ્ટ્ર વિભાગમા આવેલા સીદી જાતિને અનુસૂચિત જનજાતિની યાદીમા મૂકેલ છે. ગુજરાતની કુલ આદિવાસી વસ્તીમા એમનુ પ્રમાણ ૦.૧૪ ટકાનુ થાય છે. સૌરાષ્ટ્ર વિભાગમા ગ્રામ્ય અને શહેરી વિસ્તારની કુલ સીદી જાતિની વસ્તી ૧૯૬૧ પ્રમાણે ૪૪૮૨ હતી.જે છ જિલ્લાઓમા વહેચાયેલી છે. વધુ વસતિ જૂનાગઢ જિલ્લામા છે.

સીદી જાતિનો અભ્યાસ સારી રીતે થઇ શકે એટલા માટે નમૂના પસંદગીની પધ્ધતિઓ માથી સ્તરિત પધ્ધતિનો ઉપયોગ કરી, કુલ વસ્તીમાથી ૨૮૧ કુટુંબો પસંદ કરવામા આવ્યા હતા. આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક માહિતી એકઠી કરવા માટે સંશોધનની જુદી જુદી પ્રવિધિઓનો ઉપયોગ કરવામા આવ્યો હતો.

સીદીઓના ભારતમા આગમનના ચોકકસ પુરાવાઓ પ્રાપ્ત થવા ઘણા મુશ્કેલ છે. તેમનો ભારતમાનો વસવાટ ચારસો-પાચસો વર્ષ જૂનો મનાય છે. તેમના આગમન વિષે જુદા જુદા મતમતાંતરો પ્રવર્તે છે. તેઓ ગુલામ કે નોકર ચાકર તરીકે ભારતમા પ્રવેશ્યા હશે એમ લાગે છે.

દેખાવ અને સ્વભાવ :

સીદી સંપૂર્ણ નીગ્રો પ્રજાતીય તત્વો ધરાવતી જાતિ છે. તેઓ મજબૂત

બાંધાના, ઉંચા અને કાળા હોય છે. તેમના વાળ ઉન જેવા વાંકડિયા હોય છે. તેમનું જડબુ આગળ પડતું, હોઠ જાડા અને કાળા હોય છે. તેઓ પ્રથમ નજરે જ બીજાઓથી જુદા તરી આવે છે. ગુજરાતના સીદીઓ સ્વભાવે માયાળુ અને સરળ હોય છે. વળી મોજીલા અને નફકરા હોવાથી તે સમાજના લોકો જ એક બીજાને ''બાદશાહ'' ના હુલામણા નામથી સબોધે છે. અન્ય લોકો પણ તેમને 'સીદી બાદશાહ' તરીકે ઓળખે છે.

ભૌતિક જીવન :

સૌરાષ્ટ્ર વિસ્તારમાં સીદી વસવાટ વાળા ગામોમા બે ગામ સંપૂર્ણ સીદી જાતિના વસવાટના છે. જ્યારે બીજા ગામોમા સીદીઓ અન્ય જ્ઞાતિઓ સાથે રહે છે.

સીદીઓ છૂટાં છૂટાં ઘરો બાંધતા નથી.એક ઘરની દિવાલ બીજા ઘરની દિવાલ સાથે જોડાયેલી હોય છે. ઘરની બનાવટમાં દિવાલ બનાવવામાં માટીનો વધુ ઉપયોગ કરે છે. કેટલીક જગ્યાએ માટી અને પથ્થરની તથા સાંઠાની દિવાલ પણ જોવા મળી હતી. જ્યારે છાજમા મોટાભાગે દેશી નળિયા કે ઘાસનો ઉપયોગ કરે છે. કેટલાકઘરોમાં વિલાયતી નળિયા કે પતરાનો પણ છાજ તરીકે ઉપયોગ કરેલો જોવા મળ્યો હતો.

સીદીના ઘરો મોટાભાગે એક ખંડવાળા અપૂરતી સગવડવાળા હતા.નહાવા-ધોવાની તથા સંડાસની જે વ્યવસ્થા હોવી જોઈએ તે નથી.સંડાસ ખુલ્લામાં જવુ પડે છે.

ઘરવખરીના સાધનોમા સીદીઓ પાસે એલ્યુમીનીયમ, પિત્તળ અને માટીનાં વાસણોનો વધુ ઉપયોગ કરતા જણાયા હતા.અન્ય સાધનોમા કાથીના ખાટલા, ચીમની, ટોપલા-ટોપલીઓ અને પતરાની પેટીઓનો ઉપયોગ વધુ કરે છે. મોટા ભાગના સીદીઓ ખેતમજૂરીના વ્યવસાયમાં હતા. ખેતી કરવાવાળા કુટુંબોમા પણ ખેતીના પુરતા સાધનો જોવા મળતા નથી.

સીદીમા મોટી ઉંમરના પુરુષો પાયજામો અને ખમીસ પહેરે છે. જ્યારે જુવાનિયા પેન્ટ,બુશકોટ પહેરે છે. માથે મુસ્લીમ જેવા ટોપી પણ પહેરે છે. સ્ત્રીઓ પાયજામો અને કુડતુ પહેરે છે.અને માથે ઓઢણુ નાખે છે.નાની છોકરીઓ ફ્રોક કે ઘાઘરી-કબજો પહેરે છે. સીદીજાતિમા ચાંદી-રુપાના ઘરેણાનો ઉપયોગ વધુ જોવા

મળે છે.

ખોરાકમાં સવારે ચા સાથે બાજરીનો રોટલો, બપોરે બાજરાનો રોટલો-શાક અને સાંજે ખીચડીશાક કે રોટલા-શાકનો ઉપયોગ કરે છે. આ સિવાય માંસ- માછલી નો ઉપયોગ વારતહેવારે કરે છે.

આર્થિક જીવન :

સીદીઓની મિલ્કતમાં પશુઓ, ખેતીના ઓજારો, ઘરઘરવખરી એ મુખ્ય છે. આ ઉપરાંત ખેતીવાળા પાસે થોડી જમીન હોય છે.

મોટાભાગના સીદી કુટુંબો પાસે જમીન હતી પણ તે જમીન ધીરે ધીરે ગીરો કે વેચાણમાં ચાલી જતી જોવામાં આવી હતી. જીવન નિર્વાહનો આધાર મજૂરી, નોકરી કે અન્ય ધંધાઓ ઉપર રહેલો છે. પુરુષો ખેતીકામ, મજૂરી તથા અન્ય ધંધાઓ કરે છે. સ્ત્રીઓ ઘરનું કામ, બીજા લોકોને ત્યાં છાણ વાસીદું કરવા ઉપરાંત ખેત મજૂરી કરવા જાય છે. પૂરતી મજૂરી ન મળેતો જંગલમાંથી લાકડાં લાવી વેચીને ગુજરાન ચલાવે છે. નવરાશના સમયે સીદી સ્ત્રીઓ અને પુરુષો ભેગાં થઇ ગપ્પાં મારે છે. તથા ક્યાંક જુગાર રમવાનુ કામ કરે છે. બાળકો પોતાથી કામ થઇ શકે એવુ કામ કરી, મજૂરી કરી, મા બાપની કમાણીમાં વધારો નોંધાવે છે. આમ સીદીઓનુ મુખ્ય આજીવિકાનુ સાધન મજૂરી છે. ખેતમજૂરી, જંગલમજૂરી, અને બાંધકામ વગેરેની મજૂરી કરે છે. પશુપાલન દ્વારા પણ કેટલાક સીદી કુટુંબો પૂરક આવક મેળવે છે. પરંતુ એનું પ્રમાણ ખુબજ ઓછું છે.

નોકરીમાં ખાસ કરીને ડ્રાયવર, રેલ્વેલાઇનમેન કે પોર્ટર તરીકે કામગીરી બજાવતા હોય છે. આ સિવાય કારખાના- મિલોમાં તથા ટ્રકો પર મજૂર તરીકે મજૂરી કરતા હોય છે.

તપાસ કરેલા ૨૮૧ કુટુંબોનુ ધંધાકીય વર્ગીકરણ :

સીદીઓના ૧૭.૨ ટકા ખેતી ૬૧.૬ ટકા મજૂરી અને ૨૪.૨ ટકા નોકરીઓમાં રોકાયેલા જોવા મળ્યા હતા. હવે આવકના સાધન પ્રમાણે તપાસ કરેલ સમગ્ર શહેરી અને ગ્રામ્ય કુટુંબોની આવક જોતા ખેતી અને પશુપાલનની આવક ૭.૮ ટકા, મજૂરીની આવક ૫૧.૩ ટકા, નોકરી ધંધાની આવક ૩૩.૯ ટકા, અન્ય પેદાશની આવક ૬.૨ ટકા જ્યારે ૦.૮ ટકા આવક અન્ય રીતે મેળવતા હતા.

૨૮૧ કુટુંબોની કુટુંબ દીઠ વાર્ષિક આવક ૩૩૦૮ રુપિયા થાય છે. આમ માથાદીઠ માસિક આવક ૪૬ રુપિયા થાય છે.આટલી ઓછી આવકમાં જીવનનિર્વાહ તેમના માટે ઘણો મુશ્કેલ બની જાય છે.

ખર્ચની રીતે સીદી કુટુંબોને મુલવતા ૨૮૧ કુટુંબોનું પરિણામ જોતા લગભગ ૯૦ ટકા ખર્ચ ખોરાક પાછળ કરે છે. જેમાં અનાજ,દૂધ,ખાંડ-ગોળ, ઘી-તેલ,મસાલા, શાકભાજી,માંસ વગેરેનો સમાવેશ થાય છે. ૩૦ ટકા ખર્ચ કપડાં,મુસાફરી,સામાજિક-ધાર્મિક ખર્ચ વગેરે પાછળ કરે છે. શિક્ષણ પાછળ માત્ર ૦.૭ ટકાનું ખર્ચ કરવામાં આવે છે. માસિક વ્યક્તિદીઠ ખર્ચ રુપિયા ૪૪.૬૦ નું હતું ૧૯૯૭-૯૮ ની ભાવસપાટીએ જોતાં જેનું વ્યક્તિદીઠ માસીક ખર્ચ રુપિયા ૫૯.૪૩ હોય તે કુટુંબોને ગરીબીની રેખાનીચે જીવતા ગણવાનું ધોરણ નક્કી કરેલ હતું આ રીતે જોતાં સીદીઓનું માસિક માથાદીઠ ખર્ચ રુપિયા ૪૪.૬૦ હતું જે બતાવે છે કે બધાં જ કુટુંબો ગરીબીની રેખા નીચે જીવતાં હતાં.

જયાં ખર્ચનું પ્રમાણ આવક કરતાં વધુ હોય ખર્ચને પહોંચી વળવા માટે દેવુ કરવુ પડે છે. આવા કુટુંબો ૨૮૧ માંથી ૬૯ છે. આ દેવુ મોટા ભાગે શાહુકાર-વેપારીનું હોય છે. આ સિવાય સરકાર,સહકારી મંડળી,સગાવ્હાલા,બેન્ક વગેરે પાસેથી કરે છે.

સામાજિક સંગઠન:-

સીદીઓમાં ''આંતરશાખ'' અને 'બર્હિશાખ' બંને પ્રકારનાં લગ્નો જોવા મળે છે. સીદી જાતિમાં પરમાર,મઝગુલ,મકવાણા,સોલંટિયારા,મોરી,ભાલિયા,મકવા વગેરે ગોત્રો જોવા મળે છે. તપાસ કરેલ ૨૮૧ કુટુંબોમાં ૨૪ જુદી જુદી શાખો જોવા મળી હતી.સીદીઓમાં સંયુક્ત કુટુંબો કરતા કેન્દ્રીય કુટુંબો વધુ જોવા મળે છે. તપાસેલા કુટુંબોમાં ૨૬.૩ ટકા સંયુક્ત જયારે ૭૩.૭ ટકા કુટુંબો કેન્દ્રીય કુટુંબો જોવા મળ્યા હતા.

સીદીઓમાં મુખ્યત્વે બે પ્રકારના સગાઇ સંબંધો જોવા મળે છે. (૧) લોહી પર આધારિત (૨) લગ્ન પર આધારિત.સીદી સમાજ વ્યવસ્થામાં તલાલા વિસ્તારનાં સીદીઓ એક જ શાખમાં લગ્નવ્યવહાર કરતા નથી જયારે જામનગર વિસ્તારનાં સીદીઓ એક શાખમાં પણ લગ્ન કરે છે.

જાતિ પંચ :

સીદીઓમાં જાતિપંચને જમાત (જમાઅત) તરીકે ઓળખવામાં આવે છે. સામાજિક ક્ષેત્રે સંગઠન ટકાવી રાખવામાં જાતિપંચ મુખ્ય ફાળો આપે છે. સગાઇ, છૂટાછેડા, મૃત્યુ, અંદરો-અંદરના ઝઘડા, સામાન્ય રહેણીકરણી, જાતિય સંબંધો વગેરે અનેક બાબતો એની પાસે ફેંસલા માટે આવે છે. જે કોઇ નિયમોનું પાલન ન કરે તો તેને શિક્ષા કરવામાં આવે છે. આ સીદી સમાજમાં જમાતને 'સીદી જમાઅત' 'બાદશાહ જમાઅત' વગેરે નામની ઓળખે છે.

સામાજિક રીતરિવાજ:

ગુજરાતમાં વસતા સીદીઓ મુસ્લીમ સંસ્કૃતિની અસર નીચે હોવાથી મુસ્લીમ ધર્મ પાળે છે.

સામાજિક રીતરિવાજમાં પ્રથમ રજસ્વાલ સ્ત્રીથી શરુઆત કરિયે તો સીદી સમાજમાં પ્રથમવાર સ્ત્રી રજસ્વલા થાય ત્યારે તેને 'પહેલા શીર મેલા હોના' ! 'કે બાહને આના' વગેરે નામથી ઓળખાવે છે. સ્ત્રી રજસ્વલામાં હોય ત્યારે ઘરમાં કોઇ ચીજ-વસ્તુઓને સ્પર્શ કરતી નથી. પ્રથમ વખત રજસ્વલા થયેલી સ્ત્રીને સુગંધી તેલ શરીરે ચોળે છે, ફુલનો હાર પહેરાવે છે. અને સાત દિવસે માથું ધુએ છે.

સીદી સમાજમાં પણ ગર્ભધારણ પછી ખોળો ભરવાનો રિવાજ છે. બાળકના જન્મ પછી છઠ્ઠા દિવસે ફોઇ નામ પાડે છે. અને બાળક પાંચ કે સાત વર્ષનું થાય ત્યારે તેના માથાના વાળ ઉતારવાની વિધિ કરવામાં આવે છે. જેમાં બકરો વધેરવામાં આવે છે. અથવા કાચું માંસ વેચાતુ લાવી વહેંચવામાં આવે છે.

છ માસથી માંડી પાંચ-છ વર્ષ સુધીમાં સૂન્નત કરાવે છે. ક્યારેક સૂન્નતમાં સગાઓને ખવડાવવાનું હોય તો બકરો કુરબાન કરવામાં આવે છે.

લગ્ન :-

અભ્યાસ દરમ્યાન સીદી સમાજમાં લગ્ન મોટાભાગના એકસાથી જોવા મળ્યા હતા. પરંતુ બહુસાથી લગ્ન પણ કરે છે. લગ્ન મામા-ફોઇના સંતાનો વચ્ચે થાય છે. તેમજ નજીકના લોહીના સંબંધીઓ સિવાય પણ સગોત્ર લગ્ન થયેલા જોવા મળ્યા છે. સીદીઓ માં બાળલગ્નનું પ્રમાણ જોવા મળતું નથી. પુખ્ત ઉંમરે જ લગ્ન થાય છે. સીદી સમાજમાં

વિધવા, વિધુર અને છૂટાછેડા લીધેલ સ્ત્રી-પુરુષો પણ પૂન : લગ્ન કરી શકે છે. દિયરવટુ અને સાળીવટુ પણ સીદીઓમાં થાય છે.

સગાઇ:

સગાઇની શરૂઆત છોકરાના પક્ષથી થાય છે. સગાઇમાં સમાજના નિયમ પ્રમાણે જે કંઇ વસ્તુ આપવા લેવાની હોય તે જમાતના ચોપડે લખાય છે. સગાઇ થયા પછી બન્ને પક્ષની અનુકૂળતાએ શાદી ગોઠવવામાં આવે છે. લગ્નમાં છોકરાને આઠ દિવસની પીઠી લગાવાય છે. જ્યારે કન્યાને વર કરતા ઓછા દિવસની પીઠી હોય છે.

જાન છોકરાનો છોકરીના ઘરે જાય છે. લગ્નની વિધિ સાંજે કરવામાં આવે છે. હાલમાં વરના પહેરવેશમાં સફેદ પેન્ટ-બુશર્ટ અને બૂટ-મોજા વગેરે પહેરે છે. જાન નિકળે ત્યારે વરરાજા પર કાચો લાલ રંગ નાખવામાં આવે છે. કન્યાના પહેરવેશમાં લાલ રંગનો ફ્રોક, પાયજામો અને ઓઢણી હોય છે. લગ્નની વિધિ કાજી પાસે મુસ્લીમ ધર્મ અનુસાર કરવામાં આવે છે.

મૃત્યુ :

સીદી સમાજમાં મૃતદેહને દફનાવવામાં આવે છે. મૃત વ્યકિત પાસે કુરાનની આયાતો પઢવામાં આવે છે. મૃતદેહને સ્નાન કરાવી દફનાવવામાં આવે છે. મૃત્યુ બાદની વિધિ કાજી સાહેબ કરાવે છે.

ધાર્મિક જીવન :

સીદીઓ ભરુચ જિલ્લાના રતનપુર ગામમાં આવેલ પીર 'બાબાગોરની દરગાહ' ને કુળગોર તરીકે માને છે. આ ઉપરાંત સીદી સમાજની નગારચી બાવાની દરગાહ, જામનગરની બાબાગોરની દરગાહ વગેરે ને માનતા હોય છે.

ઉરસ સમયે સીદીઓ ધમાલ નૃત્ય કરતા હોય છે. ધમાલ નૃત્યને પવિત્ર માનવામાં આવે છે. આ ધમાલ નૃત્ય પોતાની સંસ્કૃતિનુ આગવુ પાસુ રજુ કરે છે. જે તેમના મૂળ પૂર્વજો આફ્રિકનોની યાદ એક યા બીજી રીતે અપાવી જાય છે.

સીદીઓ મુખ્ય ચાર તહેવારો ઉજવે છે. જેમાં મોહરમ, ઇદેમિલાદ, રમજાન ઇદ, બકરી ઇદનો સમાવેશ થાય છે. સીદીઓમાં નમાજ દિવસમાં પાંચ વખત પઢવામાં

આવે છે. સીદીઓ દાનમાં પણ માને છે. પોતાની શકિત અનુસાર રમઝાનમાં અને પવિત્ર તહેવારોમાં ફકીરોને ખેરાત કરે છે.

**સમસ્યા :**

આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે સીદીઓ ઘણી મુશ્કેલીઓ વેઠી રહયા છે. જે નીચે મુજબ છે.

--રહેઠાણની સમસ્યા.

--પોતાની જમીન એક યા બીજી રીતે બીજાની પાસે જતી રહેવાના બનાવોની સમસ્યા

--સારી ખેતીની સમસ્યા.

--આરોગ્યની સમસ્યા.

--શિક્ષણની સમસ્યા.

--મજૂરી મોસમી જ મળતી હોઇ કાયમી મજૂરી મેળવવાની સમસ્યા.

આ પ્રકારની અનેક સમસ્યાઓ ગરીબીમાંથી ઉભી થાય છે. અને સમગ્ર જીવનમાં આ સમસ્યાઓ તાણા-વાણાની માફક ગુંથાઇ ગયેલી જોવા મળી હતી.

**વિકાસ આયોજન :**

સીદીઓનો આર્થિક વિકાસ અનેક કારણોસર થઇ શકયો નથી. જેમાં મુખ્યત્વે અશિક્ષણ, શોષણ, જુગાર, વરલીમટકાની લદી જેવા અનેકાનેક કારણે જવાબદાર છે. પરંતુ તેમને યોગ્ય માર્ગદર્શન અને મદદ મળી રહેતો પોતે પોતાનો વિકાસ કરી શકે છે. આર્થિક વિકાસ માટે મુખ્યત્વે નીચેની બાબતોનો ખ્યાલ કરવો જોઇએ.

(૧) સીદીઓના રહેઠાણના ઘરો કાચા અને અનારોગ્ય છે. તેમને સારા મકાનોની વ્યવસ્થા કરી આપવી જોઇએ.

(૨) પીવાના પાણીની સગવડ પણ કરી આપવી જોઇએ.

(૩) સીદીઓની જમીન એક યા બીજા કારણસર બીજા લોકો પાસે જતી રહી છે. તો તે જમીન પાછી મળવી જોઇએ. અને જે જમીન જંગલખાતા તરફથી એમને ખેડવા માટે આપી છે તે જમીનનો માલિકી હક સીદીઓના નામે કરી આપવો જોઇએ.

(૪) ખેતી કરવા માટે તેમને તમામ જરુરિયાતો પુરી પાડવી જોઇએ. આથી તેઓ ઘનિષ્ટ ખેતી પધ્ધતિ ધ્વારા વધુ ઉત્પાદન મેળવી શકે.

(૫) ખેતીની સાથે પશુપાલનને પણ સાંકળી લેવુ જોઇએ. આ માટે એમને સારી

ઓલાદનાં પશુઓ આપવા જોઇએ. અને ખોરાક, રહેઠાણ વગેરેનો યોગ્ય પ્રબંધ થાય તેનો પણ ખ્યાલ રાખવો જોઇએ.આથી ગૌણ આવક પશુપાલન દ્વારા મેળવી શકે.

(૬) સીદીઓ મરઘા ઉછેર કરે છે તો એમને મરઘાં ઉછેરની તાલીમ આપી મરઘા ઉછેર ફાર્મનાં યુનીટો ખોલી આપવા જોઇએ.આથી આ મરઘાં ઉછેર દ્વારા પણ સારી આવક પ્રાપ્ત કરી શકે છે.

(૭) મરઘાં ઉછેરની જેમ જ્યાં શકય હોય ત્યાં માછલી ઉછેરનો તથા માછીમાર ની ટ્રેનીંગ આપીને મત્સ્યઉદ્યોગ વિકસાવી શકાય.

(૮) મજૂરી માટે સીદીઓએ મજૂર સહકારી મંડળી બનાવવી જોઇએ. અને જ્યાં જ્યાં કામો મળતા હોય ત્યાં કામની આવડત પ્રમાણે મજૂરોની ફાળવણી કરી શકાય આમ કરવાથી કાયમી મજૂરી મળી રહે તથા પુરેપુરી મજૂરી મળી શકે તેવો પ્રબંધ કરી શકાય.

(૯) નવરાશનાં સમયે સ્ત્રી-પુરુષો જુગાર રમવામાં સમય પસાર કરે છે. એના બદલામાં ગૃહઉદ્યોગ,અંબર ચરખા,ભરત-ગુંથણ,સીવણ વગેરે કામો શીખવવામાં આવે અને પોતે કામ કરી પૂરક રોજી પ્રાપ્ત કરી શકે.

(૧૦) ટેકનીકલ ધંધા રોજગારની તાલીમ આપવી જોઇએ.એટલું જ નહિ પરંતુ તાલીમ બાદ ધંધો કરવા માટે સાધનોનો ખર્ચ આપવો જોઇએ.

(૧૧) શૈક્ષણિક સગવડતાઓ પુરેપુરી આપવી જોઇએ.જ્યાં જ્યાં સીદીઓની વસ્તી વધુ હોય ત્યાં છાત્રાલયો ખોલી બાળકોનાં રહેવાની તથા શિક્ષણની સુવિધા ઉભી કરી શકાય.

(૧૨) આરોગ્યની બાબતમાં પણ સીદીઓને માટે યોગ્ય પ્રબંધ થવો જોઇએ.તથા બાળકોના શારીરિક તંદુરસ્તી માટે વિટામીન યુકત ખોરાક મળી રહે તે અત્યંત જરૂરી છે.

આ રીતે સીદીઓના સર્વાંગી વિકાસ માટે ચારે બાજુથી બની શકે તેટલા સઘળા પ્રયત્નો કરવા જોઇએ આ માટે રસ ધરાવનાર અને સેવાભાવી એક ખાસ અધિકારીની નિમણૂક કરી તેના દ્વારા સમગ્ર સીદી વિકાસની પ્રવૃત્તિઓને વેગ આપવો જોઇએ.

-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x

# કચ્છનાં આદિવાસીઓ

પાન : ૧૫૦

અહેવાલ લેખન : ડૉ. સિધ્ધરાજ સોલંકી

સારદોહન : દિલીપ દવે

## પ્રાસ્તાવિક :

કચ્છનાં આદિવાસીઓમાં કોળી, વાઘરી, ભીલ, પારધી અને ઢોડિયા જાતિઓનો સમાવેશ થાય છે. આ દરેક આદિવાસી જાતિઓમાં અનેક પેટાજાતિઓ છે. મહદઅંશે તેઓમાં ધ્યાન ખેંચતાં તત્વોમાં સામાજિક, શૈક્ષણિક અને આર્થિક પછાતપણ છે.

આ આદિવાસીઓનાં આર્થિક, સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક વગેરે ભિન્ન ભિન્ન પાસાંઓનો તલસ્પર્શી અભ્યાસ અને સંશોધન કરી તેઓનો સર્વાંગી વિકાસ સાધવાની કઇ કઇ તકો કયાં, કેવી રીતે ઉભી કરી - કરાવી શકાય, એ શોધવાનો અમારો પ્રયત્ન હતો.

## તપાસ પધ્ધતિ :

આ તપાસ માટે જુદી જુદી સંશોધન પધ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મુખ્યત્વે મુલાકાત, અવલોકન, સહભાગી નિરીક્ષણ દ્વારા અભ્યાસ કર્યો હતો. એક અનુસૂચિ વડે તેમની આર્થિક, સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક અને રાજકીય બાબતોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.

## તપાસનો વિસ્તાર :

કચ્છમાં આદિવાસી વસતિનાં વિસ્તારને લક્ષમાં રાખીને ભૂજ, માંડવી, અંજાર, મુંદ્રા, રાપર, ભચાઉ, ખેડોઇ, ગોધરા, ભદ્રેશ્વર વગેરે સ્થળોએ ક્ષેત્રકાર્ય કરવામાં આવેલુ છે. આ વિસ્તારમાં કચ્છની કુલ આદિવાસી વસતિનાં ૬૫ ટકા જેટલાનો સમાવેશ થાય છે. ૩૦૫ કુટુંબોનાં કુટુંબ પત્રકો ભરીને આર્થિક સ્થિતિ વિષે ખ્યાલ મેળવવાં પ્રયત્ન કરવામાં આવ્યો છે. રહેઠાણ, ધંધો,

અસ્પૃશ્યતા, દેવું, સામાજિક, ધાર્મિક ખર્ચ વગેરે બાબતોનો એમાં સમાવેશ થાય છે.

ઉત્પત્તિ - ઇતિહાસ :

કોળી, પારધી, ભીલ અને વાઘરી આ જાતિઓ પોતાને રજપૂતમાંથી ઉતરી આવેલી જણાવે છે. વળી કેટલાકના પૂર્વજો દુષ્કાળને કારણે રખડી ભટકીને સમાજથી વેગળા પડી ગયા; પરશુરામે પૃથ્વીને નક્ષત્રી કરવા માંડી ત્યારે એમના પૂર્વજો ભાગીને જંગલોમાં છુપાઇ ગયા અને જાતિ બદલી નાખી, તો કેટલાકના પૂર્વજોને પછાતકોમની સ્ત્રી સાથે શારીરિક સંબંધ બાંધવાથી સમાજે કાઢી મૂકયા છે. આ બધી પ્રજાઓ આ પૂર્વજોની સંતતિ છે.

વસતિ :

૧૯૭૧ ની વસતિ ગણતરી મુજબ દરેક જાતિની વસતિ નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| કોળી | - | ૩૦,૩૬૧ |
| વાઘરી | - | ૪,૩૩૨ |
| પારધી | - | ૨,૮૦૬ |
| ભીલ | - | ૧,૨૨૭ |
| ઢોડિયા | - | ૧૯ |
| કુલ વસતિ | - | ૩૮,૭૪૫ |

કચ્છ જીલ્લાની કુલ વસતિ ૮,૪૯,૭૬૯ ૧૯૭૧ માં હતી. જેમાં આદિવાસીની કુલ સંખ્યા ૩૮,૭૪૫ જેટલી હતી.

કચ્છ જીલ્લાના લગભગ દરેક તાલુકાઓમાં આ બધી જાતિઓ ઓછા વધતા પ્રમાણમાં જોવા મળે છે.

ભાષા :

વાઘરીઓની મુખ્ય ભાષા ગુજરાતી છે, જો કે પોતાના ધંધા વ્યવસાય અર્થે વ્યવહારમાં કચ્છી બોલીનો ઉપયોગ કરે છે.

કોળી, ભીલ, પારધી લોકો કચ્છી ભાષાનો જ ઉપયોગ કરે છે. જો કે ગુજરાતી જાણે છે ખરા.

શિક્ષણ :

આ દરેક આદિવાસી જાતિમાં શિક્ષણનું પ્રમાણ ઘણું જ ઓછું જોવા મળે છે. સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ નહીંવત છે. કુલ વસતિમાં ૦.૨ ટકા ભણેલ હશે. જેમાં સ્ત્રીઓ તો ૨ ટકા પણ નહી હોય.

ભૌતિક સંસ્કૃતિ :

ઘર :

મોટાભાગના આ આદિવાસી લોકો ગામ કે શહેર બહાર ગામડાની ગૌચર કે બીજી સરકારી જમીનમાં પોતાના "ભૂંગા" (ઝૂપડા) બનાવી વસે છે.

ઘરવખરી :

ઘરવખરીમાં મુખ્યત્વે ૨-૩ પિત્તળના વાસણો ૬-૧૦ એલ્યુમિનિયમના તેમજ ૫-૭ માટીના વાસણો શહેરમાં વસતા આદિવાસીઓમાં જોવા મળે છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં વસતા આ લોકો પાસે પ્રમાણમાં ઓછા સાધનો જોવા મળે છે.

રાચરચીલું :

રાચ-રચીલામાં ૨-૩ જુના ગાભાના ગોદડાં, કોઈક પાસે ભાંગેલા ખાટલા, બીજા ફર્નિચરનો સંપૂર્ણ અભાવ હોય છે.

પહેરવેશ :

શહેરમાં વસતા આદિવાસીઓ પારધી, વાઘરી, કોળી, ભીલ વગેરેનો પહેરવેશ :

વૃધ્ધો ધોતિયું, ખમીસ કે લેંઘો પહેરે છે. યુવાનો પેન્ટ, શર્ટ પહેરે છે. બાળકો બુશકોટ પહેરે છે. સ્ત્રીઓમાં વૃધ્ધા હોય તો કાપડું, મોટાઘેરનો ઘાઘરો અને ચૂંદડી ઓઢે છે. યુવાન સ્ત્રીઓ પોલકું ચણીયો અને સાડી પહેરે છે. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં વસતા પુરૂષો માથે નાની મોટી પાઘડી કે ફેંટો પહેરે છે.

ખોરાક - પીણાં :

આમની લગભગ દરેક આદિવાસી જાતિ બપોરે ઘઉંની જાડી રોટલી, તેલ વગર કે ઓછાં તેલમાં વઘારેલું શાક, છાસ લે છે સાંજે પણ સવારનું વધેલું ખાય છે. અથવા ખીચડી રાંધે છે. માંસ-મચ્છી-દારૂનો ઉપયોગ વાર તહેવાર કે પૈસાની સગવડ મુજબ કરે છે.

## આર્થિક જીવન

ધંધા - વ્યવસાય : પારધી - ભંગી - ભીલોના :-

૧. દોરડાં બનાવવાનો વ્યવસાય
૨. ઇંઢોણીઓ બનાવવી
૩. સૂપડાં બનાવવાં
૪. નેવાર પટી બનાવવી
૫. હાથશાળની ફણી બનાવવી
૬. સીંદરી બનાવવી
૭. સૂંડલાં તથા ઝાંપડી બનાવવી
૮. છૂટક મજૂરી
૯. ખેતી
૧૦. ખેતમજૂરી
૧૧. નોકરી
૧૨. ભીખ
૧૩. શિકારી જીવન
૧૪. કાગળ તથા કપડાંના ફૂલ બનાવવાં
૧૫. લાકડાંના રમકડાં બનાવવાં
૧૬. સરકારી નોકરીમાં

: ૫ :

કોળી :

૧. ખેતી
૨. પશુપાલન
૩. ખેતમજૂરી
૪. મજૂરી
૫. પીલુ વીણવાં
૬. પગી
૭. શાકભાજી વેચવી
૮. વાંચપુ (ચોકીયાત)

વાઘરી :

૧. બગડી વેચવી
૨. શાકભાજી-ફળો વેચવાં
૩. દાતણ પાડી - વેચવાં
૪. ચીભડાં વેચવા
૫. ખેતી
૬. મજૂરી
૭. ડળ સૂપડાં બનાવવાં
૮. ભીખ માંગવી
૯. કપડાં તથાં ભરતકામ લેવું - વેચવું.
૧૦. ફોટા ફ્રેમ બનાવવી

આવક :

પોતાનાં આંગવાં ધંધાં - વ્યવસાયમાં પડેલાં કુટુંબોની સરેરાશ દૈનિક આવક ૧૦ થી ૧૨ રૂપિયાં જેટલી છે. જ્યારે દૈનિક કે છૂટક મજૂરી ઉપર નભતાં કુટુંબોની આવક સરેરાશ ૬ થી ૮ રૂાં. જેટલી જોવાં મળે છે.

ખર્ચ અને દેવું :

કુટુંબ કદ મોટું, અનિશ્ચિત આવક, આયોજનનો અભાવ, વ્યસનો, આંધળાં ધાર્મિક સામાજિક ખર્ચા, તદ્ઉપરાંત બિમારીઓને કારણે આવક કરતાં ખર્ચનું પ્રમાણ વધુ રહે છે. તેથી દેવું કરવું પડે છે. તેમનામાં લગ્નના ખર્ચ અંગેનું દેવું જોવાં મળે છે જે ઘરેણાં મૂકીને શાહુકાર પાંસેથી ઊંચાં વ્યાજે લીધેલું જોવાં મળે છે.

સામાજિક માહિતી કુટુંબનો પ્રકાર :

મોટાભાગે કેન્દ્રિય કુટુંબો જોવા મળે છે. માં-બાપ સૌથી નાના દિકરાને ઘેર રહેવાનું પસંદ કરે છે. તેમનામાં પિતૃવંશી કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે.

જન્મ :- બાળકના જન્મ વખતે કે પહેલા કોઇ વિધિ કરવામાં આવતી નથી. પ્રસૂતિ પોતાને ઘેર જ મુસલમાન દાયણ પાસે કરાવવામાં આવે છે.

સગાઇ :- સગાઇ નાની ઉંમરે કરવામાં આવે છે; છોકરાની ૧૦ થી ૧૫ અને છોકરીની ૮ થી ૧૪ વર્ષની ઉંમરે સગાઇ કરવામાં આવે છે. છોકરાવાળા કન્યાનું માગુ નાખે છે કન્યાનું દહેજ તે વખતે નક્કી થાય છે.

લગ્ન :- કોળી, પારધી-ભીલ લોકો સવર્ણના બ્રાહ્મણને બોલાવી રાત્રે હિન્દુ વિધિથી લગ્ન કરે છે. જ્યારે વાઘરીઓમાં "બામણ-બાપલીયો" જ આ વિધિ કરાવે છે. કેટલાકમાં ચોરી ફેરા નથી, જ્યારે કેટલાકમાં ફેરા ફરે છે. કેટલાક મુસલમાન કોળી, મુસ્લિમ વિધિ મુજબ નિકાહ પઢાવી લગ્ન કરે છે. લગ્નનું ખર્ચ રા.૧૫૦૦થી ૨૦૦૦જેટલુ આવે છે. કન્યા પક્ષે ખર્ચ ઓછું થાય છે.

છૂટાછેડા :

પતિ-પત્નીને ન બને, પુત્ર પ્રાપ્તિ ન થાય, અન્ય વ્યક્તિ સાથે પ્રેમ સંબંધ બંધાય, આ સિવાય માટે શંકા જન્મે એથવા પરપુરૂષ જોડે ભાગી જાય, તો છૂટાછેડા અપાય છે અને પંચ દ્વારા "લખણું" અપાય છે. તેમાં બંને પક્ષને પૂરતો ન્યાય આપવા પ્રયત્ન થાય છે.

પુન: લગ્ન :

દિયરવટની કે સાટાવટાની પ્રથા નથી. વિધવા કે છૂટાછેડા લીધેલી સ્ત્રી ફરી લગ્ન કરી શકે છે. જેને નાતરૂ કહે છે. વિધુર કે છૂટાછેડા લીધેલ પુરૂષ ફરી ચોરી ફેરા ફરી

વિધિસર લગ્ન કરે છે. સાદાઇથી ચા-પાણી આપી લગ્ન કરવામાં આવે છે.

મરણ :

પોતાના સ્મશાનોનો અભાવ, અગ્નિ સંસ્કારનો ભારે ખર્ચ તથા વિધિની જાણકારીનો અભાવ.

ઉપરોક્ત કારણોને લીધે મૃત વ્યક્તિને દાટવામાં આવે છે. જો કે હવે અગ્નિ સંસ્કાર ક્યારેક અપાય છે. બારમું ઉજવવામાં આવતુ નથી. ભજનો અને પાઠ કરવામાં આવે છે.

વાઘરી લોકો દિવાસાના દિવસે પૂર્વજોને યાદ કરી સ્મશાન/દફનસ્થાનમાં સામૂહિક રૂદન કરે છે.

ધાર્મિક જીવન :

કોળી, પારધી, ભીલ, વાઘરી એ બધા હિન્દુ ધર્મ પાળે છે અને શંકર, ગણપતિ, વિષ્ણુ વગરે દેવોને માને છે. તેમજ લક્ષ્મીદેવીને પણ માને છે. તે છતાં દરેક જાતિઓમાં દરેક કુટુંબ પોતપોતાની કૂળદેવીઓની વિશેષ માનથી અને આમ-યાથી પૂજા કરે છે. કોળીઓમાં કેટલાક મુસ્લિમ ધર્મ પાળે છે.

તહેવારો - મેળા :

ગોકુળ આઠમ, શિવરાત્રિ, દિવાળી, હોળી, વિજયા - દસમી, નવરાત્રિ વગેરે ધાર્મિક તહેવારો ઉજવે છે.

વાઘરી લોકોમાં દિવાસો અને આસો સુદ આઠમ વધારે અગત્યની ગણાય છે જે સમૂહમાં ઉજવે છે.

: સમસ્યાઓ :

(૧) રહેઠાણની કપરી પરિસ્થિતિ.
(૨) સ્વચ્છતા અને આરોગ્યપ્રદ વાતાવરણનો અભાવ.

(૩) ચામડી વિષયક રોગો વીન પોષણયુક્ત આહાર.
(૪) વ્યસનો અને તેની પાછળનો થતો વધુ ખર્ચ.
(૫) શિક્ષણનું ઓછું પ્રમાણ, સ્ત્રી શિક્ષણનો અભાવ.
(૬) અજ્ઞાનતા, વહેમ અને ધાર્મિક અંધશ્રદ્ધા ઉપરાંત ધાર્મિક - સામાજિક પ્રસંગોમાં વધુ ખર્ચ.
(૭) કુટુંબ નિયોજનનો અભાવ, ખૂબજ મોટું કુટુંબ.
(૮) છૂટક કે ખેતમજૂરીમાં ખૂબજ નિમ્ન વળતર અને વેઠ પ્રથા, ગરીબાઇનું વધારે પ્રમાણ.
(૯) ધંધાકીય જાણકારીની ખામીને લીધે ઓછી આવક.
(૧૦) નાણાકીય મુશ્કેલીઓને કારણે ધંધામાં તેમજ ધાર્મિક-સામાજિક પ્રસંગોએ ઉંચા વ્યાજ શાહુકારો પાસેથી ઉછીની લેવામાં આવતા નાણાંને લીધે વધતો કર બોજ.
(૧૧) ધંધાના અપૂરતા સાધનો અને સુવિધાનો અભાવ.
(૧૨) સમાજનું સંગઠન અને જાગૃતિનો અભાવ.

## સમસ્યા - ઉકેલ અને સૂચનો

(૧) દરેક સમાજનું લત્તાવાર તેમજ ગામવાર એક સંગઠન સ્થાપી એક મંડળ રચવું જોઇએ. જે તેઓના સર્વાંગી વિકાસ માટે ઉપયોગી થાય કે જે દ્વારા જાગૃતિ આવે સાથે સાથે નવચેતનાનો આરંભ થાય. આને માટે સહકાર અને સમાજ સેવકો મદદરૂપ થાય તે પણ આવશ્યક છે.

(૨) શિક્ષણનો ફેલાવો અને ઉપયોગિતાનો ખ્યાલ આપી પૂરતું પ્રોત્સાહન પણ એટલું જ જરૂરી છે.
(૩) આવક વધારવા માટે જે જે ઉદ્યોગ ધંધામાં કે વ્યવસાયમાં હોય તેમાં તે વિષેની પૂરતી જાણકારી આપવી, અને આર્થિક સહાય પૂરી પાડવી.
(૪) નાના કુટિર ઉદ્યોગોનું જ્ઞાન, તાલીમ અને તે શરુ કરવા આર્થિક સહાય.
(૫) ટ્રક ડ્રાઇવર, મોટર મીકેનીક, પ્લમ્બર, ફીટર, સુથાર, કડીયા વિગેરેની તાલીમ સાથે સાથે આર્થિક સહાયની યોજના પણ આવશ્યક છે.

(૬) કુટુંબ નિયોજનનું જ્ઞાન અને સાધનોની ઉપયોગિતાનો પ્રચાર પણ આપવો જોઇએ.

(૭) વ્યસનોમાં પણ તેઓની આવકનો ૩૦ થી ૪૦ ટકા જેટલો હિસ્સો જાય છે. તે માટે તેઓને વ્યસનોથી થતું નુકશાન અને આરોગ્યની બરબાદીનું શિક્ષણ આપવું જોઇએ.

(૮) સગાઇ, લગ્ન, -યાત્રા, મરણ તેમજ વિગેરેમાં કેટલોક ખોટો ખર્ચ દેવું કરીને પણ કરે છે. તે ઉત્તરોત્તર ઘટે તે પણ એટલું જ આવશ્યક છે. તેને માટે તેઓના સમાજમાં જાગૃતિ લાવવી જરૂરી છે.

(૯) શિક્ષણનું પ્રમાણ તેમનામાં વધે તે માટે આશ્રમશાળાઓ ખોલવી જોઇએ. તેમજ પ્રૌઢ શિક્ષણના વર્ગો ચલાવવા જોઇએ.

(૧૦) દેવાને કારણે માનવી તન, મન, ધનથી ભાંગી પડે છે અને કાયમી ગુલામ જેવું માનસ ધરાવે છે. તે માટે દેવું જ લેવું અથવા યોગ્ય જગ્યાએથી લેવું તેમજ એક નાણાકીય ભંડોળ ઉભું કરી યોગ્ય જરૂરિયાતવાળાને યોગ્ય સમયે ઓછા વ્યાજે ધીરાણ આપવા વ્યવસ્થા કરવી જોઇએ.

(૧૧) રહેઠાણ માટે આરોગ્યપ્રદ આવાસો બાંધી આપવા જોઇએ.

(૧૨) એકજ જાતિમાં એક ધંધામાં એક કરતાં વધુ લોકો રોકાયેલ હોવાથી અંદરો-અંદર હરીફાઇ થવાને લીધે નફાનું પ્રમાણ ઘટે છે. આથી અમુક ધંધા માટે સરકારી મંડળની રચના કરી ખરીદ-વેચાણની વ્યવસ્થા કરવી જોઇએ.

XXXXXXXX

કૂબા કાયા અને મઢ મોભાદાર
(નળકાંઠા-ગુજરાતની પઢાર અનુસૂચિત જનજાતિનો વિકાસલક્ષી સમાજમાનવશાસ્ત્રીય અભ્યાસ)

અહેવાલ લેખન : છોટુભાઈ ધૂળાભાઈ પટેલ.

સારદોહન : છોટુભાઈ ધૂળાભાઈ પટેલ.

૧૯૯૧ ની વસ્તી ગણતરી પ્રમાણે ભારતમાં અનુસૂચિત જનજાતિ(આદિવાસી)ઓની વસ્તી ૩,૮૦,૧૫,૧૬૨ ની હતી. જે ભારતની કુલ વસ્તીના ૬.૯૩ ટકા થાય છે. જ્યારે ૧૯૯૧ ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતની કુલ વસ્તીમાં ૩૬,૩૪,૪૨૨ અનુસૂચિત જનજાતિ(આદિવાસી)ની વસ્તી હતી. જે ગુજરાતની કુલ વસ્તીના ૧૩.૯૯ ટકા થાય છે.

ગુજરાતમાં વસતિ જુદી જુદી ૨૯ જેટલી અનુસૂચિત જનજાતિઓમાં, કેટલીક જાતિઓની વસ્તી લાખથી ઉપરની છે. જ્યારે કેટલીક જાતિઓ એવી છે કે જેમની વસ્તી હજારથી દશ હજાર ની વચ્ચે છે. આમાં પઢાર જાતિનો સમાવેશ થાય છે. ગુજરાતમાં પઢાર આદિવાસીઓની વસ્તી અમદાવાદ જિલ્લાના ધોળકા અને વિરમગામ તાલુકાનાં તથા સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર જિલ્લાનાં લીંબડી તાલુકાનાં ગામોમાં છે. પઢારોનાં અગિયાર ગામો ની કુલ વસ્તીમાં પઢાર વસ્તી નીચેના કોઠામાં બતાવ્યા પ્રમાણે હતી.

| ક્રમ. | ગામનું નામ | તાલુકો | જિલ્લો | ગામની કુલ વસ્તી. | ગામની કુલ વસ્તીમાં પઢારની વસ્તી. |
|---|---|---|---|---|---|
| ૧. | રાણાગઢ | લીમડી | સુરેન્દ્રનગર. | ૩૭૪૫ | ૨૦૬૫. |
| ૨. | નાની કેઠચી | લીમડી | સુરેન્દ્રનગર. | ૨૯૫૫ | ૧૭૨૫. |
| ૩. | પડાલી | લીમડી | સુરેન્દ્રનગર. | ૧૪૫૦ | ૪૪૦ |
| ૪. | પરનાળા | લીમડી | સુરેન્દ્રનગર. | ૨૫૩૦ | ૨૪૫ |
| ૫. | ગેડી | લીમડી | સુરેન્દ્રનગર. | ૧૫૨૦ | ૫૦ |
| ૬. | રળોલ | લીમડી | સુરેન્દ્રનગર. | ૪૧૮૫ | ૯૬૫ |
| ૭. | આનંદપર | લીમડી | સુરેન્દ્રનગર. | ૧૦૮૮ | ૬૫ |
| ૮. | શાહપુર | વિરમગામ | અમદાવાદ. | ૩૨૬૦ | ૧૧૧૫ |
| ૯. | શિયાળ | ધોળકા | અમદાવાદ. | ૩૯૭૫ | ૧૫૬૨ |
| ૧૦. | ધરજી(દુર્ગી) | ધોળકા | અમદાવાદ. | ૨૨૬૦ | ૧૬૨૯ |
| ૧૧. | દેવડથલ | ધોળકા | અમદાવાદ. | ૧૨૯૦ | ૩૨૪ |
| | કુલ :- | | | ૨૯૮૫૮ | ૧૦૧૮૫ |

૧૯૬૧ ની વસ્તી ગણતરી પ્રમાણે ધરજી ગામમાં પઢારોની વસ્તી જ બતાવવામાં નથી આવી.અને બધા ગામોના પઢારની કુલ વસ્તી માત્ર ૩૯૫૮ ની બતાવવામાં આવી છે. ખરેખર વસ્તી આથી ઘણી વધુ હશે.એવું બની શકે કે ગામના બધા પઢારો ગણતરીને દિવસે(મજૂરી માટે) બહારગામ ગયા હોય તેથી તેમની ગણતરી આ ગામમાં ન થઇ હોય.

પઢાર આદિવાસીના વસવાટના આ ૧૧ ગામો નળસરોવરના કાંઠા વિસ્તારમાં આવેલા છે.

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાનો દક્ષિણ અને ધંધુકા તાલુકાનો પૂર્વ વિસ્તાર, વિરમગામ તાલુકાનો દક્ષિણ અને પશ્ચિમ વિસ્તાર,સાણંદ મહાલનો પશ્ચિમ વિસ્તાર અને સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર જીલ્લાના લીમડી તાલુકાનો પૂર્વ-દક્ષિણ વિસ્તારનો પ્રદેશ એવુ એક ભૌગોલિક એકમ નળકાંઠા વિસ્તાર તરીકે ઓળખાય છે.

જમીન :-

આ વિસ્તારની જમીન મધ્યમકાળી અને સપાટ છે. આ વિસ્તારમાં કેટલાક સ્થળે ખારાપાટની જમીન જોવા મળે છે. જમીનમાં ઊંડે ખોદતાં ખારું પાણી મળી આવે છે. આ પ્રદેશમાં પીવા માટેનું મીઠું પાણી મેળવવું મુશ્કેલ છે.

પાક :-

આ વિસ્તારની જમીનમાં ચોમાસામાં બાજરી,જુવાર,કપાસ,ડાંગર અને મગફરી અને શિયાળામાં ઘઉં,ચણા,શિયાળુ જુવાર,મગ,મઠ પાકે છે.

આબોહવા :-

ઉનાળામાં સખત ગરમી, શિયાળામાં અતિશય ઠંડી અને ચોમાસામાં સાધારણ વરસાદ થાય છે. માર્ચથી મે માસ સુધી ઉનાળો ગણાય છે. ઉનાળામાં સરેરાશ ગરમી ૨૬૩.૦ સે.ગ્રેડ જેટલી પડે છે. અને શિયાળામાં ઓછામાં ઓછું ઉષ્ણતામાન ૫.૦ સે.ગ્રે સુધી નીચું ઉતરી જાય છે.

વરસાદ :-

મોસમનો સરેરાશ કુલ વરસાદ ૫૦૬.૮ મી.મી.જેટલો થાય છે.

વૃક્ષો :-

આ વિસ્તારમાં વૃક્ષોમાં પીલુડો અને ખજીડો અને કોઇ કોઇ જગ્યાએ લીમડો જોવા મળે છે.

પઢારોના અભ્યાસ માટે ચાર ગામો-લીમડી તાલુકામાં નાની કઠેચી અને સ્ટોલ તથા વિરમગામ તાલુકાનુ શાહપુર ગામ અને ધોળકા તાલુકાનુ ધરજી(દુર્ગા)-પસંદ કરવામાં આવ્યાં હતાં.

આ ચારેય ગામોમાંથી ગામદીઠ ૨૫ કુટુંબો મુજબ કુલ ૧૦૦ કુટુંબોને તપાસવામાં આવ્યાવામાં આવ્યા હતાં.

આ કુટુંબોની આર્થિક પરિસ્થિતિ જેવી કે આવક,ખર્ચ,દેવુ અને તેમની મિલકત વગેરેની જાણકારી માટે અનુસૂચિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.આ ઉપરાંત વધારાની માહિતી માટે મુલાકાત માર્ગદર્શિકાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આ તપાસમાં જે તારણો આવ્યા છે તે અત્રે રજૂ કરું છું.

પઢારોનો વસવાટ ગામમાં એક સાથે જોવા મળે છે. અને ગામમાં વસતી બીજી જ્ઞાતિઓના વસવાટથી અલગ હોય છે.પરંતુ હરિજનોની માફક પઢારોને અછૂત ગણવામાં આવતા નથી.

ગામમાં એક કરતા વધુ ગોત્ર-સાખ-ના પઢારો વસતા હોય તો દરેક ગોત્રના પઢારોનાં ફળિયા મહદ્ અંશે અલગ અલગ હોય છે. પણ એક ગોત્ર અને બીજા ગોત્ર વચ્ચે ઊંચનીચના ભેદ જોવા મળતા નથી.

તપાસ હેઠળનાં કુલ ૧૦૦ કુટુંબોની કુલ સભ્ય સંખ્યા ૬૬૩ ની છે. તેમાંથી ૩૫૭ પુરુષો અને ૩૦૬ સ્ત્રીઓ છે. આમાં ૧ થી ૩ ની સભ્યસંખ્યાવાળા ૧૨ કુટુંબો, ૪ થી ૭ ની સભ્યસંખ્યાવાળાં ૫૯ કુટુંબો,૮ થી ૧૦ ની સભ્યસંખ્યા ધરાવતાં ૧૯ કુટુંબો અને ૧૧ અને તેથી વધુ સભ્ય સંખ્યા ધરાવતાં ૧૦ કુટુંબો હતાં. આમ કુટુંબોની સભ્યસંખ્યા ઉપરથી એવું તારણ નીકળે છે કે પઢારોનાં કુટુંબનુ કદ મોટુ છે.

તપાસ હેઠળનાં ૧૦૦ કુટુંબોમાંથી ૬૧ કુટુંબો કેન્દ્રીય કુટુંબો હતાં. અને ૩૯ કુટુંબો સંયુકત કુટુંબો હતાં.આમ પઢારોમાં કેન્દ્રીય કુટુંબો તરફનો ઝોક વધારે જોવા મળે છે.

તપાસ હેઠળનાં ૧૦૦ કુટુંબોના ૩૫૯ પુરુષો અને ૩૦૬ સ્ત્રીઓ મળી કુલ ૬૬૩ ની સભ્ય સંખ્યામાંથી, ૧૮૦ પુરુષો અને ૧૬૫ સ્ત્રીઓ મળી કુલ ૩૪૫ સભ્યો કમાણી કરનારે હતાં.આમ લગભગ ૫૦ ટકા સભ્યો કોઈપણ જાતનું કામ ધંધો કરતા નહોતા.

તપાસ હેઠળનાં ૧૦૦ કુટુંબોમાંથી ફકત એક કુટુંબનું ઈંટોવાળું અને મેંગલોરી નળિયાવાળું પાકું મકાન હતું.આ સિવાય ૯૯ ટકા કુટુંબોના મકાનો કાચાં હતાં.તેમના મકાનો સ્થાનિક સાધન સામગ્રીથી બનાવેલા હતાં. મકાનોનું ક્ષેત્રફળ માંડ ૫૦ થી ૯૫ ચો.ફુટ જેટલું હોય છે.

<u>ખોરાક અને પીણાં</u> :-

પઢારોનો ખોરાક સામાન્ય રીતે હલકા અને જાડા પ્રકારના ધાન્યોનો છે. તથા બીડ નામનું કંદમૂળ નળસરોવર વિસ્તારમાંથી ખોદી લાવીને આ કંદમૂળ દળાવીને તેના રોટલા કરીને ખાય છે. તથા નળસરોવરમાંથી માછલી પકડી લાવીને તેનો પણ ખોરાકમાં ઉપયોગ કરે છે.

પીણાંમાં તેઓ આ સિવાય બીજું કોઈ પીણું પીતા નથી.દારુ પીવાનો કયાય જોવા કે જાણવા મળ્યું નહોતું.

પઢારો પોતાના જીવનનિર્વાહ માટે નીચે આપેલા કાર્યો કરે છે.

ખેતી,ખેતમજૂરી,કાલાફોલવાં,માટીકામની મજૂરી,બીડ ખોદવુ,હોડી ચલાવવી, મચ્છીમારી તથા પશુપાલન,દરજી,ઠેકદાર,બજાવિક વગેરે વ્યવસાયો પણ જોવામાં આવે છે.

તપાસ હેઠળનાં ૧૦૦ કુટુંબોમાંથી ૫૩ કુટુંબો જમીન વિહોણાં હતાં.અને જમીન ધરાવનાર કુટુંબોમાંથી ૦.૧ થી ૨.૫ એકર નાં જમીનધારણનાં કદમાં ૨૧,૨.૬ થી ૫.૦ એકરનાં કદમાં ૫,૫.૧ થી ૭.૫ નાં કદમાં ૫,૭.૬ થી ૧૦.૦ નાં કદમાં ૫ અને ૧૦.૧ થી ૧૫.૦ એકરના કદમાં ૭ કુટુંબો હતાં આમ પઢારો પાસે ખેતી માટેની પૂરતી જમીન નથી.

તેમની પાસે ખેતીની જમીન પૂરતી નહી હોવાથી તેઓને ખેતી માટે બળદ રાખવા પણ પોસાતા નથી.આના કારણે તેઓ ખેતીનું કામ સમયસર કરાવી શકતા નથી.સુધરેલા બિયારણ વગેની કોઈ માહિતી ધરાવતા નથી.તેમજ ખેતીના પૂરતા સાધનો પણ ધરાવતા નથી.

(૫)

જે મઠારો ખેતમજૂરી કરે છે. તેઓને પણ સ્થાનિક મજૂરી પૂરતા પ્રમાણમાં મળતી નથી ચાથી તેઓને બીજા ગામે મજૂરી માટે જવું પડે છે.

તપાસ હેઠળના વર્ષમાં તપાસમાં લીધેલ કુટુંબોની ૧૮૦ પુરુષો અને ૧૯૫ સ્ત્રીઓ મળી કુલ ૩૭૫ સભ્યો જુદા જુદા પ્રકારની મજૂરી કરતા હતા. તેમાં પુરુષો ને વર્ષમાં સરેરાશ ૫૩ દિવસ ખેતમજૂરી,૭૬ દિવસ માટીકામની મજૂરી,અને ૧૮ દિવસ બાંધકામ ની મજૂરી મળી હતી. તેવી જ રીતે સ્ત્રીઓને વર્ષમાં સરેરાશ ૪૦ દિવસ ખેતમજૂરીમાં ૭૫ દિવસ માટીકામની મજૂરી અને ૧૧ દિવસ બાંધકામની મજૂરી મળી હતી. આ બધા પ્રકારની મજૂરીના વર્ષના સરેરાશ દિવસો જોઈએ તો દરેક પુરુષને સરેરાશ ૧૪૭ દિવસ અને સ્ત્રીઓને સરેરાશ ૧૨૬ દિવસો કામ મળ્યુ હતું. સ્ત્રી-પુરુષ બન્ને ને સરેરાશ ૧૩૯ દિવસો કામ મળ્યુ હતું. નીચેનો કોઠો જોવાથી આ સ્પષ્ટ સમજાશે.

તપાસ હેઠળનાં ગામોમાં કુલ કામ કરનાર સભ્યોને વર્ષમાં કયા કામમાં કેટલા દિવસ મજૂરી મળી હતી તે દર્શાવતો કોઠો X

| ગામનું નામ | કામ કરનાર સંખ્યા | | | ખેતમજૂરીમાં કામ કરેલા દિવસો | | માટીકામની મજૂરીમાં કામ કરેલા દિવસો | | બાંધકામની મજૂરીમાં કામ કરેલા દિવસો | | કુલ કામ કરેલા દિવસો | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | કુલ | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | કુલ |
| ધરજી(દુર્ગી) | ૫૧ | ૫૦ | ૧૦૧ | ૨૧૮૦ (૪૩) | ૧૭૪૫ (૩૫) | ૬૪૦ (૧૩) | ૪૫૦ (૯) | ૨૦૭૦ (૪૧) | ૮૭૦ (૧૭) | ૪૮૯૦ (૯૭) | ૩૦૬૫ (૬૧) | ૭૯૫૫ (૭૯) |
| શાહપુર | ૪૧ | ૩૯ | ૮૦ | ૨૪૨૫ (૫૯) | ૧૫૪૫ (૪૦) | ૬૪૫૦ (૧૫૭) | ૬૩૭૦ (૧૬૩) | - | - | ૮૮૭૫ (૨૧૬) | ૭૯૧૫ (૨૦૩) | ૧૬૭૯૦ (૨૧૦) |
| રળોલ | ૪૫ | ૩૫ | ૮૦ | ૩૧૮૦ (૭૧) | ૧૯૪૫ (૫૬) | ૫૧૨૦ (૧૧૪) | ૪૧૦૦ (૧૧૭) | - | - | ૮૩૦૦ (૧૮૪) | ૬૦૪૫ (૧૭૩) | ૧૪૩૪૫ (૧૭૯) |
| નાની કડચી | ૪૩ | ૪૧ | ૮૪ | ૧૬૯૦ (૩૯) | ૧૩૪૦ (૩૩) | ૧૪૮૫ (૩૫) | ૧૩૯૫ (૩૪) | ૧૨૧૦ (૨૮) | ૯૬૦ (૨૩) | ૪૩૮૫ (૧૦૨) | ૩૬૯૫ (૯૦) | ૮૦૮૦ (૯૬) |
| કુલ | ૧૮૦ | ૧૬૫ | ૩૪૫ | ૯૪૭૫ | ૬૫૭૫ | ૧૩૬૯૫ | ૧૨૩૧૫ | ૩૨૮૦ | ૧૮૩૦ | ૨૬૪૫૦ | ૨૦૭૨૦ | ૪૭૧૭૦ |
| કામ કરનાર સભ્યદીઠ કામના સરેરાશ દિવસ | | | | (૫૩) | (૪૦) | (૭૬) | (૭૫) | (૧૮) | (૧૧) | (૧૪૭) | (૧૨૬) | (૧૩૭) |

X કૌંસમાં દર્શાવેલા આંકડા સભ્યદીઠ કામના સરેરાશ દિવસો દર્શાવે છે

તપાસવામાં આવેલા કુટુંબોની કુલ વાર્ષિક આવકમાંથી ૮.૮૯ ટકા આવક ખેતી અને પશુપાલનના ધંધામાંથી થઇ હતી, જ્યારે ૯૧.૧૩ ટકા આવક જુદા જુદા પ્રકારની મજૂરી માંથી થઇ હતી. આમ પઢારોના જીવનનિર્વાહનો મોટો આધાર મજૂરી પર રહેલો છે. નીચેનો કોઠો જોતાં સ્પષ્ટ જણાય છે કે પઢારો ખેતી અને પશુપાલનમાંથી કેટલી આવક મેળવી શકે છે. એઓની ખેતી તો નામની જ છે. તેવી જ રીતે પશુપાલન પણ નહીંવત જોવા મળે છે.

તપાસમાં લેવામાં આવેલા કુટુંબોની, ગામવાર જુદા જુદા ધંધામાંથી થતી આવકનું પ્રમાણ દર્શાવતો કોઠો.

| ક્રમ ગામનું નામ | ખેતી અને પશુપાલન માંથી થતી આવક. | મજૂરીમાંથી થતી આવક. | કુલ આવક. |
|---|---|---|---|
| ૧. ઘરજી(દુર્ગી) | ૧૪૮૦૩<br>(૨૧.૪૪) | ૫૪૨૫૩<br>(૭૮.૫૬) | ૬૯૦૫૬<br>(૧૦૦.૦૦) |
| ૨. શાહપુર | ૪૩૩૨<br>(૭.૩૩) | ૫૯૬૯૦<br>(૯૨.૬૯) | ૬૪૫૨૨<br>(૧૦૦.૦૦) |
| ૩. રણોલ | ૩૮૬૫<br>(૬.૧૩) | ૫૯૧૩૫<br>(૯૩.૮૭) | ૬૩૦૦૦<br>(૧૦૦.૦૦) |
| ૪. નાની કઠેચી. | ૩૩૨૫<br>(૩.૧૯) | ૧૦૧૪૫૦<br>(૯૬.૮૩) | ૧૦૪૭૭૫<br>(૧૦૦.૦૦) |
| કુલ | ૨૬૯૨૫<br>(૮.૮૯) | ૨૭૪૫૨૮<br>(૯૧.૧૩) | ૩૦૧૩૫૩<br>(૧૦૦.૦૦) |

આમ પઢારોની કુલ આવકના ૯૧.૧૩ ટકા આવક એકલી મજૂરીમાંથી મેળવે છે.

આવક જૂથ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ :-

૬ ટકા કુટુંબોની આવક રૂા. ૫૦૦ થી ઓછી, ૧૦ ટકાની ૫૦૧ થી ૧૦૦૦, **૧૮ ટકાની** ૧૦૦૧ થી ૧૫૦૦, ૬ ટકાની ૧૫૦૧ થી ૨૦૦૦,૩૩ ટકાની ૨૦૦૧ થી ૩૦૦૦, ૧૩ ટકાની ૩૦૦૧ થી ૪૦૦૦ ની,૯ ટકાની ૪૦૦૧ થી ૫૦૦૦ ની અને ૯ ટકા કુટુંબોની આવક ૫૦૦૧ થી ઉપર હતી.

તપાસમાં લીધેલ ૧૦૦ કુટુંબોની ખેતી અને પશુપાલન તથા મજૂરીમાંથી કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક,માસિક તથા માથાદીઠ વાર્ષિક,માસિક અને દૈનિક આવક નીચેના કોઠા માં દર્શાવ્યા મુજબની હતી.

| | ખેતી અને પશુપાલન માંથી થતી આવક (રૂ.માં.) | મજૂરીમાંથી થતી આવક (રૂ.માં.) | કુલઆવક. (રૂ.માં) |
|---|---|---|---|
| કુટુંબદીઠ વાર્ષિક આવક. | ૨૬૯ | ૨૭૪૬ | ૩૦૧૩ |
| કુટુંબદીઠ માસિક આવક. | ૨૨ | ૨૨૯ | ૨૫૧ |
| માથાદીઠ વાર્ષિક આવક. | ૪૦.૨૦ | ૪૨૪.૧૨ | ૪૬૪.૩૨ |
| માથાદીઠ માસિક આવક. | ૩.૩૫ | ૩૪.૫૧ | ૩૯.૮૬. |
| માથાદીઠ દૈનિક આવક. | ૦.૧૧ | ૧.૧૫ | ૧.૨૬ |

પઢારોને જીવનનિર્વાહ માટે કઇ કઇ બાબતોમાં કેટકેટલો ખર્ચ થાય છે તે જોઇએ. ૪૧.૬ ટકા અનાજ,૮.૩ ટકા તેલ,૬.૦ ટકા ગોળખાંડ,૨.૭ ટકા દૂધ,૧.૯ ટકા ગરમ મસાલા,૩.૪ ટકા બીડી-તમાકુ,૦.૯ ટકા બળતણ,૦.૫ ટકા દિવાસળી,૨.૯ ટકા શાકભાજી,૦.૮ ટકા શિક્ષણ અને દવાદારૂ,૪.૬ ટકા મુસાફરી,૧૯.૫ ટકા કપડાં,૧.૪ ટકા પગરખાં અને ૪.૩ ટકા અન્ય સામાજિક ખર્ચ છે.

આમ તેમના ખર્ચનો મોટો ભાગ અનાજ અને કપડાં પાછળ થાય છે. જ્યારે શિક્ષણ અને દવાદારૂ પાછળ કુલખર્ચના માત્ર ૦.૮ ટકા વાપરે છે. આમ પઢારો હજી શિક્ષણનું

મહત્વ સમજાતા થયા નથી. વળી શિક્ષણનું મહત્વ સમજાતા હોય છતાં તે પાછળ તેમને ખર્ચ કરવાની સ્થિતિ નથી.

તપાસેલ કુટુંબોનું કુટુંબદીઠ વાર્ષિક, માસિક તથા માથાદીઠ વાર્ષિક, માસિક અને દૈનિક ખર્ચ નીચે પ્રમાણે જોવા મળ્યુ હતું.

| | (રૂા.મા.) |
|---|---|
| કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ. | ૨૯૬૮-૦૦ |
| કુટુંબદીઠ માસિક ખર્ચ. | ૨૪૬-૦૦ |
| માથાદીઠ વાર્ષિક ખર્ચ. | ૪૪૯-૦૦ |
| માથાદીઠ માસિક ખર્ચ | ૩૯-૦૦ |
| માથાદીઠ દૈનિક ખર્ચ. | ૧-૨૩. |

તપાસેલ કુટુંબોનું કુટુંબદીઠ વાર્ષિક સરેરાશ આવક રૂા. ૩૦૧૩ થાય છે. અને સરેરાશ વાર્ષિક ખર્ચ રૂા. ૨૯૬૮ થાય છે.

શિક્ષણ :-

પઢારોમાં શિક્ષણનું પ્રમાણ નહીવત્ છે. તપાસેલ કુટુંબોમાં કુલ ૬૬૩ ની સભ્ય સંખ્યામાં ૩૪૪ પુરુષોમાંથી ૧૩ પુરુષો અને ૩૦૪ સ્ત્રીઓમાં માત્ર ૨ સ્ત્રીઓએ શિક્ષણ મેળવેલુ હતું.

રણોલ ગામની પ્રાથમિક શાળામાં કુલ અભ્યાસ કરતા ૩૯૯ છોકરા અને ૯૨ છોકરીઓ મળી ૪૯૧ ની સંખ્યા હતી તેમાં અભ્યાસ કરતાં પઢાર બાળકોની સંખ્યા ૨૪ ની (એ માત્ર ૫ ટકા) હતી.

દેવુ :-

પઢારોના કુલ દેવામાંથી ૫૪.૫૪ ટકા સહકારી મંડળીનું, ૨૪.૫૦ ટકા શાહુકારનું અને ૨૦.૯૬ ટકા સગા સંબંધીઓનું દેવુ હતું. આમ પઢારોનું દેવુ સહકારી મંડળીનું જોવા મળતું હતું. આમાં એક વાતની નોંધ લેવી જોઈએ કે જે સહકારી મંડળીનું દેવુ હતું. તે ફકત જમીન ધરાવનાર કુટુંબોનું જ હતી. કારણ કે જેમની પાસે જમીન હોય છે. તેમને જ સહકારી મંડળીમાંથી જમીન ઉપર લોન મળી શકે છે.

## સામાજિક રીતરિવાજ.

લગ્ન:- પઢારોમાં છોકરાની લગ્નની ઉંમર ૨૦ વર્ષ અને છોકરીની ૧૬ વર્ષની ગણવામાં આવે છે. લગ્નનું માગું છોકરા પક્ષેથી કરવામાં આવે છે. સ્ત્રીની પ્રથમ સુવાવડ તેના પિયરમાં કરાવવામાં આવે છે. બાળકના જન્મ પછી છઠ્ઠા દિવસે છઠ્ઠી ઉજવવામાં આવે છે.

પઢારોમાં સ્ત્રી વિધવા થયા પછી દિયરવટું કરી શકે છે. તેવી જ રીતે પુરુષ સાળીવટું કરી શકે છે. આમ સ્ત્રી-પુરુષને ફરજિયાત વૈધવ્ય ભોગવવું પડતું નથી.

મૃત્યુ પછી મૃતકને અગ્નિદાહ આપે છે. અથવા ક્યાંક દાટે પણ છે.

ધર્મ:-

પઢારો હિંદુધર્મી છે. સમગ્ર પઢાર સમાજની કુળદેવી ઝૂપાળી માતા આ ઉપરાંત પઢારોમાં જુદી જુદી સાખ જોવા મળે છે. અને દરેક સાખના પઢારોને પોતાની સાખની કુળદેવી અને સાથે ચડવદેવી હોય છે. પોષ માસની પુનમે સમગ્ર પઢાર જાતિ ઝૂપાળી માતા ને નૈવેદ્ય ચઢાવે છે. જેને તેવો વરાધ તરીકે ઓળખાવે છે.

પઢારોની કોઈપણ પ્રવૃત્તિ એવી નહી હોય કે જેમાં ધર્મનું સ્થાન ન હોય. જેમ કે અનાજની વાવણીમાં, નવું મકાન બનાવવાની વખતે તથા સામાજિક કાર્યમાં ધર્મ અગત્યનો ભાગ ભજવે છે.

તહેવારો:-

નવરાત્રી, નાગપાચમ, જન્માષ્ટમી, ગણેશચોથ, હોળી વગેરે.

## પઢાર જાતિપંચ.

પઢાર સમાજમાં પોતાનું સામાજિક સંગઠન ટકાવી રાખવા માટે દરેક વ્યકિત પાસે અમુક ચોકકસ પ્રકારના આચરણની આશા રાખવામાં આવે છે. આ સમાજમાં સગપણ પ્રથા અને રકતસંબંધનું ખૂબજ મહત્વ જોવા મળે છે. આથી પઢાર સમાજમાં મોટીયારનું પદ વંશપરંપરાગત જોવા મળે છે.

પઢારોમાં ન્યાય વ્યવસ્થા ત્રીસ્તરીય છે. આમાં ફળિયા પંચ-સાખપંચ-, ગ્રામપંચ અને સમગ્ર પઢાર સમાજનું પંચ અસ્તિત્વમાં છે.

## સમસ્યાઓ.

ખેતી:-

૧. દરેકની પાસે પૂરતી ખેતીની જમીન નથી.

૨. સુધરેલાં બિયારણોનું જ્ઞાન નથી.

૩. ખેતોમાં સિંચાઈ માટે કોઈ સાધન ઉપલબ્ધ નથી.

૪. ખેતોમાં પૂરતાં ઓજારો નથી.

મજૂરી :-

૧.સ્થાનિક મજૂરી પૂરતા પ્રમાણમાં મળી શકતી નથી.

૨.મજૂરોના કામના પ્રમાણમાં પૂરતું વળતર મળતું નથી.

૩.બહારગામ મજૂરી માટે જવુ પડતું હોવાથી,શાળામાં અભ્યાસ કરતાં બાળકોનો અભ્યાસ છોડાવી ને સાથે લઈ જવાં પડે છે.

૪.મજૂરી મેળવવા માટે કમિશન આપવું પડે છે.

૫.માટીકામની મજૂરીમાં ઘણી જાતની ઉતરપિંડી થતી સંભળાય છે.

રહેઠાણ :-

૧. મકાનો ખૂબ જ નાનાં એક ખંડનાં છે.

૨. મકાનોમાં પૂરતાં હવાઉજાસ હોતાં નથી.

૩. મકાનોના છાપરાં ઘાસથી છાએલાં હોય છે.

૪. મદદના અભાવે અડધું મકાન ચણીને છોડી દેવું પડે છે. પરીણામે ચોમાસુ આવતા તે ધોવાઈ જાય છે.

૫. મકાનો માટે પૂરતી જમીન નથી.

આરોગ્ય :-

૧.પૂરતો પૌષ્ટિક આહાર મળતો નહી હોવાથી શરીર દુર્બળ છે.

૨.પીવાનાં સ્વચ્છ પાણીની સગવડ દરેક ગામે નથી.

૩.દરેક ગામમાં આરોગ્ય કેન્દ્રની સગવડ નથી.

૪. તેમજ નબળી આર્થિક પરિસ્થિતિના કારણે દવાનો ઉપયોગ કરી શકતા નથી.

75

શિક્ષણ :-

૧. મજૂરી માટે બહારગામ જવુ પડતુ હોવાથી, બાળકોને પણ સાથે લઇ જવા પડે છે. આથી શિક્ષણ બગડે છે.

૨. આશ્રમશાળાની દરેક ગામે સગવડ નથી.

૩. ધંધાકીય તાલીમનો અભાવ છે.

મચ્છીમારી :-

૧. મચ્છીમારી માટે પૂરતા સાધનો નથી.

૨. પકડેલી માછલી સસ્તા ભાવે વેચી દેવી પડે છે. કારણ કે લાંબો સમય માછલી સાચવી શકાય તેવી તેમની પાસે કોઇ વ્યવસ્થા નથી.

સમગ્ર આર્થિક સ્થિતિ :-

૧. ઘણી જ નબળી છે.

૨. સહકારિતાનું માળખું તદ્દન અવિકસિત છે.

૩. આર્થિક સામાજિક પાયાની સવલતો અને નિક્ષેપો ખૂબ ઓછા છે.

: સુઝાવો :

ખેતી :-

૧. જે લોકો ખેતી કરે છે. તેમને ખેતીની પૂરતા પ્રમાણમા જમીન આપવી.

૨. સુધારેલ બિયારણોનુ જ્ઞાન આપવુ.

૩. સિંચાઇ માટે ટ્યુબવેલ કરવા જોઇએ.

૪. ગામમા ખરાબાની જમીન નવસાધ્ય કરીને પઢારોને આપવી જોઇએ.

૫. રણોલ ગામમાં ડાંગર પાકી શકે તેવી ૫૦૦૦ એકર જેટલી જમીન બાંધેલો પાળો તૂટી જવાથી એમને એમ પડી રહે છે. તો તે પાળો તાત્કાલિક બાંધી દેવો જોઇએ.

૬. ખાતર, બિયારણ માટે ધિરાણની વ્યવસ્થા કરવી.

૭. પઢારોની ખેતી વિકાસ સહકારી મંડળી રચવી.

૮. જમીનમાં પાળા બાંધી ક્યારાની જમીનમા ફેરવવી.

મજૂરી:-

સ્થાનિક રોજગારી પૂરતા પ્રમાણમા મળી રહે તે માટે તેમને અંબરચરખા કાતવાની

તાલીમ આપી ચરખા માટે લોન અને સબસીડી આપી શકાય તેમજ કપડા સીવવાનું કામ શીખવાડીને સિલાઇ મશીન પૂરા પાડવા જોઇએ.

પઢારોની માટીકામની સહકારી મંડળી રચીને, જે સરકારી કામો થાય છે તે સીધા આ મંડળીને આપવા જોઇએ. જે લોકોને પશુપાલનની ઇચ્છા હોય તેમને દૂઝાળા ઢોર માટે લોન આપવી.

<u>રહેઠાણ</u> :-

પઢારોના મકાનો કાચા અને નાના હોય છે. તેની જગ્યાએ તેમને પાકા મકાનો બનાવી આપવા જોઇએ. અને હવા -ઉજાસની પૂરતી વ્યવસ્થાવાળા તથા મકાનો વચ્ચે ખુલ્લી જમીન રાખવી જોઇએ.

શિક્ષણ :-
-----

મોટા ભાગના પઢાર વર્ષમાં મોટો સમય ગામની બહાર લાંબા વિસ્તારમાં મજૂરી માટે પોતાના કુટુંબ સાથે સ્થળાંતર કરતા હોવાથી,તેમના બાળકોનું શિક્ષણ બગડે છે. માટે બાળકો પોતાના વતનમાં શિક્ષણ મેળવી શકે તે માટે આશ્રમશાળા શરુ કરવી જોઇએ.તેમજ બાળકોની નિયમિત હાજરી માટે પ્રોત્સાહનરુપે તેમના વાલીઓને થોડીઘણી મદદ કરવી જોઇએ.

આરોગ્ય:-
-----

પઢારોનું આરોગ્ય સચવાઇ રહે તે માટે તેઓને પીવાનું ચોખ્ખું પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરવી જોઇએ.તથા નાના બાળકોને માટે પૌષ્ટિક આહાર યોજના શરુ કરવી જોઇએ. તથા તેઓ માંદગીમાં દવા કરાવતા થાય તેની સમજણ આપવી જોઇએ.તથા દરેક ગામે આરોગ્ય કેન્દ્રની સગવડ હોવી જોઇએ.

ગામો ગામ સસ્તા અનાજની દુકાન કરવી જોઇએ.ત્યા પૂરતાં પ્રમાણમાં જુવાર,ગોળ અને તેલ મળવા જોઇએ.

મચ્છીમારી:-
-------

પઢારો વધુ પ્રમાણમાં માછલી પકડી શકે તે માટે તેમને પૂરતાં સાધનો પૂરાં પાડવા જેવા કે હોડકા અને માછલી પકડવાની જાળ તથા તેમનું શોષણ અટકાવવા માટે તેમની મચ્છીમારી સહકારી મંડળી રચવી જોઇએ.અને આ મંડળી તેઓએ પકડેલી માછલી

તેનો યોગ્ય ભાવ આપીને ખરીદે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

અન્ય:-

૧. સમાજલક્ષી સંસ્થાઓએ પઠારોનું કામ ઉપાડી લેવું જોઈએ.

૨. પઠારોમાં નવકૌશલ્ય દખલ કરવા માટે જુદી જુદી તાલીમ આપવી જોઈએ.

૩. એમનાં ભજન મંડળી, ભવાઈ મંડળીઓ, નૃત્યમંડળીઓ કરવા જોઈએ.

૪. એમને માટે ઉપરોક્ત મુદ્દાઓ આવરી લેવા એક ખાસ વિકાસ યોજના બનાવવી. અને એક 'સ્પેશ્યલ અધિકારી'ની નિમણૂક કરી યોજનાનું કાર્યાન્વિમન કરાવવું.

-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x

: વાસો જાતિના બે ચિત્ર :

(કેલીફોર્નિયા અને નેવેડા(ઉત્તર અમેરિકા)ની એક ઇન્ડીયન જાતિનો અભ્યાસ)

પાના. : ૧૮૮

અહેવાલ લેખન : શ્રીમતિ કોકિલાબેન શાહ.

સારદોહન : શ્રીમતિ કોકિલાબેન શાહ.

અમેરિકાના કેલીફોર્નિયા રાજય અને નેવેડા રાજયની સરહદ ઉપર ૬૦૦૦ ફુટની ઉંચાઇએ તાહોય નામનુ સરોવર આવેલુ છે. આજુબાજુ રણ વિસ્તાર અને ડુંગરાળ વિસ્તાર હોવા છતાં સમુધ્ધ અમેરિકન પ્રજા માટે એ અગત્યનુ મનોરંજનનુ સ્થળ બની રહયુ છે. નીવેડા રાજય ના દક્ષિણ ઢોળાવ પાસે જુગાર કાયદેસર રમી શકાય છે. તેથી સરોવર તોહોયની આસપાસ અનેક હોટેલો, મોટેલો, ઉપહારગૃહો અને આરામગૃહોનું જંગલ ઊગું થઇ ગયુ છે.

આ છે સમૃધ્ધ અમેરિકનોનુ નવરાશનુ જગત પણ આ તાહોય સરોવર એકલા આધુનિક અમેરિકનો પૂરતુ મર્યાદિત નથી. ઘણા વર્ષો પૂર્વેથી તેમ જ હાલમાં પણ આ સરોવર વાસો નામની એક જન જાતિના જીવનનુંય કેન્દ્ર છે. સમૃધ્ધ અમેરિકનોથી સાવભિન્ન રહેણી કરણીવાળા એક બીજી દુનિયા અહીં વસે છે. આ બીજી દુનિયા વાસો જાતિની છે. હજુ આજે પણ એ લોકો એવુ માને છે. કે અહી 'એંગ'નામનુ એક રાક્ષસી પક્ષી રહે છે. જે જુના સમયમાં એમના વડવાઓને રંજાડતુ હતુ.

આજે જયાં નવી હોટેલો બંધાઇ છે. જેના કિનારા પર આધુનિક મોટરબોટો બાંધવા માટે ગોદી બંધાઇ છે. તેજ તાહોય સરોવરના કિનારા ઉપર, એક જમાનામાં ઉનાળામાં વાસો માછલાં પકડવા આવતા હતા. સરોવરના આસપાસના પથ્થરોમાં એમના લોકજીવનનો અપૂર્વ વારસો છે. કોઇ ગુફામાં, કોઇ સુન્દર ભેખડ ઉપર કે કોઇ ઊંડી ખીણ સાથે તેમની દંતકથાઓ સંકળાયેલી છે. હજી પણ નાના નાના ઝરણામાં તેમને જળદેવતાઓ દેખાય છે. હજી પણ તેમને કોઇ ઠેકાણે અધ રાક્ષસના અલૌકિક સ્વરુપો દેખા દે છે. ગોરા યુરોપીયનો ના આક્રમણથી તેમની આ માન્યતાઓમાં ખાસ કોઇ ફેર પડતો નથી.

વાસો જાતિનો અભ્યાસ આ સંદર્ભમાં થવો ઘટે. આ સાથે એ પણ યાદ રાખવુ

જોઇએ કે આવા અભ્યાસનો નિષ્કર્ષ, એક જ વ્યક્તિના કે ગણ્યા ગાંઠયા માનવશાસ્ત્રીઓના અભ્યાસ ઉપર જ આધારિત ન રહી શકે આ માટે ગઇ આખી સદી દરમ્યાન તે વિસ્તારમાં આવેલ પ્રવાસીઓ, સરકારી અધિકારીઓ, પાદરીઓ વિગેરેની નોંધોનો પણ અભ્યાસ કરવો જોઇએ.

ગયા બે દસકામાં ઘણા માનવશાસ્ત્રીઓએ તેમ જ સમાજશાસ્ત્રીઓએ આ વાસો જાતિ ઉપર અનેક સંશોધન અને અભ્યાસ કર્યા છે. ૧૯૫૯માં શ્રી જેમ્સ ડાઉને આ જાતિનો ખૂબ વિગતવાર અભ્યાસ કર્યો છે અને તે ખૂબ નોંધનીય છે.

મારું પુસ્તક તેમણે કરેલા પુસ્તકનો ભાવાનુવાદ છે. વાસો સંસ્કૃતિ, તેના પ્રણાલિગત સ્વરુપમાં તો આજે જોવા નથી મળતી પણ વાસો સંસ્કૃતિ તેના અસલ સ્વરુપમાં કેવી હશે તેનો હુબહુ ચિતાર, લેખક તેમના પુસ્તકમાં ખૂબ જ સચોટરીતે રજુ કર્યો છે.

વાસો વસ્તી :-

તાહોય સરોવર વાસો જાતિના જીવનની સર્વ પ્રવૃત્તિઓના કેન્દ્ર સમુ હતુ તેની નજીક આવેલ, સીએરા નીવડાની પર્વતમાળાના ઢોળાવ ઉપર, તેમજ ત્યાંની જુદી જુદી ખીણો અને વિશાળ નદીઓના પ્રદેશોમાં તેઓ વસતા હતાં. આ વાસો જાતિની વસતિનો સાચો આંકડો જાણવો એ ખૂબ મુશ્કેલ કામ છે.

વાસો જાતિ, સમય સરતા, અન્ય અમેરિકન ઇન્ડીયન જાતિઓ, યુરોપીયનો, એસ્કીમો, ફીલીપીનો, નીગ્રો વિગેરેના સંપર્કમાં આવી અને પરિણામે આજે તેમના લોહીમાં ઘણી બધી જાતિઓનુ લોહી વહે છે. તેમનો શારીરીક બાંધો તેમજ ચહેરો અન્ય અમેરિકન ઇન્ડીયન જાતિના લોકોથી ખાસ જુદો પડતો નથી. તેમનો ચહેરો કાંઇક અંશે ચાઇનીઝ અને કાંઇક અંશે મેકસીકન લોકોને મળતો આવે છે.

વાસો જાતિની ભાષા હાકોને ભાષાઓના જૂથમાંથી ઉતરી આવી હશે એવો એક મત પ્રવર્તે છે. તેમની ભાષા કેલિફોર્નિયાની અન્ય જાતિઓ કરતાં થોડી જુદી તરી આવે છે. જો કે આજે તો બધા જ વાસો અંગ્રેજી બોલે છે.

વાસો જાતિનો મુખ્ય વ્યવસાય ખોરાક સંકલનનો હતો. તેઓ એક જ જગ્યાએથી ખોરાક એકઠો ન કરતાં ઋતુઓના ફેરફાર મુજબ તેઓ સ્થળાંતર કર્યા કરતા. તેમની

(૩)

ખોરાક સંકલનની ત્રણ મુખ્ય રીતો હતી. (૧) ફળો તથા અન્યવનસ્પતિ એકઠી કરવી. (૨) માછલા પકડવા (૩) શિકાર કરવો. તેમનું વાર્ષિક પંચાગ પણ આ પ્રમાણે ત્રણ વિભાગમાં વહેચાઇ ગયુ હતુ. દા.ત. માછીમારીનો સમય, શિકારનો સમય અને ખોરાક સંકલનનો સમય અને સમય અનુસાર તેમની કુટુમ્બ વ્યવસ્થા અને સમાજ વ્યવસ્થામાં ફેરફાર થતો રહેતો તેમના ઉત્સવો પણ ખોરાક સંકલનના જુદા જુદા સ્થળે યોજાતા.

વાસો જાતિના સમાજનો પાયો સરળ અને સ્થિતિ સ્થાપક નિયમો ઉપર આધારિત હતો. ભૌગોલિક પરિસ્થિતિને કારણે તેમને ગુંચવણ ભરેલ સામાજિક માળખું નભાવવુ પાલવે તેમ ન હતું. સતત ગતિશીલતા, એ વાસો સમાજનું આગવુ લક્ષણ હતુ. વાસો કુટુમ્બ માત્ર સામાજિક એકમ નહિ પણ મુખ્યત્વે આર્થિક એકમ હતુ. તે વખતે ઔપચારિક શિક્ષણ હતું નહિં. કુટુંબમાં જ જીવનનિર્વાહને જરુરી બધી તાલીમ અપાતી.

આવા ૧૦-૧૨ કુટુમ્બો, અલગ અલગ ઘરોમાં પણ જૂથમાં રહેવાનું પસંદ કરતા, ઘરો થોડા થોડા અન્તરે બાંધતા, ખોરાકની શોધમાં આવા કુટુંબો એક સાથે નીકળી પડતા, (લેખકે આવા જૂથોને સમૂહ કે જૂથ તરીકે ન ગણતાં ઝૂમખા તરીકે ગણવાનુ પસંદ કર્યું છે.) વાસો સમાજ ''મોઇટી'' વ્યવસ્થા ઉપર આધારિત સમાજ હતો.

ગોરા લોકો ગ્રેટ બેસિનના વિસ્તારમાં પહોચ્યા, ત્યારે ત્યા વસી અન્ય આદિમ જાતિઓની સરખામણીમા વાસો જાતિમા રાજકીય સંગઠનતા ઘણી ઓછી હતી. સમગ્ર વાસો સમાજનો કોઇ એક ઉપરી હોય એવુ કશુ જ નહિ. ઝૂમખામાં જે કોઇ ઉપરી તરીકે ગણાતા તેમની નેતાગીરી મૂદતી હતી.

વાસો જતિના ધર્મના બે મુખ્ય પાસાઓ હતા. (૧) અગોચર શક્તિ કે જેના વડે સફળતાપૂર્વક જીવી શકાય. સફળ જીવન જીવવવા માટેની આવડતને તેઓ દૈવીશક્તિ તરીકે બિરદાવતા. (૨) ભૂતપ્રેત વિદ્યા કે જેના વડે દૂશ્મનોના જીવનમાં વિઘ્નો ઉભા કરી શકાય. વાસો ધર્મ કોઇ વૈજ્ઞાનિક તર્ક ઉપર આધારિત ન હતો. તેમનો ધર્મ રોજીન્દા જીવનના અનુભવોના તારણરુપ હતો. જીવનની રોજીન્દી ક્રિયામાં જેવી કે માછીમારી અથવા શિકારમાં જ્યારે કારણ અને ક્રિયાનો મેળ ન બેસાડી શકાય ત્યારે કોઇ ચમત્કાર થયો હોય એવુ ગણી ધાર્મિક ક્રિયાઓ કરવામા આવતી. વાસો ધર્મની પૂજાઓ ઉપયોગિતા જીવન પૂરતી હતી એની વ્યવહારિકતાને લીધે આધુનિક સમયમાં પણ વાસો સમાજ પોતાની આગવી સંસ્કૃતિ જાળવી શકયા.

(૭)

કોલંબસની અમેરિકા ખંડની શોધ પછી,તે ભૂમિ પર રહેનારી ઇન્ડીયન આદિમ જાતિઓની સંસ્કૃતિમાં નાટયાત્મક ફેરફાર થવા લાગ્યા.ધીમે ધીમે નવા ખંડ ઉપર યુરોપિયન અને આફ્રિકન લોકોનાં ટોળાં ઉતરી આવવા માંડયાં.નવી પ્રજા આધુનિક અને આક્રમક હતી.પરિણામે કોઇપણ સ્થાનિક જાતિ તેની સંસ્કૃતિમાં પરિવર્તનના પરિબળોને રોકી ન શકી.

ગોરા લોકો અને નવા વિકલ્પો.

વાસો સમાજ છેક ૧૯ મી સતાબ્દી ના અન્ત સુધી પોતાની પ્રણાલિકા જાળવી શક્યો.૨૦ મી શતાબ્દીની શરુઆતમાં પણ તેઓએ તો પોતાની સંસ્કૃતિમાં ઉપર છલ્લા જ ફેરફાર કર્યા હતા. પણ યુરો-અમેરિકન લોકોએ,જે સંજોગો ઉપર વાસોએ સારીય સંસ્કૃતિ નભાવી હતી.તે સંજોગો જ બદલી નાખ્યા.

વિસ્તારવાદી ગોરાઓએ એમની ખોરાક સંકલનને લગતી સંપત્તિ પચાવી પાડી. વાસો જાતિને જીવનનિર્વાહ માટે ગોરાઓ ઉપર આધાર રાખવાની ફરજ પડી.વાસો લોકે મહેનતુ તો હતા જ આવા વેરાન પ્રદેશમાં ગોરાઓને સ્થાયી કરવામાં વાસો જાતિનો ઘણો મોટો ફાળો હતો.વાસો જાતિને હવે જીવન નિર્વાહ માટે ખોરાક એકઠો કરવાની પ્રવૃત્તિ ઉપર આધાર રાખવો ન પડતો.તેઓ ગોરાઓનું કામ કરીને પણ પોતાનો નિભાવ કરી લેવા માંડયા.વાસો લોકો પોતાની છાવણી ગોરાઓની વસાહતની આસપાસ નાખવા માંડયા.

ગોરાઓને મન તો વાસો ગંદા,ગરીબ અને પછાત હતા. તો પણ વાસોને મન તો ગોરાઓ આવ્યા ત્યારે શરુઆતનો સમય તે તેમનો સુવર્ણયુગ હતો.પ્રાચીન કાળમાં તેઓ જે મુશ્કેલી ભર્યું જીવન જીવતા હતાં તેના કરતાં તો ગોરાઓનાં આવ્યા પછી તેમના જીવન ધોરણમાં સુધારો થયો હતો.તેમના માટે નવા વિકલ્પો ઉભા થયા હતા. વાસો સંસ્કૃતિ ઉપર એકલા ગોરા લોકોની નહીં[1]પણ અસર પડવા લાગી.કારણ હવે વાસો અર્થતંત્રનું માળખું નવા તત્વોને અપનાવી શકે એવું સદ્ધર બન્યું હતું.

પહેલા વિશ્વયુદ્ધ સુધી વાસો જાતિને ગોરાઓની સાથે કામ કરવામાં ખાસ મુશ્કેલી પડી નહી.શરુઆતમાં ગોરાઓ તેમના તરફ પાલનહાર જેવું પરોપકારી વર્તન રાખતા પણ અમેરિકામાં યન્ત્ર યુગ શરુ થઈ ગયા પછી વાસોની પડતી શરુ થઇ હવે ગોરા લોકોને તેમની જરુર ન રહી જેમ જેમ ઇન્ડીયન લોકોનું અસ્તિત્વ ગોરાઓને મન

[1] અન્ય ઇન્ડિયન જાતિની

અનાવશ્યક થતું ગયું તેમ તેમ ગોરાઓ તેમના તરફ ધૃણાથી જોવા લાગ્યા અને તેમની વચ્ચે ઘર્ષણ વધવા લાગ્યુ.

નવીન ભગ્ન જગત :

વાસો વિસ્તારમાં ગોરાઓના આક્રમણના ૧૦૦ વર્ષ ઉપર વીતી ગયા.આ વીતેલા વર્ષો દરમ્યાન વાસો નવી નવી પરિસ્થિતિને અનુકૂળ થતા ગયા.ગોરી સંસ્કૃતિએ તેમને ઘણા નવા વિકલ્પો આપ્યા.તકવાદી વાસોએ તેમને ખૂબ ઉત્સાહથી અપનાવ્યા.પણ યન્ત્રયુગની નવી પરિસ્થિતિમાં તેમના અસ્તિત્વને કોઇ સ્થાન ન હતું.તેઓ સાવ નિરાધાર થઇ ગયા.અને હવે તેઓ પોતાનું મૂળ પ્રણાલિગત જીવન ફરીથી અપનાવી શકે તેમ ન હતું.

હાલમાં તેઓ મોટાભાગે રીઇજર્વેશનમાં રહે છે. તેમના પોતાના જ વિસ્તારમાં એક ગોરાએ કરેલ દાનના વિસ્તારમાં તેઓ રહે છે. આજે આ વિસ્તારમાં ગંદકી અને ગરીબી એકબીજા સાથે સ્પર્ધા કરી રહયા છે.

સૈધ્ધાન્તિક રીતે ગોરાઓનું અર્થતંત્ર વાસોથી જુદું છે. એમ કહી બતાવવું મુશ્કેલ છે. પણ વાસ્તવમાં તો વાસો પાસે હલકી મજૂરી સિવાય તો કોઇ સાધન વિકલ્પ નથી. જો કે હજીય તેઓ પાઇનનટ એકઠા કરે છે. ઘરડા વાસો ટોપલા ગુંથે છે.પણ નિભાવલક્ષી અર્થતંત્રના સ્વતંત્ર એકમ તરીકે એ જીવી શકે તેમ નથી.ઘણા વાસો આજે સરકારની કલ્યાણ યોજના હેઠળ મળતા પેન્શનો ધ્વારા આજીવિકા મેળવે છે. કેટલીક વાર તો આ એક જ આજીવિકાનું સાધન હોય છે.

આધુનિક અમેરિકન લોકોને મન વાસોનું અસ્તિત્વ સાવ નિરુપયોગી બની રહયુ છે.તેથી તેમની સ્થિતિ સાવ કરુણા જનક થઇ ગઇ છે. હવે તેઓ નવા વાતાવરણને સાવ ખખેરી શકે તેમ નથી.તેમજ તેમની પ્રણાલિકાને સાવ જ વિસારી દઇ,નવા વાતાવરણને સંપૂર્ણ પણે અપનાવી શકે તેમ પણ નથી.આજે વાસો જાતિ,બે વિરોધી વિશ્વ વચ્ચે અટવાય છે. તેઓ પોતાની જાતને સાવ નકામી માની રહયા છે. તેઓ ખૂબ જ ગરીબ અને હતાશ થઇ ગયા છે.

લેખકે વાસો જાતિના આ બે વિશ્વનો,તેમના માનસિક તણાવોના આ પુસ્તકમાં તાદ્દશ ચિતાર આપ્યો છે.

-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x

## ઘટક કક્ષાએ પૂર્ણરોજગારી આયોજન

### સાગબારા ( જિલ્લા ભરૂચ )

પાન : ૩૪૦

અહેવાલ લેખન: શ્રી રાસબિહારીલાલ
શ્રીમતી ભારતીબેન દેસાઇ
સારદોહન: શ્રીમતીભારતીબેન દેસાઇ

૧૯૭૭ માં જનતા સરકારે દસ વર્ષમાં બેરોજગારી દૂર કરવાનો જે નિર્ણય લીધો તેના ભાગરૂપે ગુજરાત સરકારે સૌ પ્રથમ આદિવાસી વસતિ ધરાવતા વીસ તાલુકા પસંદ કરી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સર્વેક્ષણ કરાવી પૂર્ણ રોજગારી માટેનુ આયોજન કરાવવાનુ નક્કી કર્યુ હતુ. તે કાર્ય પુરુ થયા પછી બીજા વીસ તાલુકાઓ લેવામાં આવ્યા હતા. બીજા તબક્કામાં પસંદગી પામેલા વીસ તાલુકા પૈકીનો એક તાલુકો સાગબારા છે.

આ સાગબારા તાલુકો ભરૂચ જિલ્લાની પૂર્વે આવેલો છે. આ તાલુકાનો મોટોભાગ સાગના અને વાંસના નાના નાના જંગલોથી છવાયેલો છે. તેથી તેનુ નામ સાગબારા પડયુ છે. સાગબારા તાલુકાનુ મુખ્ય મથક સાગબારા છે, જે મહારાષ્ટ્રના અક્કલકૂવા જવાના પાકા રસ્તા ઉપર અંકલેશ્વરથી ૯૮ કિ.મી. અને ડેડિયા-પાડાથી ૨૭ કિ.મી. પર આવેલુ છે. આમ તો સાગબારા નાનુ ગામ છે. પણ સ્થાનની દ્રષ્ટિએ તાલુકાનુ મુખ્ય મથક છે. સાગબારાથી ૩ કિ.મી. દૂર આવેલુ સેલબા ડેપારી મથક છે. સાગબારા તાલુકામાં કોઇ શહેર નથી. હાલ આ તાલુકામાં ૧૦૬ ગામો છે. જેની વસતિ ૫૨૫૭૬ છે. ગીચતા દર ચો. કિ.મી. ૧૩૧ છે. આ તાલુકામાં અનુસૂચિત જનજાતિનુ પ્રમાણ ૯૦.૭૭ ટકા જેટલુ છે.

ભૌગોલિક રીતે સાગબારાનો પ્રદેશ ઊંચા સપાટ મેદાનોનો ટેકરાઓનો અને તેની નીચેની ખીણવાળો છે. આ તાલુકાની પશ્ચિમે, ઉત્તરે અને દક્ષિણે ડુંગરા આવેલા છે. પરિણામે આખો પ્રદેશ ડુંગરાળ છે. જમીન પથરાળ છે. તેથી ખેતી માટે ઉપયોગી નથી. ચોમાસામાં વરસાદ સારો થાય છે; પણ પાણીનો સંગ્રહ થતો નથી. આ તાલુકાનો સરાસરી વરસાદ ૧૩૦૬ મિ.મી.છે.

સિંચાઇની પૂરતી વ્યવસ્થા ન હોવાથી ખેતીનો મુખ્ય આધાર વરસાદ પર જ છે. તેથી મોટે ભાગે ખરીફ પાકો જ લેવામાં આવે છે. સમયસર વરસાદ ન પડે તો દુકાળની પરિસ્થિતિનો સામનો કરવો પડે છે. પથરાળ જમીન, સિંચાઇની સગવડનો અભાવ, ખેતી કરવાની જૂની પધ્ધતિ, પરંપરાગત વપરાતાં સાધનો, રાસાયણિક ખાતરોના ઉપયોગનો અભાવ વગેરે કારણોસર સાગબારાનો ખેડૂત વધુ ઉત્પાદન મેળવવા અસમર્થ બને છે.

૧૯૭૭-૭૮ ના આંકડા મુજબ કુલ ૪૦૦૩૧ હેકટર વિસ્તારમાંથી વાવેતર વિસ્તાર ૧૬૬૬૭ હેકટર એટલે કે ૪૧.૬૩ ટકા છે. આ વાવેતર વિસ્તારના ૬૪.૮૧ ટકા જમીનમાં અખાદ્ય પાકો અને ૩૫.૧૯ ટકા જમીનમાં ખાદ્ય પાકો લેવાય છે. ખાદ્ય પાકોમાં મુખ્યત્વે જુવાર, ડાંગર, તુવર અને અડદ થાય છે. શાકભાજી અને શેરડીની ખેતી નહીવત છે. ધીરે ધીરે ખેતી હેઠળનાં વિસ્તારમાં ઘટાડો નોંધાયો છે. છેલ્લા દાયકામાં પૂર અને દુકાળ જેવી કુદરતી આફતોને કારણે આ તાલુકાનાં કેટલાક ગામોને અર્ધ અછતની સ્થિતિનો સામનો કરવો પડયો છે.

આ તાલુકાના સિંચાઇ હેઠળની જમીન ૩.૫૫ ટકા છે. અહીં ભૂગર્ભ જળનો જથ્થો ઘણો ઓછો છે; છતાં કૂવા ખોદવાનો કાર્યક્રમ ઉત્સાહપૂર્વક ચાલે છે, ૨૦ વર્ષમાં કૂવાની સંખ્યામાં પાંચ ગણો વધારો થયો છે. કૂવા સિવાય સિંચાઇ માટે બીજા પાણી મેળવવાના બીજા માર્ગો શોધવાનો પ્રયત્ન ચાલે છે. આ તાલુકામાં કેનાલ અને ઉદ્દવહન સિંચાઇ યોજનાઓ છે. ભવિષ્યમાં ઉદ્દભવન સિંચાઇ યોજના અને ચેકડેમનો કાર્યક્રમ વિચારણા હેઠળ આવરી લેવામાં આવશે.

૧૯૫૫-૫૬ માં આ તાલુકાનો ૪૦.૪૦ ટકા વિસ્તાર જંગલનો હતો તે ૧૯૭૬-૭૭ માં ૨૯.૧૧ ટકા થયો. આમ જંગલ સંપત્તિમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જંગલ પેદાશમાં સાગ, સીસમ, વાંસ, બેડા વગેરે છે. જ્યારે ગૌણ પેદાશ તરીકે આંલ્વ (બીડીના પાન), ચીલાટી ઘાસ, ટીમરુ મહુડાં, અરીઠાં છે. જંગલનાં લાકડાંનો ઉપયોગ બળતણ તેમજ કોલસા પાડવામાં પણ થાય છે.

જંગલમાં વાઘ દિપડા જેવા જંગલી પશુઓ સારાં પ્રમાણમાં હતા. પરંતુ જંગલ વિસ્તાર ઘટતો જવાથી એનું પ્રમાણ જૂજ રહ્યુ છે. ઘટતાં જંગલને અટકાવવા માટે સંયોજિત આદિવાસી વિકાસ કાર્યક્રમ હેઠળ સામાજિક જંગલોનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે, જેમાં જંગલ ખાતાં તરફથી આદિવાસીઓને કલમો આપીને તેને ઉછેરવાં માટે ઉત્તેજન અપાય છે.

સાગબારા તાલુકામાં ૧૪૦ કોડવાળિયાં કુટુંબો છે. તેઓ જંગલમાંથી વાંસ લાવી તેમાંથી વસ્તુઓ બનાવી વેચે છે.

સાગબારા તાલુકાનો પ્રદેશ ટેકરીવાળો અને પથરાળ હોવાથી અહીં ખનિજ સંપત્તિ નથી, તેમ છતાં અહીંયાં એગટનો પથ્થર, રંગીન માટી અને ચુનાના પથ્થર મળે છે. જે બાંધકામ માટે પણ ઉપયોગી છે.

આ વિસ્તારમાં ૧૯૬૧ કરતાં ૧૯૭૧ માં શિક્ષણની ટકાવારી ઘટવા પામી છે. ૧૯૬૧ માં ૧૪.૮ ટકા શિક્ષિતો હતા તે ૧૯૭૧ માં ૧૪.૪ ટકા થયાં ! આમ થવાનું મુખ્ય કારણ એ જોવા મળે છે કે આદિવાસીઓએ પોતાના જીવન નિર્વાહ માટે વારંવાર સ્થળાંતર કરવું પડે છે. શૈક્ષણિક સવલતોની બાબતમાં છેલ્લાં દસ વર્ષમાં આ વિસ્તારમાં ૯ પ્રાથમિક શાળા વધી છે. આશ્રમશાળામાં કાંઇ વધારો થવા પામ્યો નથી. અહીં મુખ્ય વસતિ આદિવાસીઓની હોવા છતાં આશ્રમશાળામાં વધારો ન થયો જ્યારે બીજાં આદિવાસી વિસ્તારમાં આશ્રમશાળાઓમાં સતત વધારો થતો રહ્યો છે. આ માટેનું કારણ એ જાણવા મળયુ કે સ્વૈચ્છિક સંસ્થાઓ આ વિસ્તારમાં આશ્રમશાળા ખોલવા તૈયાર નથી હોતી.

શિક્ષણની ઊણપની અસર આદિવાસીઓની રહેણીકરણી અને આરોગ્ય ઉપર વર્તાય છે. આર્થિક સ્થિતિ નબળી છે તેથી પોષણ અપૂરતું અને આરોગ્ય પણ નબળું હોય છે. રોગનો પ્રતીકાર કરવાની શકિત ઓછી છે. સ્વચ્છતા ને સભાનતાનો અભાવ વર્તાય છે. લોકો રોગોની સારવાર માટે ભગતભૂવા અને જંડી બુટ્ટીનો ઉપયોગ કરે છે. આ વિસ્તારમાં ખાસ કરીને ચામડીના, પાચનતંત્રનાં અને કલેજાના રોગો મુખ્ય છે. શિક્ષણની જાગૃતિ સાથે આરોગ્યની

સાવધાની આવવા માંડી છે. પરંતુ સાગબારામાં આરોગ્ય અંગેની સગવડો ઘણી ઓછી છે. એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, બે ગ્રામ આરોગ્ય કેન્દ્રો અને છ પેટા કેન્દ્રો છે. આ સગવડમાં સાત વર્ષમાં કોઇ વધારો થવા પામ્યો નથી. પરંતુ એનો લાભ લેનારની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો રહયો છે. સાગબારાના કુટુંબ નિયોજન કેન્દ્ર દ્વારા કુટુંબ નિયોજનનો કાર્યક્રમ સારી રીતે ચાલે છે. આના પરિણામ સ્વરૂપ જન્મ દરમાં ઘટાડો રહયો છે. મૃત્યુ દરમાં ખાસ ફેરફાર થયો નથી.

આ તાલુકામાં પરિવહન અને સંદેશા વ્યવહારની સગવડ ખૂબ ઓછી છે. રેલવેની સગવડ આ તાલુકામાં છે જ નહીં. બસની સગવડ ફકત ચાલીસ ગામોને છે. ટપાલ કચેરીઓ ૧૯ છે; ટેલીગ્રાફ કચેરી એક છે. આખા તાલુકામાં વીજળી ધરાવતા ગામો સાત છે અને ખેતી માટે વીજળી ધરાવતા ગામો છ છે.

આ વિભાગમાં સહકારી મંડળીઓ સ્થાપવાની પ્રવૃત્તિને વેગ મળ્યો નથી. ૧૩ ખેતી વિષયક ધીરણમંડળીઓ છે, જેને સભાસદ સંખ્યામાં છેલ્લા સાત વર્ષમાં વધારો થતો રહયો છે. પરંતુ ધીરાણ મંડળી વધી નથી. આ વિભાગમાં રહેઠાણ મંડળી, જીનીંગ પ્રેસીંગ મંડળી કે જંગલ કામદાર મંડળી નથી. જે મંડળીઓ છે તેનો પણ આર્થિક નબળાઇને કારણે યોગ્ય વિકાસ થયો નથી. વળી મંડળીના હોદ્દેદારો બિન આદિવાસી હોવાથી આદિવાસીઓને ધીરાણનો પુરતો લાભ મળી શકતો નથી.

સાગબારા તાલુકામાં બેંકીંગ સગવડ નહીંવત છે. વ્યાપારી બેંક તરીકે બેંક ઓફ બરોડા છે. તેની એક શાખા સાગબારામાં અને બીજી સેલંબામાં છે. તે સિવાય જમીન વિકાસ બેંક છે. આ વિસ્તારના આદિવાસીઓના વિકાસ માટે આદિવાસી પેટા યોજના તેમજ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ચાલે છે. ઉપરાંત વ્યકિતગત ધોરણે ખાદી ગ્રામોદ્યોગ દ્વારા અંબર ચરખાનો કાર્યક્રમ પણ ચાલે છે.

સંગઠનની રીતે જોતા આખા તાલુકાને ગ્રામ પંચાયત હેઠળ આવરી લેવામાં આવ્યો છે. અહીંની વહીવટી વ્યવસ્થા ગુજરાતના

બધાં જિલ્લાઓને તાલુકાં જેવી જ છે. ઘટક કક્ષાના આયોજનના અમલ માટે વધારાના તાલુકા રોજગાર અધિકારીની નિમણૂક કરવામાં આવશે.

વ્યાવસાયિક વર્ગીકરણ :

૧૯૭૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિના ૬૫.૨૬ ટકા લોકો ખેતીમાં રોકાયેલા છે. બીજા ૨૭ ટકા લોકો ખેતમજૂરીના કામમાં રોકાયેલા છે. આમ ૯૩.૨૬ ટકા લોકો ખેત ઉદ્યોગ પર આધારિત છે. બીજા વ્યવસાયોમાં પશુપાલન, જંગલ ઉદ્યોગ, મત્સ્ય ઉદ્યોગ, બાંધકામ, વ્યાપાર વાણિજ્ય અને અન્ય સેવાઓમાં કામ કરનારાઓની સંખ્યા ખૂબ ઓછી છે. ખેતી કરનારાઓમાં નાના ખાતેદારોની સંખ્યા વધુ છે. જ્યારે વધુ જમીન ધરાવનારાઓ ઓછા અને છૂટાછવાયા છે.

આ ઘટકકક્ષાના આયોજન માટે સામાજિક આર્થિક સર્વેક્ષણ કરવા આ તાલુકાના દસ ગામોનાં ૪૦૦ કુટુંબો પસંદ કરવામાં આવ્યાં અને જરૂરી માહિતી એકત્રિત કરવામાં આવી. આ કુટુંબોમાં ૩૮૭ કુટુંબો આદિવાસી અને ૧૩ કુટુંબો બિન આદિવાસી છે. આ ૪૦૦ કુટુંબોમાં પુરૂષો અને સ્ત્રીઓનું પ્રમાણ લગભગ સરખું જોવા મળે છે. પુરૂષો ૫૦.૩૫ ટકા અને સ્ત્રીઓ ૪૯.૬૫ ટકા છે. અહીં કુટુંબનું કદ ૧ થી ૧૧ સભ્યોનું જોવા મળે છે. મોટાભાગના કુટુંબો ૪ થી ૬ સભ્યોવાળાં છે.

આ વિસ્તારના સર્વેક્ષણમાં ખાસ તરી આવતી બાબત એ છે કે આદિવાસીઓમાં પુરૂષો અને સ્ત્રીઓ, બધાં જ સક્રિય રીતે કામધંધામાં રોકાયેલા રહે છે. તેથી કુટુંબમાં સંપૂર્ણપણે બીજા ઉપર આશ્રિત એવી વ્યક્તિઓની સંખ્યા નહીંવત છે. તેઓને જીવન-નિર્વાહ માટે અનેક સંઘર્ષનો સામનો કરવો પડતો હોઇ તેઓની આયુષ્ય મર્યાદા ટૂંકી છે. તેથી વૃધ્ધોની સંખ્યા ઓછી છે. અહીંયા લગ્ન વય ૧૫ થી ૨૫ ની વચ્ચેનું છે. બાળ વિવાહની પ્રથા પ્રચલિત નથી. તેમજ ૨૫ વર્ષથી ઉપર કોઇ અપરણિત હોય તેવું ભાગ્યે જ જોવા મળે છે. છૂટાછેડા મેળવવાનું મુશ્કેલ ન હોવા છતાં આદિવાસી

: ૬ :

સ્ત્રી પુરૂષો લગ્નજીવનમાં અનુકૂળતા સાંધવા પ્રયત્નશીલ હોય છે. તેથી છૂટાછેડાનું પ્રમાણ ખૂબ ઓછું છે. આ વિસ્તારમાં વસતા આદિવાસી પુરૂષો બે ને તેથી વધુ પત્નીઓ પણ રાખે છે. આનું મુખ્ય કારણ આર્થિક લાગ્યુ. તેમને ખેતીમાં કામ ઘણું રહે છે એટલે એક પત્ની ખેતીમાં મદદ કરે છે અને બીજી ઘર સંભાળે છે. કેન્દ્રીય કુટુંબો વધુ જોવા મળે છે.

સાગબારા તાલુકામાં મોટાભાગના કુટુંબોની વાર્ષિક આવક રૂા.૧૦૦૦ થી રૂા. ૫૦૦૦ ની વચ્ચેની છે. કુલ વસતિના ૭૭.૮૮ ટકા લોકો ગરીબી રેખા નીચે જીવન ગુજારે છે. એમની માથાદીઠ આવક ને રૂા. જેટલી જ છે. કેટલાક કુટુંબોની માસિક માથાદીઠ આવક ૨૨ રૂા. જ છે, થોડાં જ કુટુંબો એવાં છે કે જેની માસિક માથાદીઠ આવક ૬૮ છે. આ ગરીબી રેખા (૬૦ રૂા.) થી ૮ રૂા. જ વધુ છે ! આમ કહી શકાય છે આ તાલુકામાં ગરીબીના મૂળ ઉંડા છે. આ લોકોનો મુખ્ય ખર્ચ ખાધા ખોરાકીનો છે; જે કુલ આવકના ૭૦ ટકા જેટલો છે. ત્યારપછીનો ખર્ચ કપડાં, શિક્ષણ, બળતણ વગેરેનો છે. મફત શિક્ષણ માટે આશ્રમશાળાઓ જ હોય તો તે ઉપયોગી નીવડે તેમ છે. સરેરાશ વ્યક્તિગત માસિક ખર્ચ ૬૨ રૂા. છે જે આવક કરતાં વધી જાય છે. આમ આવકનાં સાધનોની અછત અને આવક ઓછી ખર્ચ વધુ તેથી તપાસ હેઠળના કુલ કુટુંબો પૈકી ૬૯.૨૫ ટકા કુટુંબોને ધીરાણ (દેવું) લીધુ છે. જે ધીરાણ લેવામાં આવ્યુ છે તે મોટેભાગે સામાજિક અને ધાર્મિક કામ માટે લેવામાં આવે છે. આમ દેવાદારોની સંખ્યા પણ વધુ છે. જે ગામો મેદાન વિસ્તારમાં છે ત્યાં પ્રમાણમાં આર્થિક સ્થિતિ સારી છે. અર્થ પ્રવૃત્તિ પરંપરાગત રીતે ચાલતી હોવાથી ધંધાકીય વહેંચણીમાં વિવિધતા જોવા મળતી નથી. અગાઉ જણાવ્યુ તે મુજબ કુટુંબના બધા જ સભ્યો કોઇને કોઇ અર્થ પ્રવૃત્તિમાં સંકળાયેલા છે. તેથી અહીં બેકારીનું પ્રમાણ ઓછુ છે. અહીંયા પુરૂષ અને સ્ત્રી મળીને બેકારીનું પ્રમાણ આશરે ૧૩ ટકા જેટલુ જ છે. ૧૪ વર્ષથી નીચેના બાળકો માટે રોજગારી મેળવવા માટે જતા હોય છે, વૃધ્ધો પણ આર્થિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે. આમ આ પ્રદેશમાં બેકારી નહિવત છે. આમ છતાં પણ જે રોજગારી મળે છે. તે અપૂરતી છે. અર્ધ-

: ૭ :

રોજગારીની સ્થિતિમાં સારી એવી સંખ્યા છે. અને આવક પણ અગાઉ જોયું તે પ્રમાણે અપૂરતી છે. આથી પાંચ વર્ષમાં અસરકારક અને સંપૂર્ણ રોજગારી ઊભી કરવા માટે સૂચિત કાર્યક્રમો આ યોજના હેઠળ વિચારવામાં આવ્યા છે. તે નીચેના કોઠામાં આપવામાં આવ્યા છે.

## સાગબારા તાલુકામાં ઘટક કક્ષાએ આયોજન માટેની સૂચિત યોજનાઓ

| ક્રમ | યોજનાનું નામ | લાભ લેનાર કુટંબોની સંખ્યા | સરેરાશ વાર્ષિક અંદાજિત આવક (રૂા.માં) | વર્ષમાં અંદાજિત માનવ દિન ઊભા થવાની શકયતા | બેંકની લોન (રૂા.માં) | ઘટક કક્ષાએ આયોજનમાંથી ફાળવણી ( રૂા.માં ) | કુલ રોકાણ (રૂા.માં) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧. | તવેરની ખેતીલાયક જમીન વધારીને | ૨૫૦ | ૮૦૦૦૦૦ | ૧૩૪૧૫ | -- | ૫૦૦૦ | ૫૦૦૦ |
| ૨. | દાળમીલ સ્થાપીને | ૧૧૨ | ૫૦૦૦૦ | ૫૬૦૦ | ૮૫૦૦૦ | ૬૦૦૦૦ | ૧૪૫૦૦૦ |
| ૩. | ચોખા છડવાની નાની મીલોના એકમો ઊભા કરવા | ૧૫૫ | ૬૫૦૦૦ | ૮૦૦૦ | ૫૦૦૦૦ | ૮૧૨૫ | ૫૮૧૨૫ |
| ૪. | કપચી બનાવવાનું ઉત્પાદન | ૧૫૦ | ૨૦૨૧૦૦ | ૫૩૫૫૦ | ૧૮૫૪૦૦ | ૭૬૫૦ | ૧૯૩૦૫૦ |
| ૫. | સુથારી | ૧૦૦ | ૬૦૦૦૦૦ | ૪૦૦૦૦ | ૧૧૦૦૦૦ | ૧૩૦૦૦૦ | ૨૪૦૦૦૦ |
| ૬. | ફર્નીચર બનાવવું | ૫ | ૭૦૦૦૦ | ૧૪૫૦૦ | ૪૭૫૦૦ | ૪૮૦૦૦ | ૯૫૦૦૦ |
| ૭. | લાકડાંના ખોખા બનાવવાં | ૫૦ | ૪૭૮૬૦૦ | ૨૦૦૦૦ | ૧૫૩૦૦૦ | ૧૦૯૬૫૦ | ૨૬૨૬૫૦ |
| ૮. | ઘાસમાંથી બનાવવામાં આવતી સ્ટોબોર્ડ | ૧૦૦ | ૮૧૭૮૦૦ | ૩૭૨૦૦ | ૩૮૦૦૦૦ | ૧૯૫૫૦ | ૫૭૧૫૫૦ |
| ૯. | પતરાળાં અને પડિયાં બનાવવાંના | ૧૦૦ | ૪૨૦૦૦૦ | ૪૨૦૦૦ | ૩૦૦૦૦ | ૫૦૦૦૦ | ૮૦૦૦૦ |
| ૧૦. | મધમાખી ઉછેર અને મધ બનાવવું | ૧૦૦ | ૭૭૦૦૦ | ૭૭૦૦ | ૮૦૫૦૦ | ૩૫૫૦૦ | ૧૨૦૦૦૦ |

ચાલુ....

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૧. | મરઘા ઉછેર | ૩૦૦ | ૩૦૦૦૦૦ | ૩૦૦૦૦ | -- | ૧૨૩૦૦૦ | ૧૨૩૦૦૦ |
| ૧૨. | વાંસ કામ | ૫૦ | ૩૭૫૦૦૦ | ૩૭૫૦૦ | -- | ૧૬૮૭૫ | ૧૬૮૭૫ |
| ૧૩. | અનાજ દળવાની ઘંટી | ૫ | ૧૮૦૦૦ | ૧૫૦૦ | ૪૩૭૫૦ | ૧૮૭૫ | ૪૫૬૨૫ |
| ૧૪. | બકરા ઉછેર | ૧૦૦ | ૨૫૦૦૦૦ | ૨૫૦૦૦ | -- | ૧૪૦૦૦૦ | ૧૪૦૦૦૦ |
| ૧૫. | દરજી કામ | ૬૦ | ૧૦૮૦૦૦ | ૧૮૦૦૦ | ૫૮૦૦૦ | ૧૭૦૦૦ | ૭૫૦૦૦ |
| ૧૬. | શાકભાજીનું વાવેતર | ૧૦૦૦ | -- | -- | -- | ૮૦૦૦ | ૮૦૦૦ |
| ૧૭. | બગાયતની ખેતી | ૧૦૦૦ | -- | -- | -- | ૩૦૦૦૦ | ૩૦૦૦૦ |
| ૧૮. | મચ્છી મારી | ૧૦૦ | ૨૦૦૦૦ | ૨૦૦૦ | -- | ૧૮૧૦૦ | ૧૮૧૦૦ |
| | કુલ... | ૩૭૩૭ | ૪૬૫૧૫૦૦ | ૩૫૫૯૬૫ | ૧૨૨૯૧૫૦ | ૧૧૦૦૩૨૫ | ૨૨૨૬૯૭૫ |

# ડાંગ : એક ક્ષેત્ર અભ્યાસ.

અહેવાલ લેખન : ડૉ સિધ્ધરાજ સોલંકી.

સારદોહન : ચંપક ચૌધરી અને ચંદ્રકાંત પટેલ.

ડાંગ, ગુજરાતને અગ્નિ ખૂણે આવેલો, લગભગ પૂરી આદિવાસી વસ્તી અને વિપુલ વનસમૃધ્ધિ ધરાવતો જીલ્લો છે. તેમાં વસતિ કુનબી, ભીલ, વારલી, વગેરે આદિવાસી જાતિઓના સાંસ્કૃતિક જીવનના વિવિધ પાસાઓનો આવતો એક ક્ષેત્ર અભ્યાસ કેન્દ્ર દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો. જેમાં ડાંગનાં વિવિધ ભાગોમાંથી ગોટિયામાળ, ઢુબડિયા, ઢાગબાલા અને જેકપાડા નામનાં ચાર આદિવાસી ગામોમાં મોજણીકારો દ્વારા નિરીક્ષણ સહભાગી પધ્ધતિથી વિગત સંચય કરાવવામાં આવ્યો હતો.

ડાંગમાં ૧૯૬૧ની વસતિગણતરી મુજબ ૯૪૧૮૫ ની વસતિ છે. આ જિલ્લો માત્ર ગ્રામ્ય વિસ્તાર જ ધરાવે છે. જેમાં ૪૮૩૯૪ પુરુષો અને ૪૫,૯૯૧ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. ડાંગમાં વારલી, કોકણા, કુનબી, ભીલ, કોટવાળિયા, કાથોડી, ગામિત, વગેરે જેવી જાતિઓ વસવાટ કરે છે. આ જાતિઓની ૧૯૬૧ ની વસતિમાં....

## ડાંગનાં આદિવાસીઓની જાતિવાર વહેંચણી.

| | |
|---|---|
| કુનબી. | ૩૯૮૯૬ |
| ભીલ. | ૨૮૪૯૫ |
| વારલી. | ૧૨૬૮૮ |
| ગામીત. | ૩૬૯૨ |
| ઢોડિયા. | ૧૩૮૬ |
| કાથોડી. | ૬૮૯ |
| કોટવાળિયા. | ૪૮૮ |
| નાયકડા. | ૪૨૪ |
| દુબળા. | ૧૫૩ |
| ચૌધરી. | ૧૦૧ |
| ઢોરકોળી. | ૪૪ |
| પારધી. | ૧૧ |
| બિનવર્ગીકૃત. | ૧ |
| | ૮૮૦૨૮. |

ગામ :

ગામ વિવિધ ફળિયાઓનું બનેલું હોય છે. તેને પાડા તરીકે ઓળખવામાં આવે છે. વિવિધ ગામ અને પાડાનાં નામકરણ સાથે કેટલીકવાર રસિક કિંવદંતી સંકળાયેલી હોય છે. દરેક ગામમાં ''પાટીલ''''કારભારી''અને જાગલ્યા આ ત્રણ મહત્વના ગ્રામ અધિકારીઓ જોવા મળે છે. તાજેતરના વર્ષોમાં કેટલાક ગામોમાં સરપંચનો પણ ઉમેરો થાય છે. ગામના સામાજિક,સાંસ્કૃતિક,ધાર્મિક કાર્યમાં આ ગ્રામ આગેવાન અધિકારીઓની નિયત ભૂમિકા હોય છે. જ્યાં કુનબીઓની વસતિ વિશેષ હોય ત્યાં સામાન્ય રીતે પાટીલ કારભારી કુનબીમાંથી જ હોય છે. જ્યારે જાગલીઓ સામાન્ય રીતે ભીલ હોય છે. ડાંગમાં જોકે ભૂતકાળમાં પાંચ ભીલ રાજાઓ અને નવ નાયકોના હાથમાં સત્તાદોર હતો.પણ અત્યારે લગભગ બધાજ મહત્વના સ્થાનો પર મહદંશે કુનબી આદિવાસી જાતિ જોવા મળે છે.

ભૌતિક જીવન :-

ઘર :- ડાંગના સમગ્ર વિસ્તારમાં ઘર સામાન્ય રીતે ચાર પ્રકારના જોવા મળે છે.

(૧) ખૂબ નાના કદનાં ઝાંખરા અને પાંદડાથી બનાવેલા એવા ઝૂંપડા.

(૨) નાના કદનાં પરંતુ લાકડાના થાંભલા વાળા,અને ઉપર દેશી કે વિલાયતી નળિયાં હોય અથવા પાંદડાનું છાજ હોય.

(૩) મોટા કદના,મજબૂત અને વ્યવસ્થિત લાકડાનો ઉપયોગ કરાયો હોય અને ઘર ઉપર વિલાયતી નળિયાં હોય ભીંત કામઠીની ઈંટની દિવાલ પરંતુ માટીથી ચણતર કરેલા અને માળ વાળાં.

સામાન્ય રીતે ભીલ જાતિ પહેલા પ્રકારનાં ઘર (ઝૂંપડા)માં રહે છે. બીજા પ્રકારના ઘર કુનબી(કોકણી),વારલી અને કેટલાક ભીલોના પણ જોવા મળે છે. અને ત્રીજા અને ચોથા પ્રકારના ઘરો સ્થિતિપાત્ર કોકણીઓનાં જોવા મળે છે.

ઘરવખરી :- ઘરવખરીના સાધનોમાં ખેતીના સાધનો,તથા ઘર દળવા-ખાંડવા માટે ઘંટી તથા ખાંડણી મુસળ એટલે ખાંડણીયું તથા સાંબેલું અને અનાજ ભરવાના સાધનોમાં ઘણા ભાગે વાંસની ચીપમાંથી ગૂંથેલા પાલા ભીંત બવાડી વગેરે સાધનો, કેટલીક ટોપલીઓ પણ હોય છે. હથિયાર કહો કે ઓજાર કહો એવું તેમનું મુખ્ય સાધન કુહાડી છે.

ખેતીના સાધનોમાં હળ જેને તેઓ 'આઉત' કહે છે. તે મુખ્ય છે. અને બીજો સમાન જેને તેઓ 'અખવટ' કહે છે. આ સાધનો ઘણે ભાગે તેઓ સ્વાવલંબી ધોરણે જ બનાવી લે છે. અન્ય વિસ્તારોમાં હળ જેવું તે હોતું નથી.

ઘંટી દરેક ઘરે ન હોય એવું પણ બને છે. જ્યારે ખાંડણ મુસળ (ખાંડણીયુ-સાંબેલુ) લગભગ દરેક ઘરે જોવા મળે છે. જેનાથી તેઓ ભાત-ખાંડવા ઉપરાંત મરચી વાટવામાં પણ ઉપયોગ કરે છે. જેને ત્યાં તે સાધન ન હોય તે પાડોશી અથવા સગાને ત્યાં જઈને દળે છે.

કુહાડી ક્યાંક જતાં હોય તો પણ સાથે રાખે છે. તથા ખેતીના કામ માટે દાતરડાં પણ હોય છે. આ ઉપરાંત લગભગ દરેક ઘરમાં જાળી જેવા કેટલાક માછલી પકડવાના સાધનો તેમજ કેટલા ઘરમાં **પક્ષીઓ** પાડવાની <u>ચોખારી</u> પણ જોવા મળે છે. સામાન્ય રીતે ત્રણે જાતિઓની સંસ્કૃતિ મહદઅંશે સમાન જોવા મળે છે. તેમાંના મોટા ભાગના ભેદો આર્થિક સ્તરના ભેદને લીધે જોવા મળે છે. અને એ રીતે ભીલો ત્રણે જાતિમાં તુલનાત્મક રીતે પ્રમાણમાં વધુ ગરીબ હોવાથી માનવ-સહાયથી **ખેડતા** હળ 'પેન્દુ'નું પ્રમાણ **આ** જાતિમાં સવિશેષ જોવા મળે છે. 'ચોખારી' અથવા ઉંદર પકડવા ના સાધનો પણ સામાન્ય રીતે ભીલોમાં જ મુખ્યત્વે જોવા મળે છે.

<u>પહેરવેશ:-</u>

<u>પુરુષો</u> :- પુરુષો ના પહેરવેશમાં યુવાનો અને વૃદ્ધોના પહેરવેશમાં ભિન્નતા જોવા મળે છે. વૃદ્ધો સામાન્ય રીતે લંગોટી અને બંડી અથવા ખમીશ તથા માથે પાગોટા લાલ અથવા સફેદ કાપડનો હોય છે. યુવાનો હવે ખાસ લંગોટી પહેરતા નથી. તેઓ લાઇન વાળા કાપડની નાળા ચડ્ડી તથા ઉપર ગંજી(બાંયવાળી) અથવા ખમીશ પહેરે છે. કેટલાક છોકરાઓ 'હાફપેન્ટ' પણ પહેરે છે. નાના છોકરાઓ નાળા ચડ્ડી તથા તૈયાર ખમીશ હોય તે પહેરે છે. ઉપરના પહેરણમાં ગંજી પણ ઘણા પહેરી રાખે છે. યુવાનો પાંચ-સાત વર્ષના છોકરાઓ હોય તો ટોપી પહેરવાનો રિવાજ છે.

<u>સ્ત્રીઓ</u> :- સ્ત્રીઓ ઘૂંટણથી નીચે સુધી સાડી કછોટો મારીને પહેરે છે. તથા બ્લાઉઝ અને માથે ઓઢણી, ખાસ કરી ને બાંધણી વાળી હોય છે. બાળકો(છોકરીઓ)જીઓ ઘણી નાની હોય ત્યારે પોતડી પહેરે છે. તથા પાંચ વર્ષથી મોટી થયા પછી મોટી સ્ત્રીઓના જેવા જ કપડાં પહેરવા માંડે છે.

<u>ઘરેણાં</u> :- ઘરેણામાં પગનાં સાંકળા ઘણી સ્ત્રીઓ પહેરે છે. હાથમાં કાચની બંગડીઓ તથા નાકમાં મોટો વીટો હોય છે. વીટો ઘણે ભાગે સોનાનો હોય છે. કેટલીક સ્ત્રીઓ ગળાનો હાડો હોય તેમાં પણ સોનાના પારા નંખાવે છે. હાથ ઉપર એક અલંકાર જેને તેઓ 'ચેલા' કહે છે. આ મુજબના ઘરેણાં કુનબી (કૂંકણા) સ્ત્રીઓ પહેરેલી જોવા મળે છે. જ્યારે ભીલ કન્યાઓ કાળા મણકાની અને સેરવાળી માળા અને કોઈ હલકી ધાતુના અથવા ચાંદીની કંઠી પહેરે છે.

<u>ખોરાક</u> :- ખોરાકમાં તેઓનો મુખ્ય ખોરાક નાગલીના રોટલા તથા કઠોળમાં અડદની દાળ અથવા પીઠ(લોટ) મુખ્ય છે. સવારે નાગલીનાં રોટલા અને દાળ અથવા પીઠ હોય છે. સાંજે ભાત અને પીઠ અથવા બેસનને(ચણાનો લોટ)આખું કરેલું હોય છે.

ચોમાસાના દિવસોમાં ખાસ કરીને 'તેરી'ની ભાજી તેઓ બનાવે છે. તે સિવાય મોળા વગેરે અનેક જાતની ભાજીઓ જંગલમાંથી પ્રાપ્ત થાય છે. ચોમાસા સિવાય ના દિવસો માં તેઓ ઘણે ભાગે કઠોળ ખાય છે.

ઘણે ભાગે તેઓ માંસાહારી છે. માછલી અને સૂકી માછલીનો ઉપયોગ તેઓ વધાર કરે છે.

<u>આર્થિક જીવન</u> :-

અત્યારે તો તેમનાં આવકનાં સાધનોમાં મુખ્ય ખેતી છે. પરંતુ ડાંગ વિસ્તારની જમીન ખેતી માટે લાયક નથી. જેથી ડુંગરી ધાન્ય પાકે છે. નાગલી અને વરી મુખ્ય પાક છે. જેમાં નાગલી પોતે ખાવા માટે રાખે છે. તથા વરી તેઓ વેચે છે. આ સિવાય ખૂરસાણી જેનું તેલ કાઢવામાં આવે છે. તેનો ભાવ પણ સારો આવે છે. જેથી ખાસ કરીને વધારાનું હોય તો તેને વેચી દેવામાં આવે છે. ભાત પણ કેટલીક સમતલ જગ્યાએ સારો પાકે છે. ડુંગરો ધોવાઈને જે કાંપ ઠરેલો હોય તે જમીનમાં ડાંગરની ખેતી સારી થાય છે. ડાંગર તેઓ ખાસ વેચતા નથી.ખાવા માટે રાખે છે.

ખેતી પછી મજૂરી તેઓ ઘણી કરે છે. ચોમાસાનાં દિવસોમાં સ્થિતિવાળા ખેડૂતો ની ખેતીમાં મજૂરી મળે છે. અને ચોમાસા પછી જંગલનાં કૂપ પડે ત્યારે લાકડાં કાપવામાં તો મોટું કામ કરે છે. પરંતુ વાહતૂક તરીકે (જેમની પાસે બળદગાડું છે.)તેઓ સારી એવી મજૂરી કરે છે. જેઓ જંગલ મંડળીનાં સભ્યો છે. તેઓને મંડળીનાં નફાનું બોનસ વગેરે મળે છે.

ખર્ચ :- સામાજિક રીતરિવાજો માં લગ્ન, મૃત્યુ, તથા દેવદેવીઓની પૂજા વગેરેમાં તેઓ ખર્ચ કરે છે. લગ્નમાં તેમને ઘણો ખર્ચ થાય છે. સારી આર્થિક સ્થિતિનાને રૂા. ૧૫૦૦ થી રૂા. ૨૦૦૦/- જેટલા રુપિયાનો ખર્ચ કરવો પડે છે. જો કે, તેઓના રિવાજ પ્રમાણે સગાઈ 'પેન'ભર્યા પછી છોકરીને છોકરો બોલાવી લઇ જાય છે. અને વર્ષો પછી જ્યારે આર્થિક સ્થિતિ સુધરે ત્યારે લગ્ન કરે છે. આ રીતે પોતાના બાળકો પરણાવા લાયક થાય ત્યારે પણ લગ્નવિધિ પુત્રની જોડે જોડે પણ કરે છે. આમ કેટલુ રમૂજી લાગે તેવા રિવાજ પણ અહિંયા છે. પિતા-પૂત્રનાં લગ્ન એક જ માંડવે થાય એવું બને. મૃત્યુની પાછળ પણ અમુક ચોકકસ વિધિઓ કરવાની હોય છે. જો કે લગ્ન જેટલો ખર્ચ મૃત્યુવિધિ પાછળ તેઓ કરતાં નથી.

તેહેવારો અને દેવ-દેવીઓની પૂજા એટલે કે ધાર્મિક માન્યતાઓ પ્રમાણે તેઓ ધાર્મિકતા પાછળ વાર્ષિક રૂા. ૨૦૦ થી રૂા. ૨૫૦ નો ખર્ચ કરે છે.

દેવું પણ જોવા મળે છે. દેવું ખાસ કરીને અનાજના સ્વરૂપે કરે છે. રોકડ રકમ ખાસ લેતા નથી. પરંતુ ચોમાસામાં ખાધાખોરાકી માટે અનાજ ઓછું પડે ત્યારે જેમની પાસે વધારાનું અનાજ હોય તેની પાસે અથવા તો શાહુકાર વેપારી પાસેથી અનાજ લાવે છે. અને નવું અનાજ પાકે ત્યારે ભરપાઈ કરે છે.

સામાજિક રીતરિવાજ :-

જન્મ વખતે ગામડાની દાયણ મારફતે જ પ્રસુતિ કરાવવામાં આવે છે. નાળ કાપવા ના સાધન તરીકે તીરના ફણાનો ઉપયોગ થાય છે. છોકરો હોય તો પાંચમે દિવસે અને છોકરી હોય તો ચોથા દિવસે પાચોરા પૂજનની વિધિ રાખવામાં આવે છે. પાચોરા પૂજનમાં ' ' મહત્વનો ભાગ દાયણ ભજવે છે. તે પૂજા કરે છે. બાળકના મોઢામાં દારુનું એક ટીપૂ નાખવામાં આવે છે. આજુબાજુના સબંધીઓને બોલાવીને સૌને દારુ પીવડાવે છે. આર્થિક સ્થિતિ સારી હોય તો બધાને જમાડે છે. દાયણને મજૂરી તરીકે બાળકને નવડાવવા જે વાસણમાં પાણી કાઢવામાં આવતું હોય તે ભરીને અનાજ તથા પાંચ રુપિયા રોકડા આપે છે. તે દિવસે મરઘી વગેરે જમવાનું આપે છે. દારું વગેરે રાખે છે.

પાચોરાના દિવસે ઘરના બારણા ઉપર ટીંબરના ઝાડની ડાળીના પાંદડા ખોસવામાં આવે છે. તથા ટીંબરાનું લાકડુ તે દિવસે ચૂલામાં બાળવામાં આવે છે. આમ

કરવા પાછળ પરાપૂર્વથી ચાલતી રુઢિ પ્રમાણે કરવાનું તેઓ કહે છે.

લગ્ન :-

લગ્નમાં તેઓ મામા-ફોઈમાં છોકરા ખાસ કરીને પરણાવે છે. જેથી કન્યા શોધવામાં વિશેષ મુશ્કેલી રહેતી નથી. ભાઈ-બહેનના છોકરાઓ હોય તો તેઓ જન્મે ત્યારથી જ તેમને પરણાવવાનું મનોમન નક્કી રાખે છે.

લગ્નના ત્રણ તબક્કા છે. નાની પેન એટલે કે સાધારણ વાતચીત થાય તે દિવસે વરપક્ષના કેટલાક વડીલો કન્યાને ઘેર જઈને આ અંગે વાત કરે છે. તે દિવસે ગોળધાણા વહેંચાય છે. તે પછી મોટીપેન જેમાં ગામના બધાને લઈને વરપક્ષેથી કન્યાને ઘેર જવામાં આવે છે. અને તે દિવસે પણ ગોળ વરપક્ષ તરફથી આખા ગામને વહેંચે છે. અને મોટી પેન પછી કન્યા વરને ઘેર જઈ શકે છે. લગ્નવિધિ ઘણા વર્ષો પછી પણ કરી શકાય છે. આઠ દિવસ પીઠી ચોળવાનો રિવાજ છે. કન્યાને વરપક્ષ તરફથી દહેજ આપવાનો રિવાજ તેમનામાં છે. દરેક ગામના રીતરિવાજ પ્રમાણે અલગ-અલગ કિંમત નક્કી કરેલ હોય છે. જે બન્ને બાજુના પંચ ભેગા મળીને આપલે કરે છે. સામાન્ય રીતે ભીલોમાં બોરપેન અને નાની પેન એ બે જ વિધિઓને સવિશેષ મહત્વ આપવામાં આવે છે. મોટીપેનની વિધિ ગૃહસ્થ જીવન ચાલુ થયા પછી ગમે તે વખતે પણ કરવી જોઈએ. તેવું સામાન્ય રીતે આવશ્યક નથી લેખાતું.

મૃત્યુ :-

સામાન્ય રીતે કેટલાક અપવાદરુપ શબને તેઓ દાટે છે. બાળતા નથી. શ્યિતપાય લોકોને બાળવામાં આવે છે. જ્યારે માણસને બાળવામાં આવે ત્યારે વિધિઓ જુદી હોય છે. અને તેનો ખર્ચ પણ વધારે આવે છે. જ્યારે દાટવામાં આવે તેને ઓછો ખર્ચ આવે છે.

ધાર્મિક માન્યતાઓ :-

ડાંગી આદિવાસીઓ હિંદુ ધર્મની ઠીક ઠીક અસર હેઠળ છે. તેઓ શિવ, રામ, કૃષ્ણ, બ્રહ્માને પૂજતા માલુમ પડે છે. શિવપંથી અને રામાપંથી એવા પંથોને માને છે. ડાંગી આદિવાસીઓ વાઘદેવ, નાગદેવ, ગામદેવ અને ડુંગરદેવ સીમાડ્યા દેવ અને હનુમંતિયા દેવને માને છે. અને બાધા અને પૂજા વિધિઓ કરે છે. તેવી રીતે દેવીઓમાં દહિમાઈ કોઠારિન તથા તુનસરી માતાની પૂજા કરે છે. ઉત્સવોમાં અખાત્રીજ, પોળાપંચવી, બિનરા, તેરા,

ડુંગરદેવ, દિવાળી જોવા મળે છે. દશેરાના દિવસે પણ ઉત્સવ મનાવે છે.

કુનબી, ભીલ, વારલી વગેરે જાતિઓ વિવિધ કૂળોમાં વિભાજીત થયેલી છે. કેટલાક કૂળો ત્રણે આદિવાસી જાતિઓમાં સમાન જોવા મળે છે. ડાંગની આ ત્રણે મહત્વની જાતિઓમાં સામાન્ય રીતે કૂળ બહિર્લગ્ન પ્રથા જોવા મળે છે.

વનસ્પતિ :-

ડાંગના જંગલમાં ઘણા પ્રકારની વનસ્પતિ જોવા મળે છે. ખાસ પ્રખ્યાત સાગ, સાદડ, સીસમ એ આ જંગલમાં ઘણા જોવા મળે છે. જેના લાકડા ઈમારતી લાકડા તરીકે ગુજરાતભરમાં વપરાય છે. આ સિવાય ઘણા ઝાડો જોવા મળે છે. ખાખરા, ધામડા, મહુડા, ખેર, તણછ, તોરણ, આંબલી, ખાડોલ, વડ, પીપળા, લીમડા, ચંપા, આંબળા વગેરે જેવા અનેક ઝાડો છે. કેટલીક જગ્યાએ ચારોળીના ઝાડો પણ જોવા મળે છે. આ પ્રદેશમાં બાવળ નથી. એ સિવાય હરડા, બેડો, શીવણ, શિરીષ, પગારા, કરંજ, ટિંબરી, સેવન, તથા પાયરાના વૃક્ષો પણ સારા પ્રમાણમાં જોવા મળે છે.

ડાંગની ઔષધવનસ્પતિ :-

અહીં વનો ઔષધવનસ્પતિમાં મુખ્યત્વે હરડાં બેડાં આમળા

- સીદડો, અર્જુનસાદડો, ભીલામો, કરંજ, રકતકાંચનાર ખેર વગેરે.
- કરંજ અને મહુડા, કુસુમ્બ(કોસીંબી)
- ઇન્દ્રજવ અરીઠા
- લોયકોળુ, ડુક્કરકંદ, શતાવદી, કાળી મુસળી
- માલ કાંગુનીના વેલા,
- પહાડવેલ, 'લઘુપાઠા' વેલ.
- દારુડી 'પીલે કોટ લ્યોતે' નામની વનસ્પતિ.
- રોસા ઘાસ સાબુ બનાવવા.
- ભાંગળો(ભૃંગરાજ)
- મરડાસીંગ-મરડો થાય ત્યારે.
- સાગ-ચરબીયુક્ત છે.
- દૂધિયો, વછનાગ, ધાવડી, જંગલી, અરડુસી, કાંદા, કૌચા, સરગવો, બોવટો, વગેરે વિવિધ દેશી દવાઓમાં ઉપયોગ થાય છે. લીલીખાખરો, શીવલીંગી, સેડોલ, કદલ.

૧૧ સમસ્યાઓ અને ઉકેલો :-

ડાંગના આદિવાસીઓ ખૂબજ પ્રાકૃતિક જીવન જીવે છે. તેમ છતાં આ લોકોને અનેક સમસ્યાઓ જોવા મળે છે. સામાજિક સમસ્યાઓ કરતા બીજી તેમના જીવન નિર્વાહની અને પ્રકૃત્તિએ આપેલ સંપત્તિ હોવા છતાં બીજા સમાજે સમસ્યાઓ ઉભી કરી છે. ડાંગમાં

(૧) ગુજરાતમાં વધુમાં વધુ વરસાદ પડે છે. છતાં ઉનાળામાં પીવાના પાણીની તંગી ઉભી થાય છે. એ રીતે પાણીની સમસ્યા ઘણી મોટી છે. ખેતીમાં માત્ર ખેતીના પાણીથી જ ખેતી થઇ શકે છે. એટલે સિંચાઇની વ્યવસ્થા નથી. પાણીવાળા કૂવા પણ પથ્થરવાળી ડુંગરવાળી જમીન અને પાણીની અછત વાળા તળને કારણે ખોદી શકાય તેવી શકયતાઓ ઓછી છે. ટેન્કર દ્વારા અથવા ગાડા ટેન્કર દ્વારા પણ દરેક ગામે સ્વચ્છ પીવાનું પાણી ખાસ કરીને ઉનાળાના પાછલા મહિનાઓમાં પહોંચાડવાની અછતગ્રસ્ત વિસ્તારોમાં જેમ વ્યવસ્થા થાય એ નિતાંત આવશ્ય લાગે છે.

(૨) ખેતીમાં સામાન્ય રીતે નાગલી,ભાત,કોદરા,જુવાર,વરી વગેરે ધાન્યો પકવે છે. તેમ છતાં દવા,ખાતરના અપૂરતા પ્રમાણ વપરાશના અભાવે નવા ઓજારો અને સામાન્ય પ્રકારની પધ્ધતિઓથી ખેતી સારી થતી નથી.નવી ખેતી પધ્ધતિઓ ખેડૂતોમાં વિસ્તરે એવુ લોક શિક્ષણ આદિવાસીઓની પ્રગતિમાં પૂરક ફાળો આપી શકે.

(૩) પશુપાલન :-

આ પ્રદેશમાં બળદ અને પાડાથી ખેતી થાય છે. આ પ્રદેશના ઢોર દૂધાળા હોવા છતાં શરીરે નબળા અને પૂરતી માવજતના અભાવે દૂધ આપી શકતા નથ. જંગલ આધારિત બકરી જેવા નાના અને ઓછા ખોરાક અને ઝાડપાન ખાઇને જીવતા પશુ અપાયતો આ લોકો તેમને સારી રીતે જીવાડી શકે એમ જણાય છે.

(૪) મજૂરી:-

મજૂરી ઉપર મોટાભાગના લોકો જીવે છે. સમગ્ર ડાંગમાં સરકારી નિયત દર ની મજૂરી ખેતમજુરોને કયાય પણ અપાતી નથી.ખેતીમાં મજૂરી કરી પકવી ને કે જંગલ માંથી કંદમૂળ,પાન લાવી જીવે છે. સામાન્ય રીતે ઘણો થોડો સમય ખેતમજૂરી હોય છે. બાકીના સમયમાં જંગલ ઉપર આધાર રાખી કંદમૂળ પાન વગેરે ખાવાના હોય છે. કે ભૂખ્યા રહેવુ પડે છે. તે રીતે ગૃહઉદ્યોગો તથા મરઘાં ઉછેરના કાર્યક્રમો વિશાળ પાયા પર પરતી સમયસરની તાંત્રિક અને [illegible]

(૫) જંગલનીતિઓ :-

કુદરતી સંપત્તિ હોવા છતાં એમનાં વપરાશનું લાકડું તેઓ કાપી શકતા નથી. બીજી ઘરકામ માટે અને ઈતર ઉપયોગ માટે તેઓ જંગલનું લાકડું લાવતાં બીવે છે. આ લોકોને કૂપમાંથી પણ રોજી કંઈ વર્ષ દરમિયાન મળતી નથી. ડાંગમાં આદિવાસીઓને જંગલ પોતાનું લાગે અને વનઉછેર અને વનઆધારિત ઉદ્યોગો ઉભા થાય તેવું વાતાવરણ જંગલખાતું, જંગલ વિકાસ નિગમ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને પ્રજાના સંયુક્ત સહકારથી ઉભું થવું જોઈએ.

(૬) શિક્ષણ :-

શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે. કુનબી અને અપવાદરૂપે વારલી જાતિના થોડા બાળકો શિક્ષણ લેતા થયા છે. ભીલોમાં આ પ્રમાણ નહિંવત છે. શિક્ષણમાં અપવ્યય અને સ્થગિતતાનું મોટું પ્રમાણ, શાળામાં વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોની ગેરહાજરી ગુજરાતી ભાષા સમજવામાં શરૂઆતના ગાળામાં બાળકોને પડતી મુશ્કેલી વગેરે ગણાવી શકાય. આ પરિસ્થિતિ સુધારવા પ્રમાણિક કાર્યદક્ષ નિરીક્ષણ ડાંગી બોલીમાં શરૂઆતના ગાળામાં શિક્ષણ આશ્રમશાળાઓની સંખ્યામાં વધારો, ડાંગી ભાષા તાલીમબદ્ધ શિક્ષકોનો વધારો કેટલાક પાડા-ફળિયાઓમાં શાળાઓની સગવડ વગેરે બાબતો આ ક્ષેત્રે પ્રવર્તતી પરિસ્થિતિમાં થોડોક સુધારો કરવામાં સહાયભૂત થઈ શકે.

ડાંગમાં વિકાસ યોજનાઓનો સૌથી વધુ લાભ કુનબીઓએ લીધો છે. આર્થિક સ્થિતિ તેમજ શિક્ષણમાં પણ આ જાતિ મોખરે છે. તે પછીના ક્રમમાં વારલી આવે છે. અને ભીલો વિકાસ યોજનાઓનો લાભ લેવામાં છેક છેવાડે રહી ગયા છે. એક પ્રકારની ઘેરી ઉદાસીનતા આ પ્રજામાં જોવા મળે છે. ક્વચિત કુનબી અને ભીલ વચ્ચે નાં શોષક શોષિતના સંબંધો જુના ઉપલક અણગમા પર આધારિત આંતર સંઘર્ષો નવા સ્વરૂપે પણ ક્યાંક દેખા દે છે. ડાંગની આ ત્રણે આદિવાસી જાતિઓ અને તેમાં પણ મુખ્યત્વે ભીલો વિકાસ યોજનાઓનો સવિશેષ લાભ લેતા થાય તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવાની તાતી આવશ્યકતા છે.

-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-

## આદિવાસી વિસ્તારમાં લઘુ સિંચાઇ એક મૂલ્યાંકન

પાના : ૮૦

અહેવાલ લેખન : મુસ્તાઅલી મસવી

સારદોહન : મુસ્તાઅલી મસવી

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રની સંશોધન સલાહકાર સમિતિની તારીખ ૧૯-૨-૮૧ ની બેઠકમાં નક્કી થયા મુજબ " આદિવાસી વિસ્તારમાં લઘુ સિંચાઇ યોજના નું મૂલ્યાંકન " નો સંશોધન અભ્યાસ કેન્દ્ર દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો. શરૂઆતમાં આ અભ્યાસ કેન્દ્ર દ્વારા પંચમહાલ જિલ્લાના દાહોદ તાલુકામાં કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

સિંચાઇની અગત્યતા :

આપણો દેશ ખેતી પ્રધાન છે. દેશની ૮૦ ટકા વસતિ ખેતી પર નિર્ભર છે. ખેતી ની ઉત્પાદકતા વધારવા માટે ખાતર, સુધારેલ બિયારણ અને સિંચાઇ એમ ત્રણ મહત્વના સાધનોમાં સિંચાઇનું સ્થાન આગવું છે. સિંચાઇની સગવડો પૂરતા પ્રમાણમાં વિકસી શકે તો જ ખાતર અને સુધારેલાં બિયારણનો અસરકારક ઉપયોગ કરી શકાય અને ખેતીની ઉત્પાદકતા વધારી શકાય.

ભારતની ખેતીનો આધાર વરસાદ પર છે. ભારતમાં વરસાદ અનિયમિત અને જુદા જુદા પ્રદેશોમાં જુદા જુદા પ્રમાણમાં આવે છે. અને આને પરિણામે ઘણા વિસ્તારોમાં દુકાળ પડે છે. તો કેટલાક વિસ્તારોમાં અતિવૃષ્ટિ થાય છે. આ બન્ને બાબતો ખેત ઉત્પાદન પર વિપરીત અસર કરે છે. જો ખેતી ક્ષેત્રની અસ્થિરતા નિવારવી હોય અને કુદરત પર આધાર ઘટાડવો હોય તો સિંચાઇની સગવડોનો પૂરો વિકાસ કરવો જોઇએ.

સિંચાઇનાં સ્વરુપો :-

ભારતમાં સિંચાઇનાં ત્રણ સ્વરુપો છે. (૧) નહેરો (૨) કુવાઓ (૩) તળાવો. આયોજના પછી યોજનાઓ દરમ્યાન નહેરો દવારા થતી સિંચાઇમાં વધારો થયો છે. નહેરો બાંધવામાં ખૂબ મૂડી રોકાણ કરવું પડતુ હોય છે. પરંતુ નહેરો દ્વારા સસ્તી સિંચાઇની સગવડ પ્રાપ્ત થાય છે. પરંતુ તેનાં કેટલાક ગેરલાભો પણ છે. સામાન્ય રીતે નહેરની સિંચાઇ નાં દર સિંચાઇ નીચેનાં વિસ્તારોને આધારે નક્કી કરવામાં આવે છે. આથી ખેડૂતો પાણીનો કરકસર ભર્યો ઉપયોગ કરતા નથી.

નહેરો પછી બીજા સ્થાને કૂવાઓ દ્વારા થતો સિંચાઇ આવે છે. ભારતમાં લગભગ ૩૦ ટકા સિંચાઇ કૂવા દ્વારા થાય છે. કૂવાઓ બે પ્રકારના છે. સાદા અને પાતાળકૂવા (ટ્યુબવેલ) સિંચાઇ માટે ત્રીજી મહત્વનું સાધન તળાવો છે. પથરાળ પ્રદેશોમાં કૂવા ખોદી શકાતાં ન હોવાથી તળાવોમાં પાણી સંગ્રહીને સિંચાઇ કરવામાં આવે છે. તળાવો પર વીજળીક પંપ ગોઠવીને સિંચાઇ કરવામાં આવે છે. તળાવ દ્વારા સિંચાઇ મોંઘી પડે છે. કેટલીકવાર તળાવોમાંથી નહેરો કાઢી સિંચાઇનું પાણી પુરું પાડવામાં આવે છે.

ભારતમાં સિંચાઇ યોજનાનું વર્ગીકરણ પાણીના આધાર પર નક્કી કરવામાં આવ્યું છે. કૂવાઓ તળાવો દ્વારા થતી સિંચાઇ યોજનાને લઘુસિંચાઇ યોજનામાં ગણવામાં આવે છે. ખર્ચની દ્રષ્ટિએ જોઇએ તો મોટી અને મધ્યમ સિંચાઇ યોજનાનું નાની સિંચાઇ યોજના કરતાં વધુ મહત્વ છે. જ્યારે વિસ્તારની દ્રષ્ટિએ જોઇએ તો નાની સિંચાઇ યોજનાનું મહત્વ વધારે છે. મોટી અને મધ્યમ સિંચાઇ યોજનાઓ પૂરી થતાં સમય લાગે છે. જેથી આ યોજના પર થયેલ ખર્ચ અને લાભ વચ્ચે લાંબો ગાળો રહે છે. જ્યારે નાની સિંચાઇ યોજનાઓ બેથી ત્રણ વર્ષના ટુંકા ગાળામાં પૂરી થતી હોવાથી લાભ તાત્કાલિક મળી શકે છે. નાની સિંચાઇ યોજનાઓ હેઠળ નીચેના કાર્યોનો સમાવેશ થાય છે.

(૧) તળાવો તથા બંધ (૨) આડબંધો.(૩) અનુશ્રવણ તળાવો.

<u>લઘુસિંચાઇનો ધોરણ</u> :- લઘુ સિંચાઇ અંગે પહેલાં નાણાકીય ખર્ચનો સિધ્ધાંત અમલમાં હતો. ૧૯૭૨ પહેલાં જે સિંચાઇ યોજના પર ૨૫ લાખનું ખર્ચ થતું હોય તેને જ લઘુ સિંચાઇ યોજના ગણવામાં આવતી હતી. ૧૯૭૫ પછી આ સિધ્ધાંતમાં ફેરફાર કરી રૂા. ૩૦ લાખ નું ધોરણ અપનાવવામાં આવ્યું હતું. આમ ૩૧-૪-૧૯૭૮ સુધી નાણાકીય ખર્ચના આધારે લઘુ સિંચાઇ યોજના નક્કી થતી હતી. ૧ લી એપ્રિલ ૧૯૭૮ થી નાણાકીય ખર્ચ ને બદલે સિંચિત થતા વિસ્તારનું ધોરણ અપનાવવામાં આવ્યું છે. હવે ૨૦૦૦ હેકટરથી ઓછી જમીનના વિસ્તારને પાણી પહોંચાડી શકાય એવી સિંચાઇ યોજનાને લઘુ સિંચાઇ યોજના હેઠળ ગણવામાં આવે છે.

ગુજરાત રાજ્યમાં ખેતી વરસાદ પર આધારિત હોઇ અચોક્કસ ચોમાસા પર અવલંબે છે. રાજ્યમાં જેમ ખેતી લાયક જમીનનો વિસ્તાર મર્યાદિત છે. તેમ સિંચાઇ માટેનો પાણીનો પૂરવઠો પણ મર્યાદિત છે. રાજ્યમાં કુલ વાવેતર વિસ્તારના ૧૬ ટકા વિસ્તાર સિંચાઇ હેઠળ છે. વધતી જતી વસ્તીની પીવાના પાણીની જરુરિયાત, ઔદ્યોગીકરણ ની સાથોસાથ પાણીનો વિપુલ ઉપયોગ તથા સિંચાઇની દિનપ્રતિદિન વધતી જતી માંગને

પહોંચી વળવા પ્રથમ પંચવર્ષીય યોજનાની શરૂઆતથી જ સિંચાઈને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

ગુજરાતમાં પંચાયત રાજ્યનો અમલ થતાં નાની સિંચાઈ યોજનાનો સંપૂર્ણ વહીવટ જીલ્લા પંચાયત હસ્તક છે. સ્થાનિક જરૂરિયાતો લક્ષમાં લઈ નાના સિંચાઈ યોજનાનું આયોજન, સંશોધન નકશા તથા અંદાજપત્રકો બનાવવા, બાંધકામ જાળવણી અને સમારકામ વગેરેની સઘળી કામગીરી જીલ્લા પંચાયત હસ્તક છે. સંશોધન અને નકશા અંદાજો બનાવવાની કામગીરીમાં જીલ્લા પંચાયતોને લઘુ સિંચાઈ વર્તુલ મદદ કરે છે.

નાની સિંચાઈ યોજના ઉપર દરપંચવર્ષીય યોજના દરમિયાન થયેલ સિંચાઈ શક્તિ અને ખરેખર થયેલ સિંચાઈની વિગતો જોતાં જણાય છે. કે ઉત્પન્ન થયેલ સિંચાઈ શક્તિ અને ખરેખર સિંચાઈનો ગાળો ઉત્તરોત્તર વધતો જાય છે. મોટી અને મધ્યમ સિંચાઈ યોજનાઓ દ્વારા અંદાજે ૫૬ ટકા સિંચાઈ શક્તિનો ઉપયોગ થાય છે. નાની સિંચાઈ યોજનાનું વળતર વહેલું મળવાની ધારણા સામે ખરેખર થતો ઉપયોગ ધાર્યા પ્રમાણે વધુ નથી એ હકીકત છે.

તપાસનો ઉદ્દેશ :-

આ અભ્યાસનો ઉદેશ નીચે મુજબનો હતો.

(૧) સિંચાઈ યોજના કયારે શરૂ થઈ હતી. કેટલા સમયના ગાળામાં પૂરી થઈ હતી. અને યોજના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો હતો.

(૨) સિંચાઈ યોજનાથી કેટલા વિસ્તારમાં સિંચાઈ થાય છે. કેટલાક ગામોને સિંચાઈનો લાભ મળે છે. કેટલા પ્રમાણમાં આદિવાસીઓ આ યોજનાનો લાભ લે છે.

(૩) લોકોને સમયસર પાણી મળે છે. કે કેમ? સિંચાઈની સગવડને લીધે પાકના ખાળા મા થયેલ ફેરફાર તેમજ ઉત્પાદકતામાં થયેલ વધારો.

(૪) આદિવાસીઓ સિંચાઈનો લાભ લે છે. કે નહિ? પાણીના ભાવો તેમને પરવડે છે કે કેમ ? અને

(૫) યોજના પાછળ કયા પ્રકારની વહીવટી મુશ્કેલીઓ તેમજ અડચણો અને સમસ્યાઓ ઉભી થાય છે. તે તપાસવાનો હતો.

તપાસ પધ્ધતિ :-

આ અભ્યાસ માટે જિલ્લા અને તાલુકા કક્ષાએ આવેલ નાની સિંચાઈ યોજનાના જે

તે અધિકારીઓ પાસેથી તળાવોની ખર્ચની તેમજ સિંચિત વિસ્તારની માહિતી એકઠી કરવામાં આવી હતી તદઉપરાંત લાભ લેતા ગામો ના આદિવાસી ખેડૂતો પાસેની પ્રશ્નાવલિ દ્વારા માહિતી એકઠી કરવામાં આવી હતી. આ સિવાય સહભાગી નિરીક્ષણ પદ્ધતિ દ્વારા તેમજ ગ્રંથાલયના ઉપયોગ દ્વારા પણ માહિતી એકઠી કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

તપાસ વિસ્તાર :-

તપાસ માટે પંચમહાલ જિલ્લાના દાહોદ તાલુકામાંથી ૨ લઘુ સિંચાઈ તળાવો પસંદ કરવામાં આવ્યાં હતાં. પંચમહાલ જિલ્લો સિંચાઈ ની દૃષ્ટિએ ઘણો જ પછાત છે. જિલ્લામાં સિંચાઈનું મુખ્ય સાધન કૂવાઓ છે. તેવી જ રીતે દાહોદ તાલુકામાં પણ મુખ્ય સિંચાઈનું સાધન કુવાઓ છે. દાહોદ તાલુકામાં સિંચાઈની સગવડ જોઈએ તો મુખ્યત્વે પાટાડુંગરી જળાશય, તળાવો અને કુવાઓની છે. તાલુકામાં કુલ સિંચાઈમાંથી ૬૬ ટકા સિંચાઈ નહેરથી, ૪ ટકા તળાવથી અને કુવા દ્વારા ૩૦ ટકા સિંચાઈ થાય છે.

દાહોદ તાલુકો ૮૭૯.૮ ચોરસ કિલોમીટરના ૧૧૯ ગામોમાં વહેંચાયેલો છે. તાલુકામાં ૯૦ ટકા વસતિ આદિવાસીઓની છે. કે જેઓ મોટે ભાગે નિરક્ષર અને આર્થિક રીતે ઘણાજ પછાત છે. તાલુકાની મોટાભાગની જમીન ખાડાટેકરાવાળી, અને પથરાળ ખડકવાળી છે. મુખ્યત્વે મકાઈ, ડાંગર, ચણા, ઘઉં અને મગફળીના પાકો લેવાય છે. તાલુકાના લોકોનો મુખ્ય ખોરાક મકાઈ છે. તાલુકાની ભૌગોલિક પરિસ્થિતિ જોતાં સરાસરી વરસાદ ૧૨૪૨ મી.મીટર પડે છે, જે અનિયમિત અને અપૂરતો છે. જેથી ત્રણ ચાર વર્ષે એકવાર દુષ્કાળની પરિસ્થિતિ સર્જાય છે. તાલુકામાં સિંચાઈના સાધનોમાં તળાવો, કુવાઓ મુખ્યત્વે છે. તાલુકા પંચાયતે જણાવેલ માહિતી મુજબ તાલુકામાં પ્રથમ વર્ગના ૯ તળાવો, બીજા વર્ગના ૭ તળાવો, પાકા કુવા ૬૮૨, કાચા કુવા ૨૨૧૨, ઓઈલ એન્જીન ૨૩૪ અને ૧૨ ઈલેક્ટ્રીક મોટર આવેલા છે.

લઘુ સિંચાઈ તળાવોનું બાંધકામ જાળવણી :-

લઘુ સિંચાઈ તળાવોનું બાંધકામ અને જાળવણી અધીક્ષક ઈજનેર, લઘુ સિંચાઈની કચેરી દ્વારા થાય છે. તળાવના પાણીનો મહત્તમ ઉપયોગ જમીનને મળે તે જોવાનું કામ તેમનું છે. તળાવ સિંચાઈ યોજના ઘણાં પાસાંઓ પર આધાર રાખે છે. જો યોજના દ્વારા સંપૂર્ણ તાંત્રિક ભલામણ અનુસાર કમાન્ડ એરીયાને આવરી લેવામાં આવે તો ઘણુંજ

(૫)

સારું પરિણામ આવે છે. આ સિંચાઇ યોજનામાં કેટલાક અવસ્થાનો પર રહેલા છે. જો યોજનાની શરૂઆતથી તાંત્રિક તપાસ બરાબર ન થાય અથવા ટેકનીકલ ખામી રહી જાય તો આખી યોજના નિષ્ફળ જાય છે. ટેકનીકલ કે વહીવટી ખામીને લીધે આખી યોજના નિષ્ફળ જાય છે. અને પૈસાનો દુર્વ્યય થાય છે. આથી યોજનાની શરૂઆતથી જ સાવચેતી રાખવી જરૂરી બને છે.

પ્રોજેક્ટ પ્રોસીજર :-

સિંચાઇ યોજનાનો પ્રોજેક્ટ કઇ રીતે અમલમાં આવે છે. તેની વિગતો નીચે મુજબ છે. યોજનાની શરૂઆતમાં દરેક યોજનાની તાંત્રિક તપાસ કાર્યપાલક ઇજનેરની કચેરી દ્વારા થાય છે. તાંત્રિક તપાસ નાયબ ઇજનેર કરે છે. તાંત્રિક તપાસ પૂરી થતાં યોગ્ય લાગે તો નાયબ ઇજનેરને યોજનાનો અંદાજ તૈયાર કરવાની સૂચના આપવામાં આવે છે. યોજનાના ખર્ચમાં હેડવર્ક,નહેરકામ તેમજ લાભ- ખર્ચનું પ્રમાણ પણ કાઢવાનો હોય છે. સાથો સાથ મોસમવાર જુદા જુદા પાકનું એકરદીઠ ઉત્પાદન સિંચાઇ તળાવ પહેલાં અને સિંચાઇ તળાવ પછી કાઢવામાં આવે છે. અને તેની ગણતરી કરવામાં આવે છે. સામાન્ય રીતે યોજનાની કાર્યવાહી કામમાં ત્રણ વિભાગો મુખ્યત્વે ભાગ ભજવે છે. સિંચાઇ ખાતું, ખેતીવાડી ખાતું અને યોજનાની નાણાકીય જવાબદારી ઉઠાવનાર ખાતું ચેકડેમ અને ઉદ્વહન સિંચાઇ યોજના માટે પણ આ રીતે જ સરખી કાર્યવાહી કરવામાં આવે છે.

તપાસ સમયે દાહોદ તાલુકામાં કુલ ૯ પ્રથમ વર્ગના સિંચાઇ તળાવો,૮ બીજાવર્ગના સિંચાઇ તળાવો અને ૯ આડબંધો(ચેકડેમ)હતા.તપાસ માટે પ્રથમવર્ગના ૯ તળાવમાંથી બે તળાવો (૧) ગઢોઇ અને (૨) ઝરી ગાગરડા પસંદ કરવામાં આવ્યા હતાં. આ બન્ને તળાવો દ્વારા સિંચાઇનો લાભ મેળવતા ગામો માંથી એક એક ગામ પસંદ કરવામાં આવ્યું હતું.અને દરેક ગામમાંથી સિંચાઇ નો લાભ લેતા ખેડૂતોમાંથી વીસ વીસ ખેડૂતોની પસંદગી કરવામાં આવી હતી.અને તેમની પાસેથી સિંચાઇને કારણે તેમની ખેતીમાં કયા પ્રકારનું પરિવર્તન આવ્યું તેની માહિતી એકત્ર કરવામાં આવી હતી.

ગઢોઇ :-

ગઢોઇ સિંચાઇ તળાવ દાહોદ તાલુકાના ગઢોઇ ગામમાં કોતર ઉપર બાંધવામાં આવેલ છે. સને ૧૯૬૬-૬૯ ના અછત વર્ષમાં મજૂરોને રોજી આપવા માટે સદરહુ કામ દુષ્કાળ રાહતના કામ તરીકે હાથ પર લેવામાં આવેલ અને સિંચાઇ તળાવ ચાલુ કામ

દરમ્યાન પુરુ કરવામાં આવેલ આ તળાવથી ગઢોઇ અને અભલોડ બે ગામોને પાણીનો લાભ મળે છે. આ તળાવનો કેચમેન્ટ વિસ્તાર ૧-૩૦ ચોરસ માઇલનો છે. અને નહેરની લંબાઇ ૩૩૨ મીટર છે. તળાવનો પિયત વિસ્તાર ૨૮૦ એકરનો છે. જેના બાંધકામનો કુલ ખર્ચ ૩.૬૦ લાખ થયો હતો.અને તળાવનું ૧૯૯૦ માં કામ પૂરું કરવામાં આવેલ.

ગઢોઇ તળાવ દ્વારા ૨૮૦ એકર જમીનને પાણી આપી શકાય છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોના આંકડાઓ જોવાથી જણાય છે કે સિંચાઇ શકિતના પ્રમાણ અને ખરેખર વપરાશ વચ્ચે ઘણો જ તફાવત હતો. ૧૯૯૮-૯૮ માં ૧૬૩ એકરને પાણી પૂરું પાડવામાં આવેલ.તળાવનો લાભ લેતાં ગામો માથી ગઢોઇ ગામમાં ૧૯૯૮-૯૯ માં ખરિફ મોસમમાં કુલ ૨૧ ખેડૂતોએ અધિકૃત રીતે અને અભલોડમાથી ૧૦ ખાતેદારોએ અધિકૃત રીતે પાણી લીધુ હતું. જ્યારે આજ વર્ષમાં રવિ મોસમમાં ગઢોઇ ગામમાંથી૩૭ ખાતેદારોએ અધિકૃત રીતે અને ૧૨ ખાતેદારોએ બિનઅધિકૃત રીતે પાણી લીધુ હતું. જ્યારે અભલોડમાં માત્ર એકજ ખાતેદારે રવિમોસમમાં પાણી લીધુ હતું.

ઝરી ગાગરડા:-

ઝરી ગાગરડા સિંચાઇ તળાવ દાહોદ તાલુકાનાં સિમલીયા ઝરી અને ગાગરડા ગામો ની મળતી હદ ઉપર બાંધવામાં આવેલુ છે. આ તળાવ ઝરી ગામથી બે માઇલ દૂર ઉત્તરમાં આવેલું છે. આ તળાવ સને ૧૯૩૬-૩૭ ના દુષ્કાળના સમયમાં શરુ કરવામાં આવ્યુ હતું.અને અછતનો સમય પૂરો થયા બાદ બંધ કરવામાં આવ્યુ હતું.સને ૧૯૩૯ ની સાલમાં આ તળાવનું કામ ફરી પૂરું કરવા માટે શરુ કરવામાં આવ્યુ હતું.આ તળાવને ડાબી અને જમણી એમ બે નહેરો છે. આ નહેરો અડધા કટીંગ અને અડધા ફીલીંગમાં જાય છે.નહેરમાં લેંડીંગ અને ફીલીંગ આવતું હોવાથી વારંવાર રીપેરીંગ કામ કરવું પડે છે. આ પ્રથમ કક્ષાનું સિંચાઇ તળાવ છે. આ સિંચાઇ તળાવથી સીમલીયા,ગાગરડા, અને જાંબુઆ ગામોની જમીનને સિંચાઇનો લાભ મળે છે. આ તળાવનો પિયત વિસ્તાર ૫૫૦ એકરનો છે. પરંતુ સિંચાઇ શકિતના પ્રમાણ અને ખરેખર વપરાશ વચ્ચે ઘણો જ તફાવત જોવા મળે છે. ૧૯૯૮-૯૯ માં ૨૧૩ એકર જમીનને પાણી પૂરું પાડવામાં આવ્યું હતું. ૧૯૯૮-૯૯ માં આ તળાવની ખરીફ મોસમમાં ૫૩ ખેડૂતોએ પાણી લીધું હતુ જેમાંથી ૫૦ એ બિનઅધિકૃત રીતે અને માત્ર ૩ વ્યકિતએ અધિકૃત રીતે લીધું હતું. એવી જ રીતે રવિમોસમમાં કુલ પાણી લેનારાઓની સંખ્યા ૧૨૭ હતી.જેમાંથી ૩૨ જણાએ અધિકૃતરીતે

અને ૯૫ જણાએ બિનઅધિકૃત રીતે લીધું હતું.ખાસ કરીને ખરીફ મોસમમાં ડાંગરના પાક માટે અને રવિ મોસમમાં મકાઇ અને ઘઉંના વાવેતર માટે પાણી લેવામાં આવતું હતું. આ ગામોમાં બિનઅધિકૃત રીતે પાણી લેનારાઓની સંખ્યા વધુ હતી.ઉપર જણાવેલ બન્ને ગામોમાંથી ગાગરડા ગામમાંથી ૫ ખાતેદારોએ અધિકૃત રીતે પાણી લીધું હતું.જ્યારે ૧૫ જણાએ બિનઅધિકૃત રીતે પાણી લીધું હતું તેવી જ રીતે ગઢોઇમાં ૧૪ ખાતેદારોએ અધિકૃત રીતે અને ૬ ખાતેદારોએ બિનઅધિકૃત રીતે પાણી લીધું હતું. આ બધા ખાતેદારો પાસેથી માહિતી એકઠી કરવામાં આવી હતી.

તપાસમાં લીધેલ ૪૦ ખાતેદારો પાસે કુલ ૩૬૯-૧૭ એકર જમીન હતી જેમાંથી ૧૨૧.૦૮ એકર જમીન માં સિંચાઇ કરવામાં આવી હતી.આમ સરેરાશ ખાતેદાર દીઠ જમીન ૯ એકર જેટલી હતી જ્યારે સરેરાશ લગભગ ૩ એકર એટલે ૩૩ ટકા જમીનમાં સિંચાઇ કરવામાં આવી હતી.

પહેલા તપાસેલા બન્ને ગામોમાં ખરીફ મોસમમાં માત્ર ડાંગર અને મકાઇનું વાવેતર થતું હતું. અને મોટે ભાગે ખેતી ચાકાશી હતી.વરસાદ સારો થાય તો થોડું પાકતું પરંતુ તળાવની સગવડને લીધે સિંચાઇની સવલત ઉભી થઇ હતી.ગામમાં અનેક ખાતેદારોની જમીનને પાણી નો લાભ મળવા લાગ્યો. સિંચાઇની સગવડને લીધે તેઓ ખરીફ મોસમમાં મકાઇ,ડાંગર અને રવિ મોસમમાં ચણા અને ઘઉંનું વાવેતર કરતા થયા.પહેલા રવિ મોસમમાં ભાગ્યે જ ચણા કે ઘઉંનું વાવેતર કરતા આમ દુબારી પાકનો લાભ થયો. પહેલાં સામાન્ય રીતે વરસાદ સારો હોય તો એકરે ૧૦ થી ૧૨ મણ મકાઇ કે ડાંગર થતી હવે સિંચાઇ ને કારણે એકરે ૨૨ થી ૨૫ મણ ડાંગર કે મકાઇ થાય છે. આમ ઉત્પાદન બમણું થયું.

સામાન્ય અસર :-
---------

ઉપર તપાસેલ ગામોમાં તળાવ સિંચાઇ યોજના પહેલા માત્ર કુવા ધ્વારા થોડી ઘણી સિંચાઇ થતી હતી. સિંચાઇ તળાવ થવાથી ગામના લોકો ન સિંચાઇનો લાભ મળતો થયો.આ સિંચાઇ તળાવનો લાભ સમગ્ર ગામના લોકોની જમીનને મળ્યો નથી. પરંતુ થોડા ઘણા માણસોને મળ્યો છે. આ તળાવને કારણે તેમની ખેત-ઉત્પાદકતામાં બે થી અઢી ગણો જેટલો વધારો નોંધાયો છે. જો કે પાકના માળખામાં કોઇ ખાસ ફેરફાર થયો નથી.પહેલા તેઓ રવિ મોસમમાં કોઇ પાક લઇ શકતા નહોતા તેની જગ્યાએ રવિ

મોસમમાં ઘઉ, ચણાનુ વાવેતર કરતાં થયા છે. પહેલા રવિ મોસમાં જેમની પાસે કુવો હતો તે જ ઘઉનુ વાવેતર કરતા હતા. પરંતુ સિંચાઇ તળાવને કારણે તેનો લાભ ઘણા લોકોને મળતો થયો છે. સિંચાઇ તળાવને કારણે તેમની ખેત ઉત્પાદકતા વધી પરંતુ સમગ્ર રીતે જોઇએ તો તેમની આર્થિક સ્થિતિ માં ખાસ સુધારો જણાતો નથી. સિંચાઇને લીધે ખેતી ખર્ચ વધ્યુ છે. પરંતુ પાણીનો વપરાશ વધવાથી સાથો સાથ, રાસાયણિક ખાતરમાં ખાસ વધારો જોવા મળતો નથી. રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓનો ઉપયોગ મર્યાદિત છે.

ઉપર તપાસેલા બે ગામોમાંથી ગઢોઇ ગામના ખેડુતો વધુ પ્રગતિવાદી જણાયા છે. અને તેઓ ખાસ કરીને નિયમિત રીતે અરજીપત્રક ભરીને પાણી લે છે. તેમને આ યોજનાથી વિશેષ લાભ થયો છે. આ ગામમાં પટેલીયાની વસતિ વધુ છે. જ્યારે ગાગરડા ગામમાં ભીલ લોકોની વસતિ વધુ છે. તેમને યોજનાનો લાભ સંપૂર્ણ પણે લીધો નથી. મોટેભાગે તેઓ નિયમિત રીતે અરજીપત્રકો ભરતાં નથી. પરંતુ નહેરો તોડી નાખી કે આઉટલેટ ખોલી ને બિનઅધિકૃત રીતે પાણી લેવાથી વધુ ટેવાયેલા છે.

સમગ્ર તાલુકાની પરિસ્થિતિ જોઇએ તો પણ બિનઅધિકૃત રીતે પાણી લેનારાઓની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે. લોકો જાણી જોઇને પાણી માટે અરજી કરતાં નથી. અને બિનઅધિકૃત રીતે પાણી લેતા હોય છે. ઘણીવાર આ અંગે ઘણાં તકરારો અને ઝઘડાઓ થાય છે. અધિકૃત રીતે માગણી કરનારનુ ખેતર છેલ્લુ હોય તો તેને પાણી મળે તે પહેલા બીજાઓ બિનઅધિકૃત રીતે પાણી લઇલે છે. દાહોદ તાલુકામાં આવેલ સિંચાઇ તળાવમાંથી ૧૯૬૮-૬૯ માં અધિકૃત અને બિનઅધિકૃત રીતે પાણી લેનારાઓની સંખ્યા કોઠા-૧ માં દર્શાવેલ છે.

મોટા ભાગના લોકો નહરો તોડીને અને આઉટલેટ ખોલી નાખીને પાણી લેતા હોય છે. અને સાથો સાથ પિયતની રકમ નિયમિત રીતે ભરતા નથી. તપાસ સમયે લોકોને પૂછતાં માત્ર એક જ જવાબ મળતો હતો કે ખેતીની મોસમ સારી ન હોવાથી પિયતની રકમ ભરી શકતા નથી.અને ભવિષ્યમાં સરકાર અમને માફ કરી દેશે.ઓઇલ એન્જીન કે ઇલેકટ્રીક મોટર ધ્વારા લેવામાં આવતાં પાણીની સરખામણીએ પિયતનો દર ઘણોજ ઓછો ગણાવી શકાય.પરંતુ તેઓ પિયતની રકમ નહિ ભરવા માટે ટેવાઇ ગયા હોય તેવુ લાગે છે. દાહોદ તાલુકામાં લઘુ સિંચાઇ તળાવ ધ્વારા થયેલ પિયત રકમનુ માગણુ નીચે મુજબનુ છે. (કોઠો-૨.)જે આંકડાઓ પરથી સ્પષ્ટ પણે જણાય છે કે પિયતની રકમની વસુલાત

બરાબર થતી નથી.

કોઠો-૧.

દાહોદ તાલુકામાં અને ૧૯૬૮-૬૯ માં અધિકૃત તથા બીન અધિકૃત પિયત કરેલ તેની વિગત :

| અનુ. તળાવનું નામ | અધિકૃત પિયત ની ચરજીઓ. | બીનઅધિકૃત પિયત ની ચરજીઓ. |
|---|---|---|
| ૧. મુવાલીયા તળાવ. (ખરીફ) | ૧૧૦ | ૧૮૮ |
| ૨. ઝરી ગળરડા તળાવ. | ૩ | ૧૦૬ |
| ૩. ઝરી બુઝર્ગ. તળાવ. | -- | ૩ |
| ૪. મોનાકયાર તળાવ. | ૮ | ૭૩ |
| ૫. અગલોડ તળાવ. | -- | -- |
| ૬. ગડોઇ તળાવ. | ૨૬ | -- |
| ૭. ફટેલાવ તળાવ. | ૮ | ૨૨ |
| ૮. ખરેડી તળાવ. | -- | ૨૫ |
| | ૧૫૫ | ૪૧૯ |

રવિ સીઝન ૬૮-૬૯.

| | | |
|---|---|---|
| ૧. મુવાલીયા તળાવ. | ૯૨ | ૧૮૪ |
| ૨. ઝરી ગળરડા તળાવ. | ૩૨ | ૯૫ |
| ૩. ઝરી બુઝર્ગ તળાવ. | ૫૪ | ૪૦ |
| ૪. મોનાકયાર તળાવ. | ૧૧૨ | ૧૨૯ |
| ૫. અગલોડ તળાવ. | ૨૩ | ૭૧ |
| ૬. ગડોઇ તળાવ. | ૩૬ | ૧૭ |
| ૭. ફટેલાવ તળાવ. | ૧૦ | ૪૧ |
| ૮. ખરેડી તળાવ. | ૧૨ | ૨૮ |
| ૯. રાસ્કી તળાવ. | ૧૯ | -- |
| | ૩૯૦ | ૬૦૫ |

પ્રાપ્તિસ્થાન :- નાયબ ઈજનેર, ટ્રાઈબલ એરીયા ડેવલપમેન્ટ, પેટા વિભાગ - દાહોદ

વર્ષવાર લઘુ સિંચાઈ તળાવની બાકી નીકળતી રકમ.

દાહોદ તાલુકો.

| વર્ષ. | રકમ (રુપિયા માં.) |
|---|---|
| ૧૯૯૧-૯૨. | ૧,૦૬૩૦૪-૦૦ |
| ૧૯૯૨-૯૩. | ૯૬૩૧૦-૦૦ |
| ૧૯૯૩-૯૪. | ૯૮૦૧૧-૦૦ |
| ૧૯૯૪-૯૫. | ૧,૧૦૧૦૩-૦૦ |
| ૧૯૯૫-૯૬. | ૯૯૨૯૫-૦૦ |
| ૧૯૯૬-૯૭. | ૯૮૧૬૨-૨૩ |
| ૧૯૯૭-૯૮. | ૧,૪૮૪૪૨-૬૪ |
| ૧૯૯૮-૯૯. | ૬૬૫૧૯-૮૦ |
| કુલ :- | ૯,૬૩,૧૪૪-૮૯ |

આ પ્રોજેકટ વિસ્તારની મુલાકાત પરથી ઘણી બીજી અનેક સમસ્યાઓ અને ટેકનીકલ પ્રશ્નો ગામમાં વસતા લોકો એ છતા કર્યા હતા. જે નીચે દર્શાવેલ છે.

(૧) એક વાત તેઓ નિઃશંક રીતે કબુલે છે કે સિંચાઈના તળાવથી ફાયદો થયો છે. પરંતુ દર ત્રણ વર્ષે એકાદ વર્ષ ખરાબ આવી જવાથી પિયતની રકમ ભરી શકતા નથી. સિંચાઈનો દર દિવસે દિવસે વધતો જાય છે. હાલના પ્રવર્તમાન સિંચાઈના દરો મોઘા પડે છે.

(૨) જમીનમાં પાણીનું જમ થાય છે. તેથી પાકને નુકશાન થાય છે. આવી જમીનમાં પાક લઈ શકાતો નથી. આ અંગે વારંવાર લેખિત મૌખિક ફરિયાદ કરવા છતા કંઈ દાદ મળતી નથી.

(૩) પાણી માટે તારીખ આપવામાં આવતી નથી. જે રીતે મધ્યમ સિંચાઈ યોજનામાં પાણી માટે અગાઉથી તારીખ આપવામાં આવે છે તેમ તારીખ આપવી જોઈએ.

(૪) ઘણીવાર પાણી લેવામાં આવ્યુ ન હોય તો પણ પાણીની રકમ મોટી રીતે ચડાવવા માં આવતી હોય છે.

(૫) અધિકૃત રીતે પાણી લેનારનું ખેતર છેલ્લે આવતું હોય ત્યારે વચ્ચેથી મોટા ભાગના બિનઅધિકૃત રીતે પાણી પોતાના ખેતરમાં વાળી દે છે. અથવા નહેરો તોડીને પાણી લેતા હોય છે. આથી અધિકૃત રીતે લેનારને હેરાન થવું પડે છે. બિનઅધિકૃત રીતે પાણી લેનાર પર પંચ કેસ થાય છે. અને દંડાત્મક દરે વસુલ લેવામાંનું એવું સૂચન હતું કે આ અંગે પોલિસ કેસ કરવાની જોગવાઈ કાયદા દ્વારા કરવી જોઈએ.

(૬) પાણીની વહેંચણી પણ યોગ્ય રીતે કરવામાં આવતી નથી. ઘણીવાર વગદાર ખેડુતોને સમયસર પહેલાથી પાણી મળી જતું હોય છે. જ્યારે બાકીના ખાતેદારોને પાણી મળતું નથી.

(૭) પિયતની લેણી રકમ માટે ખાસ દબાણ થતું નથી તેની ઘણીવાર રકમ ભરવામાં આવતી નથી.

(૮) **જામીન**ખત આપવામાં આવે તો અરજી મંજુર કરવામાં આવતી હોય છે. આને લીધે ઘણી મુશ્કેલી ઊભી થાય છે.

સૂચનો :-

(૧) ઘણા દાખલાઓમાં એવું બને છે. કે ખરેખર પાણી લીધું ન હોય તેમ છતાં પૈસા ભરવાના આવે છે. એક જ જગ્યાએ પત્રક ભરે છે. તેથી આવું બનતું હોય છે. આથી માગણીપત્રક તૈયાર કરતી વખતે પૂરેપુરી ચકાસણી કરવી જોઈએ.

(૨) પિયતની વસુલાત પણ ગામના તલાટીને કરવાની હોય છે. તલાટીને અનેક પ્રકારના કામની જવાબદારી હોવાથી તેને માત્ર જમીન મહેસુલ ઉઘરાવવામાં જ રસ હોય છે. તેથી પિયતની વસુલાત જલ્દી થતી નથી. આથી સિંચાઈની રકમ વસુલ લેવા માટે સિંચાઈ ખાતા તરફથી કોઈ જુદી વ્યવસ્થા કરવી જોઈએ. જેથી પિયતની રકમ સમયસર વસુલ લઈ શકાય.

(૩) તળાવમાથી જે નહેરો કાઢવામાં આવી છે. તે કાચી હોય છે. તેથી પાણીનું ઝમણ(વોટર લોગીંગ ) થાય છે. જો નહેર પાકી બનાવવામાં આવે ( બ્રીક લાઈનીંગ ) આવે તો તેના ઘણા ફાયદા થાય છે. બ્રીક લાઈનીંગથી પાણીનું ઝમણ અટકે છે. આસપાસના નીચલા ખેતરોને નુકશાન થતું નથી. માટી કામ તુટી ન જાય, કેનાલ તોડીને પાણી ન લે. રીપેરીંગ તેમજ જાળવણી ખર્ચ પણ ઓછો આવે, પાણીનો બગાડ અટકે અને અંતે સિંચાઈ વધે.

ધ્રીક લાઇનીંગ માટે દાહોદ તાલુકાનાં લઘુ સિંચાઇ તળાવો માટે અંદાજી ખર્ચ તૈયાર કર્યો છે. ખર્ચનો આધાર તળાવની લંબાઇ પર રહે છે. એક તળાવ પાછળ આશરે એક થી દોઢ લાખ ખર્ચનો અંદાજ છે. જ્યારે મુવાલિયા તળાવ માટે ૩ થી ૪ લાખનો અંદાજ છે.

(૪) લોકો કેનાલ તોડીને પાણી લેતા હોય છે. તેનું કારણ એ છે કે પહેલા વર્ગના તળાવો પર નિયમિત ચોકીદાર નથી. હાલમાં ચોકીદાર રાખવામાં આવે છે. પરંતુ તેનો ખર્ચ જે તે કામ પર પડે છે. જરુર ન પડે તો તેને કાઢી મૂકવામાં આવે છે. જો કાયમી ચોકીદારની નિમણુક કરવામાં આવે તો તળાવની પાઇપ લાઇન વગેરેની સંભાળ રાખી શકે અને પાણી દુર્વ્યય અટકે.

(૫) હાલમાં એકર દીઠ વાર્ષિક રુા.૧૦/- મરામત ખર્ચ કરવાનો હોય છે. એકરદીઠ ખર્ચ ઘણો જ ઓછો છે. આ મરામત ખર્ચ વધારી આપવો જોઇએ.

(૬) સામાન્ય રીતે સિંચાઇ તળાવનું હેડવર્ક એકાદ બે વર્ષમાં પુરુ થઇ જતું હોય છે. પરંતુ નહેરનું કામ રહી જાય છે. કારણ કે બન્ને પ્રકારનું કામ કરનાર એજન્સી જુદી જુદી હોવાને લીધે આવું બને છે. કોન્ટ્રાકટરને નહેરના કામમાં ખાસ રસ હોતો નથી. આથી કેનાલ બનાવવા માટે જે ખરેખર અંદાજી ખર્ચ તૈયાર કર્યો હોય છે. તે સમય જતા વધી જાય છે. આથી કેનાલના કામ અંગે ફરીથી તાંત્રિક મંજુરી મેળવવી પડે છે. અને આને લીધે સમયસર કામ પુરુ થતું નથી. આ અંગે બન્ને કામો સાથે સાથ એવી વ્યવસ્થા ગોઠવવી જોઇએ.જેથી સિંચાઇ શકિત અને વાસ્તવિક વપરાશ વચ્ચે અંતર ઘટે અને સિંચાઇ સાધનનો મહત્તમ ઉપયોગ થઇ શકે.

(૭) હાલમાં જે સિંચાઇ યોજનાઓ તેમાંથી મોટા ભાગની યોજનાઓ અદ્યિકૃત ખેત ઉત્પાદન લેવા કરતાં કેવળ એક પાક લેવા માટે પાણી પુરુ પાડવા તથા વરસાદની અછત સામે રક્ષણ પુરુ પાડવા માટે તૈયાર કરવામાં આવેલ છે. તાજેતરમાં આદિવાસી વિસ્તારોમાં સિંચાઇ દ્વારા મહત્તમ ઉત્પાદન લેવાનું વલણ પેદા થયું છે. આથી ભવિષ્યમાં લઘુ સિંચાઇ યોજનાઓનું સ્થાન અને ડીઝાઇન તૈયાર કરતી વખતે તેમજ ખેતરની નીકો અને નહેરો બનાવતી વખતે આ હકીકત ધ્યાનમાં રાખવી પડશે.

(૮) આવી યોજનાઓમાં માટે લાગે પાણીનો બગાડ વધુ થતો હોય છે. પાણીના ઉપયોગમાં કરકસર થાય એ પણ મહત્વની બાબત છે. હાલમાં વિસ્તાર પ્રમાણે પાણી આપવાનો પ્રથા કરકસરયુકત વપરાશને ઉત્તેજન આપતી નથી. પાણીના પ્રમાણ અનુસાર

વહેચણી શકય નથી.કારણ કે મીટર પધ્ધતિ ખર્ચાળ છે. આને બદલે દરેક પાક અને જમીનની પરિસ્થિતિને જોઇને કેટલું પાણી જોઇએ એ અંગે ખેતીવાડી ખાતાએ સંશોધન કરી ખેડુતોને સલાહ આપવી જોઇએ.આવા શૈક્ષણિક કાર્યક્રમ વિના સિંચાઇની સગવડોનો બગાડ અટકાવી શકાશે નહિ.

(૯) આદિવાસી વિસ્તારમાં સિંચાઇના પાણીનો પૂરો ઉપયોગ થાય એ માટે શરૂઆતમાં બે ત્રણ વર્ષ સુધી રાહતના દરે પાણી આપવું જોઇએ.આપણે ઉપર જોયું તેમ બિનઅધિકૃત પાણી લેનારોની સંખ્યા વધતી જાય છે. અને પિયતની રકમ ભરી શકતા નથી. તેથી સિંચાઇનો પાણીનો પુરો વપરાશ થતો નથી.

આ માટે તાજેતરમાં ગુજરાત સરકારે કેટલી છુટછાટ મૂકી છે તે નોંધનીય છે.

સરકારશ્રીના જાહેરબાંધકામ વિભાગના ઠરાવ નં.સી.એસ.ઇ.૧૦૭૯/૧/૯ તા. ૪-૪-૧૯૭૯ના ઠરાવ અનુસાર બિનઅધિકૃત પિયત ન થાય તથા સિંચાઇ યોજનાનું પાણી પૂરેપુરુ વપરાય તે હેતુથી ચિંઇ કારોની સિંચાઇવાળા સિંચાઇ પિયાવાના લહેણા બાકી હોય નહી તેમને પ્રથમ અગ્રીમતા આપી પાણીની અરજી મંજૂર કર્યા બાદ જળાશયમાં પાણી ઉપલબ્ધ હોય તો જે સિંચાઇ કારો પાસે પાછલનું લેણું છે તેઓ પિયાવાની રકમ અગાઉથી જમા કરાવે તો તેઓની અરજી સામાન્ય દરે મંજુર કરી શકાય અને તેઓશ્રીની જમા કરવામાં આવેલ રકમ તેમની પાછલી સિંચાઇના લેણા પેટે વસુલ કરવામાં આવે તેમ ઠરાવેલ છે.

(૧૦) સિંચાઇ યોજનાઓમાં એક મોટી ખામી એ છે કે ડ્રેનેજ માટે પૂરતી કાળજી લેવામાં આવતી નથી.આથી સિંચાઇવાળી જમીનમાં વાટર લોગિંગ થાય છે. વોટર લોગિંગને લીધે જમીનને ઓછા વધતા પ્રમાણમાં નુકશાન થાય છે. આથી સિંચાઇ યોજનામાં અમુક હેકટર જમીનને ફિલ્ડ ચેનલ અને ફિલ્ડ ડ્રેનેજની જોગવાઇ કરવી જોઇએ.

આ અભ્યાસ પરથી જણાય છે. કે આ આદિવાસી વિસ્તારમાં એક યા બીજા કારણોસર સિંચાઇના સાધનનો મહત્તમ ઉપયોગ.થતો નથી.આથી સિંચાઇ સગવડોનો વધુમાં વધુ લોકો લાભ લે એ માટે તાલુકા કક્ષાએ સંયુકત અને સુસંકલિત પ્રયાસો કરવા જોઇએ. જેથી સિંચાઇ શકિત અને વાસ્તવિક વપરાશ વચ્ચે અંતર ઘટે અને સિંચાઇ સાધનોનો મહત્તમ ઉપયોગ થઇ શકે અને લોકોની આર્થિક સુખાકારી વધે.

-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x

પાના. : ૧૨૦

અહેવાલ લેખન. : ભારતીબેન દેસાઇ

અનિલ પટેલ.

સારદોહન. : ભારતીબેન દેસાઇ.

આશ્રમશાળા :-

ભારતમાં બ્રિટિશ શાસન દરમ્યાન જે શિક્ષણનો પાયો નખાયો હતો તે રુઢીગત શિક્ષણ હતુ અને તે કેવળ 'કારકુની કેળવણી'આપતુ હતુ.ગાંધીજીને એ પ્રતીતિ થઇ ગઇ હતી કે આ શિક્ષણ નકામુ છે. આઝાદીની લડતમાં વિઘ્નરુપ છે. તેઓ રાષ્ટ્રને આવશ્યક એવુ શિક્ષણ આપવાની મથામણમાં હતા.અને એમણે આ માટે રાષ્ટ્રિય કેળવણી નો મુસદ્દો પણ તૈયાર કર્યો હતો.એમાં એમણે સ્વાશ્રયી અને સ્વાવલંબી કેળવણીની હિમાયત કરી કેળવણીમાં એમણે ઉદ્યોગને પણ અક્ષર કેળવણી જેટલુ જ મહત્વ આપ્યુ.એમણે તો એટલે સુધી કહ્યુ કે કેળવણી એ સ્વભાષામાં અપાય અને ઉદ્યોગ દ્વારા અપાય તો શીખનારા અને શીખવનાર હોંશ ભેર એ પ્રક્રિયામાં ભાગીદાર બને અને કંઇક પામી શકે, ઉદ્યોગ દ્વારા શિક્ષણથી જુદા જુદા ઉદ્યોગોની જાણકારી મળે.જુદા જુદા ગ્રામોપયોગી ઉદ્યોગોનો વિકાસ થાય અને કેળવણી આપતી સંસ્થાઓ સ્વાવલંબી બને અને તોજ મફત અને ફરજિયાત (પ્રાથમિક)કેળવણી બધાને પહોંચાડી શકાય.

અમદાવાદમાં કોચરબ આશ્રમમાં, હરિજન આશ્રમમાં અને વર્ધાના સેવાગ્રામમાં ગાંધીજીએ આવી પાયાની કેળવણીના પાયા નાખ્યા અને એ રીતે દેશમાં આશ્રમી શિક્ષણ આપતી સંસ્થાઓ આશ્રમશાળા તરીકે ઓળખાઇ.એક અર્થમાં આ આશ્રમશાળાઓ છાત્રાલય સાથેની શાળાઓ પણ છે. જંગલમાં ઊંડાણમાં રહેતા આદિવાસીઓ જે શૈક્ષણિક રીતે પછાત હતા તેમને શિક્ષણ આપવુ જોઇએ તે માટે પંચમહાલ જિલ્લામાં સુખદેવભાઇ દ્વારા આશ્રમની સ્થાપના થઇ હતી અને પૂ.ઠક્કરબાપાની પ્રેરણાથી પંચમહાલ જિલ્લામાં આદિવાસીઓ માટેની આશ્રમશાળાઓ શરુ થઇ.

ગુજરાતમાં આ આશ્રમી શિક્ષણના પ્રયોગમાં ઠક્કરબાપા નરહરીભાઇ પરીખ, કાકાસાહેબ કાલેલકર,કિશોરલાલ મશરુવાળા,વિનોબાજી,જુગતરામભાઇ,દિલખુશભાઇ દિવાન જેવા નિષ્ઠાવાન સેવકો જોડાયા એમના પ્રયાસે જુદી જુદી જગ્યાએ આશ્રમશાળાઓની

શરુઆત કરી ગુજરાતમાં સરભોણ બારડોલી.કરાડી વેડછી (સુરત જિલ્લો, મીરાખડી (પંચમહાલ)આશ્રમશાળાઓ જાણીતી બની.

આ આશ્રમી કેળવણીનો મોટો લાભ ઊંડા અને જંગલ વિસ્તારમાં રહેતા વહેમ, વ્યસન, આળસ, અજ્ઞાન અને કરજમાં ડુબેલા આદિવાસીઓને મળે એની કાળજી લેવાઈ.આ માટે કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓને આશ્રમશાળાની જવાબદારી સોંપાઈ.

આ સ્વૈચ્છિક સંસ્થાઓ ધ્વારા ચાલતી આશ્રમશાળાઓની ઉપયોગિતા અને અસરકારકતા તપાસવા સરકાર તરફથી અવારનવાર જુદી જુદી સમિતિઓ રચાઈ જેમાં મુખ્યત્વે ૧૯૩૭ ની ખિમ્ફ્ટન સમિતિ ૧૯૫૯ ની રેણુકા રે સમિતિ અને ૧૯૬૧ ની ઢેબરભાઈ અને ભાણ સમિતિ છે. આ બધા જ સમિતિઓએ આશ્રમશાળાના વ્યાપ માટે સતત ભલામણ કરી છે. એટલું જ નહીં આ સમિતિઓએ આશ્રમશાળાની અસરકારકતા માટે અનુદાનના નિયમો તેમજ આશ્રમશાળાની પ્રવૃત્તિઓ અંગે ઉપયોગી સૂચનો રજૂ કર્યા આશ્રમશાળાનું આદર્શ સ્વરુપ શું હોઇ શકે તેની રૂપરેખા પણ આપી આશ્રમશાળાઓ સરકારી પ્રયત્નોથી ચાલે એના કરતા સ્વૈચ્છિક સંસ્થાઓ ધ્વારા ચાલે એવો આગ્રહ પણ સેવ્યો.

આ આશ્રમશાળાઓ આદિવાસીઓને ભણતા કરવામાં, તેમનામાં સાક્ષરતાનું પ્રમાણ વધારવામાં અને તેમનામાં સંસ્કાર સિંચન કરવામાં ઉપયોગી રહી છે.એ રીતે પણ આદિવાસીઓના સમગ્ર વિકાસ માટે આશ્રમશાળાઓ અનિવાર્ય સફળ સાધન છે. શિક્ષણનું ધોરણ, સુઘડતા, સ્વચ્છતા શિસ્ત સમૂહ જીવન વગેરે બાબતમાં આશ્રમશાળાઓ ઉપયોગી નીવડે છે. એમ લાગે છે. છતાં એમને વિષે કેટલીક શંકાઓ ફરિયાદો પણ રહેલી છે. કેટલાક તો એમ પણ કહે છે કે આશ્રમશાળામાંથી આશ્રમ તત્વ નીકળી ગયું માત્ર શાળા રહી છે. તેમાં નક્કી કરેલા ધોરણો જળવાતાં નથી.ઉધોગ માત્ર નામનો રહયો છે. દિન ચર્યા પળાતી નથી શિક્ષણક્રમ જળવાતો નથી શિક્ષકો નિષ્ઠાવાન નથી.સુધરેલા આદિવાસીઓ જ એનો લાભ લે છે વગેરે આ ફરિયાદોમાં તથ્ય છે કે કેમ તે ગંભીર પણે તપાસવાની જરુર ઉભી થઇ અને એ રીતે ગુજરાતમાં ચાલતી આશ્રમશાળાઓ વિષે જાણી તેનું

મૂલ્યાંકન કરવુ એ આવશ્યક બન્યુ.

મૂલ્યાંકનના ઉદ્દેશો :

આશ્રમશાળાના મૂલ્યાંકનના મુખ્ય ઉદ્દેશો આ પ્રમાણે છે.

(૧) આશ્રમશાળાની ઉપયોગિતા અને આદિવાસી સમાજ ઉપર તેની અસર તપાસવી.

(૨) આશ્રમશાળાનુ વહિવટી માળખુ તપાસવુ.

(૩) આશ્રમશાળા દ્વારા અપાતા શિક્ષણનો વ્યાપ સ્થગિતતા અને અપવ્યયની સમસ્યા તપાસવી.

(૪) આશ્રમશાળાઓની બીજી સમસ્યાનો અભ્યાસ કરવો અને તેના ઉકેલો સૂચવવા.

મૂલ્યાંકનની પ્રવિધિઓ :

મૂલ્યાંકનના ઉદ્દેશો તપાસવા અવલોકન, સહજીવન, નિરીક્ષણ, મુલાકાત પ્રશ્નાવલી, રેકોર્ડ(દસ્તાવેજ), વાલીની જેવી પ્રચલિત સંશોધન પ્રવિધિઓ ઉપયોગમા લીધી હતી.

અભ્યાસનો વિસ્તાર :

આદિવાસી વસતિ ધરાવતા જે જિલ્લાઓ છે અને જેમા સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા આશ્રમશાળા ચાલે છે તે જિલ્લાઓની સંસ્થાઓને ખ્યાલમા રાખી સંખ્યાકીય પદ્ધતિસર આશ્રમશાળાઓ પસંદ કરવામા આવી ગુજરાતમા કુલ ૧૯૧ આશ્રમશાળાઓ છે એમાથી ૧૪૧ આશ્રમશાળાઓ આદિવાસીઓ માટેની છે. આમા ડાંગ જિલ્લામા સરકાર આશ્રમશાળા ચલાવે છે.તેથી જે જિલ્લામા સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા આશ્રમશાળા ચલાવવામા આવે છે તેવા સુરત, વલસાડ, ભરુચ, વડોદરા, પંચમહાલ, સાબરકાંઠા, બનાસકાંઠા મળીને કુલ ૨૨ આશ્રમશાળાઓ એવી રીતે પસંદ કરવામા આવી કે બધી સંસ્થાઓનુ તથા બધા જીલ્લાઓનુ સમાન કુળના પ્રમાણમા પ્રતિનિધિત્વ જળવાઈ રહે. જ્યા એકજ સંસ્થાની ઘણી આશ્રમશાળામાથી પસંદગીનો પ્રશ્ન હોય ત્યા ચીઠ્ઠીઓ ઉપાડી આશ્રમશાળાની પસંદગી કરવામા આવી હતી.

બાળકો કન્યાઓનુ પ્રમાણ :

આ આશ્રમશાળાઓમા ધોરણ ૩ થી ૯ સુધીના અભ્યાસ માટે ૧૨૦ વિદ્યાર્થીઓ લેવામા આવે છે. જેમા એવો આગ્રહ રાખવામા આવે છે કે કુમાર અને કન્યાઓનુ પ્રમાણ

સરખું હોવુ જોઇએ. પરંતુ હકીકતમા આ જળવાતુ નથી કુમારોની સંખ્યા કન્યાઓ કરતાં વધુ હોય છે. મારી તપાસ હેઠળની ૨૨ આશ્રમશાળાઓમા કુમારોની સંખ્યા ૧૮૦૯ છે. અને કન્યાઓની સંખ્યા ૯૯૦ છે. એટલે લગભગ ૨ : ૧ નુ પ્રમાણ છે. આનુ કારણ એ માલુમ પડયુ છે કે કન્યાઓ ઘરકામમા અને અન્ય મજૂરીના કામમા વધુ રોકાયેલી હોય છે.

જાતિવાર ઉપયોગ :

આશ્રમશાળાનો ઉપયોગ કરતા આદિવાસીઓમા સુરત અને વલસાડ જિલ્લામા ચૌધરી,ગામીત,ધોડિયા,ભરુચમા વસાવા, વડોદરામા રાઠવા અને પચમહાલમા ભીલો વધુ છે. વાર્લી,કોટવાળીયા, કૌકણા, તડવી, નાયકા, હળપતિ વગેરે આદિવાસીઓનુ પ્રમાણ જૂજ છે.

આશ્રમશાળાની દિનચર્યા :-

દરેક આશ્રમશાળાની દિનચર્યા નકકી કરેલી હોય છે. જે લગભ સરખી જ હોય છે. આ દિનચર્યામા પ્રાર્થના, સફાઇ, વ્યાયમ, ઉદ્યોગ,સ્વાધ્યાય,ભોજન વગેરે ક્રિયાઓનો સમાવેશ થાય છે.

આ દિનચર્યામા પ્રાર્થના નિયમિતપણે થતી લાગી પરંતુ તે કેટલીક જગ્યાએ લાંબી અને કંટાળજનક વિદ્યાર્થીઓને લાગતી હોય એવુ જણાયુ. લગભગ બધી જ આશ્રમશાળા ઓમા વ્યાયમ પ્રત્યે બેદરકારી જોવા મળે છે. ઉદ્યોગમા ખેતી ઉદ્યોગ જ શીખવાડાતો હતો અને તેમા પણ મજૂરીનુ તત્વ જ જણાતુ હતુ ટેકનીકલ જ્ઞાન અપાતુ હોય તેવુ દેખાયુ નહી. કાંતણ ઉદ્યોગ અભ્યાસક્રમમા છે. પણ થતો જોવા મળ્યો ન હતો. રમતગમત પર પણ પુરતુ ધ્યાન અપાતુ નથી. તાલુકા જિલ્લા અને રાજય કક્ષાએ સ્પર્ધાત્મક રમતો રમાતી નથી. શિક્ષણ ચીલાચાલુ પધ્ધતિએ શીખવાડાતુ હતુ. મોટેભાગે પાઠ વચાવવા અને મોઢે સમજાવવાનું ચાલતું હતું જ વર્ગો નિયમિત સમયપ્રમાણે લેવાતા નહોતા. ભોજન નિયમિત અપાતુ હતુ.

વહિવટી માળખુ :

આશ્રમશાળાનો વહેવટ ચલાવવા માટે આઠ કર્મચારીઓની જોગવાઇ હોય છે. તેમા ચાર શિક્ષકો, એક કમાટી, બે રસોઇયા અને એક રસોડા નોકર હોય છે.

શિક્ષકો :

દરેક આશ્રમશાળામાં જે ચાર શિક્ષકોની જોગવાઇ હોય છે. તેમાં બે મહિલા શિક્ષકો અને બે પુરુષ શિક્ષકો હોય તેવો આગ્રહ હોય છે. પરંતુ હકીકતમાં આ પ્રમાણ ૨ : ૧ નું હતું. આદિવાસી અને બિન આદિવાસી શિક્ષકોના પ્રમાણમાં સરખાપણું છે. કેટલીક આશ્રમશાળામાં એક અને બે શિક્ષકની સગવડ જ જોવા મળી. આશ્રમશાળામાં કામ કરતાં શિક્ષકોની આર્થિક સ્થિતિ સામાન્ય છે. અલબત્ત કોઇક આશ્રમશાળામાં ગેરવહિવટ પણ છે. અને શિક્ષકોએ આશ્રમશાળાને પૈસા કમાવાના સાધન તરીકે પણ ઉપયોગ કરેલો છે. આશ્રમશાળાના શિક્ષકોને ગ્રાંટ ને અનિયમિતતાને કારણે પગાર અનિયમિત મળે છે. પ્રોવિડંડ ફંડની કે બીજી કોઇ સલામતીની ખાત્રી હોતી નથી. પરિણામે કેટલીક જગ્યાએ નિષ્ઠાવાન શિક્ષકોનો અભાવ જોવા મળ્યો. આશ્રમશાળાના શિક્ષકોને કામનું ભારણ વધુ લાગે છે. કારણ કે ચોવીસ કલાક બાળકોની દેખરેખ અને શિક્ષણેતર કામ સંભાળવાનું હોય છે. આચાર્ય ચાર શિક્ષકમાંનો એક હોય છે. અને તેણે વહિવટ પણ સંભાળવાનો હોય છે. તેથી કામ વધુ હોય છે. આશ્રમશાળાઓને સ્થાનિક રાજકારણ પણ અડચણરૂપ બનતું હોય છે.

અન્ય કર્મચારીઓ :-

બે રસોઇઆ, એક કમાઠી અને એક નોકર લગભગ બધે જ છે. એ લોકો ને પણ અનિયમિત પગાર અને તેમના મનમાં પણ નોકરીની અસલામતી નો ભય જણાય છે.

અનુદાન :

આશ્રમશાળાઓ માટે સરકાર તરફથી જે અનુદાનની જોગવાઇ છે.

(૧) વિદ્યાર્થીઓના ખર્ચની અને (૨) આશ્રમશાળાનાં વહિવટ માટે.

(૧) હાલમાં વિદ્યાર્થીઓના ખર્ચ માટે વિદ્યાર્થી દીઠ માસિક ૬૫/- રૂા. આપવામાં આવે છે. જેમાંથી ભોજન, નાસ્તો, બે જોડી કપડાં અને એક પથારીની સગવડ (શેતરંજી, ચોરસો અને કોથળો.), આપવાની હોય છે. આ ઉપરાંત સાબુ, પુસ્તકનોટ, માથાનું તેલ પણ આશ્રમશાળાએ આપવાનું હોય છે. આ બાબતમાં ભોજન પુરતું અને નિયમિત અપાય છે. અલબત્ત ગુણવત્તામાં આશ્રમશાળાનાં વહિવટ પ્રમાણે તફાવત જોવા મળ્યો. કેટલીક આશ્રમશાળાઓ કપડાં આપવામાં કંજુસાઇ કરતી હોય એવું દેખાયું. પેન્સીલ અને નોટની સગવડ

વિધાર્થીઓ કરે છે. સાબુ અને તેલ પુરતી માત્રામાં અપાતા નથી.

(૨) પગાર અને વહિવટી ખર્ચ માટે ૧૦૦ % અનુદાન આપવામાં આવે છે. પણ તે સરકાર તરફથી નિયમિત ન આવવાને પરિણામે કર્મચારીઓના પગાર નિયમિત થતા નથી.

ભૌતિક સાધનો :

મકાન અને ખેતી માટે જે અનુદાનની રકમ અપાય છે. તે હાલના તબક્કે ઓછી છે. અનુદાન પુરતું ન મળે તેથી ખેતીમાં સાધનો પુરતા ન આવે અને તેથી ખેતી કામમાં અડચણ થાય.

અન્ય સગવડો :

બાળકોને રહેવા માટેની તથા શિક્ષકોને રહેવાને સગવડ દરેક આશ્રમશાળામાં છે. પરંતુ તેની ગુણવત્તામાં તફાવત જોવા મળ્યો. કેટલીક આશ્રમશાળાઓમાં આ સગવડો અપૂરતી છે. આવુ જ પાણી, નાહવા ધોવાની સગવડ અને જાજરુ અને મુતરડીની બાબતમાં છે.

અપવ્યય અને સ્થગિતતા :

અપવ્યય એટલે બાળક શિક્ષણના કોઈપણ તબક્કે સંસ્થામાં દાખલ થાય પછી નિયત અભ્યાસક્રમ પૂર્ણ કર્યા સિવાય વચ્ચેના કોઈપણ ધોરણના તબક્કેથી કે સંસ્થા છોડી દે (અભ્યાસ છોડી દે અથવા ઉઠી જાય) તે પ્રક્રિયા સ્થગિતતા એટલે કે વિધાર્થી જે વર્ગ માં શિક્ષણ લેતો હોય તેના તે વર્ગમાં બે કે તેથી વધુ વર્ષ ગાળે એટલે કે તે ધોરણ ફરીથી ભણવુ પડે તેને સ્થગિતતા કહે છે.

૧૯૬૫ થી ૧૯૬૮ ના ચાર વર્ષના ગાળા દરમ્યાન પસંદ કરેલી ૨૨ શાળાઓ પૈકી ૨૦ શાળાની માહિતી પ્રાપ્ત થઈ છે. તે મુજબ ૩ થી ૭ ધોરણ સુધીનો અપવ્યય ૪૪.૪૨ % જોવા મળ્યો. કોઈપણ એક આશ્રમશાળામાં વધુમાં વધુ અપવ્યય ૬૪.૯૦ % જોવા મળ્યો. અને કોઈપણ એક આશ્રમમાં ઓછામાં ઓછા અપવ્યય ૧૮.૧૮ % હતો. સરેરાશ સ્થગિતતા ૯.૦૧ % જોવા મળી. ૫૦ % શાળાઓમાં તો સ્થગિતતા છે જ નહી. એનું મુખ્ય કારણ **સંખ્યા શાસ્ત્રીય** બાળક નાપાસ થાય એટલે ઉઠી જાય અને તેથી તેની ગણતરી સ્થગિતતામાં ન થાય અપવ્યયમાં થાય છે. કોઈપણ એક આશ્રમશાળામાં વધુમાં વધુ સ્થગિતતા ૭૫ .૭૫ % છે. સરકાર દ્વારા ચાલતી દૈનિક પ્રાથમિક શાળાઓ

કરતા સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતી આશ્રમશાળાઓમાં અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ ઓછું જોવા મળે છે. અલબત્ત આશ્રમશાળાઓની દ્રષ્ટિએ ગણીએ તો તે વધુ છે. અપવ્યય ૩જા થી છઠ્ઠા ધોરણ દરમ્યાન વત્તા ઓછા પ્રમાણમાં થાય છે. પરંતુ વધુ ટકાવારી પાંચમા ધોરણમાં છે. (૩૫.૬૯ %)અને ઓછામાં ઓછી છઠ્ઠા ધોરણમાં છે. (૧૮.૭૧ %)કુમાર અને કન્યાઓમાં કુમારોનું કન્યાઓ કરતા અપવ્યયનું પ્રમાણ વધુ છે. કુમારોમાં અપવ્યય પ્રમાણ ૫૫.૫૬ % છે. અને કન્યાઓમાં તે પ્રમાણ ૪૭.૭૪ % છે. આનું કારણ કુમાર કરતા કન્યાઓનું શિક્ષણ પ્રમાણ ઓછું છે. તેથી જે કન્યાઓ દાખલ થાય તે અભ્યાસ પૂરો કરે તેવી સ્થિતિવાળી જ હોય છે.

સમસ્યાઓ અને સંભવિત ઉકેલો.
------------------

(૧) ખેતીની જમીન માટે અનુદાનનો ઓછો પ્રશ્ન છે. ૧૦ એકર જમીનની ખરીદી માટે દશ હજારની જોગવાઈ અપુરતી છે. અત્યારે ૧૦ એકર જમીનની કિંમત ગૂજરાતમાં લગભગ બધાજ ક્ષેત્રોમા ઓછામાં ઓછી એક લાખ જેટલી થવા જાય છે.

(૨) બાળકો અને શિક્ષકોના નિવાસસ્થાન માટે તેમજ ખેતીના સાધનો માટે નાણાની પૂરતી જોગવાઈ નથી.એ જરુરિયાત પુરતા પ્રમાણમાં સંતોષવી જોઈએ.

(૩) કેળવણી ઉદ્યોગલક્ષી જણાતી નથી.કેળવણીને સ્વાવલંબી બનાવવાનો આશય સફળ થાય એ માટે ઉદ્યોગોને પ્રાધાન્ય આપવુ જોઈએ.જો ખેતીને મુખ્ય ઉદ્યોગ તરીકે સ્વીકાર્યો હોય તો આશ્રમશાળાને જરુરી એટલુ તો ઉત્પાદન થવુ જ જોઈએ.

(૪) બાળકો અને શિક્ષકો પોતે પોતાના કપડા જેટલુ ઉત્પાદન કરી શકે તેટલા પ્રમાણમાં કાંતણ અને વણાટને સ્થાન આપવુ અને આશ્રમશાળાના વિદ્યાર્થીઓની કક્ષા પ્રમાણે કામ નક્કી કરવુ જોઈએ.

(૫) આશ્રમશાળા ચલાવતી સંસ્થાઓને તેની શક્તિમર્યાદાને ખ્યાલમાં રાખીને આશ્રમશાળાઓનુ સંચાલન સોંપવુ જોઈએ.એક સંસ્થા પાસે બે થી ત્રણ આશ્રમશાળાનુ સંચાલન હોવુ જોઈએ જેથી તે સંસ્થા તેના તરફ પુરતુ ધ્યાન આપી શકે.

(૬) સંસ્થાના સંચાલકો સક્રિય અને સત્તાના રાજકારણથી અલિપ્ત રહે એ અત્યંત જરુરી છે. આશ્રમશાળાના શિક્ષકો અને કર્મચારીઓ નો અને સંસ્થાનો રાજકીય આશયોથી ઉપયોગ ન થાય.

(૭) આચાર્યને શિરે વહિવટી જવાબદારી વધારે રહેતી હોવાથી શાળાના સંચાલનમાં અને શિક્ષણમાં પુરતુ ધ્યાન આપી શકતી નથી તેથી વહિવટી જવાબદારી અદા કરે એવી કોઈ સક્ષમ વ્યક્તિની અલગ નિમણૂક કરવી જોઈએ.

(૮) શિક્ષકોની નિષ્ઠા વધે અને સ્થિરતા જળવાય એ માટે નોકરીની સલામતી, પગારની નિયમિતતા, અને પ્રો. ફંડ જેવા લાભો એને અપાય એ અતિ આવશ્યક છે.

(૯) આશ્રમશાળાની પ્રવૃતિ આજુબાજુના ગામડાથી અલિપ્ત રહે એ જરુરી નથી. આજુબાજુના લોકો પણ આશ્રમશાળા સાથે સહકાર અને સદ્ભાવ ધરાવે છે. એ આશ્રમશાળાને એક સમાજલક્ષી શાળા (કોમ્યુનીટી સ્કુલ) બાળકો માટે ખૂબ જ જરૂરી છે.

(૧૦) આશ્રમશાળાને સર્વાંગી વિકાસકેન્દ્ર તરીકે વિકસાવવી જોઈએ.

(૧૧) આસપાસની ચારપાંચ પ્રાથમિક શાળાઓનો માર્ગદર્શક શાળા તરીકે પણ, એને વિકસાવવી જોઈએ.

(૧૨) આશ્રમશાળાઓ લોકોની છે, એવી લાગણી લોકો માં દઢ થતી રહેવી જ જોઈએ. એ માટે આસપાસ ના લોકો આશ્રમશાળાના સંચાલનમાં સહભાગી બનાવવા જોઈએ.

જો આટલી તકેદારી રાખવામાં આવશે તો આદિવાસી વિસ્તારોમાં આશ્રમશાળા રણમાં દિવડા સમાન બની રહેશે.

-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x

આદિવાસી વિસ્તારમાં સહકારી પ્રવૃત્તિ એક મૂલ્યાંકન

( મોટા કદની વિવિધ ખેત સહકારી મંડળીનો ( LAMPS ) કિસ્સા અભ્યાસ )

પાન :- ૧૦૫

અહેવાલ લેખન :

શ્રી મુસ્તાંઅલી મસવી

શ્રીમતી કોકિલાબહેન શાહ

સારદોહન :

શ્રી મુસ્તાંઅલી મસવી

લોકશાહી સમાજવાદનો સિદ્ધિ એ આપણું અંતિમ ધ્યેય છે. આ ધ્યેયને હાંસલ કરવાના સાધન તરીકે સહકારી પ્રવૃત્તિ અગત્યનું સાધન અને રાહ બની રહી છે. શોષણ વિહીન સમાજ રચના થાય અને સંપત્તિની ન્યાયી વહેંચણી કરવામાં આવે ત્યારે ખરો સહકારી સમાજ રચી શકાય અને તે દ્વારા જ સમાજની આર્થિક ઉન્નતિ કરી શકાય. સહકારી પ્રવૃત્તિએ ખેડૂતો, મજૂરો, ખેત મજૂરો, વાપરનારાઓ, કારીગરો વગેરેને તેમની આર્થિક ઉન્નતિ કરવાના પ્રયાસોમાં પ્રોત્સાહન આપે તેવી સહાય કરી છે અને દેશના અર્થતંત્રમાં જાહેરક્ષેત્ર અને ખાનગીક્ષેત્ર ઉપરાંત સહકાર ત્રીજું મહત્વનું ક્ષેત્ર બની રહ્યું છે. આથી શરૂઆતથી જ દેશની પંચવર્ષીય યોજનામાં સહકારી પ્રવૃત્તિને મહત્વ આપવામાં આવ્યું છે અને દરેક ક્ષેત્રમાં તેને ઉત્તેજન આપવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો છે.

મુંબઇ રાજ્યના ભાગ તરીકે ગુજરાત વિસ્તારમાં સહકારી પ્રવૃત્તિનો વિકાસ સમસ્ત મુંબઇ રાજ્યની એ પ્રવૃત્તિના વિકાસ સાથે જ રહી હતી. ૧૯૬૦ માં ગુજરાત રાજ્યની રચના બાદ સહકારી પ્રવૃત્તિનો ઝડપથી વિકાસ થઇ શકે તે માટે રાજ્ય કક્ષાની જુદીજુદી સહકારી સંસ્થાઓનું નિર્માણ કરવાની વ્યવસ્થા કરવામાં આવી હતી અને રાજ્યમાં કેટલાંક પ્રગતિ કારક તત્વો દાખલ કરીને સહકારી મંડળીનો નવો વિધાન પણ ૧૯૬૧ માં પસાર કરવામાં આવ્યો હતો. આમ સહકારી પ્રવૃત્તિ ગુજરાતમાં લોકશાહી સમાજવાદના સિદ્ધાંતના એક કાર્યસાધક અંગ સમી બની છે.

રાજ્યમાં સહકારી પ્રવૃત્તિના બીજ ઊંડા નખાયા છે. અને તેનો વિસ્તાર વિવિધ ક્ષેત્રમાં થયો છે. આમ છતાં પ્રવૃત્તિનો વિકાસ સમગ્ર રાજ્યમાં એક સરખી રીતે થયો નથી. આદિવાસી વિસ્તારોમાં સહકારી સંસ્થાઓ દ્વારા લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ મોટેભાગે એ જણાયું છે કે આ સાધનનો વધુ લાભ સમાજના સાધન સંપન્ન લોકોને જ મળ્યો છે અને સહકારી સંસ્થાઓ દ્વારા નીચેમાં નીચે બેઠેલા આદિવાસીને લાભ પહોંચ્યો નથી.

રાજ્યમાં બિનઆદિવાસી વિસ્તારોની સરખામણીએ આદિવાસી વિસ્તારોમાં સહકારી પ્રવૃત્તિનો વિકાસ ખાસ થયો નથી અને તેનો લાભ આદિવાસીઓને મળ્યો નથી. આદિવાસી વિસ્તારમાં મુખ્યત્વે પ્રાથમિક ખેત ધિરાણ મંડળીઓ છે અને તેનું કાર્ય મુખ્યત્વે ટુંકા અને મધ્યમગાળાનું ધિરાણ કરવાનું જ રહ્યુ છે. આદિવાસી વિસ્તારમાં પ્રાથમિક ખેતમંડળીઓ પણ નબળી છે. કુલ ખેતમંડળીના ૩૩ ટકા મંડળીઓ સ્વનિર્ભર નથી. મોટાભાગની મંડળીઓ ફડચામાં ગયેલી છે. આમ આદિવાસી વિસ્તારમાં કાર્ય કરતી સહકારી મંડળીઓ તેમની ધિરાણ જરૂરિયાતોને પહોંચી વળવામાં નિષ્ફળ નીવડી છે. આદિવાસીઓની બધી જ જરૂરિયાતો સહકારી મંડળી દ્વારા સંતોષાય તે માટે બાવા કમિટીએ પોતાના અહેવાલમાં આદિવાસીઓને એકજ જગ્યાએથી ખેત ઉત્પાદન અને જીવનનિર્વાહની ચીજવસ્તુઓ મળી રહે તે માટે પ્રાથમિક કક્ષાએ એટલે કે ગામ કક્ષાએ મોટા કદની વિવિધ સહકારી મંડળીઓ ( લેમ્પસ – LAMPS LARGE AGRICULTURAL MULTI PURPOSE SOCIETY ) ની સ્થાપના કરવાની ભલામણ કરી હતી. આ ભલામણના અનુસંધાનમાં દેશના સમગ્ર આદિવાસી વિસ્તારોમાં લેમ્પસની સ્થાપના કરવામાં આવી હતી. ગુજરાત રાજ્યમાં ૧૯૭૮ જુન સુધીમાં કુલ ૫૨ લેમ્પસની સ્થાપના કરવામાં આવી હતી, જેમાં સુરતમાં (૯), વલસાડમાં (૩), ભરૂચમાં (૪), વડોદરામાં (૨૧), પંચમહાલ (૮), સાબરકાંઠામાં (૬), અને બનાસકાંઠામાં (૧) હતી.

ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રની સલાહકાર સમિતિના સૂચનથી આદિવાસી

વિસ્તારમાં સહકારી પ્રવૃત્તિની કામગીરી અંગે અભ્યાસ હાથ ધરવાનું સૂચન થયું હતું. આથી કેન્દ્ર દ્વારા સુરત જિલ્લાના નિઝર તાલુકામાંથી એક મંડળીનો કિસ્સા અભ્યાસ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

આ તપાસના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણેના હતા.

(૧) પસંદ કરેલ લેમ્પસની કાર્યપધ્ધતિનો તેમજ તેના માળખાનો વ્યવસ્થિત અભ્યાસ કરવો.

(૨) સહકારી પ્રવૃત્તિ આદિવાસી વિસ્તારમાં કેટલી કાર્યક્ષમ છે તેનો અભ્યાસ કરવો. એની કાર્યક્ષમતા અને અકાર્યક્ષમતાના કારણો શોધવા.

(૩) સહકારી પ્રવૃત્તિથી કયા આદિવાસીઓને કેટલો આર્થિક અને સામાજિક લાભ મળ્યો તેની તપાસ કરવી.

(૪) આ બધા ઉપરથી સહકારી પ્રવૃત્તિને આદિવાસી વિસ્તારમાં વધુ કાર્યક્ષમ અને ફાયદાકારક બનાવવા માટેના પગલાઓ સૂચવવા.

## તપાસ પધ્ધતિ :

આ તપાસ માટે પસંદ કરેલ લેમ્પની સઘળી દફતરી માહિતી મેળવવામાં આવી હતી. દફતરની માહિતી ઉપરાંત મંડળીના સભાસદો પાસેથી તેમની આર્થિક પરિસ્થિતિ તેમજ સહકારી મંડળીની કામગીરી અંગે માહિતી મેળવવામાં આવી હતી. આ માટે એક પ્રશ્નાવલિ તૈયાર કરવામાં આવી હતી. તદૃઉપરાંત સહકારી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા તાલુકાના કાર્યકરો તેમજ જિલ્લા સહકારી બેંકના અધિકારીઓ પાસેથી મુલાકાત દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી હતી.

## વિસ્તાર પરિચય :

નિઝર તાલુકો સુરત જિલ્લામાં આવેલો છે. તાલુકાની ઉત્તર-દક્ષિણ અને પૂર્વે મહારાષ્ટ્રનો પ્રદેશ છે. ૧૯૭૧ ની વસતિ ગણતરી પ્રમાણે તાલુકાની કુલ વસતિ ૭૧૯૩૨ ની હતી. જેમાં

૭૫.૬ ટકા આદિવાસીઓ છે. આદિવાસીઓમાં મુખ્યત્વે ભીલ (૭૮ ટકા) અને ગામીત (૧૯ ટકા) લોકો વસે છે. તાલુકામાં અક્ષર જ્ઞાનનું પ્રમાણ ૨૨ ટકા જેટલું છે. તાલુકાની કુલ વસતિમાં માત્ર ૩૯ ટકા લોકો જ આર્થિક પ્રવૃત્તિમાં રોકાયેલા છે. તેમનો મુખ્ય વ્યવસાય ખેતી અને ખેત મજૂરી છે. તેમનો પૂરક વ્યવસાય પશુપાલનનો છે. તાલુકાની મોટાભાગની જમીનમાં ખાદ વાવેતર થાય છે. જ્યારે અખાદ પાકોમાં મુખ્યત્વે કપાસ અને મગફળી થાય છે. તાલુકામાં નહેર કે તળાવથી સિંચાઇ થતી નથી. મોટે ભાગે સિંચાઇ કૂવા દ્વારા કરવામાં આવે છે.

તપાસ સમયે સમગ્ર સુરત જિલ્લામાં ૧૨ મોટા કદની વિવિધ ખેત સહકારી મંડળીઓ (લેમ્પસ) હતી. જેમાંથી નિઝ૨ તાલુકામાં ત્રણ લેમ્પસ મંડળી કાર્ય કરતી હતી. ત્રણ મંડળીમાંથી બોરદા જૂથ કૃષિ વિવિધ કાર્યકારી સહકારી મંડળીની તપાસ માટે પસંદગી કરવામાં આવી હતી.

બોરદા કૃષિ વિવિધ કાર્યકારી સહકારી મંડળીની સ્થાપના તારીખ ૧૫-૨-૧૯૭૯ ના રોજ થઇ હતી. આ મંડળીનું કાર્યક્ષેત્ર સાત ગામોને આવરી લેતું હતું. શરૂઆતમાં આ મંડળી ૧૩ સભાસદોથી શરૂ કરવામાં આવી હતી. કાર્યક્ષેત્રના ગામોની કુલ અંદાજી વસતિ દસ હજાર જેટલી થાય છે. જ્યારે આ બધા ગામોના ખાતેદારોની સંખ્યા ૩૧૦ ની છે. જેમાંથી નાના અને સીમાન્ત ખેડૂતોની સંખ્યા ૧૦૦ ની છે. તપાસ સમયે મંડળીમાં કુલ ૧૦૩ સભાસદો હતા. મંડળીના ૧૦૩ ખાતેદારોમાંથી ૧૧ ખાતેદારો પુન:સ્થાપનના છે. (કનવર્ઝનના કેસો) આ ૧૧ માંથી ૭ આદિવાસીઓ અને ૪ હરિજન ખાતેદારો હતા. મંડળીના કુલ ૧૦૩ સભાસદોમાંથી ૫૧ મોટા ખેડૂતો, ૨૮ નાના અને સીમાન્ત ખેડૂતો અને ૨૪ ખેત મજૂરો છે. સાત ગામને આવરી લેતી આ મંડળીમાં સૌથી વધુ સભાસદો બોરદા (૪૨) ગામના હતા. કાર્યક્ષેત્રના બે ગામો એવા છે કે જેમાંથી મંડળીનો એક પણ સભાસદ નથી.

મંડળીની સ્થાપનાથી આજસુધીમાં મંડળીએ મુખ્યત્વે સભાસદોને ધિરાણ જ કર્યું હતું અને ખાડ, ચોખા અને ઘઉંનું વેચાણ

કર્યું હતું. મંડળીએ શરૂઆતમાં (૧૯૭૬-૭૭) કોઇ પણ સભ્યને ધિરાણ કર્યું નહોતું. શરૂઆતમાં ૭૯ સભ્યો હતા. ૧૯૭૭ માં સભાસદોની સંખ્યા ૮૬ ની હતી જેમાંથી ૩૩ સભ્યોને ધિરાણ કરવામાં આવ્યુ હતું. એજ રીતે ૧૯૭૮-૭૯ માંથી ૯૯ સભાસદોમાંથી ૨૮ને અને ૧૯૭૯-૮૦ માં ૧૦૩ સભાસદોમાંથી ૧૧ ને ધિરાણ કરવામાં આવ્યુ હતું. મંડળીએ અત્યાર સુધી ટુંકી મુદ્દતનું જ ધિરાણ કર્યું છે. મંડળીના રેકર્ડ મુજબ ૧૯૭૮-૭૯ ના વરસમાં ૨૪ સામાન્ય ખેડૂતો (ખેડૂતદીઠ ૭૧૫ રૂપિયા), ૪ નાના ખેડૂતો (ખેડૂતદીઠ ૨૭૯ રૂપિયા) અને ૧૧ (ખેડૂતદીઠ ૪૬૯ રૂપિયા) દેવા પુન: સ્થાપન ખેડૂતોની મુદ્દત વિતી બાકી હતી. ૧૯૭૯-૮૦ના વર્ષમાં ૯ સામાન્ય ખેડૂતોને, ૨ નાના ખેડૂતોને ધિરાણ કરવામાં આવ્યુ હતું. જમીન વિહોણા સભાસદોને મંડળીએ હજુ સુધી કોઇ પણ પ્રકારનું ધિરાણ કર્યું નથી. ૧૯૮૦ ના જુન માસમાં કુલ ૩૩ સામાન્ય અને ૬ નાના ખેડૂતો અને ૧૧ દેવા પુન: સ્થાપિત ખાતેદારો મુદ્દત વિતી બાકી ખાતેદારો હતાં. ૧૯૭૯-૮૦ ના વરસમાં કુલ સામાન્ય ખેડૂતોને દિરાણ કરેલ રકમમાંથી ૩૦ ટકા, નાના ખેડૂતોને ધિરાણ કરેલ રકમમાંથી ૪૦ ટકા અને દેવા પુન: સ્થાપિત ખાતેદારો પાસેથી ૪ ટકા વસુલાત આવી હતી. આ આંકડાઓ પરથી જણાય છે કે વર્ષો વર્ષ મુદ્દત વિતી બાકી ખાતેદારોની સંખ્યા વધતી જાય છે અને ધિરાણ લીધેલ ખેડૂતો સમયસર રકમ પરત કરી શકતા નથી અને મંડળી પણ સભાસદો પાસેથી ધિરાણ વસુલ લેવામાં નિષ્ફળ નીવડી છે. આમ ધિરાણની વસુલાત સમયસર આવતી ન હોવાને લીધે મંડળી કાર્યક્ષમ રીતે કામ કરી શકતી નથી.

## બિન કાર્યક્ષમના કારણો :

મંડળી કાર્યક્ષમ રીતે કાર્ય કરી શકતી નથી તે અંગે સભાસદોને તેમજ તાલુકા કક્ષાના કાર્યકરો તેમજ બેંકના અધિકારીઓ સાથેની ચર્ચામાંથી અનેક કારણો જાણવા મળ્યા હતા. તે નીચે મુજબના છે.

(૧) જે હેતુ માટે ધિરાણ લેવામાં આવે છે તે હેતુ માટે ઉપયોગ નિભાવ ખર્ચ, સામાજિક તેમજ અન્ય ખર્ચાઓ માટે કરવામાં

આવે છે. આમ ઉત્પાદકીય હેતુ માટેનાં નાણાંનો દૂરઉપયોગ થાય છે.

(૨) ઘણીવાર વધુ ધિરાણ લેવા માટે ખાતેદારો જે પાકનાં વાવેતરમાં વધુ ધિરાણ મળતું હોય છે તે પાકનું વાવેતર બનાવે છે અને વધુ ધિરાણ મેળવે છે. પાછળથી ધિરાણ ભરપાઇ ન થતાં મંડળી ફડચામાં જાય છે.

(૩) સહકારી મંડળીના સમિતિના સભ્યો વધારે પડતું ધિરાણ લઇ લે છે પછી પાછું આપતાં નથી. સમિતિનાં સભ્યો મોટે-ભાગે મોટાં ખાતેદારો હોય છે; મોટાં ખાતેદારોની વસુલાત બાકી રહેવાને લીધે મોટી રકમ બાકી નીકળી છે. તેથી શાખ પત્રક મંજૂર થતું નથી.

(૪) ઘણીવાર સહકારી મંડળીમાં એકજ કુટુંબના અનેક માણસો સભાસદો હોય છે અને દરેક સભાસદ ધિરાણ લે છે. ચાર પાંચ સભાસદમાંથી એક બેની વસુલાત આવે છે અને બે ત્રણની વસુલાત બાકી નીકળે છે.

(૫) ઘણીવાર શાહુકારનું દેવું ભરપાઇ કરવા માટે સભાસદ દેવું કરે છે; પાછળથી દેવું ભરપાઇ થતું નથી.

(૬) સભાસદનાં માલનું પુલીંગ થતું નથી. સભાસદની પાસે મંડળીનું માગણું હોય છે તેથી સભાસદ પોતાની ઉપજ મંડળીને વેચતો નથી અને બારોબાર વેપારીને વેચી દે છે. તેથી સહકારી મંડળી ફડચામાં જાય છે. મોટેભાગે સભાસદ પોતાનો માલ મંડળીને વેચવાને બદલે માર્કેટીંગ યાર્ડમાં અથવાં તો વેપારીને વેચી દે છે.

(૭) ઘણીવાર મંડળીનો મંત્રી સભાસદનું લેણું મંડળીમાં ભરપાઇ કરી દે છે. આવી બુક એન્ટ્રી ઘણી મંડળીમાં ચાલતી હોય છે. આ માટે મંત્રી સભાસદ પાસેથી અમુક રૂપિયા પડાવતો હોય છે. આ માટે મંડળીમાં વસુલાત અને નવાં ધિરાણનો ગાળો ૨૧ દિવસનો રાખ્યો છે; આ ગાળો પણ વધારવો જોઇએ.

(૮) ઘણીવાર સભાસદ જમીન ધરાવતો હોય છે. પરંતુ પોતે જમીન ખેડતો નથી. બીજાને ભાડે પટે આપી દે છે તેમ છતાં મંડળીમાંથી દેવું કરે છે અને અન્ય ઉપયોગમાં લઇ લે છે.

પાછળથી લીધેલ દેવું ભરી શકતો નથી કારણ કે વાસ્તવમાં જમીન ખેડતો નથી તેથી આવક થતી નથી.

(૧૦) કેટલાક કિસ્સાઓમાં બેનામી ધિરાણો થાય છે અગર તો મોટા ખેડૂતો અને હોદ્દેદારો બીજાના નામે ધિરાણ લેવાથી અગર ઉચાપત થતાં મંડળીઓ બંધ થઇ જાય છે.

(૧૧) ઘણીવાર સભાસદો પોતાની પેદાશનું વેચાણ મંડળીને કરે છે પરંતુ મંત્રી તેમની અજ્ઞાનતાનો લાભ લઇ પાવતી આપતા નથી અને પાછળથી નામુકરર થાય છે. તેથી સભાસદોને વિશ્વાસ રહેતો નથી.

(૧૨) વરસાદની અનિયમિતતા તથા પાક નિષ્ફળ જવાને કારણે સભાસદો મંડળીનું ધિરાણ પરત કરી શકતા નથી. આ મંડળીના કેટલાક સભાસદો આ કારણ દર્શાવ્યું હતું. ખાતર, બિયારણ અને દવાનાં ભાવ વધવાને લીધે ખેતી ખર્ચ વધ્યું તેથી નફાનો ગાળો ઓછો થઇ ગયો છે. તેથી વસુલાત ઓછી આવે છે.

ઉપર જણાવેલ ઘણા કારણો તપાસેલ મંડળીમાં પણ જણાયા હતા. બોરદા જૂથ મંડળીમાં માલનું પુલિંગ નહિ થવાથી સભ્યની વસુલાત આવતી નથી.

મંડળીના સભાસદો પાસેથી મંડળીની કામગીરીના પ્રત્યાઘાતો જાણવા માટે આઠ સભાસદો પાસેથી માહિતી મેળવવામાં આવી હતી. ૮ સભાસદોમાંથી ૬ શિક્ષિત હતા. તેમની પાસે કુટુંબદીઠ ૧૧ એકર જેટલી જમીન હતી. કુટુંબદીઠ વાર્ષિક આવક રૂા.૩૫૬૯ની હતી. જયારે માથાદીઠ માસિક આવક રૂા.૩૨ હતી. આઠે કુટુંબો દેવાદાર હતા. કુટુંબદીઠ દેવું રૂા.૯૬૦ હતું. તપાસેલ બધા કુટુંબો સહકારી મંડળીના બાકીદારો હતા. તેમના મત મુજબ ધિરાણ સમયસર મળતું નથી. ઘણીવાર એક બે વરસાદ પડયા પછી ધિરાણ મળવાને કારણે તેનો યોગ્ય ઉપયોગ થઇ શકતો નથી. તેમને સહકારી મંડળીનો મંત્રી તાલીમ પામેલો નહિ હોવાને લીધે ઘણીવાર ગોટાળો થાય છે. એવી પણ રજૂઆત કરી હતી. મંત્રી અને ચેરમેન બાપ-દીકરા હોવાને કારણે સભાસદોના ધિરાણમાં ભેદભાવ રાખવામાં આવે છે. આ સિવાય મંડળીના સમિતિના સભ્યો

: ૮ :

જુદાં જુદા રાજકીય પક્ષોમાં જોડાયેલા હોવાને કારણે મંડળીની કામગીરી પર પણ માઠી અસર પડે છે. તાજેતરમાં મહારાષ્ટ્ર સરકારે બધાં ખેડૂતોનું સહકારી મંડળીનું દેવું માફ કરવાની રજૂઆત કરી હોવાથી આ વિસ્તારના આદિવાસીઓ પણ માને છે કે મહારાષ્ટ્ર રાજ્યનાં પગલે ગુજરાત સરકાર પણ અમારું દેવું માફ કરી દેશે. તેથી કેટલાંક લોકો સહકારી મંડળીનું દેવું આપતાં નથી. સાથોસાથ જુદાજુદાં રાજકીય પક્ષનાં કાર્યકર્તાઓ પણ મત લેવાં માટે આવી વાતો લોકોને કરે છે તેથી તેઓ મંડળીની રકમ ભરતાં નથી.

ઉકેલ :

ઉપર જણાવેલ કારણોને લીધે મંડળી કાર્યક્ષમ રીતે કાર્ય કરતી નથી. તેથી નીચેના કેટલાક ઉપાયો લેવાં જોઇએ.

(૧) બાકીદારોનાં કરજ ઉપરનું વ્યાજ માંડી વાળવું જોઇએ.
(૨) મુદ્દલ રકમ ના દસ વરસનાં લાંબા હપ્તાં બાંધી આપવાં જોઇએ.
(૩) બાકીદારોને નવું ધિરાણ ચાલુ કરવું જોઇએ. પરંતુ તેની શાખની મર્યાદા ખાતેદારની શકિત પ્રમાણે બાંધવી જોઇએ.
(૪) ધિરાણ મેળવનાર ખેડૂતોને એવાં પાકો માટે ધિરાણ કરવું કે જેમાં રાસાયણિક ખાતર, અને જંતુનાશક દવાઓનો ઉપયોગ થાય નહિ અગર નહીંવત થાય જેથી ઉત્પાદન ખર્ચ ઓછું આવે અને શરૂઆતનાં વરસમાં વસુલાત સારી આવે.
(૫) સહકારી તાલીમ પામેલ મંત્રીની નિમણૂક કરવી જોઇએ અને તેને ઓછામાં ઓછો રૂા.૪૦૦/- નો પગાર આપવો જોઇએ. પગાર માટેની સહાય સરકાર દ્વારા આપવી જોઇએ.
(૬) મંડળીએ સભ્યોનાં માલનાં પુલીંગ પર ધ્યાન આપવું જોઇએ. જયાં સુધી માલનું પુલીંગ થાય નહી ત્યાં સુધી મંડળી કાર્યક્ષમ રીતે કાર્ય કરી શકશે નહિ. આ એક મહત્વની જરૂરિયાત છે.
(૭) મંડળીએ રેશનીંગના માલનું વેચાણ તેમજ અન્ય ચીજવસ્તુઓનું વેચાણ કરવું જોઇએ.

(૭) સામાન્ય રીતે બેંક ધિરાણનાં ૬૦ ટકાં વસુલાતનો વિકસિત વિસ્તારમાં અને આંદિવાસી અને પછાંત વિસ્તારમાં ૩૫ ટકાં વસુલાંતનો આંગ્રહ રાખે છે. જો ૩૫ ટકા ઓછી વસુલાત આવે તો શાંખપત્રક મંજૂર કરવાંમાં આંવતુ નથી. અમુક સભાસદો વસુલાંત આંપી દે છે. જ્યારે અમુકની વસુલાંત બાંકી હોવાને લીધે સમગ્ર શાંખપત્રક મંજૂર થતુ નથી. તેથી સારા સભાસદોને મંડળીમાં રસ રહેતો નથી. આથી જેમણે ધિરાણ પરત આંપી દીધુ હોય તેમને વ્યક્તિગત શાંખ પર ફરીવાંર ધિરાણ આપવું જોઇએ.

ઉપર જણાવેલ કેટલાંક પગલાંઓ લેવાંમાં આંવે તો સહકારી મંડળીની કામગીરીમાં સુધાંરો થશે એમ લાંગે છે.

# ROLE OF MINOR FOREST PRODUCE IN TRIBAL LIFE AND CULTURE : RESEARCH PROJECT

Pages : 255
Author : R. B. LAL
Summary : R. B. LAL

FORESTS are said to be the 'Green Gold' of a country, the storehouse of nature's wealth and the guardian of agriculture. Majority of the Adivasis in our country had been leading a forest-oriented life in the past. This was true for the Adivasis of the Gujarat State too. Ordinarily the Adivasis had been dependent and still they are dependent upon forests for their livelihood, where food-gathering, basketry and hunting constitute important source of their economy. The Adivasis had totally submitted and adopted themselves to the forest settings since time immemorial. They have been so much used to the forests that they do not feel at home away from them. This is why that for the satisfaction of the basic necessities of their life viz; food and shelter, their dependence on forests had been heavy.

FORESTS supply a wide range of minor products about which our knowledge is limited but the Adivasis, by living amidst forests since ages, had acquired much knowledge about the uses of great variety of the minor forest produces. Due to this they have been in a position to use the wide variety of minor forest produces for their economic pursuits, in their pharmacopoeia and in their socio-religious ceremonies. Of late, it is being observed that due to onslaught of the forces of modernization upon their life and culture, the knowledge regarding the minor forest produce is on wane. In view of this, it is essential to record the Adivasis knowledge as well as the variety of ways in which the minor forest products have been put to use by them in their social, economic and religious life. For preparing a forest-oriented development programmes for the Adivasis it is desirable to have a clear, specific and sound picture of the role of minor forest produces in the tribal's economy as well as in other aspects of their life. A detailed knowledge about these minor forest products which the Adivasis in this State have been collecting and putting to different uses will help, on the one hand, to tap hitherto untapped resources and on the other hand, in the light of the knowledge gained about the traditional practices of the Adivasis, to motivate, encourage and make them

.......2..

moreenthusiastic towards vigourous collection of minor forest produces.

THESE considerations prompted us at the Institute to formulate a research project on the study of the role of minor forest produces in Adivasi life and culture. A liberal financial assistance from the Gujarat State Forest Development Corporation enabled us to undertake this study.

THE field work for this study was started in the last week of August month of 1979 and was rounded up by the end of March, 1980. As envisaged in the research design the field work was conducted in the five selected areas of the State. They are: (i) Dangs, (ii) Dharampur in Valsad district, (iii) Rajpipla division in the Bharuch district, (iv) Chhotaudepur in Vadodara district and (v) Ratnamal in Panchmahal district. In addition to these, the Danta region in the Banaskantha district has also been covered in this study. From each of the region two or three villages had been selected for making an intensive study. The names of the selected villages in each of the region covered under this study are as follows:

| | | |
|---|---|---|
| (i) | Dangs | : Sukmal, Taklipada and Malin |
| (ii) | Dharampur | : Mani, Brahamanwada and Gundia |
| (iii) | Rajpipla | : Chopadvav and Gangapur |
| (iv) | Chhotaudepur | : Vedvi, Kevdi and Aliabat |
| (v) | Ratnamal | : Panam and Bhindol |

ALTOGETHER 582 households have been contacted for collecting data for this study. Initially, it has been planned to cover all the households in the selected villages but after experience gained while doing the field work in the Dangs region at the first instance it was felt that such an approach would not give any additional vantage in the collection of data as in most cases the informations were repeatitive. In view of this it was decided later on to cover all the households of the central and the biggest 'falia' (hamlet) of the village but the minimum coverage from one village should not be less than 25 households. The number of the house-holds covered from each of the selected villages is as follows:

.......3..

| | | | | | |
|---|---|---|---|---|---|
| (i) | Dangs: | Sukmal 62 | Taklipada 71 | Malin 70 | Total 203 |
| (ii) | Dharampur: | Mani 53 | Brahamanwada 25 | Gundia 25 | 103 |
| (iii) | Rajpipla : | Chopadvav 40 | Gangapur 48 | - - | 88 |
| (iv) | Chhotaudepur: | Vedvi 25 | Kevdi 56 | Aliabat 24 | 105 |
| (v) | Ratnamal: | Panam 54 | Bhindol 29 | - - | 83 |

FOR collecting the data, both the survey type approach and techniques usually employed by anthropologists for intensive study had been applied. A comprehensive schedule had been prepared and canvassed to all the households covered in the selected villages. Apart from this, for making an in-depth study an intensive approach, using the participant observation and unstructured interview of the chief informants techniques had also been applied to collect material regarding the social, economic and religious life and what was the role of minor forest produces in these aspects of the cultural life of the Adivasis. The Research workers stayed right in the selected villages for 10 to 15 days in each village, created a reasonably good rapport with the villagers and collected materials for the study through the above mentioned two approaches.

OF the 582 households, 233 forming 40.03 percent were depending upon agriculture as their main source of income while 112 forming 19.24 and 76 forming 13.06 percent were also primarily agriculturists but had to supplement their income by taking up subsidiary occupation of labour work and animal husbandry respectively. Of the remaining households numbering 161, dependency entirely upon wages earned from labour works, either in agricultural operations of other people or in forest works or in construction activities, was reported by 154 households forming 26.46 percent of the total number of households. 5 households reported to have income both from agriculture and other economic pursuits such as tailoring, carpentry and shop-keeping.

THE average size of the households among the surveyed households has been 6.10. The biggest size of the households was among the Rathwas of the Chhotaudepur (7.12) while the smallest was the Koknas and Warlis of Dharampur region (5.35).

A LARGE majority of the head of the households have been illiterate. Only 11.00 percent of them have reported to receive some education. The worst condition in this respect was among the Rathwas of Chhotaudepur while among the Vasava Bhils of the Rajpipla region the highest percentage of literates have been found.

OF the total income earned by the households 8.48 percent was from the sale of minor forest produces collected from the forest. According to the figures given in the next Table, in the Chhotaudepur region, the Rathwas have been deriving quite substantial portion of their income from the sale of minor forest produces. The situation, in this regards, in the Dangs

TABLE 1

Distribution of annual income according to different sources (Figures given in percentages)

| Sr. No. | Sources | Geographical region | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | Dangs | Dharampur | Rajpipla | Chhota -udepur | Ratna mal | Total |
| 1. | Agriculture | 67.03 | 32.70 | 37.12 | 37.34 | 35.16 | 47.55 |
| 2. | Agricultural labour | 8.68 | 30.14 | 28.08 | 23.64 | 10.46 | 17.79 |
| 3. | Other labour works | 0.86 | 6.41 | 12.07 | 2.91 | 36.86 | 30.15 |
| 4. | Wood-cutting | 14.99 | 18.41 | 1.78 | 0.58 | 10.24 | 10.79 |
| 5. | Sale of minor forest produce | 2.63 | 11.12 | 9.80 | 32.06 | 6.81 | 8.55 |
| 6. | Other | 5.81 | 1.22 | 11.15 | 3.41 | 0.57 | 5.17 |
| | Total | 100.00 | 100.00 | 100.00 | 100.00 | 100.00 | 100.00 |

region where the forests are comparatively richer was rather dismal looking. Collection of minor forest produces did not fetch good income to the tribals living in the Dangs region. Amongst all the regions, the income derived from this source by the surveyed households was lowest in the Dangs. This implies that the Gujarat State Forest Development Corporation has been more successful in organizing the tribals of Chhotaudepur for the collection of minor forest produces while in Dangs it has yet to make a dent.

MAJORITY of the households covered in this survey earned less than Rs.500/- in a year from the collection of minor forest produces. According to the figures given in the next table 52.75 percent of the total surveyed household, were able to earn an annual income ranging from Rs.20/- to Rs.500/-. As is evident from the statistics, for a large majority of the

.......5..

TABLE 2

Percentage distribution of surveyed households according to the Annual income earned from the collection of Minor Forest Produces.

| Sr. No. | Annual income (in Rs.) | Dangs | Dharam-pur | Rajpipla | Chhota-udepur | Ratna-mal | Total |
|---|---|---|---|---|---|---|---|
| 1. | Upto 500 | 50.25 | 51.46 | 70.45 | 36.19 | 62.65 | 52.75 |
| 2. | 501 - 1000 | 22.66 | 12.62 | 23.86 | 30.48 | 27.71 | 23.20 |
| 3. | 1001- 2000 | - | - | - | 13.33 | 2.41 | 2.75 |
| 4. | 2001- 3000 | - | - | - | 9.52 | - | 1.72 |
| 5. | Above 3000 | - | - | - | 2.86 | - | 0.51 |
| 6. | Nil | 27.09 | 35.92 | 5.69 | 7.62 | 7.23 | 19.07 |
| | TOTAL..... | 100.00 | 100.00 | 100.00 | 100.00 | 100.00 | 100.00 |

households in all the regions except Chhotaudepur region, collection of minor forest produces did not fetch a handsome income. In Chhotaudepur region, however, quite a good number of households managed to earn more than Rs.500/- in a year from this source. 3 households could have an annual income of more than Rs.3000/- from this source.

FOLLOWING are the minor forest produces which are collected by the tribals in Gujarat for earning cash income.
(1) Timru leaves, (2) Ashotri leaves, (3) Mahuda flowers, (4) Mahuda fruits, (5) Gums of various trees, (6) Rosha grass, (7) Kanji seeds, (8) Charoli, (9) Khakhra leaves, (10) White and Black Musli, (11) Aval bark, (12) Honey, (13) Aritha, (14) Beheda, (15) Amla, (16) Bark of Chillar, (17) Puwada seeds, (18) Bamboo, (19) Khajuri leaves.

THE rainy season is the only season in which this collection of these minor forest products is not possible, otherwise one or another product is available in either summer or winter season. Extraction of gum from various species is possible for about six months in a year and if done in the scientific manner, quite a substantial quantity of gum can be collected.

APART from the importance of the minor forest produces in the economy of the Adivasis, the supply of food from the forest is also a significant contribution from the minor forest produces. A variety of edible roots are collected by the Adivasis. For 4 months in a year, the collection of edible roots can be done.

AT present ten varieties of Yam (wild tubers) are collected by these tribal people. Some of them are found in all the forest regions such as Vaj-Kanda, and Kadukand while some are restricted to certain regions only, for instance, Varakand is found only in the Dangs and Dharampur regions. The name of the plants is given below:

(1) Vajkand, (2) Kadukand, (3) Varakand, (4) Goichikand, (5) Suro, (6) Lunda, (7) Shirabala, (8) Kanda, (9) Jeemikanda, (10) Janjaria.

WHILE the wild yams are considered "food", there are number of vegetable items which do in fact serve as supplements. In this category are included variety of plants whose young leaves and in some cases the new flowers are used as vegetables. A generic term for these edible greens is 'Bhaji'. The following 'Bhajis' are collected and used.

(1) Tera, (2) Mokha, (3) Shisham, (4) Mogra or Gulmohar, (5) Kumbi, (6) Gegadi, (7) Kangani, (8) Gangli Kel or Dungar Kel, (9) Ambodi, (10) Maya-in-bhaji, (11) Thikedi. Apart from these leafy vegetablees an important source of getting "Bhaji" are bambooes. The grains of the bambooes belonging to the Dendrocalamus strictus species are used as vegetable. More important is the young shoots (Vasdi in local dialect) of this plant for use as a vegetable.

THERE are number of trees in the forests of this State that provide fruits to the tribal people. They are brought home as treats for children or eaten as sweets on the way to and from work and sometimes eaten to ward off starvation. Following varieties of fruits are gathered.

(1) Timbru, (2) Umbra, (3) Bor, (4) Jambu, (5) Karmarda, (6) Amla, (7) Bila or Bel, (8) Dhamana, (9) Charoli, (10) Sevan, (11) Sitaphal, (12) Kumbi, (13) Kossama, (14) Bhilamu, (15) Tamboli, (16) Raya, (17) Vando, (18) Singha, (19) Adib, and (20) Kamoi.

APART from these fruits, Mahuda is one of the important fruits-bearing trees which has multiple economic utilities for the tribals.

.......7..

SEVERAL minor forest produces are obtained from the forest environment for the purpose of using in the construction of houses or huts and in the making of household belongings. Infact, in former days the forest supplied all the raw materials for the construction of the houses and for almost all their household belongings. Only recently the use of tiles have become vogue for the purpose of roofing the house otherwise there was not a single item which the tribals could not obtain from their forest environment for constructing huts. Bamboo, grasses, leaves, straws and wood have been the raw materials for building a house, which these tribals got from his surrounding forest. These still constitute the main raw materials.

A wide variety of wild grasses grow in the forests of this State which are used as fodder for the cattle by the tribals. Besides the grasses, leaves, flowers and fruits of several plants are also gathered to feed the cattle. Altogether 15 varieties of these grasses are collected to feed the cattle.

SOME of the plants in these forests exhibit such qualities which may be classed as poisonous. The tribals have good knowledge of these plants and they use this knowledge to use these plants as fish-poisons for the purpose of catching fishes in the streams.

HONEY plays an important role in the subsistence of these tribal people. Honey can be found year round though less is available during winter than during the summer. The tribals in all the forest regions spend a great deal of their time and effort hunting for it and they are skillful in discovering the hives sheltered in tree hollows and on cliff faces and extracting this precious food.

FORESTS are a great source of indigenous medicines for the Adivasis to keep a healthy life by curing themselves from many kind of diseases. They identify a number of roots, creepers, herbs, tubers, and shrubs with medicinal values. Some of the experts among them have a remarkable knowledge about these herbal medicines and they can recognize these medicinal plants with full confidence. In Dangs and Dharampur regions 41 plants are used as herbal medicines while in Ratanmal and Chhotaudepur regions 37 plants, in Rajpipla 23 plants and in Danta region 6 plants.

.......8..

Gathering wild roots, leaves and fruits still continue to be an important source of getting food supply although due to living in inter-cultural environment, the traditional pattern of gathering has been upset though not entirely destroyed. The collection of wild edible plants which used to be done by intensively exploiting the forest is now done merely to save themselves from starvation. In this sense, dependency on natural plant life is restricted now-a-days. Thus, gathering which perhaps constituted the most important economic activity in the past, is pursued these days to avoid the economic deprivation caused by several factors. Since it is difficult to manage the supply of food from any single source for all the year round, recourse to gathering is taken. Due to this, they do not exploit all the food resources offered by the forest.

Although minor forest produces play such a significant role in the Adivasis life and culture, proper encouragement and impetus for the collection of these is not being given by the wider society. In fact, because the Adivasis gather a large variety of edible roots, leafy vegetables and other minor forest produces, the stigma of aboriginility is given to them by the non-Adivasis. This is one of the reasons that the Adivasis, particularly those who can manage to earn wages during the lean season do not prefer to gather minor forest produces for their domestic use. The activities of the GSFDC is certainly laudable in this direction but still there is much to be done. For the total and wide participation of the Adivasis in the collection of minor forest produces, a long distance is there for the GSFDC to cover. While in some regions the Corporation has been able to reach, there are several pockets where the Adivasis have practically no awareness about the activities of the Corporation. If the Adivasis are organised in a cooperative unit for the collection of minor forest produces, it might bring a great fillip in the collection activities. Further, a kind of respectability would have to be given to the job of gathering minor forest produces which the Adivasis collect for their own consumption.

*****

## વાપી ઔદ્યોગિકરણના કારણે આદિવાસીઓના જીવન ઉપરના અસરો.

પાના. : ૧૩૦

લેખક. : શ્રી રાસબિહારીલાલ.

સારદોહન. : શ્રી રાસબિહારીલાલ,
શ્રી જશવંતસિંહ રાઠોડ.

**પ્રસ્તાવના :-** બે દાયકાના ગાળામાં વાપી આજુબાજુ વિસ્તાર, જ્યાં મોટા ભાગે આદિવાસીઓની વસ્તી છે અને જે મુખ્યત્વે ખેતી ઉપર નિર્ભર હતા ત્યાં વાપીના ઔદ્યોગિક વિકાસને લીધે જબરજસ્ત ફેરફારની પ્રક્રિયાએ જોર પકડયુ છે. વાપીમાં ઉદ્યોગોના વિકાસને લીધે ત્યાં બહારથી કેટલાક શહેરી કરણમાં રંગાયેલા લોકો આવી ને વસ્યા છે.જેથી હવે પહેલા ત્યા આદિવાસી વિસ્તાર હતો તે પચરંગી અને વૈવિધ્ય ધરાવતા લોકોના પ્રદેશમાં પલટાઇ રહ્યો છે. વાપી ઉદ્યોગો ચલાવનાર મોટાભાગે બહારના લોકો છે. પણ ત્યાં એ ઉદ્યોગોમાં આવડતવાળા અને બીન આવડતવાળા મજૂર તરીકે મોટા ભાગે ત્યાંના આદિવાસીઓનો સમાવેશ થઇ રહ્યો છે. એના લીધે ત્યાં વસતા આદિવાસીઓમાંથી કેટલાક લોકો ખેતીમાંથી કે ખેતમજૂરીના ધંધા છોડીને ઉદ્યોગોમાં શ્રમજીવી તરીકે જોડાઇ રહ્યા છે. આ પ્રક્રિયા વધારે જોર પકડતી જાય છે. આથી ત્યાંના આદિવાસીઓનાં સામાજીક અને આર્થિક જીવન ઉપર પરિવર્તનનો વેગ આવી રહ્યો છે. આ આદિવાસીઓની સંસ્કૃતિ પ્રાથમિક (આજીવિકાના સાધનો ઉપર રચાયેલી)હતી તે આજે દ્વિતીયક અને તૃતીયક થઇ છે. (આર્થિક ધંધાઓની ચારે બાજુ ફરતી થઇ છે. રચાય છે.) વાપીમાં ઔદ્યોગિકરણ થવાથી નવી જાતના આર્થિક ઉપાર્જનના સ્વરુપો દાખલ થયાં છે. જેના કારણે આદિવાસી સમાજ રચનાંનું પણ જુદું સ્વરુપ થઇ રહ્યું છે. ઔદ્યોગિકરણથી બદલાતા સ્વરુપોને બરાબર સમજવા માટે અને એનાથી ત્યાંનું આદિવાસીઓનુ ભાવિજીવન કઇ દિશામાં જશે તેનો બરાબર ખ્યાલ આવે એ માટે આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

**તપાસ પધ્ધતિ :-**

૧. **અભ્યાસ માટે ગામોની પસંદગી :-**

વાપીનાં ઉદ્યોગો કેટલા સુધી ગામોને અસર કરે છે. એ આધારે વાપીનાં ચારે બાજુનાં વિસ્તારને ત્રણ ભાગમાં વહેંચવામાં આવ્યો હતો. વાપી થી ગામો નું અંતર ધ્યાનમાં લઇ વહેંચણી કરવામાં આવી હતી..

(૨)

પહેલા ભાગમા જે ગામો વાપીથી ૫ કિ.મી.ના અંતરમા તેનો સમાવેશ થાય છે, બીજા ભાગમા ૧૦ કિ.મી અને ત્રીજા ભાગમા વાપીથી ૨૦ કિ.મી છે તે ગામોનો સમાવેશ થાય છે. આ ત્રણ વિસ્તારમાથી એક એક ગામ અભ્યાસ માટે પસંદ કરવામા આવ્યુ હતુ આ ઉપરાંત એક વધારાનું ગામ-વાપીથી દૂર આવેલા ગામો માથી જ્યા ઔદ્યોગિકરણની અસર ન આવી હોય તે માથી પસંદ કરવામા આવ્યુ હતુ.આ દરેક ગામની પસંદગી જે તે વિસ્તારમા રહેતા આદિવાસી સમુદાય ને ખ્યાલમાં રાખી કરવામા આવી હતી.

જે ગામોમા અભ્યાસ કરવામા આવ્યો તે નીચે મુજબ છે.

| ગામનુ નામ. | વાપીથી કેટલે દુર | કઇ દિશામા |
|---|---|---|
| ટુકવાડા | ૫ કો.મી. | ઉત્તરમા |
| કરાયા | ૯ કી.મી. | પૂર્વમા. |
| અંટિટી | ૧૮ કી.મી. | પૂર્વમા. |
| વડખંભા. | ૩૩ કી.મી. | પૂર્વમા. |

૨. કુટુંબોની પસંદગી :-

વાપીના ઉદ્યોગોથી વધારે અસરગ્રસ્ત જે બે ગામો લીધા હતા,ત્યાથી ઉદ્યોગોમા કામ કરવા જાય તેવા ૪૦ કુટુંબોની પસંદગી નમૂના પધ્ધતિથી કરી હતી.એ પ્રમાણે અંટીટીમાથી ૩૦ કુટુંબોની પસંદગી કરવામા આવી હતી.૨૦ કુટુંબો એવા હતા જે જી. આઇ.ડી.સી.મા જાય છે. ૧૦ કુટુંબોમાથી કોઇ પણ જતુ નહતુ વડખંભામાથી ૩૦ કુટુંબોની પસંદગી કરી હતી જે માથી કોઇપણ ઉદ્યોગમા કામ કરવા માટે જતા નથી.

૩. આ અભ્યાસ મોટા ભાગે પ્રશ્નાવલી પધ્ધતિથી કરવામા આવ્યો હતો.તે ઉપરાંત સંશોધકો અને આ ગામમા રહીને લોકોના જીવનનું નિરીક્ષણ કર્યુ હતુ. સાથે સાથે લોકો સાથે મુકત મને ચર્ચા કરીને પણ માહિતી ભેગી કરી હતી.

આ ચારે ગામોમા રહેતા આદિવાસીઓનુ આર્થિક જીવન મુખ્યત્વે ખેતી ઉપર આધારિત છે. ખેતીમા મુખ્યત્વે ડાંગર,તુવર અને વાલ પાકે છે. વડખંભામા નાગલી પણ કરવામા આવે છે. સિંચાઇ ની વ્યવસ્થા ન હોવાથી ઘઉંનો પાક આદિવાસીઓ લગભગ નથી લેતા. ટુકવાડા અને અંટીટીમા થોડાક લોકો ઘઉં કરે છે. વલસાડ જિલ્લાના પારડી તાલુકામા વાપી આવેલુ છે. પારડી તાલુકાની કુલ વસતિમા ૫૮.૫ % આદિવાસીઓની વસતિ છે. જેમા મુખ્યત્વે ઢોડિયા,દૂબળા અને નાયકાનો સમાવેશ થાય છે.

(૩)

તાલુકાની કુલ આદિવાસી વસતિમાંથી ઢોડિયા ૬૨.૯૧ % છે. જ્યારે દુબળા ૨૦.૦૮ % છે,નાયકા ૧૫.૩૧ % છે.થોડી વારલીઓની પણ વસતિ છે.(૧.૨૩ %)

ઐતિહાસિક ભૂમિકામાં જ્યારે જોઈએ છીએ ત્યારે ખ્યાલ આવે છે કે પરિવર્તનની પ્રક્રિયા ઢોડીયા લોકોમાં ઘણા સમયથી ચાલુ થઈ ગઈ હતી જેના લીધે ઢોડિયા લોકો આજે ગુજરાતમાં બીજી આદિવાસી જાતિઓ કરતાં આર્થિક અને શૈક્ષણિક રીતે આગળ ગણાય છે. ઢોડિયા લોકોમાં શિક્ષણનો દર ૩૨ % છે. તેથી ખ્યાલ આવે છે કે તે આગળ વધેલો આદિવાસી સમાજ છે. આ પરિવર્તનના કારણે ઢોડિયા લોકોએ દૂબળા અને નાયકા કરતાં સરકાર તરફથી થયેલ વિકાસ કાર્યક્રમનો પણ લાભ લીધો છે. એના કારણે એ લોકો ની ખેતી ની પધ્ધતિમાં કેટલાક સુધારા કર્યા છે. બીજા આદિવાસીઓ કરતાં એકંદરે એમનું જીવન ધોરણ ઉંચુ છે. જ્યારે દૂબળા લોકો હાળી તરીકે જીવન જીવતા હતા. આને લીધે આ લોકો જમીન ધરાવનાર બીજા આદિવાસીઓ ઉપર નિર્ભર હતા. આથી એમની આર્થિક દશા બિલકુલ કંગાલ હાલતમાં હતી,અને ગુલામ જેવું જીવન જીવતા.નાયકા લોકો પાસે જમીન ખૂબ ઓછી હતી અને તે મોટા ભાગે મજૂરી અને ખેત મજૂરી ઉપર જીવન નિર્વાહ કરતા હતા. એઓ વિકાસ પ્રક્રિયામાં ઢોડિયા કરતાં ઘણા પાછળ રહી ગયા છે.

ઉદ્યોગોમાં કામ કરવા જતા આદિવાસીઓનું વય જૂથ :-

ઉદ્યોગોમાં કામ કરવા જતા આદિવાસી મોટા ભાગે ૧૬ થી ૨૫ વર્ષની વય જૂથના હતા. અભ્યાસમાં આવેલા આદિવાસી કુટુંબોમાંથી જે કારખાનામાં કામ કરવા જાય છે. તેમાંથી ૫૬.૧૦ % ૧૬ થી ૨૫ વર્ષના હતા. જ્યારે ૩૬.૫૯ % ૨૬ થી ૩૫ વર્ષના હતા. આ ઉપરાંત ૩૬ થી ૪૫ વર્ષના અને ૧૫ વર્ષથી નીચેના વય જૂથ માં દરેકમાં ૩.૨૫ % નો સમાવેશ થાય છે. એ ઉપરથી થોડોક ખ્યાલ આવે છે કે ઉદ્યોગમાં જે આદિવાસી જોડાઈ રહ્યા છે તે મોટા ભાગે જુવાનિયા લોકો છે. કુટુંબના ખેતી કામ માંથી ફાજલ પડેલી વ્યકિતઓ ઉદ્યોગોમાં જોડાય છે.

અભ્યાસમાં આવેલા કુટુંબોનું સરેરાશકદ :-

ટુકવાડામાં ૯.૨,કરાયામાં ૫.૮ સોળીટીમાં ૯.૬ અને વડખંભામાં ૯.૯ હતું.

અભ્યાસમાં આવેલા કુટુંબોની શૈક્ષણિક સ્થિતિ. :-

અભ્યાસમાં આવેલા કુટુંબોમાંથી ઉદ્યોગમાં કામ કરવા જતા વ્યકિતઓની

શૈક્ષણિક સ્થિતિ આ પ્રમાણે હતી.અભણ ૧૯.૮૯ %,૧ થી ૪ ધોરણ ભણેલા ૧૩.૦૧ %, ૫ થી ૮ ધોરણ ભણેલા ૪૦.૩૪ %,૯ થી ૧૦ ૦.૧૩,એસ.એસ.સી પાસ ૮.૧૩, હાયર સેકન્ડરી સુધી ભણેલા ૦.૮૧ %એક ભાઇ એન્જીનરિંગ ડીપ્લોમા પણ પાસ કરેલ છે. શિક્ષણની દષ્ટિએ જોઇએ તો ઉદ્યોગમાં કામ કરવાવાળા આદિવાસી લોકો એ મોટા ભાગે ઓછું શિક્ષણ મેળવ્યુ હતું. એનું ખાસ કારણ એવુ છે કે સ્કુલમાં ભણતા છોકરાઓ ઉંમરમાં મોટા થાય ત્યારે ઉદ્યોગમાં શ્રમજીવી નું કામ મળી જાય તો અભ્યાસ છોડી દે છે. ઓછા શિક્ષણને લીધે મોટા ભાગે આદિવાસીઓ ઉદ્યોગમાં બીન આવડત કારીગર તરીકે કામ કરે છે. કામ કરતાં કરતાં અનુભવ થાય ત્યારે આવડત વાળા કારીગર તરીકેતેમને કામ મળે છે. તો એક વાત સ્પષ્ટ થાય છે કે ઔદ્યોગિકરણના લીધે આદિવાસીના શિક્ષણ નાં વિકાસ ઉપર ઉલ્ટી અસર પડે છે.

ઔદ્યોગિકરણથી સૌથી મોટી અસર આર્થિક બાબતમાં થઇ છે તો હવે આ વિષે વિસ્તારથી જોઇએ.તપાસ માં લીધેલા ૧૦૦ કુટુંબોમાંથી (જ્યાંથી ઉદ્યોગમાં કામ કરવા માટે ઓછામાં ઓછી એક વ્યકિત જાય છે.) ૭૯ એવા હતા જ્યાંથી એકજ વ્યકિત કારખાનામાં જાય છે,જ્યારે ૧૯ એવા હતા જ્યાંથી બે વ્યકિત અને ૨ એવા હતા જ્યાંથી ત્રણ વ્યકિત જાય છે. આ ૧૦૦કુટુંબો માંથી ફકત ૨૬ એવા હતા જે અગાઉ પણ કારખાનાં માં કામ કરતા હતા. બાકી ૭૪ પહેલી વખત કારખાનામાં જોડાયા હતા. જે કારખાના માં જોડાયા છે.તે મોટા ભાગે ખેતી કે ખેતમજૂરી,મજૂરીનું કામ કરતા હતા.

ઉપરોકત માહિતીથી એ ખ્યાલ આવે છે કે લોકો વધારે ને વધારે સંખ્યામાં કારખાનામાં કામ કરવા જાય છે. ઢોડિયા લોકો જેમની પાસે જમીન છે. તેમના માટે બે ધ્વાર ખૂલ્લા છે. જ્યારે દૂબળા અને નાયકા, જેમની પાસે જમીન નથી કે ઓછી છે, એ લોકો કારખાનામાં કામ કરવાની જે તક મળે છે. તેનો પૂરેપૂરો લાભ લે છે. જ્યારે ઢોડિયા લોકોમાં કુટુંબનાં ખેતી કામ માંથી ફાજલ પડેલ વ્યકિત મોટા ભાગે કામ કરવા જાય છે. કારખાનામાં કામ કરવાથી જે આવક કુટુંબ પેદા કરે છે તે આ પ્રમાણે છે. ૧૮ % લોકો ૧૦૦ થી ૧૫૦ જેટલી માસિક કમાણી કરે છે, ૪૦ % લોકો ૧૫૧ થી ૨૦૦ રુપિયા સુધી,૩૪ % લોકો ૨૧૦ થી ૩૦૦ સુધી આવક મેળવે છે, ૬ વ્યકિતઓ એવા હતા જે ૩૦૧ થી ૫૦૦ રુપિયા સુધી કમાણી કરે છે. ફકત ૨ વ્યકિત એવા હતા જે ૫૦૦ થી વધારે માસિક કમાણી કરે છે. આ ઉપરથી એ સ્પષ્ટ થાય છે. કે ઉદ્યોગમાં કામ કરતા આદિવાસીઓની આવક સામાન્ય તથા વધારે નથી. આ લોકોને

ખૂબજ ઓછી મજૂરીએ રાખવામાં આવે છે. પણ કાયમી કામ મળતુ રહે છે. એટલે એ તો કહેવાય કે આ આવક એમને સતત મળતી રહે છે. જ્યારે ખેતી કે ખેત મજૂરીની આવક નો કોઈ ભરોશો નથી રહેતો એટલા જ માટે ઓછો પગાર મળે છે. તો પણ આદિવાસી ઓ ઉદ્યોગમાં કામ કરવાનું પસંદ કરે છે.

ઉદ્યોગમાંથી જે આવક થાય છે તે કુટુંબની કુલ આવકમાં કેટલો ભાગ ભજવે છે. એ નીચે આપેલા આંકડામાંથી સ્પષ્ટ થશે.

| ગામનું નામ | નોકરીમાંથી મળતી આવક | ખેતીની આવક | ખેતમજૂરી. મજૂરીની આવક. | પશુપાલની આવક. | મરઘાઉછેર ની આવક | અન્ય. આવક | કુલ. |
|---|---|---|---|---|---|---|---|
| ટુકવાડા. | ૧૧૬૬૨૮. | ૫૫૭૪૧ | ૨૯૯૦ | ૧૦૦૦ | ૧૨૦ | ૩૧૬૦ | ૧,૭૯૬૧૯ |
| | ૬૪.૯૩% | ૩૧.૦૪ | ૧.૯૫ | ૦.૫૬ | ૦.૦૬ | ૧.૭૬ | ૧૦૦.૦૦ |
| કરાયા | ૮૫૬૧૧ | ૧૦,૪૦૦ | ૧૪૦૦ | --- | --- | ૧૧૩૨ | ૯૮૫૪૩ |
| | ૮૬.૭૦ | ૧૦.૭૩ | ૧.૪૨ | --- | --- | ૧.૧૫ | ૧૦૦.૦૦ |
| અભેટી. | ૪૨૩૭૫ | ૫૧૭૯૦. | ૬૭૦૦ | ૧૮૦૦ | ૧૩૨૦ | ૨૩૩૦ | ૧૦૬.૩૧૫ |
| | ૩૯.૮૫ | ૪૮.[illegible] | ૬.૩૧ | ૧.૬૯ | ૧.૨૫ | ૨૪.૬૯ | ૧૦૦.૦૦ |
| વડખલા | ૩૬૪૦ | ૫૧૮૫૦ | ૨૪૪૨૦ | ૬૯૦૦ | ૧૨૮૪ | ૨૪૬૬ | ૯૦૩૬૦ |
| | ૪.૦૩ | ૫૭.૩૮ | ૨૭.૦૩ | ૭.૪૧ | ૧.૪૨ | ૨.૭૩ | ૧૦૦.૦૦ |

આ આંકડા પરથી એ સ્પષ્ટ થાય છે કે ટુકવાડા અને કરાયા ગામમાંથી પસંદ કરેલા કુટુંબોમાં ઉદ્યોગમાંથી મેળવેલી આવક સૌથી અગત્યનું સ્થાન ધરાવે છે. ખાસ કરી કરાયા માં જ્યાં નાયકા અને દૂબળા ની વસતિ છે. અને અગાઉ જણાવેલ પ્રમાણે એ લોકો પાસે ખેતીની જમીન બહુ ઓછી હોય છે. જેના કારણે આજે ઉદ્યોગો ઉપર તેમની નિર્ભરતા ખૂબ વધી ગઈ છે. વડખલામાં અને અભેટીમાં અત્યારે પણ ખેતી આવક માટે મુખ્ય સાધન છે. ચોક્કસ રીતે કહી શકાય કે ઔદ્યોગીકરણ થવાથી આજુબાજુના ગામોમાં આદિવાસી ઓ માટે એક અગત્યનું આર્થિક સાધન થઈ ગયુ છે.

ઉદ્યોગોમાં કામ કરવાથી આવક વધી તો પણ સરેરાશ કુટુંબો ગરીબીની નીચે

144

જીવે છે. જે નીચે આપેલા આંકડા પરથી એ સ્પષ્ટ થશે.

સરેરાશ કુટુંબદીઠ અને વ્યકિતદીઠ માસિક આવક દર્શાવતો કોઠો.

| ગામનું નામ. | કુલ આવક બધીમળીને રુપિયામા. | કુટુંબ ની સંખ્યા. | સરેરાશ વાર્ષિક કુટુંબદીઠઆવક રુપિયામા | સરેરાશ કુટુંબ કદ. | વ્યકિતદીઠ માસિક આવક રુપિયામા |
|---|---|---|---|---|---|
| ટુકવાડા | ૧૭૯૬૧૯ | ૪૦ | ૪૪૯૦ | ૭.૨ | ૫૧.૯૯ |
| કરાયા | ૯૮૭૪૩ | ૪૦ | ૨૪૬૯ | ૫.૮ | ૩૫.૪૯ |
| અંબેટી. | ૧૦૬૩૧૫ | ૩૦ | ૩૫૪૪ | ૭.૬ | ૩૮.૯ |
| વડખંભા. | ૯૦૩૬૦ | ૩૦ | ૩૦૧૨ | ૭.૯ | ૩૧.૮ |

વ્યકિતદીઠ ૬૫ રુપિયાથી નીચે આવક હોય તો આવા કુટુંબો ગરીબીની રેખા નીચે જીવતા ગણાય છે. તો એ પ્રમાણે એ સ્પષ્ટ દેખાય છે કે અભ્યાસ મા લીધેલા કુટુંબો જો કે ઉધોગમાથી આવક મેળવે છે તો પણ મોટા ભાગે ગરીબીની રેખા નીચે જીવે છે.

આ કુટુંબોના ખર્ચ જોઇએ તો સૌથી વધારે ખર્ચ ખાધા ખોરાકી ઉપર થાય છે. પણ ટુકવાડા, કરાયા અને અંબેટીમા રહેતા લોકોના કાપડ ઉપર અને મુસાફરી ઉપર, વડખંભા ગામ કરતા વધારે ખર્ચ થાય છે. આમ એ પણ જોવામા આવ્યુ હતુ કે આ ગામોમા વસતા આદિવાસી કુટુંબોના લોકો પહેરવેશ અને બીજી મોજશોખની વસ્તુઓ ઉપર વધારે ખર્ચ થતો હતો. જ્યારે વડખંભામા આવો ખર્ચ ઓછો હતો. વ્યકિતદીઠ માસિક ખર્ચ ટુકવાડા મા ૬૦ રુપિયા, કરાયામા ૩૮ રુપિયા અંબેટીમા ૫૨ રુપિયા અને વડખંભામા ૩૫ રુપિયા હતો એટલે વડખંભા ગામમા જ્યા ઔધોગિકરણની અસર નથી ત્યા વ્યકિતદીઠ માસિક આવક અને ખર્ચ સૌથી ઓછુ છે. એ સ્પષ્ટ થઇ જાય છે. કે ઔધોગિકરણથી આવકમા અને ખર્ચ કરવાની શકિતમા વધારો થાય છે. જો કે ઓછા પગાર મળવાના લીધે મોટાભાગે કુટુંબની ગરીબી દૂર થતી નથી અને આને લીધે કુટુંબોને દેવુ કરવુ પડે છે. દેવા વિષે માહિતી જોતા એ ખ્યાલ આવે છે કે કરાયા, ટુકવાડા અને અંબેટીમા લગ્ન ખર્ચ માટે ખૂબ દેવુ કરવામા આવે છે. કરાયા અને વડખંભામા ઘર ખર્ચ માટે પણ દેવુ કરવામા આવ્યુ છે.

એની સુધારણા માટે ટુકવાડા, વડખળા અને અંટીમાંથી ખૂબ દેવુ કરવામાં આવે છે. ઉદ્યોગો માં કામ કરતા કુટુંબોમાંથી લગ્ન ખર્ચ વધારે કરવામાં આવે છે એવુ જોવા મા આવ્યુ.

અભ્યાસમાં આવેલ ૧૦૦ કુટુંબોમાંથી (ઉદ્યોગમાં કામ કરવા વાળા) ૨૦ કુટુંબો એવાં હતાં જે થોડી ગણી બચત કરે છે. એટલે ઔદ્યોગીકરણ થી આદિવાસીઓમાં બચત કરવા ની ટેવ ઉભી થઇ છે. સામાન્ય રીતે ઉદ્યોગોમાં કામ કરવા વાળા કુટુંબો પાસે ઘરમાં ચીજવસ્તુઓ વધારે વસાવે છે. જે નીચે આપેલ માહિતીથી સ્પષ્ટ થાય છે.

| વસ્તુનું નામ | ટુકવાડા | કરાયા | અંટી | વડખળા. |
|---|---|---|---|---|
| ૧. સાયકલ. | ૩૧ | ૩૦ | ૧૧ | ૬ |
| ૨. રેડીયો | ૧૪ | ૫ | ૩ | ૨ |
| ૩. સિવવાનો સંચો. | ૫ | -- | ૧ | ૨ |
| ૪. દિવાલ ઘડિયાળ | ૩૦ | ૧૫ | ૧૪ | ૧૩ |
| ૫. લાઈટર. | ૭ | ૩ | -- | -- |
| ૬. એલાર્મ ઘડિયાળ. | ૩ | -- | ૧ | -- |
| ૭. ટેબલ. | ૧૭ | ૭ | ૧૩ | ૮ |
| ૮. ખુરશી. | ૧૯ | ૩ | ૧૦ | ૯ |
| ૯. ખાટલા. | ૩૯ | ૨૨ | ૩૮ | ૧૯ |
| ૧૦. આરામખુરશી. | ૬ | -- | ૪ | -- |
| ૧૧. કબાટ. | ૩ | -- | ૧ | -- |
| ૧૨. સ્ટીલના વાસણો. | ૨૪ | ૧૩ | ૨૦ | ૨૦ |
| ૧૩. કાચનાં વાસણો. (કપ રકાબી વગેરે) | ૩૯ | ૩૩ | ૨૫ | -- |

છેલ્લા દશ વર્ષમાં વાપી જી.આઇ.ડી.સી આપવાને કારણે નોંધ પાત્ર ફેરફારો થયા છે. આ અગાઉ જે કઇ ફેરફારો આવ્યા હતા તે ખૂબ ધીમી ગતિએ અને લાંબા સમય ના છે. પણ અત્યારના ફેરફારો સામાજીક ક્રાંતિની માફક ખૂબ ઝડપી દેખાઇ આવે તેવા છે.

૧. <u>કાયમી કામ મળ્યુ</u> :- ખેતી અને છુટક મજૂરી,ખેતી મજૂરી મા કાયમી કામ નહોતુ મળતુ તે મળવા લાગ્યુ.

૨. <u>આવકો વધી</u> :- ખેતી કામમાં તેમને અનાજના રુપમાં આવક મળતી તે ઘરવપરાશ પૂરતી હતી. આવક વધવાથી ખરીદ શકિત વધી.સારા કપડા,મોજ શોખની વસ્તુઓ અને જીવન જરુરી વસ્તુઓ ખરીદવા મળી.

૩. <u>સ્ત્રીઓ કામ કરવા લાગી.</u> :- આ અગાઉ સ્ત્રીઓ માત્ર ખેતીમા કે ઘરકામ જ કરતી હતી જ્યારે હવે કામ કરી શકે તેવી યુવાન સ્ત્રીઓ ગામ છોડી કારખાને કામે જતી થઇ છે. આથી કુલ આવક મા તથા **માથાદીઠ** આવક મા વધારો થયો છે.

૪. <u>બચત કરવા લાગ્યા</u>:-ઉદ્યોગોમાં જતા લોકો ભવિષ્ય માટે બચત કરતા લાગ્યા.

૫. <u>નિયમિતતા આવી</u> :- ઔદ્યોગિકરણના કારણે કારખાનામાં જતા કારીગરો તથા તેમની સ્ત્રીઓ નિયમિત બની.સમય સર ઉઠવુ,સ્નાન કરવુ,રસોઇ બનાવવી વગેરે માં નિયમિતતા આવવા લાગી છે.

૬. <u>દેખાદેખીથી વધતી અસર</u> :- જન સંપર્ક વધવાથી દેખા દેખીની અસરો થવા લાગી , ખોરાક,પહેરવેશ,બજાર,ચીજવસ્તુની ખરીદી વગેરે દેખાદેખી વધવા લાગી.

૭. <u>શિક્ષણનુ પ્રમાણ વધ્યુ</u> :- આવક વધી હોવાથી પોતાના બાળકોને વધારે ભણાવી સારી નોકરી મળે તેવી આશા સાથે બાળકોને નિશાળે મોકલતા થયા.ભાવિ પેઢીનો વિકાસ સારો થાય તે માટે વિચાર કરતા થયા છે.

૮. <u>ખેતી ક્ષેત્રે વિકાસ</u>:- ખેતી ક્ષેત્રે પણ સારો વિકાસ થવા લાગ્યો છે. ખેતીમાં સુધરેલા સાધનો,સુધરેલ બીયારણ, રાસાયણિક ખાતરો,સુધારેલ ખેતીની પધ્ધતિ વગેરે નો ઉપયોગ સારા પ્રમાણમા થવા લાગ્યો છે.

પણજેની પાસે વધારે જમીન છે.પાણીની સગવડ છે તેઓ જ આમાં સારી પ્રગતિ કરી રહયા છે આમાં કોળિયા પટેલો એ વધારે પ્રગતિ કરે છે.જ્યારે દૂબળા નાયક જેમની પાસે ઓછી જમીન છે તેઓ ફકત સુધરેલુ બીયારણ જ વાપરે છે.

૯. <u>સામાજિક ફેરફાર</u> :- સામાજીક ફેરફારોમા મૃત્યુક્રિયામા અને દેવ-દેવીની માન્યતાઓ પાછળ ખર્ચ ઓછો થાય છે. ધાર્મિક તહેવારની ઉજવણી પાછળ પણ ખર્ચ ઘટવા **લાગ્યો** છે. આગળ જોયુ તેમ લગ્ન ખર્ચ નો વધારો થયો છે. દારુનો ઉપયોગ ઘટતો રહયો છે.

આમાં ઘણાં બધા ફેરફારો થતા જોવા મળે છે. આ બધા જ ઔદ્યોગીકરણના કારણે છે તેવું નથી પણ લોક સંપર્ક વધવાથી, બીન આદિવાસી સમાજના રીત રિવાજો જોવાથી પણ થયા છે. ઔદ્યોગીકરણનું મહત્વ વધારે છે. કારણ કે આવકો વધી તેનાથી તેઓ જરુરી વસ્તુઓ વસાવી શકયા જાગૃતિ આવવાથી સારા નરસાનો વિચાર કરતા થયા.

ઔદ્યોગીકરણ વિષે તેમના મતવ્યો.:-

---

વાપી ઉદ્યોગોમાં નોકરી કરતા ત્રણ ગામોના ૧૦૦ કુટુંબોનો અભ્યાસ કર્યો તેમા ઉદ્યોગો વિષે તેમના પ્રત્યાઘાતો જાણવા મળ્યા.

૧.જી.આઇ.ડી.સી વાપીમાં પગારના દરો ખૂબ નીચા છે.

૨. કામદારને કાયમી કરતા નથી.ગમેત્યારે છૂટા કરે છે. આથી બીજી જગ્યાએ કામે લાગવામાં ઘણો સમય લાગે છે. વળી બીજું કામ જલ્દી અનુકુળ આવતુ નથી.

૩. બોનસ, દાકતરી સેવા, વગેરે લાભો આપવામાં આવતા નથી. અઠવાડિક રજા પણ કપાતં પગારે મળે છે.

૪. કેટલાક કેમીકલના કારખાનાઓમાં આરોગ્યને નુકશાન થાય છે. તેમા ખાસ સગવડ આપવામાં આવતી નથી. કેટલાક કારખાનાઓમાં બુટ, કપડા, મોજા, દૂધ, ફળ, વગેરે મળે છે. પણ પ્રમાણ ખૂબ ઓછું હોય છે.

૫. 'સી'ગ્રેડના જે કવાટર્સ બનાવવામાં આવ્યા છે. તે કવાટર્સનો લાભ મળતો નથી. મળે છે તો ભાડાનો દરો વધારે હોય છે. જે ૨૬ દિવસના કામ અને ઓછા પગારે પોષાય તેમ નથી.

૬. દૂરના ગામેથી આવવા ઇચ્છતા કારીગરો બસ કે સાયકલની સગવડનહોવાથી આવી શકતા નથી. સાયકલ ખરીદવા માટે લોન ની સગવડ મળતી નથી.

૭. યુનિયન વિષે કે સંગઠન વિષે આદિવાસી મજૂરો ઘણું ઓછું જાણે છે. કારખાનાની ઈતર પ્રવૃતિમાં તેઓ ભાગ લેતા નથી. તેઓ પોતાના કામમાં ખૂબ ધ્યાન આપે છે. યુનિયન નેતા ઉપર વિશ્વાસ કરતા નથી. તેઓ માને છે કે યુનિયન નેતાઓ શેઠના માણસો હોય છે. જેઓ નોકરી માથી છુટા કરાવે છે.

૮. કોન્ટ્રાકટ પ્રથાને કારણે પણ તેમને શોષવુ પડે છે. કોન્ટ્રાકટર પોતાને કામ મળે ત્યાં સુધી કામ પર રાખે છે. પોતાના વિરુધ્ધ દલીલ કરનારને છૂટા કરે છે.

આથી આદિવાસી મજૂરો કોઇ માગણી પણ કરતા નથી.

આમ ઉપરોકત ઘણી બધી બાબતો કારીગરોના મંતવ્યો ઉપરથી જાણવા મળી. આમ છતાં તેમને કાયમી કામ અને આવક મળી તે ઘણી લાભદાયી પૂરવાર થઇ છે. શાહુકાર અને જમીનદાર ને ત્યાં તેમને ૨૪ કલાક કામ કરી જે વેતન મળતુ તે ઘણું ઓછુ હતું. શાહુકાર જમીનદારના દેવા માથી તેઓ મુકત થતા જાય છે.

વાપી જી.આઇ.ડી.સીના કારણે ખેડૂત વર્ગમાં પણ ઘણી બધી દલીલો થાય છે. તેમનું માનવુ છે કે જી.આઇ.ડી.સી.આવ્યા પછી ખેતીમાં કોઇપણ જાતનો કસ રહેતો નથી. પાક નિષ્ફળ જાય છે. જી.આઇ.ડી.સી.નું ગંદુ પાણી બહાર ફેંકવામાં આવે છે. આ પાણીથી વાતાવરણ ખૂબ ગંદુ બને છે. અને મચ્છરો પેદા થાય છે. વળી જી.આઇ. ડી.સી.કેમોકલનું પાણી લાલ આવે છે. તે પાણી ગાય,ભેંસ,પીએ તો તેનું દૂધ પણ લાલ આવે છે.

જમીનદાર વર્ગને ખેત મજૂરો મળતા નથી. આમ ખેડૂત વર્ગની દલીલો હતી. કેરીનો પાક નિષ્ફળ જાય છે. તે દુષિત વાતાવરણનું કારણ છે તેમ તેઓ માને છે.

ઔદ્યોગિકરણની સાથે સાથે ખેતી વિકાસ એ પણ અનિવાર્ય બાબત છે. ઓછુ ભણેલા અને બિનઆવડત વાળા આદિવાસીભાઇઓને ખેતી મજૂરી મળી રહે વળી ઔદ્યોગિકરણની સાથે સાથે ખેતીનો પણ વિકાસ કરવામાં આવે તો ખેતી વિકાસ ના લાભ મળે, ઉત્પાદન વધે અને આર્થિક, સામાજીક વિકાસ ખૂબ ઝડપી બને. આદિવાસીના વિકાસ માટે કાયમી કામની જોગવાઇ એ અનિવાર્ય બાબત છે. દરેક વ્યકિતને આવક વધવાથી તેના જીવન ધોરણ ઉપર ચોકકસ ફેરફાર આવે છે. ભાવિ પેઢીને સુધારવા માટે પણ આર્થિક ખાસ મહત્વનું છે. આમ ખેતી અને ઔદ્યોગિકરણ બન્ને રીતે વિકાસ ઝડપી બનાવી શકાય તેમાં શંકા જેવુ લાગતુ નથી. ઔદ્યોગિકરણના કારણે ઘણા બધા ફેરફારો આવ્યા છે. જ્યારે બીજી બાજુ જેમની પાસે કાયમી આવક નથી, મજૂરી ઉપર જીવન આધારિત છે. તેમને ખેતી ક્ષેત્રે પણ વિકાસ કરી આવક વધે તેમ વિચારવુ જોઇએ.

ઔદ્યોગિકરણ એ ખૂબ મહત્વની અને વિકાસ લક્ષી યોજના છે. પણ આદિવાસી શ્રમિકોને ફેકટરી એકટ પ્રમાણેના તમામ લાભ આપવા જોઇએ. તેમનું શોષણ ન થાય તે વિચારવુ જોઇએ. કાયદાથી મળતી સગવડો પણ પૂરતી આપવામાં આવે તો આર્થિક સામાજીક વિકાસ થઇ શકે તેમ છે. ટ્રેનીંગ સેન્ટરો ખોલી કામની તાલીમ પણ આપવી જોઇએ. જેથી તેઓ પોતાનુ કામ પધ્ધતિસર અને વ્યવસ્થિત કરી શકે.

# પરિવર્તન પામતાં આદિવાસી ગામો

## કાંકડવેલ : ( વલસાડ જિલ્લો )

પાનાં : ૧૩૦
અહેવાલ લેખન : શ્રી ભીખાભાઇ પટેલ
સારદોહન : શ્રી ભીખાભાઇ પટેલ

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા ૧૯૬૯-૭૦ ના વર્ષમાં ગુજરાતની મુખ્ય આદિવાસી જાતિઓ પર અભ્યાસ કરવાનું હાથપર લેવામાં આવ્યુ હતુ. ધોડિયા જાતિ માટે વલસાડ જિલ્લાના ચીખલી તાલુકાના કાંકડવેલ ગામની પસંદગી કરવામાં આવી હતી. ૧૯૭૯-૮૦ માં ફરીથી આ ગામની તપાસ કરવાનું કાર્ય કેન્દ્ર તરફથી હાથપર લેવામાં આવ્યુ હતુ, અને કાંકડવેલ ગામની ૧૯૭૯-૮૦ માં ફરી તપાસ કરવામાં આવી હતી.

### તપાસનો ઉદ્દેશ :

૧૯૬૯ માં જે ગામો પસંદ કરવામાં આવ્યા હતા અને જે તે ગામોમાંથી તપાસ વખતે જે કુટુંબોની તપાસ કરવામાં આવી હતી તેજ કુટુંબોની પુન: તપાસ ૧૯૭૯-૮૦ માં કરવામાં આવી હતી. તપાસનો મુખ્ય હેતુ દસ વર્ષના ગાળા દરમ્યાન ગામમાં કેવા પ્રકારનુ સામાજિક-આર્થિક પરિવર્તન આવ્યુ હતુ એ વિષે જાણકારી મેળવવાનો હતો.

### તપાસ પધ્ધતિ :

કાંકડવેલ ગામની પુન:તપાસ પ્રશ્નાવલી અને સર્વેક્ષણ પધ્ધતિ દ્વારા હાથ ધરવામાં આવી હતી. આ સાથે ગ્રામ જીવનને લગતા પાસાઓની માહિતી મેળવવા માટે સહભાગી નિરીક્ષણની પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રથમ તપાસ વખતે ગામમાંથી કુલ ૫૩ કુટુંબો તપાસવામાં આવ્યા હતા. જ્યારે પુન: તપાસ વખતે તે સમયના ૫૩ કુટુંબોમાંથી ૧ કુટુંબે સ્થળાંતર કર્યુ હતુ અને ૪ કુટુંબના વડા ગુજરી ગયા હતા, જેથી બાકીના ૪૮ હયાત કુટુંબોનો સંપર્ક કરી માહિતી એકત્ર કરવામાં આવી હતી.

## વિસ્તાર પરિચય :

કાંકડવેલ ગામ વલસાડ જિલ્લાના ચીખલી તાલુકામાં આવેલું છે. ચીખલી તાલુકાનો કુલ વિસ્તાર ૫૭૪.૭ ચો. કિ.મી. છે. ૧૯૭૧ ની વસતિ ગણતરી મુજબ તાલુકાની કુલ વસતિ ૧૭૬૦૮૯ હતી. તેમાં ૨.૬ ટકા અનુસૂચિત જાતિ અને ૬૮.૦ ટકા અનુસૂચિત જનજાતિની વસતિ હતી. તાલુકાની આબોહવા ગરમ અને ભેજવાળી રહે છે. ચીખલી તાલુકાનો ભૌગોલિક વિસ્તાર ૧૪૮૭૩૮ એકર છે. ખેડવા લાયક ૧૧૮૬૬૩ એકર અને ખેડવા લાયક પડતર જમીનનો વિસ્તાર ૧૦૨૬૬ એકર છે. બિન ખેડવા લાયક વિસ્તાર ૧૦૫૭૪ એકર છે. તાલુકામાં મુખ્યત્વે ડાંગર, જુવારની ખેતી થાય છે. આ વિસ્તારના લોકોનો મુખ્ય ખોરાક ભાત અને જુવારના રોટલા છે. ચીખલી તાલુકાની કુલ વસતિનું ધંધાકીય વર્ગીકરણ આ પ્રમાણે છે: ૨૦.૦ ટકા ખેતીનો વ્યવસાય, ૧૨.૦ ટકા ખેતમજૂરી, ૦.૫ ટકા પશુપાલન અને જંગલકામ, ૧.૦ ટકા ઉત્પાદન પ્રક્રિયા અને સમારકામ, ૧.૭ ટકા ગૃહઉદ્યોગ સિવાયના કામ, ૦.૨ ટકા બાંધકામ, ૦.૭ ટકા વેપાર વાણિજ્ય, ૦.૨ ટકા વાહનવ્યવહાર અને ૧.૭ ટકા અન્ય સેવાઓ. કામ નહીં કરનારા અને બેકારોનું પ્રમાણ ૬૨ ટકા હતું. ( ૧ ૧૯૭૧ ની વસતિ ગણતરી મુજબ.)

## ગામનો પરિચય :

કાંકડવેલ ગામ તાલુકાના મુખ્ય મથક ચીખલીની ઉત્તર-પશ્ચિમે ૨૮ કિ.મી.ના અંતરે આવેલું છે. ગામ પર જવા માટે શિયાળા-ઉનાળામાં બસની સુવિધા છે. આ વ્યવહાર ચોમાસાના સમય દરમ્યાન બંધ થઇ જાય છે. ગામનો કુલ વિસ્તાર દોઢ ચોરસ માઇલનો છે. કાકડવેલ ગામ વાંસદા તાલુકાની સરહદે આવેલું છે. બાંગાની સરહદે / ઉત્તરે સારવણી, દક્ષિણે માંડવખડક, પૂર્વમાં સુખાબારી અને પશ્ચિમે વેલણપુર ગામ આવેલું છે. આજથી દોઢ બે દાયકા પહેલા ગામની આજુબાજુમાં જે ગીચ જંગલ હતું તે આજે જોવા મળતું નથી. ગામથી થોડે દૂર "ખરેરા" નદી અને ગામની ઉત્તર-પશ્ચિમે બે ઝરણા વહે છે. જેનો ગામ લોકો નાહવા-ધોવા અને થોડી ઘણી

સિંચાઇ માટે ઉપયોગ કરે છે. આ સિવાય ગામમાં તળાવ કે ખાડી વિસ્તાર નથી. સિંચાઇની સગવડોમાં ગામને હજુ કાકરાપાર નહેરનો લાભ મળ્યો નથી. ગામના નજીકના મોટા ગામ વાંસદા અને ચીખલી છે. ગામ લોકો ખેત-ઉત્પાદનનું વેચાણ અને જીવન જરૂરી ચીજવસ્તુઓની ખરીદી આ બે જગ્યાએથી કરે છે. આ ઉપરાંત ગામમાં અઠવાડિક હાટ ભરાય છે; તેમાંથી પણ ગામ લોકો જીવનોપયોગી ચીજવસ્તુઓ ખરીદે છે. ગામમાં પોષ્ટ ઓફીસની સગવડ પણ છે. તદ્ઉપરાંત કાકડવેલ અને વેલણપુર ગામની સંયુકત સહકારી મંડળી ચાલે છે. જેમાંથી ખેડૂતોને ખેતી માટે ખાતર-બિયારણ અને ધીરાણની સગવડો પ્રાપ્ય છે.

ગામમાં પીવાના પાણી માટે ૩ પાકા સરકારી કૂવાઓ છે. આ ઉપરાંત બીજા ૧૬ છે. જેનો લોકો પીવાના પાણી માટે તથા સિંચાઇ માટે ઉપયોગ કરે છે. ગામમાં બાલમંદિરથી સાત ધોરણ સુધીની શાળા આવેલી છે. જેમાં કુલ ૩૭૦ બાળકો (૧૯૭૯ મુજબ) કુમાર-કન્યાઓ શિક્ષણ લઇ રહયા છે. આ સિવાય સિરવણ અને ફડવેલ આ બે ગામોમાં માધ્યમિક શાળા આવેલી છે. જેમાં કાકડવેલ ગામના ૭૦ જેટલા બાળકો ભણવા જતા હતા.

આર્થિક પરિસ્થિતિ :

૧૯૭૯ માં તપાસેલ કુલ કુટુંબોની સંખ્યા ૪૮ ની હતી. તેમની વસતિ ૪૦૩ થતી હતી. તપાસેલ કુટુંબોમાંથી મોટાભાગના કુટુંબો ખેતી પર નિર્ભર હતા. કેટલાક ખેતમજૂરી તો કેટલાક નોકરી કરતા હતા. ગામમાં સાત કુટુંબો સીવણકામ, દરજીકામ પણ કરતા હતા.

તપાસેલ કુટુંબો પાસેની કુટુંબદીઠ જમીનનું પ્રમાણ ૫:૬ એકર હતું. ખેતી, પશુપાલન, ખેતમજૂરી અને નોકરી એમ જુદા જુદા ધંધામાં રોકાયેલી વ્યકિતઓ ૧૮૬ હતી. પ્રથમ તપાસ વખતે તપાસેલ કુટુંબની કુલ વસતિમાંથી ૨૩૮ કામ કરનારી વ્યકિતઓ હતી. આ સંખ્યા ૧૯૭૯ વખતે ઘટવા પામી હતી. ૧૯૬૯ અને ૧૯૭૯માં જમીનની સ્થિતિ જોઇએ તો કોઇ ખાસ ફેરફાર થયો ન હતો.

૧૯૬૯ ની તપાસ સમયે તપાસેલ કુટુંબોની આવક અને ખર્ચમાં ૧૯૭૯ વખતે ત્રણ ગણો વધારો થયેલો જોવા મળયો હતો. એટલે કે ગરીબાઇની રેખા ઓળંગવાની દિશામાં હતાં. પરંતુ છેલ્લાં દસ વર્ષના ભાવોને ધ્યાનમાં લઇએ તો જેટલી આવક વૃધ્ધિ થઇ છે તેની સાથે ભાવો પણ કૂદકે ને ભૂસકે વધતાં રહયાં છે. પરંતુ એટલુ તો સ્પષ્ટ જણાઇ આવે છે કે આર્થિક પરિસ્થિતિ સુધરી છે અને લોકો સ્વાવલંબી બનતાં થયાં છે. તપાસ સમયે કેટલાંક કુટુંબો પાસેથી એમ પણ જાણવા મળયુ કે હવે અમોને આદિવાસી તરીકે ગણવાં ન જોઇએ.

સમગ્ર રીતે જોઇએ તો છેલ્લાં દસ વર્ષના ગાળામાં ધોડિયાં કુટુંબોની સ્થિતિ સુધરી છે. તે સ્પષ્ટ પણે જોઇ શકાય છે. જેની બંને તપાસ વખતની પરિસ્થિતિ છેલ્લે કોઠામાં દર્શાવવામાં આવી છે.

તારણો :

(૧) ધોડિયા આદિવાસીઓની આર્થિક સ્થિતિમાં સારો એવો સુધારો જોવા મળયો છે. નમૂનાનાં કુટુંબોની તપાસ પરથી જણાય છે કે ૧૯૬૯ માં જુદાં જુદાં ધંધામાંથી થતી માથાદીઠ વાર્ષિક આવક ૨૩૪.૪ રૂા.ની હતી. જે વધીને ૬૯૬.૯ થવા પામી છે. આ સાથે ખર્ચમાં પણ આટલો જ વધારો થયો છે. જેનુ કારણ ભાવ વધારો સૂચવી શકાય. ૧૯૬૯ માં માથાદીઠ વાર્ષિક વપરાશી ખર્ચ રૂા.૨૨૫.૨ હતુ. જે વધીને ૧૯૭૯ માં ૬૩૨.૪ થયેલુ જોવા મળે છે.

(૨) ૧૯૬૯ માં ૨૦ કુટુંબ દેવાદાર હતાં અને દેવાદાર કુટુંબદીઠ દેવું ૩૫૬.૭ રૂા. હતુ. જયારે ૧૯૭૯ ની તપાસ વખતે દેવાદાર કુટુંબોની સંખ્યા વધીને ૨૯ ની થઇ હતી અને કુટુંબદીઠ દેવાનુ પ્રમાણ પણ વધીને ૨૦૪૪.૮ રૂા. થયુ હતુ. એમનુ મોટાભાગનુ દેવું સહકારી મંડળી, સરકારી લોન, અને શાહુકારનુ હતુ. દેવુ કરવા પાછળનો હેતુ પણ ઉત્પાદકતા વધારવા પાછળનો હતો.

(૩) દાયકા દરમ્યાન તપાસેલ કુટુંબોની જમીનના પ્રમાણમાં નહિવત ઘટાડો થયો હતો. કુટુંબદીઠ જમીનનુ પ્રમાણ ૫.૯ એકરથી ઘટીને ૫.૬ એકર થયુ હતુ.

: ૫ :

(૪) છેલ્લા દાયકામાં તપાસેલ કુટુંબોની વસતિ ૩૮૧ થી વધીને ૪૦૩ થઇ હતી. કુટુંબનું કદ પણ વધ્યું હતું. જ્યારે કામ કરનારની સંખ્યામાં ઘટાડો થયો હતો. કુટુંબદીઠ ઘરવખરીની ચીજોમાં વધારો થયો હતો.

(૫) શિક્ષણના પ્રમાણમાં સારો વધારો થયો હતો. શિક્ષણને લીધે ધોડિયા સમાજના અનેક ઘણો સુધારો થવા પામ્યો છે.

(૬) છેલ્લા દાયકા દરમ્યાન કુટુંબદીઠ અસ્કયામત, જેમાં ઘર, ખેતીની જમીન, ખેત સાધનો, પશુધન અને ઘરવખરી વગેરે ચીજોના વધારાની સાથે વધવા પામી હતી. કુટુંબદીઠ અસ્કયામત બમણી થઇ હતી. ૧૯૬૯ માં ૧૩૯૩૭.૧ રૂા.ની મિલકત હતી. જે વધીને ૧૯૭૯ માં ૨૮૫૮૮.૭ રૂા.ની થઇ હતી.

આમ એકંદરે ગામની સ્થિતિમાં ગામની સગવડમાં વધારો થયો હતો. ગામના લોકો સ્વાવલંબી જીવન જીવતા થયા છે. ગામમાં વધુને વધુ સ્વાવલંબી જીવન જીવતા થાય તે માટે નાની સિંચાઇ યોજના અને મુખ્ય પ્રૌઢ શિક્ષણ શરૂ કરવામાં આવે તો નિરક્ષરતાનું પ્રમાણ ઘટવા પામે.

કાકડવેલ ગામમાં છેલ્લા દસ વર્ષમાં શૈક્ષણિક બાબતને ધ્યાનમાં લઇએ તો ૭૫ થી ૮૦ ટકા શિક્ષણનું પ્રમાણ વધવા પામ્યુ છે. ૧૯૬૯ થી ૧૯૭૯ ના દાયકામાં શિક્ષણ નું પ્રમાણ બમણું થયુ છે.

શિક્ષણનો વ્યાપ વધતા, ગામમાં થતા ઝઘડાઓનું પ્રમાણ ઘટયુ છે. લોકો સુખી અને શાંત સ્વભાવના બન્યા છે. તેજ રીતે ધાર્મિક બાબતમાં પણ ધર્મમાં માનનારાઓનું પ્રમાણ વધ્યુ છે.

ગામમાં છેલ્લા દસ વર્ષમાં કાચા-મેટલ રસ્તાની વ્યવસ્થા થતાં માલની હેરફેર વધતાં વાહન વ્યવહારની સુવિધા પ્રાપ્ય થવાને કારણે લોકો આર્થિક ભીષમાંથી છૂટકારો મેળવી શકયા છે.

શિક્ષણને લીધે થયેલ પરિવર્તનનોમાં જોઇએ તો કુટુંબોની રહેણી-કરણી, આચાર-વિચાર, ઘરવખરી, અને ગૃહ રચનામાં સુધારો જોવા મળે છે. ગામમાં કેટલાંક આદર્શ કુટુંબો કહી શકાય

તેવાં પણ જોવાં મળયાં છે. જે શિક્ષિત છે અને શિક્ષણ મેળવ્યુ છે તેઓ પોતાની અને પાડોશીની પરિસ્થિતિમાં સારો એવો સુધારો લાવી શકયા છે. આ દરેક બાબત માટે શિક્ષણ ઘણું ઉપયોગી નીવડયુ છે.

કાંકડવેલ ગામ વિકાસને પથે આગળ પગલાં માંડી રહયુ છે. તેમાંય શિક્ષણનો વ્યાપ વધવાથી ગામનો વિકાસ પણ સારો થવાં પામ્યો છે. વિકાસની સાથે આર્થિક પાસુ પણ બદલાતું ગયુ છે. ગામમાં દૂધ ઉ.સ.મં. ની શરૂઆત થતાં કેટલાંક કુટુંબો લાભ લેતાં થયાં છે. અને પૂરક ઉદ્યોગ તરીકે આ ધંધો સ્વીકારતાં આર્થિક લાભો મેળવી જીવન-સ્તર સુધારી શકયાં છે.

હીરા ઉદ્યોગની શરૂઆત થઇ છે. આ ઉદ્યોગની તાલીમ પામીને કેટલાંક કુટુંબોની વ્યકિતઓ આ કામ કરે છે. તેમનુ આર્થિક માળખુ સાવ બદલાઇ ગયેલુ લાગે છે. તેમની આવકમાં પણ સારો વધારો જોવાં મળે છે. આર્થિક પરિવર્તનની સાથે સામાજિક જીવન પણ બદલાયુ છે.

સામાન્ય રીતે નાના ખેડૂતો, સીમાન્ત ખેડૂતો અને મજૂર વર્ગ સારી મજૂરી મેળવી શકે છે. અને આ ફેરફારોમાં મોટેભાગે દરેકનો સાથ સહકાર સારો સાંપડયો છે.

શિક્ષણનો વ્યાપ વધતાં બાળકો જે વધુને વધુ મજૂરીએ જતાં તે બાળકો શૈક્ષણિક સગવડોના લાભોથી વંચિત થતાં મજૂરીને બદલે શિક્ષણ લેતાં થયાં છે. આજે આ સમાજમાં ઘણાં ખરા બહાર નોકરી ધંધા કરતાં થયાં છે. અને બાહય અસરોને લીધે સમાજમાં, ગામમાં રહેણીકરણી અને જીવન ધોરણમાં આમૂલ પરિવર્તન જોવાં મળે છે.

છેલ્લાં એક દાયકામાં તેમનામાં આવેલ પરિવર્તનની સ્પષ્ટ માહિતી કોઠામાં આપેલી ૧૯૬૯-૭૦ અને ૧૯૭૯-૮૦ ની હકીકતો તપાસતાં ખ્યાલ આવશે. આ ગામ છેલ્લા દાયકામાં સરકાર દ્વારા વિકાસના કાર્યક્રમો જે હાથ ધરાયા તેનો પણ મોટાભાગના લોકોએ ઉપયોગ કર્યો છે. જે ક્ષેત્રકાર્ય દ્વારા સ્પષ્ટ જોઇ શકાયુ હતું.

## કોઠો-છેલ્લાં દાયકાની તુલનાત્મક પરિસ્થિતિ

| ક્રમ | વિગત | વર્ષ ૧૯૬૯-૭૦ | ૧૯૭૯-૮૦ |
|---|---|---|---|
| ૧. | કુલ કુટુંબ સંખ્યા | ૪૮ | ૪૮ |
| ૨. | કુલ વસતિ | ૩૮૧ | ૪૦૩ |
| ૩. | કુટુંબ કદ | ૮ | ૮.૩ |
| ૪. | કુલ કમાનારાં | ૨૩૮ | ૧૮૬ |
| ૫. | કુલ શિક્ષણ પામેલાં | ૨૨.૮ ટકાં | ૪૫.૯ ટકા |
| ૬. | કુટુંબદીઠ સરેરાશ જમીન | ૫.૯ એકર | ૫.૬ એકર |
| ૭. | કુટુંબદીઠ ઘરવખરીના સાધનોની સંખ્યા | ૩૨ | ૪૪ |
| ૮. | કુટુંબદીઠ પશુધન | ૯ | ૧૨ |
| ૯. | કુટુંબદીઠ મિલકત | ૧૩૯૩૭.૧ | ૨૮૫૮૮.૭ |
| ૧૦. | માથાદીઠ મિલકત | ૧૭૫૫.૯ | ૩૪૦૫.૧ |
| ૧૧. | કુટુંબદીઠ વાર્ષિક આવક | ૧૮૬૦.૯ | ૫૮૫૦.૯ |
| ૧૨. | માથાદીઠ વાર્ષિક આવક | ૨૩૪.૪ | ૬૯૬.૯ |
| ૧૩. | કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ | ૧૭૮૭.૨ | ૫૩૦૯.૭ |
| ૧૪. | માથાદીઠ વાર્ષિક ખર્ચ | ૨૨૫.૨ | ૬૩૨.૪ |
| ૧૫. | દેવાદાર કુટુંબો | ૨૦ | ૨૯ |
| ૧૬. | દેવાદાર કુટુંબદીઠ દેવું | ૩૫૬.૭ | ૨૦૪૪.૮ |
| ૧૭. | છેલ્લા દાયકામાં કરેલ મૂડી રોકાણ | -- | ૫૦૭૬.૫ |
| ૧૮. | મૂડીરોકાણ કરનાર કુટુંબ સંખ્યા | -- | ૧૭ |

# પરિવર્તન પામતાં આદિવાસી ગામો

લવકર : ( જિલ્લો વલસાડ )

અહેવાલ લેખન: શ્રીમુસ્તાઅલી મસવી
સારદોહન : શ્રીમુસ્તાઅલી મસવી

આદિવાસી કેન્દ્ર તરફથી ૧૯૬૯-૭૦ ના વર્ષમાં ગુજરાતની મુખ્ય આદિવાસી જાતિઓ પર અભ્યાસગ્રંથ રચવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યુ હતું. આ તપાસ માટે જુદા જુદા આદિવાસી વિસ્તારોમાંથી જુદી જુદી આદિવાસી જાતિઓની વસતિ ધરાવતા ગામો પસંદ કરવામાં આવ્યા હતા. કોકણા જાતિ માટે વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાંથી "લવકર" ગામ પસંદ કરવામાં આવ્યું હતું. ૧૯૭૯ માં ફરીથી કેન્દ્ર તરફથી આ બધા ગામોની પુન: તપાસનું કાર્ય હાથ પર લેવાયુ હતું. કોકણા જાતિ માટેના -લવકર- ગામની પુન: તપાસનું કાર્ય પણ ૧૯૭૯ માં કરવામાં આવ્યુ હતું.

## તપાસનો ઉદ્દેશ્ય :

૧૯૬૯ માં જે ગામો પસંદ કરવામાં આવ્યા હતા, અને જે તે ગામમાંથી પહેલી તપાસ વખતે જે કુટુંબોની તપાસ કરવામાં આવી હતી તે જ કુટુંબો પુન: મોજણી (૧૯૭૯) સમયે તપાસવામાં આવ્યા હતા. આ તપાસનો મુખ્ય હેતુ દસ વર્ષના ગાળા દરમ્યાન આ ગામોમાં કેવા પ્રકારનું પરિવર્તન આવ્યુ છે, ગામમાં કેવા પ્રકારના સામાજિક-આર્થિક ફેરફારો થયા છે, ગામમાં વસતા લોકોના જીવન ધોરણમાં કોઇ ફેરફાર નોંધાયો છે કે કેમ, વિષે જાણકારી મેળવવાનો હતો.

## તપાસ પધ્ધતિ :

આ ગામની તપાસ સર્વેક્ષણ પધ્ધતિ દ્વારા હાથ ધરવામાં આવી હતી. સાથોસાથ માનવશાસ્ત્રીય સંશોધન પધ્ધતિમાં સહભાગી નિરિક્ષણ પધ્ધતિનો ઉપયોગ કરી માહિતી એકત્ર કરવામાં

આવી હતી. આ તપાસમાં માત્રાત્મક પાસાઓની સાથોસાથ ગુણાત્મક પાસાંને પણ મહત્વ આપવામાં આવ્યું હતું. આ તપાસ માટે અગાઉ જેમ એક પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવી હતી અને તે દ્વારા જીવનનાં દરેક પાસાંઓ વિષે માહિતી એકત્ર કરવામાં આવી હતી. તે પ્રથમ તપાસ સમયે લેખકે પોતે ગામનું ક્ષેત્રકાર્ય કરી માહિતી એકઠી કરી હતી. જ્યારે પુનઃ તપાસ સમયે ગામનું ક્ષેત્રકાર્ય કેન્દ્રના સંશોધન મદદનીશ શ્રી ચંપકભાઇ ચૌધરીએ કર્યું હતું અને માહિતી એકઠી કરી હતી.

પહેલી તપાસ સમયે ગામમાંથી ૫૮ કુટુંબોની મોજણી કરવામાં આવી હતી. જ્યારે પુનઃ તપાસ સમયે તે સમયના ૫૮ કુટુંબોમાંથી ૧૩ કુટુંબોના વડા ગુજરી જવાને લીધે ૪૫ કુટુંબો પાસેથી માહિતી મેળવવામાં આવી હતી.

વિસ્તાર પરિચય :

લવકર ગામ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં આવેલું છે. ધરમપુર તાલુકો ગુજરાત રાજ્યમાં મોટામાં મોટો તાલુકો છે. તેમાં ૨૩૭ ગામોનો સમાવેશ થાય છે. જેનો વિસ્તાર ૬૩૮ ચો. માઇલનો છે. તાલુકાનું મુખ્ય મથક ધરમપુર તાલુકાની હદે આવેલું હોઇ તાલુકાના દક્ષિણ અને અગ્નિ દિશાનાં ગામોથી લગભગ ૯૦ થી ૧૦૦ કિ.મી. દૂર પડે છે. આથી તાલુકાના મુખ્ય મથકે સહેલાઇથી પહોંચી શકાતું નથી. તેમજ કટોકટીના સમયે-રોગચાળો કે દુકાળના સમયે લોકોને ઘણું સહન કરવું પડે છે. તાલુકાનો વિસ્તાર ડુંગરાળ છે. તેમાં થોડો ભાગ તલાટ વિસ્તાર છે. તાલુકામાં ઉત્તર ભાગમાં તાન અને માન નદીઓ વહે છે. જે બે મળી ઓરંગા બને છે. મધ્યમાં કોલક નદી વહે છે અને દક્ષિણમાં દમણગંગા નદી વહે છે. જે દક્ષિણના થોડા ગામોને અસર પહોંચાડે છે. તાલુકાના વિસ્તારમાં સામાન્ય રીતે ૮૦ થી ૧૨૦ ઇંચ જેટલો વરસાદ પડે છે. પરંતુ વિસ્તાર ડુંગરાળ હોઇ પાણી ઠરતું નથી. આથી તાલુકામાં વારંવાર દુષ્કાળની પરિસ્થિતિ ઉભી થાય છે. જેથી તાલુકાની પ્રગતિ રૂંધાય છે.

: ૩ :

ધરમપુર તાલુકાની વસતિ ૧૯૭૧ ની વસતિ ગણતરી પ્રમાણે ૧૯૩૭૧૧ ની હતી. તેમાં હરિજનોની સંખ્યા ૧૨૧૧ ની હતી જ્યારે આદિવાસીઓની સંખ્યા ૧૭૯૧૮૧ ની હતી: આમ આદિવાસીઓની વસતિ કુલ વસતિના ૯૩ ટકા જેટલી હતી. હરિજનોમાં મુખ્ય જાતિ મહાર, ચમાર લોકોની છે: જ્યારે આદિવાસીઓમાં મુખ્ય વસતિ કુકણા, વારલી, ધોડિયા અને નાયકાની છે: ૧૯૬૧ થી ૧૯૭૧ ના દાયકા દરમ્યાન વસતિમાં ૪૧૦૧૨ માણસોનો વધારો થયો છે.

ધરમપુર તાલુકો ડુંગરાળ અને પછાત હોવાથી પ્રગતિ સાધી શક્યો નહોતો: આથી તાલુકાની પ્રગતિને વેગ આપવા માટે નામદાર સરકારશ્રી તરફથી ૧-૪-૧૯૫૭ થી બહુલક્ષી વિકાસ ઘટક યોજના નાનાપોંઢામાં શરૂ કરવામાં આવી હતી: જેમાં ૨૫૦૦૦ ની વસતિ સાથે ૩૯ ગામોને આવરી લેવામાં આવ્યા હતા: ધરમપુર રાષ્ટ્રીય વિસ્તરણ સેવા ઘટક ૧-૪-૧૯૫૭ થી શરૂ થયો હતો. ધરમપુર રાષ્ટ્રીય વિસ્તરણ ઘટકમાંથી ૧-૧-૧૯૬૧ થી આદિવાસી ઘટક નાની વહિયાળ છૂટો પાડવામાં આવ્યો હતો. જેમાં ૯૧ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો હતો: તા.૧-૪-૧૯૬૩ થી આદિવાસી વિકાસ ઘટક આંબાજંગલ ધરમપુર રાષ્ટ્રીય વિસ્તરણ સેવા ઘટકમાંથી છૂટો પાડવામાં આવ્યો હતો: જેમાં ૪૨૦૦૦ માણસોની વસતિ હતી: ધરમપુર રાષ્ટ્રીય વિસ્તરણ/સેવા ઘટક તા.૧-૪-૧૯૬૪ થી આદિવાસી ઘટક તરીકે ફેરવવામાં આવ્યો હતો: જેમાં ૪૨ ગામોનો સમાવેશ થયેલ. જેની વસતિ ૪૨૦૦૦ ની હતી: ધરમપુર તાલુકામાં વાહનવ્યવહાર ક્ષેત્રે પ્રગતિ ઘણી જ ઓછી છે જેને લીધે વિકાસ યોજનામાં ધાર્યો વિકાસ થયો નથી. ધરમપુર તાલુકામાં શિક્ષણ ક્ષેત્રે નહિવત્ પ્રગતિ થઇ છે: જેમાં વાહનવ્યવહારનો અભાવ, શિક્ષકોના રહેઠાણનો પ્રશ્ન અને લોકોની ગરીબીને કારણે શિક્ષણ એળે ગયુ છે. ખેતીક્ષેત્રે પાણીની અછત વર્તાય છે. વરસાદ સારો પડે છે તેમાં છતાં પ્રદેશ ડુંગરાળ અને પથરાળ હોવાથી પાણી ઠરતુ નથી અને તરત વહી જાય છે: આથી વરસાદ વધુ પડવા છતાં આ વિસ્તાર દુષ્કાળનો વારંવાર ભોગ બને છે.

## ગાંમ પરિચય :

લવકર ગાંમ તાલુકાંના મુખ્ય મથકથી ૩૫ માઇલ દૂર ઉંડાણના વિસ્તારમાં આંવેલુ છે: ગાંમ પર જવાં માંટે કોઇ પાંકો રસ્તો નથી. તેમજ કોઇ સીધો બસ વ્યવહાંર નથી: ધરમપુર–નાસિક અને વલસાંડ નાસિકને જોડતો એક કાંચો રસ્તો છે: આંમ ધરમપુર–નાસિક અને વલસાંડ નાસિક જતી બસમાં ડાંબખલ બસ સ્ટોપ પર ઉતરવુ પડે છે: ડાંબખલ બસ સ્ટે–ડથી લવકર ગાંમ લગભગ ૮ કિ:મી: જેટલુ થાંય છે: આંમ ડાંબખલથી લવકર પગપાંળાં જઇ શકાંય છે: આં માંર્ગ કાંચો છે તેથી ચોંમાંસાંમાં વધુ વરસાંદનાં કાંરણે ધોવાંઇ જાંય છે: છેલ્લાં બે વર્ષથી ધરમપુરથી સીધી બસ લવકર ગાંમ પર સાંજે જાંય છે જે બીજાં દિવસે સવાંરે પાંછી કરે છે: ૧૯૬૯ ની તપાંસ સમયે લવકર ગાંમ આંબાંજંગલ વિકાંસ ઘટકમાં આંવેલુ હતુ: લવકર ગાંમની બાંજુમાં જ આંબાંજંગલ ગાંમ આંવેલુ છે. આંબાંજંગલ વિકાંસ ઘટકની કચેરી નાંનાપોંઢાંમાં આંવેલી હતી: લવકર ગાંમની આંજુબાંજુ ડુંગરો આંવેલાં છે: જંગલ ગીચ નથી: ગાંમનો વિસ્તાંર લગભગ ૧:૯ ચોં:માં:નો છે: ગાંમની ઉત્તર–પશ્ચિમ દિશાંમાં વરવટ ગાંમની હદ છે, જ્યાંરે ઉત્તર દિશાંમાં ગાંમનાં એક ફળિયાં (સોંળિયાંપાણી) અને નીલોંસી ગાંમની હદ લાંગે છે: જ્યાંરે પૂર્વમાં આંબાંજંગલ ગાંમની હદ લાંગે છે. દક્ષિણમાં દિવસી અને દિનબાંરી ગાંમની હદ લાંગે છે: ગાંમમાં પંચાંયત ઘર કે ચોંરો નથી. ગાંમની આંગવી પંચાંયત નથી: ગાંમ વરવટ સંયુકત પંચાંયતમાં આંવે છે: ગાંમમાં મુખ્ય વસતિ કુકણાં જાંતિનાં લોંકોની છે: કેટલાંક કુટુંબો ઢોંરકોંળી (કોંલચાં) જાંતિનાં લોંકોનાં છે: એક મુસ્લિમ વેપાંરીનુ કુટુંબ રહે છે: ગાંમની વસતિ–પાંરસપાંડા, હાંટસરી, ખટકીપાંડાં, તાંડપાંડાં, સોંળિયાંપાંણી અને કરવળપાંડાં એમ કુલ છ ફળિયાંમાં વહેંચાંયેલી હતી: કુંકણાં લોંકો છૂટાછવાંયાં ઘરો બાંધીને રહેતાં નથી: જુદાં જુદાં ફળિયાંમાં તેમનાં ઘરો થોંડે થોંડે અંતરે બાંધેલાં જોવાં મળે છે: હાંટસરી ફળિયુ ગાંમની મધ્યમાં છે. જ્યાં દર રવિવાંરે હાંટ ભરાંય છે: હાંટસરીથી કરવળપાંડાં અને સોંળિયાંપાંણી ફળિયુ લગભગ ત્રણ કિ.મી. ને અંતરે આંવેલુ છે: આંમ એક ફળિયાંથી બીજાં ફળિયે પગપાંળાં જવાંય છે.

: ૫ :

ગામમાં બે પીવાના પાણીતર કૂવાઓ, આંબાજંગલ ઘટક તરફથી બાંધવામાં આવેલ. આ કૂવાઓનો ઉપયોગ ગામના લોકો પીવાના પાણી માટે કરે છે. ગામ કોલક નદીના કિનારે આવેલુ છે. આ નદીમાં બારેમાસ પાણી રહે છે. આથી નાહવા-ધોવા માટે તથા પશુઓને પાણી પીવા માટે નદીનો ઉપયોગ કરવામાં આવે છે. ગામમાં પીવાના પાણીના કૂવાની સગવડ હોવા છતાં ડુંગરાળ પ્રદેશ હોવાને કારણે ઉનાળામાં કૂવામાં પાણી રહેતુ નથી. અને ઉનાળાના છેલ્લા બેએક માસ પાણીની મુશ્કેલી રહે છે. ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આવેલુ છે. વળી ચાર ધોરણ સુધીની પ્રાથમિક શાળા છે. તેમજ ગામની સરહદે વળવટમાં સાત ધોરણની આશ્રમશાળા ચાલે છે. ગામના બે ચાર છોકરાઓ આ આશ્રમશાળામાં ભણે છે. ગામથી ૧૮ કિ.મી. દૂર બીજી કપરાડા આશ્રમશાળા આવેલી છે. ગામની નજીકમાં હાઇસ્કૂલની સગવડ નથી. ગામથી પંદર કિ.મી. દૂર નાનાપોંઢા ઉત્તર બુનિયાદી વિદ્યાલય આવેલુ છે. આ સિવાય તાલુકા મથકે માધ્યમિક શાળાની સગવડ છે. ગામમાં પોસ્ટ કચેરીની સગવડ નથી. કપરાડામાં ટપાલની સગવડ છે. કપરાડાથી દરરોજ સવારે ટપાલ લાવવા લઇ જવાની સગવડ કરવામાં આવેલી છે. ગામમાં ૧૯૬૯ માં મુસ્લિમ વેપારીની દુકાન હતી જે પુનઃ તપાસ સમયે જાણવા મળયુ હતુ કે તે બંધ થઇ ગઇ છે. અત્યારે તેનો બધો વ્યવહાર બાજુના ગામ વરવટ સાથે છે. આ સિવાય દર રવિવારે ગામમાં હાટ ભરાય છે. ત્યાંથી તેઓ પોતાની જરૂરી ચીજવસ્તુઓ ખરીદે છે. ગામ વરવટ સહકારી મંડળી સાથે જોડાયેલુ છે.

૧૯૫૧ ની વસતિ ગણતરી મુજબ ગામની વસતિ ૨૦૮ માણસોની હતી. જયારે ૧૯૬૧ ની વસતિ ગણતરી મુજબ ૨૮૫ માણસોની હતી. અને ૧૯૬૯ માં પ્રથમ તપાસ સમયે ગામની વસતિ ૩૫૨ ની હતી. ૧૯૫૧ થી ૧૯૬૧ સુધીમાં ગામમાં વસતિમાં ૩૭.૧ ટકાનો વધારો થયો હતો. આમ આ દાયકા દરમ્યાન ગામમાં વસતિ વધારાનો દર ૩.૭ ટકા જેટલો હતો. ગામમાં મુખ્યત્વે કુકણા, ઢોરકોળી અને વારલી આદિવાસી જાતિની વસતિ છે. ૧૯૭૧ ની વસતિ ગણતરી મુજબ ગામની વસતિ ૩૭૩ માણસોની હતી. આમ ૧૯૬૧ થી ૧૯૭૧ ના ગાળા દરમ્યાન ગામની વસતિમાં ૩૦.૯ ટકાનો

વધારો નોધાયો હતો. ૧૯૭૧ ની વસતિ ગણતરી મુજબ ગામનો વિસ્તાર ૧૨૦૮ એકરનો છે. જેમાંની ૭૦૨ એકર (૫૮.૨ ટકા) જંગલ, ૨૪૨ એકર બિન પિયત ખેતી (૨૦.૧ ટકા) ૨૨૫ એકર ખેડાણ લાયક પડતર (૧૮.૬ ટકા) અને ૩૮ એકર (૩.૧ ટકા) ઉપયોગમાં ન આવે તેવી જમીન છે. ગામની કુલ વસતિમાંની એટલે કે ૩૭૩ માણસોમાંથી ૧૧૪ (૩૦.૬ ટકા) માણસો કમાનાર છે. અને કુલ વસતિમાં માત્ર ૨૪ (૬.૪ ટકા) વ્યક્તિઓ, ૧૭ પુરુષો અને ૭ સ્ત્રીઓ શિક્ષિત છે. આમ તાલુકાની જેમ ગામમાં પણ શિક્ષણનું પ્રમાણ નહિવત છે. તાલુકામાં ૧૯૭૧ ની વસતિ ગણતરી પ્રમાણે શિક્ષણનું પ્રમાણ કુલ વસતિમાં માત્ર ૧૨.૪ ટકાનું છે. અને તાલુકામાં કમાનાર વ્યક્તિઓનું પ્રમાણ કુલ વસતિના ૪૨.૫ ટકા છે. આમ લવકર ગામમાં શિક્ષણ અને કમાનાર વ્યક્તિઓની ટકાવારી પ્રમાણ તાલુકા કરતાં નીચું હતું.

આર્થિક સ્થિતિ (૧૯૬૯) :

પહેલી તપાસ વખતે (૧૯૬૯ ડિસેમ્બર) ગામમાં ૬૭ કુટુંબો હતાં. જેમાં ૫૮ કુકણા, ૭ ઢોરકોળી, ૧ વારલી અને ૧ મુસલમાનનું કુટુંબ હતું. તપાસ વખતે બધા કુકણા જાતિના કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. કુલ ૬૭ કુટુંબોમાંથી ૫૮ (૮૬ ટકા) કુટુંબોને અભ્યાસમાં આવરી લેવામાં આવ્યા હતાં. બાકીના ૯ કુટુંબો મજૂરી અર્થે બહાર ગામ ગયા હોવાથી તપાસમાં લેવામાં આવ્યા ન હતા. ૫૮ કુટુંબોમાંથી ૫૬ કુટુંબોનો મુખ્ય ધંધો ખેતીનો હતો. અને ૨ કુટુંબો ખેતમજૂરી પર નિર્ભર હતા. જમીન ધરાવતા ૫૬ કુટુંબોમાંથી ૨ કુટુંબો ૧ હેકટર, ૨૩ કુટુંબો ૧ થી ૨ હેકટર, ૪ કુટુંબો ૩ થી ૪ હેકટર અને ૪ કુટુંબો ૪ થી ૬ હેકટર જમીન ધરાવતા હતા. ગામમાં મોટા ભાગના કુટુંબો નાના ખાતેદારો હતા. કુટુંબદીઠ સરેરાશ જમીન લગભગ ૨ હેકટર જેટલી હતી. મોટાભાગની જમીન બિન પિયત હોવાથી તેમજ કુટુંબોની સ્થિતિ સારી નહીં હોવાને કારણે સારી રીતે ખેતી કરી શકતા ન હતા. જેથી ખેતીના ધંધામાંથી સારી આવક થતી ન હતી. પહેલી તપાસ સમયે તપાસ હેઠળના બધા કુટુંબો રાંધવા માટે માટીના વાસણો

વાપરતા હતા. ૨૫ કુટુંબો પાસે એકાદ પીત્તળનો ઘડો કે પાણી પીવાનો પ્યાલો હતો. બીજા સુખ સગવડના સાધનોમાંથી માત્ર ૫ કુટુંબો પાસે સુવા માટેના ખાટલા, ૧૨ કુટુંબો પાસે ફાનસ અને ૧ કુટુંબ પાસે બેટરી તથા કાંડા ઘડિયાળ હતું. કુટુંબના મોટા ભાગના સભ્યો રાત્રે કંતાનના કોથળા પર અથવા તો શિયાળામાં બહાર લાકડા સળગાવી સૂઇ રહેતા હતા. ઓઢવા-પાથરવા માટે એકાદ ગોદડી સિવાય બીજું કાંઇ ન હતું.

પહેલી તપાસ સમયે તપાસ હેઠળના કુટુંબોનું મુખ્ય આવકનું સાધન ખેતી હતું. મોટા ભાગના ખેતી કરતા હતા. ખેતીમાં ખાસ કરીને તેઓ નાગલી, ડાંગર, વરઇ અને ખુરસાનીનું વાવેતર કરતા હતા. માત્ર ૨ કુટુંબો મગફળીનું વાવેતર કરતા હતા. રવિ વાવેતર કરવામાં આવતું ન હતું. કેટલાક કુટુંબો ઘરના વાડામાં મરચી કરતા હતા. મરચાનો ઉપયોગ ઘરમાં જ થયો હતો. તેમનો મુખ્ય ખોરાક નાગલી છે. તપાસ હેઠળના કુટુંબોની બધા સાધનોમાંથી કુટુંબદીઠ વાર્ષિક આવક રૂપિયા ૬૬૭ ની હતી. જેમાંથી ૫૬૮ રૂપિયા (૮૫ ટકા) ખેતીમાંથી, ૮૧ રૂપિયા (૧૨ ટકા) મજૂરી, ૧૯ રૂપિયા (૩ ટકા) જંગલ પેદાશમાંથી થતી હતી. માથાદીઠ વાર્ષિક આવક રૂપિયા ૧૧૯ હતી. અને માથાદીઠ માસિક આવક રૂપિયા દસની હતી. તપાસેલ કુટુંબોની નિર્વાહ ખર્ચની વિગતો તપાસતા જણાયું હતું કે કુટુંબદીઠ વાર્ષિક નિર્વાહ ખર્ચ રૂા. ૬૨૯ અને માથાદીઠ નિર્વાહખર્ચ રૂા. ૫૨ હતું. અને માથાદીઠ માસિક ખર્ચ ૨.૯ નો હતો. કુલ ખર્ચનું માળખું જોતા જણાય છે કે કુલ ખર્ચમાં ૬૪ ટકા ખર્ચ ખાધાખોરાકીની વસ્તુઓ પાછળ, ૭ ટકા ખર્ચ બીડી તમાકુ પાછળ, ૯ ટકા ખર્ચ કપડા-પગરખા પાછળ, દૂધ ઘી અને શિક્ષણ પાછળનો ખર્ચ નહિવત હતો.

આમ તપાસના વર્ષમાં લગભગ બધા જ કુટુંબો તે સમયના ભાવને ધ્યાનમાં લઇએ તો ગરીબીની રેખા નીચે જીવતા હતા. મોટા ભાગના કુટુંબોને વર્ષનો ઘણો ખરો સમય ભૂખ્યા સૂઇ રહેવું પડતું. ખાસ કરીને આવી પરિસ્થિતિ ડિસેમ્બર, જાન્યુઆરી, ફેબ્રુઆરી અને માર્ચ મહિનાઓને બાદ કરતા આખું વર્ષ રહેતી હતી. જૂનથી સપ્ટેમ્બરનો ચાર માસનો ગાળો ભૂખમરાની પરિસ્થિતિમાં

જીવન વિતાવવું પડતું. ખાસ કરીને જમીન વિહોણાંઓને અને નાનાં ખેડૂતોને રોજગારીના અભાવે આ ગાળા દરમ્યાન ઘણું સહન કરવું પડતું. દેવાની પરિસ્થિતિ જોતાં જાણવા મળ્યુ હતું કે કુલ ૪૫ કુટુંબોમાંથી ૨૨ કુટુંબો દેવાદાર હતાં. અને દેવાદાર કુટુંબદીઠ દેવું રૂા.૧૫૩ નું હતું. જેમાંથી ૭૪ ટકા દેવું શાહુકારનું અને ૨૭ ટકા દેવું સગાં સંબંધીઓનું હતું. આમ સમગ્ર દેવું બિન સંસ્થાકીય હતું. હેતુવાર દેવાની પરિસ્થિતિ જોઇએ તો કુલ દેવામાં ૧૭ ટકા ઘર નિભાવ, ૨૩ ટકા સામાજિક, ૧૫ ટકા ઢોર ખરીદવા માટે, ૧૮ ટકા ખેતી વિકાસ અને ૨૭ ટકા ઘર બાંધકામ માટેનું હતું.

તપાસેલ કુટુંબોની સરેરાશ કુટુંબદીઠ અસ્કયામત રૂા.૪૦૩૪ની હતી. અસ્કયામતોમાં સૌથી વધુ જમીન (૫૮ ટકા), ઘર (૧૮ટકા) અને પશુધન (૧૫ ટકા) સ્વરૂપે હતાં.

આર્થિક સ્થિતિ (૧૯૭૯) :

૧૯૭૯ માં તેના તે જ ૪૫ કુટુંબોને તપાસવામાં આવ્યાં હતાં. પહેલી તપાસ વખતે કુલ વસતિના ૫૧ ટકા લોકો કામ કરતા હતા. જ્યારે પુન: તપાસ સમયે કામ કરનારાઓની વસતિ ૫૩ ટકા હતી. આમ વસતિના વધવા સાથે કામ કરનારાઓની સંખ્યા વધી ન હતી. આ આંકડાઓ ઉપરથી જણાય છે કે લોકોને કામ મળતું નથી. પહેલી તપાસ વખતે કુલ વસતિમાંથી માત્ર ૯ વ્યકિતઓ શિક્ષિત હતી. જયારે બીજી તપાસ સમયે કુલ વસતિમાં ૫ વ્યકિતઓ જ શિક્ષિત હતી. આમ શિક્ષણ ક્ષેત્રે કુટુંબોમાં ખાસ કોઇ ફેરફાર થયો ન હતો. શિક્ષણમાં પહેલાની જેમ હજી પણ પછાત હતાં. જમીનની સ્થિતિ જોઇએ તો જાણવા મળ્યુ હતું કે ૧૯૬૯ ની સરખામણીએ ૧૯૭૯ માં ૫ કુટુંબોની જમીનમાં વધારો થયો હતો. (૮.૩૯એકર) અને ૧ કુટુંબે પોતાની બધી જ જમીન ગુમાવી હતી. બંને તપાસ સમયની પરિસ્થિતિ જોઇએ તો, ઘણા બધા કુટુંબોની જમીન રેકર્ડમાં પોતાને નામે દેખાતી હતી. પરંતુ વાસ્તવમાં જમીનનો કબજો ગામમાં વસતા મુસ્લિમ કુટુંબનો તેમજ વરવટમાં વસતા કેટલાક સુખી આદિવાસીનો હતો. આ મુસ્લિમ વેપારી ગામમાં ઘણાં વર્ષથી છૂટક વેપાર ધંધો કરે છે. ૧૯૭૯ માં કુટુંબની સરેરાશ વાર્ષિક

આવક રૂા.૧૪૨૮ ની હતી. જેમાંથી ૭૫ ટકા ખેતીમાંથી, ૧૮ ટકા મજૂરીમાંથી અને ૫ ટકા નોકરી ધંધામાંથી આવતી હતી. માથાદીઠ વાર્ષિક આવક રૂા. ૨૩૦ ની હતી. સરેરાશ કોટુંબિક ખર્ચ રૂા. ૨૫૫૫ હતું. અને વાર્ષિક માથાદીઠ ખર્ચ રૂા.૪૧૨ હતું. માથાદીઠ માસિક ખર્ચ રૂા.૩૪ હતું. મોટાભાગનું ખર્ચ ખોરાક પાછળ (૫૧ ટકા), કપડાં અને પગરખાં પાછળ (૧૮ ટકા) હતું. ૧૯૬૯ની સરખામણીએ ૧૯૭૯ માં ખોરાક પાછળના ખર્ચમાં ઘટાડો નોંધાયો હતો. જ્યારે કપડાં જોડાં, દવાદારૂ અને ધાર્મિક સામાજિક ખર્ચ વધ્યાં હતાં. દેવાદાર કુટુંબોની સંખ્યા ૭ ની હતી અને દેવાદાર કુટુંબદીઠ દેવું રૂા.૨૭૧ નું હતું. મોટા ભાગનું દેવું (૯૦ ટકા) શાહુકારનું હતું. જ્યારે ૧૦ ટકા દેવું સહકારી મંડળીનું હતું. દેવાનો હેતુ જોતાં જણાયું હતું કે કુલ દેવામાં ૫૩ ટકા દેવું ઘર નિભાવ ખર્ચ પાછળ, ૨૬ ટકા સામાજિક ખર્ચ માટે, ૨૧ ટકા પશુ ખરીદી માટે કરવામાં આવ્યું હતું. ૧૯૭૯ માં સરેરાશ કુટુંબદીઠ અસ્કયામત રૂા.૭૪૯૫ ની હતી.

સમગ્ર રીતે જોઇએ તો બંને તપાસ સમયના ગાળામાં લવકર ગામના કુકણા કુટુંબોની સ્થિતિ સુધરી નથી એ સ્પષ્ટપણે જણાઇ આવે છે. બંને તપાસ સમયે ગામમાં નીચે પ્રમાણેની પરિસ્થિતિ જોવા મળી હતી. (આંકડાકીય ચિત્ર પાછળ પરિશિષ્ટમાં આપ્યું છે.)

તારણો :
-----

(૧) લવકર ગામમાં કુકણા આદિવાસીઓની આર્થિક સ્થિતિમાં કોઇ ફેરફાર પડયો નથી. તેમની આર્થિક સ્થિતિ પહેલાંનાં જેવી જ છે. પહેલાની જેમ તેમને આજે પણ ભૂખમરાની પરિસ્થિતિમાં જીવવું પડે છે. ગામના લોકોની માથાદીઠ માસિક આવક ૧૯૬૯માં રૂા.૧૦ હતી. તે વધીને ૧૯૭૯ માં રૂા.૧૯ થઇ હતી. તે જ રીતે તેમનો વપરાશ ૧૯૬૯ માં માથાદીઠ રૂા.૯ હતો જે વધીને રૂા.૩૪ થયો હતો. દાયકા દરમ્યાન થયેલ ભાવ વધારાને ધ્યાનમાં લઇએ તો તેમની નાણાકીય આવકમાં વધારો થયો હતો પરંતુ વાસ્તવિક આવકમાં વધારો થયો નથી. બંને વર્ષ દરમ્યાન જે તે વર્ષના ભાવે તપાસમાં આવરી લીધેલ બધાં કુટુંબો ગરીબીની રેખા નીચે જીવન

વ્યતીત કરતાં હતાં. ૧૯૭૫ માં ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ દ્વારા કરવામાં આવેલ ધરમપુર તાલુકાના અભ્યાસમાં પણ કુલ ૧૦૬ કુટુંબોમાંથી ૮૨ ટકા કુટુંબો ગરીબાઇની રેખા નીચે જીવન જીવતાં હતાં એ હકીકત છતી થતી હતી.

(૨) દાયકા દરમ્યાન દેવાદાર કુટુંબોની સંખ્યામાં ઘટાડો થયો હતો. પરંતુ દેવાદાર કુટુંબદીઠ દેવાનું પ્રમાણ વધ્યું હતું. એમણે મોટા ભાગનું દેવું શાહુકાર પાસેથી કરેલું હતું. સહકારી મંડળીનું દેવું નહિવત હતું. આમ દસ વર્ષ પછી પણ ગામના લોકોનો આધાર બિન સંસ્થાકીય એજન્સી પર હતો. આ સૂચવે છે કે હજી પણ અહીંના આદિવાસી લોકો સહકારી મંડળી દ્વારા ધિરાણ મેળવી શકતા નથી. મોટા ભાગનું દેવું બિન ઉત્પાદકીય હતું. ખેતીના વિકાસ પાછળ નહિવત રકમ ખર્ચાતી હતી.

(૩) દાયકા દરમ્યાન તપાસેલ કુટુંબોની જમીનના પ્રમાણમાં નહિવત વધારો થયો હતો. પરંતુ વસતિ વધવાની સાથે માથાદીઠ જમીનનું પ્રમાણ જે પહેલા ૩૬ ગુંઠા હતુ તે ઘટીને ૩૩ ગુંઠા થયુ હતું. તદૃઉપરાંત જમીનની ઉત્પાદકતામાં ખાસ કોઇ ફેરફાર થયો નહોતો. નદી પાસે હોવા છતાં નદીના પાણીનો સિંચાઇ માટે ઉપયોગ થઇ શકે તે માટેની કોઇ સગવડ ઊભી થઇ શકી ન હતી.

(૪) દાયકા દરમ્યાન તપાસેલ કુટુંબોની વસતિમાં ૧૦.૨ ટકાનો વધારો થયો હતો. આમ વસતિ વધવાનો દર ઓછો હતો. સંયુકત કુટુંબની સંખ્યામાં વધારો થયો હતો. જ્યારે વિભકત કુટુંબોમાં ઘટાડો થયો હતો.

(૫) શિક્ષણનું પ્રમાણ વસતિ વધવાના સાથે ઘટયુ હતું. પહેલા ૯ વ્યકિતઓ શિક્ષિત હતી, જ્યારે દસ વર્ષ પછી શિક્ષિતની સંખ્યામાં ઘટાડો થયો હતો. આમ અહીંના કોકણામાં શિક્ષણ પ્રત્યેની સભાનતા જોવા મળી ન હતી. આ સૂચવે છે કે શિક્ષણની દિશામાં હજી ઘણું કરવાનું બાકી રહે છે.

આમ એકંદરે ગામની સ્થિતિ જોતાં તેમાં ખાસ ફેરફાર જોવા મળતો નથી. ગામના લોકો પશુઓ રાખે છે જો તેમને

: ૧૧ :

પશુપાલનનો ધંધો સારી રીતે કરી શકે તે માંટે જરૂરી માંર્ગદર્શન આંપવાંમાં આવે તો તેમની આંર્થિક સ્થિતિમાં સુધાંરો થઇ શકે. આં સિવાય ગાંમમાં કેટલીક જગ્યાંએ લીફટ ઇરીગેશન દ્વારાં પાંણી પૂરુ પાડવાંમાં આવે તો તેમની ખેતીની આંવક વધતાં જીવન ધોરણ સુધાંરી શકાંય. તદુપરાંત ગાંમમાં બધાં ખેડૂતો છે તેથી વધુને વધુ લોકોને સહકારી મંડળી હેઠળ આવરી લઇ ધિરાણની સગવડ આંપવી જોઇએ તેમનાં બાંળકોને ભણવાં માંટે નિશાંળે મૂકે તે માંટે તેમને સમજાવવાં જોઇએ. આમ આવાં કેટલાંક અગત્યનાં પગલાંઓ લઇ ગાંમના લોકોની આંર્થિક સ્થિતિ અને ગાંમનુ કલેવર બદલી શકાંશે.

---

: ૧૨ :

## આર્થિક પરિસ્થિતિનો તુલનાત્મક કોઠો

| | ૧૯૬૯ | ૧૯૭૯ | વધારો ઘટાડો (ટકામાં) |
|---|---|---|---|
| ૧. કુલ કુટુંબો | ૪૫ | ૪૫ | |
| ૨. કુલ વસતિ | ૨૫૩ | ૨૭૯ | + ૧૦.૨૭ |
| ૩. કુલ કામ કરનારા | ૧૨૮ | ૧૪૯ | + ૧૬.૪૦ |
| ૪. કુટુંબદીઠ જમીન (હેકટરમાં) | ૨.૦૪ | ૨.૧૦ | + ૨.૯૪ |
| ૫. માથાદીઠ જમીન | ૦.૩૬ | ૦.૩૪ | - ૬.૭૬ |
| ૬. કુટુંબનું કદ | ૫.૬ | ૬.૨ | + ૧૦.૭૧ |
| ૭. સંયુકત કુટુંબ | ૩૨ | ૪૨ | + ૩૧.૨૫ |
| ૮. વિભકત કુટુંબ | ૧૩ | ૩ | - ૭૬.૯૨ |
| ૯. કુલ વસતિમાં શિક્ષણ | ૯ | ૫ | - ૪૪.૪૪ |
| ૧૦. કુટુંબદીઠ વાર્ષિક આવક | ૬૬૭ | ૧૪૨૮ | +૧૧૪.૦૯ |
| ૧૧. માથાદીઠ વાર્ષિક આવક | ૧૧૯ | ૨૩૦ | + ૯૩.૨૮ |
| ૧૨. કુટુંબદીઠ માસિક આવક | ૫૬ | ૧૧૯ | +૧૧૨.૫ |
| ૧૩. માથાદીઠ માસિક આવક | ૧૦ | ૧૯ | + ૯૦.૦ |
| ૧૪. કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ | ૬૨૯ | ૨૫૫૫ | +૩૦૬.૨૦ |
| ૧૫. માથાદીઠ વાર્ષિક ખર્ચ | ૧૧૨ | ૪૧૨ | +૨૬૭.૮૬ |
| ૧૬. કુટુંબદીઠ માસિક ખર્ચ | ૫૨ | ૨૧૩ | +૩૦૯.૬૨ |
| ૧૭. માથાદીઠ માસિક ખર્ચ | ૯ | ૩૪ | +૨૭૭.૭૮ |
| ૧૮. કુટુંબદીઠ અસ્કયામત | ૪૦૩૪ | ૭૪૯૫ | + ૮૫.૭૯ |
| ૧૯. કુલ દેવાદાર કુટુંબ | ૨૨ | ૭ | - ૬૮.૧૮ |
| ૨૦. કુટુંબદીઠ દેવું | ૮૭૫ | ૪૨ | - ૪૪.૦ |
| ૨૧. દેવાદાર કુટુંબ | ૧૫૩ | ૨૭૧ | + ૭૭.૧૨ |
| ૨૨. ગરીબાઇ રેખા નીચે જીવતાં કુટુંબો | ૪૫ | ૪૫ | યથાવત ૧૦૦.૦૦ |

# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | ફકરો | લીટી | ને બદલે | વાંચવું |
|---|---|---|---|---|
| ૩ | ૨ | ૧૨ | ૯ % | ૯૫ % |
| ૪ | ૧ | ૧ | તમાયથી | તમાયચી |
| ૪ | ૧ | ૪ | બીહુવા | બીહુવાળા |
| ૫ | ૧ | ૫ | આડાશી | આડોશી |
| ૧૦ | ૧ | ૧ | નીકળી | નીકળે |
| ૧૨ | ૧ | ૪ | સાઓ ની | પાસાઓ ની |
| ૧૬ | ૪ | ૨ | છુટક મજૂરી | છૂટક મજૂરી |
| ૧૯ | ૨ | ૨ | આથિક | આર્થિક |
| ૨૦ | ૨ | ૧ | તમને | તેમને |
| ૩૮ | ૨ | ૨ | જેથી આમ | આમ |
| ૩૮ | ૨ | ૩ | કરસ | ફરજ |
| ૪૧ | ૧ | ૨ | કન્યા | કન્યાને |
| ૫૭ | ૨ | ૩ | ૦.૨ ટકા | ૨.૦ ટકા |
| ૫૭ | ૨ | ૩ | -૨. ટકા | ૦.૨ ટકા |
| ૫૮ | ૩ | ૧ | લંગી | જોગી |
| ૫૯ | ૨ | ૪ | ડળ સૂપડા | ડબા સૂપડાં |
| ૫૯ | ૨ | ૫ | કપડા | જૂના કપડાં |
| ૬૧ | ૧ | ૧ | સાદાઇથી | સ્રીના સાદાઇથી |
| ૬૩ | ૩ | ૧ | મરણ તેમજ | મરણ |
| ૬૪ | ૨ | ૯(૨) | નાની કૈઠચી | નાની કઠૈચી |
| ૬૪ | ૨ | ૧૬(૯) | શિપાળ | શિયાળ |
| ૬૯ | કોઠો | છેલ્લી | વિદસો | દિવસો |
| ૭૦ | ૧ | ૫ | તઓ ની | તેઓ ની |
| ૭૨ | ૧ | ૧ | સમજાતા થયા | સમજતા થયા |
| ૭૨ | ૧ | ૧ | સમજાતા હોય | સમજતા હોય |
| ૭૨ | ૬ | ૪ | હતી | હતું |
| ૭૫ | ૩ | ૨(૨) | મળખું | માળખું |
| ૭૭ | ૨ | ૨(૨) | દખલ | દાખલ |
| ૭૮ | ૧ | ૩ | સમુધ્ધ | સમૃધ્ધ |
| ૭૮ | ૩ | ૪ | લોકજીવનન | લોક જીવનનો |

| પૃષ્ઠ | ફકરો | લીટી | ને બદલે | વાંચવું |
|---|---|---|---|---|
| ૮૨ | ૩ | ૧ | સૈઇજઉન | સૈઇજ ટાઉન |
| ૮૩ | - | - | ભારતીબોન | ભારતીબેન |
| ૮૩ | ૩ | ૧ | ભાં ગો લિક | ભૌગોલિક |
| ૮૭ | ૧ | ૨ | વધારાન | વધારાના |
| ૮૮ | ૨ | ૪ | આવક ને રૂ. | આવક રૂ. ૪૮ |
| ૯૦ | કોઠો | મથાળું | ઘટક | ઘટક કક્ષાએ |
| ૯૪ | ૧ | ૧ | સમાન | સામાન |
| ૯૬ | ૧ | ૬ | કેટલુ | કેટલા |
| ૧૦૧ | ૧ | ૨ | ૧૯-૨-૮૧ | ૧૯-૨-૭૯ |
| ૧૦૩ | ૧ | ૨ | નાના | નાની |
| ૧૦૪ | ૨ | ૬ | મી. લીટર | મી. મીટર |
| ૧૦૫ | ૧ | ૪ | દુવ્યય | દુર્વ્યય |
| ૧૦૬ | ૨ | ૩ | ૧૯૭૮-૭૮ | ૧૯૭૮-૭૯ |
| ૧૦૭ | ૪ | ૨ | લોકોન | લોકોને |
| ૧૦૮ | ૧ | ૧ | મોસમા | મોસમમાં |
| ૧૦૮ | ૨ | ૫ | આઉલૈટ | આઉટલૈટ |
| ૧૦૮ | ૪ | ૧ | નહરો | નહેરો |
| ૧૧૦ | (૨) | ૧ | ૪૪ મણ | ઝમણ |
| ૧૧૨ | ૨ | ૫ | દુવ્યય | દુર્વ્યય |
| ૧૧૩ | ૩(૯) | ૪ | સિંઇ ારોની સિંચાઇ વાળા સિંચાઇ પિયાવાના | જે સિંચાઇકારોનાં સિંચાઇ પિયાવાના |
| ૧૧૩ | ૪(૧૦) | ૨ | વાટર | વૉટર |
| ૧૧૩ | ૫ | ૩ | કક્ષોએ | કક્ષાએ |
| ૧૧૪ | ૧ | ૭ | સ્વભાયા | સ્વભાષા |
| ૧૧૫ | ૨ | ૩ | લિમિંટન | સિમિંટન |
| ૧૧૭ | ૨ | ૨ | વડોદરી | વડોદરા |
| ૧૧૮ | ૧ | ૭ | ગ્રાંટને | ગ્રાંટની |
| ૧૨૧ | ૩(૯) | ૨ | સહહકાર | સહકાર |
| ૧૨૧ | ૬(૧૨) | ૧ | જાઇએ | જોઇએ |
| ૧૩૯ | ૧ | ૧ | જયા મોટા ગે | જયાં મોટા ભાગે |
| ૧૩૯ | ૧ | ૧ | વસહત | વસાહત |

| પૃષ્ઠ | ફકરો | પાન | ને બદલે | વાંચવું |
|---|---|---|---|---|
| ૧૪૧ | ૩ | ૧ | ૦.૬ | ૭.૬ |
| ૧૪૯ | મથાળું | | આદિવાસી | ગુજરાતનાં આદિવાસી |
| ૧૫૬ | મથાળું | | આદિવાસી | ગુજરાતનાં આદિવાસી |
| ૧૫૮ | ૨ | ૨૦ | તેમા છતા | તેમ છતાં |
| ૧૬૭ | મથાળું | | પુલનાત્મક | તુલનાત્મક |

...